# ઈમામત

## : ગુજરાતી અનુવાદ :

ઈબ્રાહીમ બી. પટેલ, ભરુચ

## : પ્રકાશક :

અમીરૂલ મોઅમેનીન લાયબ્રેરી, ભરૂચ

એ-૭૦/૨, એહમદનગર, મનુબર રોડ,

ભરૂચ-૩૯૨૦૦૧.

મોબાઈલ : ૯૪૨૬૪૦૩૬૭૨

# એક જરૂરી નોંધ

અમીરૂલ મોઅમેનીન લાયબ્રેરી, ભરૂચ પાસે આયતુલ્લાહ અલ ઉઝમા અસ્સય્યદ અલી હુસૈની સીસ્તાની (દા.બ.), રેહબર આયતુલ્લાહ અલ ઉઝમા સૈયદ અલી ખામેનાઈ (દા.બ.)

તથા

આયતુલ્લાહ અલ ઉઝમા બશીર હુસૈન નજફી (દા.બ.) ત્રણેય બુઝુર્ગોનો સેહમે ઈમામ ખર્ચ કરવાનો ઈજાઝો છે.

*ઈજાઝો સંસ્થાકીય અને કાયમી છે.*

# અવર બેંકર્સ

## નીચેની બેંકોમાંથી કોઇપણ બેંકમાં નાણા જમા કરાવી શકાય છે.

(૧) હુસૈનઅહમદ ઈબ્રાહીમ પટેલ

AC : 25520100007654

IFSC : BARBOBRODAN

બેંક ઓફ બરોડા, શાખા મોહંમદપુરા, ભરૂચ.

(૨) શબ્બીરઅહમદ પટેલ

AC : 32598176055

IFSC : SBIN0003522

સ્ટેટ બેંક ઓફ ઇન્ડિયા, શાખા કતોપોર દરવાજા, ભરૂચ.



amillibrary.com

# અનુક્રમણીકા


| પ્રકરણ | વિગત | પેજનં. |
|---|---|---|
| | મૂળ લેખકના બે બોલ... | ૭ |
| | ગુજરાતી અનુવાદકના બે બોલ | ૧૩ |
| | ગુજરાતીના ત્રીજા પ્રકાશન વખતે | ૪૪ |
| (૧) | કેટલાક જરૂરી મસાઈલ અને શબ્દોની સમજુતી | ૫૩ |
| (૨) | ઈખ્તેલાફાતનો ખુલાસો | ૬૦ |
| (૩) | બુનિયાદી ઇખ્તલાફ (પાયાનો મતભેદ) | ૬૬ |
| (૪) | ઈસ્લામી નેતૃત્વની પદ્ધતિ | ૮૨ |
| (૫) | શીયાઓનું દૃષ્ટિબિંદુ | ૯૫ |
| (૬) | ઈસ્મત (પાકીઝગી - બેગુનાહ હોવું) | ૧૨૦ |
| (૭) | અફઝલીયતે અલી(અ.સ.) હઝરત અલી(અ.સ.)ની સર્વ શ્રેષ્ઠતા | ૧૩૧ |
| (૮) | હઝરત અલી અલયહિસ્સલામની | ૧૩૯ |

| | | |
|---|---|---|
| | અમીરૂલ મોઅમેનીન તરીકે નિયુક્તિ | |
| (૯) | વિલાયતે અલી કુરઆનમાં | ૧૪૫ |
| (૧૦) | ગદીરે ખુમનું જાહેર એલાન | ૧૫૦ |
| (૧૧) | હઝરત અલી(અ.) નફસે રસૂલ છે (નફસ - આત્મા) | ૧૯૭ |
| (૧૨) | કેટલીક હદીસો | ૨૦૩ |
| (૧૩) | “ઉલૂલ અમ્ર” માટે મઅસુમ હોવું જરૂરી છે. | ૨૧૨ |
| (૧૪) | શું ઉલીલ અમ્રનો અતલબ મુસલમાન બાદશાહો લેવામાં આવશે? | ૨૩૦ |
| (૧૫) | ‘ઉલીલ અમ્ર’નો સાચો અર્થ | ૨૩૯ |
| (૧૬) | બાર ખલીફાઓ અથવા ઈમામો | ૨૪૭ |
| (૧૭) | બાર ઈમામો વિશે થોડીક માહિતી | ૨૫૩ |
| (૧૮) | ખિલાફતના વિષયમાં એહલે સુન્નતનું દ્રષ્ટિબિંદુ | ૨૬૧ |
| (૧૯) | ખિલાફત માટેની શરતો | ૨૬૭ |

| | | |
|---|---|---|
| (૨૦) | હઝરત અબુબકરની ખિલાફત કેવી રીતે અમલમાં આવી ? | ૨૭૦ |
| (૨૧) | ઉપરોક્ત પ્રસંગોનું ટુંકુ વિશ્લેષણ | ૨૮૮ |
| (૨૨) | હઝરત ઉમરની નિયુક્તિ | ૩૦૫ |
| (૨૩) | શુરા - કમિટિ | ૩૨૨ |
| (૨૪) | લશ્કરી બળ (ફૌજી તાકાત) | ૩૪૦ |
| (૨૫) | ખલીફા નિયુક્તિના ઉપરોક્ત સિદ્ધાંતો ઉપર એક દ્રષ્ટિપાત | ૩૪૪ |
| (૨૬) | ખલીફા નિયુક્તિના અમલના બુરા પરિણામો | ૩૪૯ |
| (૨૭) | વલીદ અને હારૂન રશીદ | ૩૬૭ |
| (૨૮) | "અદ્‌લે ઇલાહી" અને "ઇસ્મતે અંબીયા"ની માન્યતા ઉપર ખિલાફતની અસરો | ૩૭૨ |
| (૨૯) | શું શીયા મઝહબ બિનલોકશાહી છે? | ૩૮૦ |
| (૩૦) | ખાનદાની હુકુમત | ૪૦૫ |

## બિસ્મીલ્લાહ હિર્રહમા નિર્રહીમ

## મૂળ લેખકના બે બોલ...

આ કીતાબ જે આપના હાથમાં છે, તે ઇ.સ. ૧૯૭૧માં દારૂલ ઈસ્લામ તાન્ઝાનીયાના મદ્રસાના વિદ્યાર્થીઓના અભ્યાસક્રમ માટે “બિલાલ મુસ્લીમ મિશન” દ્વારા અંગ્રેજીમાં પ્રગટ કરવામાં આવી હતી.

“ઈમામત” જેવા પ્રચલિત વિષય ઉપર લખવું કોઈ પણ શીઆ માટે જરાય મુશ્કેલ નથી, બલકે મુશ્કેલી એ છે કે ટૂંકાણમાં વિષયને ન્યાય આપવા માટે શું શું છોડી દેવામાં આવે ? એટલા માટે ઘણાં જરૂરી વિષયો પણ ટૂંકાણમાં લખવામાં આવ્યા છે.

ઇ.સ. ૧૯૭૪માં ‘ગિરોહ અઝ બિરાદરાને મુસ્લીમીન’ નામના ઇરાનના એક ઇદારાએ આ કીતાબને હજારોની સંખ્યામાં છપાવીને દુનિયાભરમાં ફરતી કરી હતી.

મૂળ કીતાબ મદ્રસાના બાળકોના અભ્યાસક્રમ માટે લખવામાં આવી હતી, જેથી એમાં કીતાબોના હવાલાઓ આપવામાં આવ્યા ન હતા, પરંતુ જ્યારે ઘણા મોટા પાયા ઉપર એનું પ્રકાશન કરવાનું વિચારવામાં આવ્યું, ત્યારે હવાલાઓની જરૂરત જણાઈ, તે વખતે આ હવાલાઓ (સંદર્ભગ્રંથો) શોધીને નોંધવાની જવાબદારી દિકરા સૈયદ મુહમ્મદ રીઝવીએ કબૂલ કરી, અને ઘણી જ સુંદર રીતે આ કાર્ય પૂર્ણ કર્યું.

હવાલાઓની સાથે સાથે દિકરાએ મારા તે લેખોને પણ આ કીતાબમાં શામેલ કરી લીધા, જે જુદા જુદા માસિકો અને સમાચાર પત્રોમાં પ્રગટ થયા હતા, જે આ વિષયને અનુરૂપ અને ફાયદાકારક હતા.

ઐતિહાસિક વાતો સાથે સુન્ની બિરાદરોની વિચારધારાને સંબંધકર્તા બધા હવાલાઓ સુન્ની બિરાદરોની કીતાબોમાંથી લીધા છે, સંજોગવશાત ક્યાંક ક્યાંક જરૂર જણાઈ ત્યાં શીયા હવાલાઓ પણ આપ્યા છે.

ગદીરનો પ્રસંગ અને હદીસ ‘મનકુન્તો મવલા હો ફહાઝા અલીય્યુન મવલાહો’ ની સમજ વિસ્તારથી આપવા માટે કીતાબ “અલ ગદીર” નો હવાલો આપવામાં આવ્યો છે, “અલ ગદીર”

કીતાબમાં એહલે સુન્નતની ઘણી કીતાબોના હવાલાઓ આપવામાં આવ્યા છે.

"અલ ગદીર" હઝરત અલ્લામા અમીની (રહ.)ની વિશ્વ વિખ્યાત અને શ્રેષ્ઠ કૃતિ છે, એક અજોડ કિતાબ છે.

મારી કીતાબ "ઈમામત"નો અંગ્રેજીમાંથી ઉર્દુ અનુવાદ અઝીઝ બીરાદર હુજ્જતુલ ઈસ્લામ સૈયદ શબીહુલહસન રીઝવીએ કર્યો છે, નબી સ.અ.વ. નો વિશ્વ વિખ્યાત ખુત્બો જે ગદીરે ખુમની જગ્યા ઉપર એક લાખથી વધુ લોકોની સામે આપવામાં આવેલો, તેમાંથી પણ થોડોક ભાગ મારી મંજુરીથી આ કીતાબમાં લેવામાં આવ્યો છે. વાકેઅએ ગદીરના વિષયમાં ફક્ત આ એક જ હવાલો શીયા છે, બાકીના બધાજ હવાલાઓ બિરાદરાને એહલે

સુન્નતની મોઅતબર(પ્રખ્યાત) કિતાબોમાંથી લેવામાં આવ્યા છે.

આ વર્ષે ઝિલ્હજ હીજરી ૧૪૧૦ માં ગદીરના વાકેઆને ૧૪૦૦ વર્ષ પુરાં થયા છે, હઝરત અલી ઈબ્ને અબીતાલિબ (અ.સ.)ની વિલાયત અને ઈમામતની સાથે આપણાં મજબુત અને અતૂટ સંબંધ વધુ મજબુત બને તે હેતુથી આ કીતાબનો ઉર્દૂ તરજુમો પ્રગટ કરવામાં આવી રહ્યો છે.

હઝરત હુજ્જતુલ ઇસલામ વલ મુસ્લેમીન આકા સૈયદ મુહમ્મદ મુસવી (મદઝિલ્લોહુ આલી) ના હુકમથી “તબ્લીગાતે ઈમાની” નજફી હાઉસ, મુંબઇ-૯ના તરફથી ઉર્દુ વાંચકો માટે આ કીતાબ પ્રગટ કરવામાં આવે છે.

ખુદાપાક આપણને બધાને એહલેબયતે અતહાર (અ.)ની વિલાયત અને ઈમામતની સાથે આપણો સંબંધ વધુ ગાઢ બને તેવી તૌફીક આપે, સાથો સાથ....

વિલાયત અને ઈમામતના છેલ્લા તાજદાર હઝરત હુજ્જત ઈબ્નુલ હસન અસ્કરી “ઈમામ મેહદી” અલયહિસ્સલામ જલ્દી ઝહુર ફરમાવે, જેથી તેમની સેવામાં આપણે ઇદે ગદીરની મુબારકબાદી પેશ કરી શકીએ. આમીન....

**૨૨, મહોર્રમ હીજરી ૧૪૧૦,**

**મુંબઇ - ૪૦૦૦૦૯.**

**- સૈયદ સઈદ અખ્તર રીઝવી,**

# ગુજરાતી અનુવાદકના બે બોલ

## સત્યનો સ્વીકાર

## બિસ્મીલ્લા હીરરહમાનિર રહીમ

અલ્લાહના લાખ લાખ શુક્ર સાથે જેણે મને અંધકારમાંથી નૂર તરફ, અસત્યોમાંથી સત્યો તરફ હિદાયત કરી, દુરૂદ હો તેના પ્યારા નબી હઝરત મુહમ્મદ સ.અ.વ. ઉપર અને તેમની આલ અવલાદ ઉપર અલ્લાહુમ્મ સલ્લે અલા મોહમ્મદીંવ વ આલે મોહમ્મદ.

મેં એવા માહૌલમાં આંખ ખોલી, જે માહૌલમાં હું નર્યો દંભ જ જોતો હતો, ઈસ્લામના નામથી કરવામાં આવતા દરેક કાર્યો દંભ અને દેખાવ ખાતર કરવામાં આવતાં હતાં, હું પણ તેમાં

જોડાઈ ગયો, જોતરાઈ ગયો, તેમાં અગ્રીમતાની ટોચ સુધી પહોંચી આગેવાનીભર્યો હીસ્સો પણ લીધો.

હું મુસલમાનોના લોહીયાળ ઈતિહાસનો અભ્યાસ કરતો તો બેચૈન બની જતો, મને સાહિત્યનો ઘણોજ શોખ હતો, હિન્દુસ્તાનના નામી-અનામી અનેક બુઝુર્ગોએ લખેલી કીતાબો વસાવી, તેનો પણ દીલચસ્પીથી અભ્યાસ કર્યો, યુ.પી.ના અનેક બુઝુર્ગ ઓલમાએ કિરામે લખેલી ઘણી કીતાબો તથા તેમના જીવનવૃતાંતોનો પણ મેં રસપૂર્વક અભ્યાસ કર્યો, પરંતુ તેથી મારા હ્રદયને શાંતિ ન મળી, મને તેમાંય શુષ્કતા અને શુન્યતા જ દેખાઈ.

ઈસ્લામી ઈતિહાસમાંથી ત્રણ જંગો મારા માનસપટ ઉપરથી કદી ખસતી ન હતી, જેમના પર અનેક પ્રશ્નાર્થ મારા દિમાગ ઉપર આજે પણ ઉભા છે, જેનો કોઈ જવાબ હું પામી શક્યો નથી.

(૧) જંગે જમલ (૨) જંગે સિફફીન અને(૩) કરબલા.

**(૧) જંગે જમલ :-**

જેમાં ઉમ્મુલ મોઅમેનીન હઝરત આયેશા, તલ્હા ઝુબેર અને બીજા પક્ષે હઝરત અલી(અ.) હતા.

જમલ એટલે ઉંટ - હઝરત આયેશા ઉમ્મુલ મોઅમેનીન ઉંટ પર સવાર થઈ મક્કાથી બસરા સુધી ગયાં હતાં, ત્યાં યુદ્ધ થયું હતું, હઝરત આયેશાએ ફૌજની આગેવાની કરી હતી, જેમાં બંને

પક્ષે હજારોનું લોહી રેડાયું, જીત હઝરત અલી (અ.)ની થઈ, યુદ્ધમાં હઝરત આયેશા ઉંટ પર સવાર હતાં.

મુસલમાનોનો ઈતિહાસ કહે છે કે બંને પક્ષો હક પર હતા, ઘણા થોડા ઈતિહાસકારો હઝરત આયેશાને બાતિલ પર માને છે, અને હઝરત આયેશાની જ ‘હવ્વાબ’ ના કુતરા ભસવાવાળી હદીસ રજુ કરે છે.

જેમાં હઝરત આયેશા ફરમાવે છે કે નબી સ.અ.વ. એ ફરમાવ્યું “અય આયેશા જ્યારે તને હવ્વાબના કુતરા ભસે ત્યારે સમજજે કે તું ગુમરાહ જમાઅત સાથે છે.”

હઝરત અલી(અ.) મુસલમાનોએ સર્વ સમંતિથી બનાવેલા ખલીફા હતા, લોકો જ હઝરત

અલી(અ.) પાસે ગયા હતા, અને આપને ખિલાફત સ્વીકારવા માટે મજબુર કર્યા હતા, બિરાદરાને એહલે સુન્નતની દૃષ્ટિએ પણ હઝરત અલી(અ.) સાચા અને સ્વીકૃત પદ્ધતિથી ચુંટાએલા ખલીફા હતા, આ બાબતનો એમને પણ ઇન્કાર નથી.

ઉમ્મુલ મોઅમેનીન હઝરત આયેશાનું કારણ જગજાહેર છે, ઈતિહાસકારો નોંધે છે કે હઝરત ઉસ્માન ત્રીજા ખલીફાને મિસરના બળવાખોરોએ કતલ કર્યા હતા, હઝરત આયેશાનો પ્રશ્ન એ હતો કે પ્રથમ આ બળવાખોરોને પકડીને સજા કરવામાં આવે, જેથી હઝરત આયેશાએ તલ્હા - ઝુબેરનો સાથ લઈ, મક્કાથી બસરા જતાં રસ્તામાં આવતા ઘણા સ્થળોએથી લશ્કર ઉભું કરી, હઝરત અલી (અ.) સામે જમલની લડાઈ લડી.

એક મુસલમાનનું નાહક લોહી વહેવું - કતલ થવું પુરી ઈન્સાનીયતનું લોહી વહેવડાવવા બરાબર છે, જે હરગીઝ માફીને કાબિલ નથી, ગુનાહે કબીરા છે.

તો નાહક હજારો ઈન્સાનોનું લોહી વહેવડાવવું કેટલું બુરૂં ગણાય ? બીજો પ્રશ્ન હઝરત અલી (અ.) નબીના સાચા વારસદાર ખલીફા હતા, પોતે બની બેઠેલા ખલીફા ન હતા, તો તેમની ઉપર હઝરત ઉસ્માનના કાતિલો પાસેથી બદલો લેવા માટે દબાણ લાવવું અને આ વાતનું બહાનું બનાવી યુદ્ધ કરવું શું ઉચિત છે ? ખલીફાને હક છે, પોતે શું પ્રથમ કરવું, શું પછી કરવું.

નબી સ.અ.વ.ના પાક પવિત્ર પત્ની અને મુસલમાનોના માતાજી જેવી મહાન વ્યક્તિ, ઘર

છોડી હજારો માઈલની ઉંટ પર મુસાફરી કરી. યુદ્ધ કરે, તેમાં હજારો મુસલમાનો કતલ થઈ જાય, આ વાત જ આપણને ધ્રુજાવી નાંખે છે.

જો આપણને હઝરત આયેશાને (મુસલમાનોના માતાજીને) હક પર ગણવા હોય તો, હઝરત અલી(અ.)ને બાતિલ પર માનવા પડશે, અને હઝરત અલી (અ.)ને હક પર માનવા હોય તો, હઝરત આયેશાને (મુસલમાનોના માતાજીને) બાતિલ પર માનવાં પડશે, છતાં પણ બંનેને હક પર માનનારા લોકો કઈ રીતે આખી ઘટનાનું મૂલ્યાંકન કરે છે, તે મને આજ સુધી સમજાતું નથી.

આ મારા માટે એક પ્રશ્નાર્થ છે ? વિચારો, વિચારો

(૨) સિફફીન :-

આ બીજી જંગ છે, જેમાં હઝરત અલી (અ.) અને બીજા પક્ષે મઆવીયા હતા. જેઓ યઝીદના બાપ થાય છે, આ જંગ સિફફીન મુકામે થઈ. જેમાં પણ હજારો ઈન્સાનોનું લોહી રેડાયું, હઝરત અલી(અ.) ના ખલીફા તરીકેના હુકમનું પાલન કરવાનું મઆવીયા ના પાડતા હતા, મઆવીયા શામના ગવર્નર હતા. ખલીફાના હુકમનું પાલન ફર્ઝ ગણાય છે.

મઆવીયા યુદ્ધ હારી જવાની અણી ઉપર હતા, તે વખતે અમર બિન આસે એક ચાલબાજી કરી યુદ્ધને અટકાવી દીધું, જે સ્પષ્ટ ધોકાબાજી હતી, જેને લંબાણના ભયે હું રજુ કરતો નથી, શીયા, સુન્ની બંને ફિરકાના લગભગ બધાજ ઈતિહાસકારોએ

મઆવીયાની ધોકાબાજીનાં સ્પષ્ટ વર્ણનો કર્યાં છે. છતાં પણ ઘણા ઈતિહાસકારો આ પ્રશ્ને પણ આંખ મીંચામણા કરે છે. બન્નેને હક પર કહે છે, ઝાલીમ અને મઝલુમ બંનેને હક પર માનવા આ નરી બેવકુફી છે, અક્કલનો અંધાપો છે, વધુ સાચું એ છે કે ઝાલીમ જ ઝાલીમને હક પર માની શકે.

મઆવીયા એક ગવર્નર માત્ર હતા, તેમને શું હક હતો કે હઝરત અલી(અ.) જેવા સ્વકૃત ખલીફાના હુકમનો ખુલ્લમ ખુલ્લા અનાદર કરી, યુદ્ધ કરે ? રસૂલના ખલીફાના હુકમનો અનાદર કુફ્ર છે.

આ યુદ્ધમાં રેડાએલા હજારો ઈન્સાનોના લોહીનું ઝિમ્મેદાર કોણ ? આ ઈન્સાનોના લોહીને કોના નામએ અમાલમાં જમા કરીશું ?

આ પણ એક પ્રશ્નાર્થ છે ? વિચારો, વિચારો.

એક વાત અત્રે મને યાદ આવે છે, તે પણ લખી દઉં.

હઝરત અબુબકરને પ્રથમ ખલીફા માનનાર ‘સુન્ની’ કહેવાય છે. જ્યારે હઝરત અલી (અ.)ને ખુદાએ બનાવેલા પ્રથમ ખલીફા માનનારા ‘શીયા’ ગણાય છે.

સુન્ની મસઅલા પ્રમાણે ચારે ખલીફાઓને એમની હકુમતની તરતીબ પ્રમાણે માનવું જરૂરી છે. એમ ન માનનારા ગુમરાહ છે, કાફિર છે.

તો પ્રશ્ન એ ઉપસ્થિત થાય છે કે મઆવીયાએ હઝરત અલી(અ.) ને પ્રથમ ખલીફા તો ન માન્યાં અને ચોથા ખલીફા તરીકે પણ એમનો સ્વીકાર ન કર્યો, તો એમને શીયા પણ નહીં

કહેવાય, અને સુન્ની પણ નહીં કહેવાય, જો હઝરત અલી(અ.)નો ચોથા ખલીફા તરીકે સ્વીકાર કરતે તો હરગિઝ યુદ્ધ ન કરત, તો મઆવીયાને શું માનવા ? તેઓ શીયા પણ નથી અને સુન્ની પણ નથી, વિચારો, વિચારો.

એક હક અને સ્વીકૃત ખલીફા સામે યુદ્ધ કરનાર કાફિર ગણાય છે, ગુમરાહ ગણાય છે. આ તો એહલે સુન્નતનો મસઅલો છે.

બંનેને હક પર કહેનારી વ્યક્તિઓને મારો પ્રશ્ન છે કે હજારો ઈન્સાનોના લોહીનું જવાબદાર કોણ ?

આ એક પ્રશ્નાર્થ છે ? વિચારો, વિચારો.

## (3) કરબલા :-

કરબલા શબ્દનું ઉચ્ચારણ કરતાં, અને એ વિષયમાં લખતાં મારી આંખો ભીની થઈ જાય છે, યઝીદ મલઉને નબીના નવાસા અને આપના એહલેબયતની ૧૮વ્યક્તિઓ સાથે દોસ્ત અહબાબો મળી ૭૨ વ્યક્તિઓને ભૂખ અને પ્યાસની હાલતમાં શહીદ કરી છતાં "યઝીદનું બુરૂં ન બોલાય, એ અલ્લાહનો મામલો છે, અલ્લાહને સોંપી દો," સુન્ની બિરાદરો અને ખાસ તો વહાબીઓ આમ કહે છે. સઉદી અરબમાં તો ઈમામ હુસૈનનું નામ લેવું, હસન કે હુસૈન એવું નામ રાખવું, કરબલાના જુલ્મનું વર્ણન કરવું, આ બધાં જ કૃત્યો સરકારી ગુનો બને છે. શા માટે ? આ પ્રશ્ન સઉદીઓ જેઓ આ ઉમ્મતના યહુદીઓ જ છે, તેમને પૂછો. ઇ.સ.

૧૯૯૦માં સઉદીમાં એક અરબી કિતાબ બહાર પડી છે. જેનું નામ “અમીરૂલ મોઅમેનીન યઝીદ ઈબ્ને મઆવીયા” છે.

શું ઝાલીમના ઝૂલ્મનું વર્ણન કરવું, તેને ધિક્કારવો, સવાબનું કામ નથી ? આવા હોશીયાર લોકોની ચાલ અમને સમજાય છે, એ લોકો કરબલાને ભૂલાવી દેવા માંગે છે. જે રીતે એજ લોકોએ ગદીરે ખૂમના આખા પ્રસંગને સમૂળગો ભૂલાવી દીધો. જો કે ખુદાએ તઆલાએ તો આ પ્રસંગને ઈતિહાસના હજારો પાનાઓ પર જીવીત રાખ્યો છે, અને કરોડો ઈન્સાનોના દીલોમાં જીવીત પણ રાખ્યો છે.

બની ઉમય્યા મઆવીયાના ખાનદાનવાળાઓની ચાલ છે, કે કરબલાને ભૂલાવી

દો, જો કરબલા ભૂલાશે તો જ આપણું અસ્તિત્વ રહેશે.

**જો કરબલા રહેશે તો બુદ્ધિશાળીઓ પ્રશ્ન કરશે કે યઝીદ જેવા જાલીમ, શરાબી, લંપટને આખી ઈસ્લામી ઉમ્મતનો ખલીફા બનાવનાર કોણ?**

**જવાબ :-** મઆવીયા, એમના વાલીદ મોહતરમ.

**બીજો પ્રશ્ન :- પરંતુ મઆવીયાને આટલો ઉદ્ધત બનાવી દેનાર કોણ ? એના હાથોમાં હઝરત અબુબકરથી લઈ હઝરત અલી(અ.) સુધીના સમયગાળામાં ગવર્નરપદું રાખનાર કોણ ?**

**જવાબ :-** ઈતિહાસ પાસે માંગો.

જો યઝીદ અને કરબલા અને હુસૈનની યાદ તાજી થાય તો -

પરદા ખૂલતાજ જાય - પરદા ખૂલતાજ જાય - પરદા ખૂલતાજ જાય, ૧,૨,૩. જેથી ચાલબાજ ઈતિહાસકારો યેન-કેન પ્રકારે કરબલાને ભૂલાવી દેવા માંગે છે...... શા માટે ?

આ એક પ્રશ્ન છે ? વિચારો, વિચારો, વિચારો.

આ બધીજ પરિસ્થિતિઓ મને ઘણી પરેશાન કરતી હતી, હું હમેશા બેચૈન રહેતો હતો, જ્યારે પણ કોઈ મોટા આલીમ સાહેબની મુલાકાત થાય, અને મને જરાય મોકો મળે તો હું તરતજ આ ત્રણે યુદ્ધો વિશે પૂછી મારતો.

આલિમો મને અષ્ટમ-પષ્ટમ જવાબ આપીને શાંત કરવા કોશીષ કરતા, મને લગીરે સંતોષ ન થતો, ઘણી બધી કિતાબો મારી પાસે

હતી, તેમાં પણ આ પ્રસંગો વિશે અષ્ટમ પષ્ટમ ઉલટાપુલટા વાતોથી જ કીતાબના લેખક છટકવાની કોશીશ કરતા નજરે પડતા.

આ સમય દરમિયાન તબ્લીગી જમાઅતથી મને અરુચિ પેદા થઈ, હું તબ્લીગી પ્રવૃત્તીથી નિરાશા અનુભવતો હતો, અનેક ઈન્સાનોની મહેનતો અને સમય શક્તિના વ્યય પછી પણ કોઈ કાર્ય થતું (ઈસ્લાહ થતી) દેખાતું ન હતું, મેં જીવનના ૧૬ વર્ષ સુધી તબ્લીગી જમાઅતનું કાર્ય કર્યું છે. ત્રણ ત્રણ વખત હું તબ્લીગી જમાઅતના દિલ્હી મરકઝ ઉપર ગયો છું, યુ.પી.માં મેં ચિલ્લાઓ (૪૦ દિવસ ફરવું) આપ્યાં છે, હઝરત મૌલાના ઝકરિયા સાહેબ જેઓને તબ્લીગી ભાઈઓ “હઝરત શૈખ” ના નામથી ઓળખતા હતા, તેમના ગુંઠણથી

ગુંઠણ મિલાવી મેં સહારનપુરમાં તેમનાથી બયઅત પણ લીધેલી, આ બાબતના અનેક ગવાહો આજે પણ મારી વસ્તીમાં જીવતા જાગતા મૌજૂદ છે.

દેશના બીજા અનેક સ્થળોએ હું તબ્લીગી જમાઅતમાં અમીર બનીને ફર્યો છું. ઇ.સ. ૧૯૭૮ના ઓકટોબર - નવેમ્બર માસમાં છેલ્લો ચિલ્લો (૪૦ દિવસ) મેં મહારાષ્ટ્રના બુલદાના જીલ્લામાં વીતાવ્યો. આ છેલ્લા ચિલ્લામાં મારી સાથે કામ કરનાર બધાજ સાથીઓ મારી વસ્તીના જ છે, બધાજ હયાત છે, તબ્લીગી જમાઅતના વડા અમીર જેમને તબ્લીગી ભાઈઓ "હઝરતજી" ના નામથી બોલાવે છે.

પ્રથમ "હઝરતજી" મવ. ઈલ્યાસ (રહ.) મને જેમની મુલાકાત થઈ નથી, જેમણે સૌ પ્રથમ

૧૯૪૦ થી ૧૯૪૫ ના સમયગાળા દરમ્યાન દિલ્હીની આસપાસ અને ખાસ તો મેવાતના ઈલાકામાં તબ્લીગી પ્રવૃત્તિ શરૂ કરી.

બીજા "હઝરતજી" મવ. યુસુફજી(રહ.) જેમની મુલાકાત મેં કાવીના મોટા આલમી ઈજતેમામાં કરી હતી, કાવી, તાલુકા જંબુસર, જીલ્લા ભરૂચનું એક પ્રખ્યાત ગામ છે.

ત્રીજા, "હઝરતજી" મવ. ઈન્આમુલહસન સાહેબ, જેઓની મુલાકાત અનેક વખત થઈ છે, ત્રણે વખતે દીલ્હીના રોકાણ દરમિયાન ખાસ્સો સમય તેમની તકરીરો તેમ જ મજલિસોમાં ગુજાર્યો છે.

ઇ.સ. ૧૯૭૮માં મેં તબ્લીગી જમાઅતને છેલ્લી સલામ કરી, મારા બેકરાર દીલને શાંત કરવા "જમાઅતે ઈસ્લામીએ હિંદ"માં જોડાયો.

પ્રથમ મુત્તિફક (સહમત વર્તુળમાં) ત્રણેક વર્ષ રહી, ભરૂચનો વાહીદ મેમ્બર પણ બની ગયો, અનેક કિતાબો જેમની સંખ્યા ૫00 થી ઉપર છે, મેં જમાઅતે ઈસ્લામીના વિષયમાં વસાવી, મવ. મવદૂદી (રહ.)ની પ્રખ્યાત તફસીર "તફહીમુલ કુર્આન" છ મોટી જિલ્દોમાં આજે પણ મારી લાયબ્રેરીમાં છે.

જમાઅતે ઈસ્લામીના ૧૯૮૩ના નવેમ્બરના ગુજરાતના વડોદરા ખાતે ભરાએલા અધિવેશનમાં પણ મેં હાજરી આપી, ત્યારબાદ અનેક અધિવેશનમાં અમદાવાદ, વડોદરા, ભરૂચ, વાપી,

વગેરે સ્થળોએ મેમ્બરની હૈસિયતથી હાજરી આપી, જમાઅતે ઈસ્લામીના અનેક દોસ્તો આજે પણ મારી સાથે સારા સંબંધ રાખે છે, જ્યારે મુલાકાત થાય છે તો ખુલ્લા મને હસતા મુલાકાત પણ કરે છે.

જ્યારે તબ્લીગી ભાઈઓમાં હું આ ખેલદીલીપણું જોતો નથી, ઘણાં તો મને સલામ જ કરતાં નથી, હું સલામ કરું તો જવાબ આપતાં નથી, ઘણાના ચહેરા ઉપર ચોખ્ખી નફરત હું જોઈ શકું છું, તબ્લીગી બિરાદરોનું આ વલણ મને સમજાતું નથી.

કુદરતે ઈન્સાનને આઝાદ પેદા કરેલો છે, મઝહબ એ તેની અંગત બાબત છે, જે હૃદય સાથે સંબંધ ધરાવે છે.

જમાઅતે ઈસ્લામીમાં મારી કારકીર્દી ઘણીજ ઉજ્જવળ રહી, “જમાઅતે ઈસ્લામી”ના કાર્યકરો

આજે પણ મારી મુલાકાત કરે છે, અમે ખેલદીલીપૂર્વક મળીએ છીએ, વિચારોની આપલે પણ કરીએ છીએ.

અત્રે એ વાત યાદ રહે કે હું કોઈ પણ જમાઅતમાં જમાઅતનો પગારદાર નોકર ન હતો, મેં કોઈ પણ જમાઅતમાં મહેનતાણાથી કામ કર્યું નથી. મેં જમાઅતે ઈસ્લામીમાંથી ઇ.સ.૧૯૮૭માં રાજીનામું આપ્યું. ઇ.સ.૧૯૭૮ માં હું જમાઅતે ઈસ્લામીના સહમત વર્તુળમાં જોડાયો હતો, (તે વખતે પણ મારો કાર્ય કરવાનો ઉત્સાહ મેમ્બર કરતાં પણ વિશેષ હતો) ત્યારબાદ મેમ્બર બની ખૂબજ દીલચસ્પીથી દીની અને મિલ્લી કાર્યો અંજામ આપ્યાં. આ સમય ગાળામાં જમાઅતે ઈસ્લામીની ભરૂચ ખાતેની ઓફિસ તરીકે મારૂં ઘર વકફ હતું.

જમાઅતના મોટા મોટા અમીરો જેવા અત્યારના (અમીરે હિંદ) પ્રેસીડેન્ટ જમાતે ઈસ્લામી, મૌલાના સિરાજુલહસન સાહેબ મારા ઘરેજ ઉતરેલા, મૌલાના હબીબુર્રેહમાન નબીભાઈ - પ્રમુખ ગુજરાત તથા પછીના પ્રમુખ મૌલાના નિઝામુદ્દીન સાહેબ પણ અનેક વખત ઘરે પધારેલા, રોકાયેલા અને ભરૂચમાં પ્રોગ્રામ થએલા.

આંધ્ર પ્રદેશના પ્રમુખ જનાબ મવ. અબ્દુલ અઝીઝ સાહેબ પણ ઘરે પધારેલા, જ્યારે ભરૂચમાં એમનો પ્રોગ્રામ રાખેલો, જનાબ હબીબુર્રેહમાન મતાદાર સાહેબ (ફાઝિલે દેવબંદ) જેઓ દક્ષિણ ગુજરાતમાં જમાઅતના સંગઠનનું કાર્ય કરે છે, અત્યારે પણ વ્યવસ્થાપક છે, તેઓ તો લગભગ દરરોજ પોતાના ગામ કરમાડ ખાતેના વતનના

રોકાણ દરમ્યાન મારા ઘરે પધારતા, કારણ જમાઅતને લગતું બધું જ કાર્ય (ઓફિસ કામ) મારા ઘરેજ થતું.

મર્હુમ મૌલાના નવાબઅલી ઈન્દોરી(પ્રમુખ, વડોદરા) સાહેબને હું ન ભૂલી શકું, તેઓ તો મારા વડીલ અને મિત્ર જેવા પણ હતા, સારૂં ઈસ્લામી જ્ઞાન ધરાવતા હતા, વખતોવખત ઘરે આવતા, અમારા બંને વચ્ચે શીયા - સુન્ની વિચારધારા ઉપર મૌખિક વાતચીત તથા પત્રવ્યવહાર ચાલતો હતો, તે દરમ્યાન મવ. ઈન્દોરી સાહેબને ખુદાએ ઉઠાવી લીધા.

મારી "જમાઅતે ઈસ્લામી"ની કારકીર્દી દરમ્યાન મને "ઇરાની ઇન્કિલાબ" થી પહચાન થઈ. ઈરાન કલચર હાઉસ દિલ્હીથી આવતા, "રાહે

ઈસ્લામ", "નિદાએ ઈસ્લામ" માસિકો હું નિયમિત વાંચતો, ઇરાનના ઈસ્લામી ઇન્કિલાબે મને ઘણો જ પ્રભાવિત કર્યો, ઇરાનનો આ નારો "લા શીયા લા સુન્ની, લાઈલાહ ઈલ્લલ્લાહો મુહમ્મદુર્ રસુલલ્લાહ," ઈમામ ખોમૈની (રહ.)નો બીજો નારો હતો, "લા શરકીયાહ લા ગરબીયાહ ઈસ્લામીયાહ ઈસ્લામીયાહ" "ન યુરોપના સમાજવાદને અમે સ્વીકારીએ, છીએ, ન રશિયાનો સામ્યવાદ અમને સ્વીકાર્ય છે, અમને તો બસ ઈસ્લામ જ ઈસ્લામ જોઇએ છે, ન પશ્ચિમ ન પૂર્વ ઈસ્લામ એજ સર્વ."

આયતુલ્લાહ રૂહુલ્લાહ ખૌમેની(રઝિયલ્લાહો તઆલા અન્હુ)ના બાહોશ વ્યક્તિત્વથી હું ઘણો જ પ્રભાવિત થયો, અમેરિકા - બ્રિટન - ફ્રાન્સ અને સમગ્ર યુરોપ - (યહુદ-નસારા-જ્યાં બન્ને કોમો વસે

છે) જેઓ આદિકાળથી ઈસ્લામના દુશ્મન છે, તેમના છકી ગયેલા દિમાગો ઉપર ઈમામ ખોમૈનીનો હથોડો એવો તો વાગ્યો છે કે, ઈન્શાઅલ્લાહ જેનો ઘા ઈમામ મેહદી(અ.)ના ઝુહુર સુધી રૂઝાશે નહિ, ઈન્શાઅલ્લાહ, ઈન્શાઅલ્લાહ.

“જમાઅતે ઈસ્લામી” હિંદના અનેક પ્રમુખોએ “ઇરાન”નો ઈન્કિલાબ જોવા ઇરાનનો સફર પણ કર્યો, જ્યારે હું “જમાઅતે ઈસ્લામી”માં શામીલ હતો, ત્યારે મને પણ બે વખત ઇરાનનો “ઈન્કિલાબ” જોવા માટેનું આમંત્રણ મળેલું, પરંતુ મારી નાદુરસ્ત તબીયતને લઈ હું આજ સુધી ઇરાન જઇ શકયો નથી.

એક લાંબા સમય સુધી “જમાઅતે ઈસ્લામી હિંદ” ઇરાનના ઈન્કિલાબની સમર્થક રહી છે, પરંતુ

જ્યારે ઇરાનનો ઈન્કિલાબ ઇરાનની બહાર સરહદો વટાવી ગયો, ત્યારે શાહીવાદી અરબની કઠપુતળી હકુમતો ધ્રુજી ઉઠી, એમને પોતાના પગ નીચેથી જમીન સરકતી દેખાઈ. આમેય આ કહેવાતા આઝાદ રાજ્યો(અરબ હકુમતો) આઝાદ નથી. પરંતુ અમેરિકા - બ્રિટનના ગુલામ છે, એમના ઉપર હકુમત કરતા શાહો ખેતરના પાકને પક્ષીઓથી બચાવવા માટે ઝાડના થડ ઉપર ખમીશ - કે શર્ટ મૂકી બનાવેલા ચાડીઆ જેવા છે, જો કે શાહો પોતાને ખુદમુખ્તાર સમજે છે, હવે તો આ વાત કોઈ પણ બુદ્ધિશાળીથી છાની રહી શકી નથી.

આ વાતનો ઇન્કાર કરનાર કયાં તો બુદ્ધુ છે, અથવા અત્યાચારીઓનો દોસ્ત છે. તેઓ પણ અત્યાચારી જ ગણાશે.

વહાબી સઉદી શાસકો, હંમેશા ઈસ્લામના દુશ્મન રહ્યા છે, તેમણે જ્યારે “ઈસ્લામી ઈન્કિલાબ”ને પોતાની સરહદોમાં દાખલ થતો જોયો, તો તેઓએ દુનિયામાં કામ કરતી, પોતે જેમની મદદ કરે છે એવી બધી સંસ્થાઓ ઉપર દબાણ કરી “ઇસ્લામી ઈન્કિલાબ”નો વિરોધ શરૂ કરાવ્યો.

“જમાઅતે ઈસ્લામી હિંદ”નો એક સરકયુલર મારા ઉપર આવ્યો, જેમાં ઉલ્લેખ હતો કે “ઇરાનનો ઈન્કિલાબ અત્યાર સુધી તો ઈસ્લામી હતો, પરંતુ હવે તે શીઇયત તરફ જઇ રહ્યો છે, માટે હવેથી જમાઅતે ઈસ્લામીની મજલિસે શૂરાએ નિર્ણય કર્યો છે કે “ઇરાની ઈન્કિલાબ”નો વિરોધ પણ ન કરવો અને તેને પ્રોત્સાહન પણ ન આપવું.” (અસ્તગફિરૂલ્લાહ).

આ સરકયુલર વાંચી હું તો ચોંકી ઉઠયો કે આ તો નર્યું જુઠ છે. હું તો સુન્ની હનફી હતો, શીયા સુન્ની એકતા સાથે દુનિયામાં “ઈસ્લામી ઈન્કિલાબ”નો ચાહક હતો, અત્યાર સુધી શીઈય્યત શું છે, તેનું મને જરાયે ભાન ન હતું. હું તો એકજ વાત સમજતો હતો જ્યારે આ દેશમાં “હિંદુ-મુસ્લીમ ભાઈ-ભાઈ”નો નારો લગાવી શકાતો હોય, તો સમગ્ર દુનિયામાં “શીયા-સુન્ની ભાઈ-ભાઈ”ના નારા કેમ લગાવી ન શકાય ?

શીયા - સુન્ની બંને એક જ સિક્કાની બે બાજુ છે, આપણો અલ્લાહ એક, નબી એક, કીબ્લો એક, કુર્આન એક તો પછી આપણે શા માટે એક નહીં ? મેં તરતજ અનુભવ્યું કે “જમાઅતે ઈસ્લામી”ના પેપરોએ ઘણીજ હોશીયારીપૂર્વક, ચીવટાઈથી,

હળવી પદ્ધતીથી, ઈસ્લામી ઇરાનનો અને તેના ઈન્કિલાબનો વિરોધ શરૂ કરી દીધો હતો.

હું જોતો હતો કે પાકિસ્તાન - બંગ્લાદેશ - ઈન્ડોનેશીયા અને બીજા ઘણા કહેવાતા મુસ્લિમ રાષ્ટ્રોના શાસકો ઈસ્લામી નિઝામના નારા પોતાના હેતુ સિદ્ધ કરવા માટે લગાવતા રહે છે, પરંતુ તેમના દેશોમાં ઈસ્લામના નામે મીંડુ છે, જ્યારે દુનિયાની સર્વે ઈસ્લામ દુશ્મન તાકતો પાંચ કરોડની વસ્તી ધરાવતા ઇરાનથી ડરે છે, શા માટે ? ઈસ્લામનું સાચુ પ્રતિનિધિત્વ દુનિયાભરમાં જો કોઈ હકુમત કરતી હોય તો તે ઇરાન જ છે.

મેં અનુભવ્યું કે મુસલમાનોની ૧૦૦ કરોડની સુન્ની વસ્તીમાં કીયાદત (આગેવાની) ક્યાંય ઓલમાના હાથમાં નથી ? શા માટે ? અને સુન્ની

આલીમો એવો જેહાદ હરગિઝ જગાવી શકતા નથી, જેવો જેહાદ ઇરાની આલીમોએ જગાવ્યો છે.

આ પરિસ્થિતિથી હું “જમાઅતે ઈસ્લામી”ની વિચારધારાથી વિમુખ થયો, મેં ધીમે ધીમે મારી કામ કરવાની પદ્ધતિમાં ઢીલાશ લાવી મેમ્બર-પદેથી રાજીનામું આપી દીધું. તે દરમ્યાન “ફિકહે જાફરી”નો અભ્યાસ શરૂ કર્યો, એક પછી એક અનેક કીતાબો ખરીદતો ગયો, વસાવતો ગયો, અહીં સુધી કે અલ્લાહે મારા હૃદયને મુનવ્વર કરી દીધું.

મારા બેકરાર હૃદયને મઝહબે એહલેબયતમાં શાંતિ (ચેન અને કરાર) મળી. અનેક પ્રકારની નાજાઈઝ કૈદોથી મને છુટકારો મળ્યો, પંજતન અને ચૌદ માઅસુમીનના સાનિધ્યમાં મને શાંતિ મળી. મારા પત્ની, પુત્રોએ મને સંપૂર્ણ સાથ

આપ્યો, હું ખુદાનો શુક્ર અદા કરું છું, હઝરત મોહમ્મદ સ.અ.વ. અને એની આલ પર દુરૂદ મોકલું છું. અલ્લાહુમ્મ સલ્લે અલા મોહમ્મદીંવ વ આલે મોહમ્મદ.

મને કીતાબ "ઈમામત" ગુજરાતની ગુજરાતી ભાષી મોમીન બિરાદરી માટે ઘણીજ જરૂરી દેખાઈ, મેં કુરબતન એલલ્લાહ એનો ગુજરાતી અનુવાદ કર્યો છે, અલ્લાહની ઝાતથી ઉમ્મીદ છે કે કોઇ નેકદીલ ભાઈઓ એનું પ્રકાશન કરશે, આ કીતાબ લોકો માટે હિદાયતરૂપ બની રહેશે, મારું આ કાર્ય મારા મર્હુમ વાલીદ મોહતરમ અને વાલીદહ મોહતરમા માટે બક્ષીસનો ઝરીઓ બને, એજ દુઆ સાથે. અલ્લાહુમ્મ સલ્લે અલા મોહમ્મદીંવ વ આલે મોહમ્મદ.

**ઇબ્રાહીમ બી. પટેલ**

**ભરૂચ**

## બિસ્મીલ્લા હિર્રહમા નિર્રહીમ

## ગુજરાતીના ત્રીજા પ્રકાશન વખતે

સૌ પ્રથમ હું તે અલ્લાહનો શુક્ર અદા કરું છું. જેણે મને હિદાયત આપી. અજ્ઞાનતાના ઘોર અંધકારમાંથી બહાર કાઢી દીને હક મઝહબે એહલેબયતની સમજ આપી.

જ્યારે અલ્લાહે મને હિદાયત આપી ત્યારે જનાબ અમજદઅલી વંકાણી (સુરત) અને ઝયનબીયાહ લાયબ્રેરીવાળા જનાબ મોહસીનભાઈ (મેતા-ડી. બનાસકાંઠા) આ બંને ભાઈઓએ મારી ખાસ દોરવણી કરી છે. હું એટલો બધો ડાહ્યો તો હતો જ નહિ કે કોઈ વાતને અનેક દલીલો વગર માની લઉં.

એક મઝહબી ખાનદાનમાં મારો જન્મ થયો હતો. મારી સમજથી મારાં વાલીદહ મોહતરમાને હું ઘરમાં નમાઝ પઢતાં જોતો હતો. ઘરમાં બધી બહેનો અને ભાઈઓ બધાં જ કુઆર્નેપાકને અરબીમાં પઢવાથી ટેવાયેલાં, ઉપરાંત ઉર્દૂમાં પણ કિતાબો પઢી શકતાં હતાં. મતલબ ઘરનો માહોલ સંપૂર્ણ રીતે મઝહબી હતો.

રમઝાન મુબારકમાં તો આખો મહિનો મારું ઘર કુર્આનમય બની જતું હતું. રાતે બધાએ ફરજિયાત કુર્આન પઢવા બેસવું પડતું. ચાર ભાઈઓ અને પાંચ બહેનોના મોટા પરિવારમાં કુઆર્નો ચાર-પાંચ જ હતાં. જેથી અમો ભાઈઓ છટકી શકતા. દિવસે પઢવા બેસતા અથવા મસ્જિદમાં કુરઆન પઢતા.

વાલીદ સાહેબ મોહતરમને કુર્આન નાઝરા એટલું બધું પાકું હતું કે સૂતા સૂતા અમારી ભૂલ કાઢતા.

અલ્લાહનો શુક્ર અદા કરું છું કે વાલીદ-વાલીદહ બંનેની તરબીયતના કારણે કોઈ બુરાઈ અમારા સુધી પહોંચી નથી. મારી કિશોરવસ્થામાં જ્યારે હું  તબ્લીગી જમાતમાં જોડાતો થયો તો વાલીદ સાહેબ મોહતરમને આ વાત પસંદ ન હતી, છતાંય મારા જિદ્દ સ્વભાવે તેમની અવગણના કરીને પણ આ પ્રવૃત્તિ ચાલુ રાખી.

શિક્ષકની નોકરી સ્વીકાર્યા પછી મારે નોકરીના સ્થળે રહેવાનું થયું. અપ-ડાઉન શકય ન હતું. હું કીતાબો ખરીદતો-વસાવતો. વાલીદ સાહેબ ઉર્દૂ ફાયનલ પાસ હતા. (ધો. ૭ની પરીક્ષા તે સમયે

ફાયનલ કહેવાતી) વાલીદ મોહતરમ ખેતી કરતા. થોડીક ખેતી હતી અને થોડીક બીજાઓની જમીન વાવણી કરવા પણ લેતા. ખેતીમાંથી કંઈક નવરાશ મળતાં વાલીદ મોહતરમ મારા ઘરે મહેમાન આવતા. કિતાબો જોઈને સહેજ વાંચીને મને ઠપકો આપતા. પોતાની નાપસંદગી જાહેર કરતા. કહેતા કે આ લોકો પંજતનની મહબ્બતને છોડી રહ્યા છે. જ્યારે હું તબ્લીગી બુઝર્ગોની કિસ્સા કહાનીઓ સંભળાવતો અથવા કદીક ભરૂચ કોઈ ઈજતેમામાં લઈ જતો. તો ત્યાંથી પરત ઘેર આવીને પણ મને એમ કહેતા કે આ બધા જુઠ્ઠા પીરો છે. પંજતને પાક અને નબીની અવલાદ જ સાચા પીરો છે. આ તેમની બીલકુલ સાદી સમજ હતી. આજે મને આ

વાતો યાદ આવે છે ત્યારે મારી આંખોમાંથી આંસુ ટપકી પડે છે.

ઈરાનના ઈસ્લામી ઈન્કિલાબ સમયે વાલીદ સાહેબ હયાત ન હતા. એકમાંથી ચાર કુટુંબો બની ચૂક્યાં હતાં. બધા ભાઈઓ પોતપોતાની રીતે સારી સરકારી નોકરીએ લાગી પોતાનું જીવન જીવી રહ્યાં હતાં. બહેનો પણ પોતાના સાસરે વ્યવસ્થિત ગોઠવાઈ ગઈ હતી.

જ્યારે અલ્લાહે મને હિદાયત આપી ત્યારે મારું મગજ કોરી સ્લેટ જેવું તો હતું જ નહિ કે કશું લખી શકાય. અમજદભાઈ વંકાણી સાથે બે ત્રણ રૂબરૂ મુલાકાતો થઈ. એકાદ બે વખત તેઓ પણ ઘેર પધાર્યા. મેં મારી અનેક શંકાકુશંકાઓ તેમની સમક્ષ રજૂ કરી. તેમણે મને સુરતથી એક મોટું

પારસલ બને એટલી કિતાબો ભરીને એક થેલો પોતાના માણસ સાથે ભરૂચ મોકલાવ્યો. જેનો અભ્યાસ હું કરતો ચાલ્યો. સાથે સાથે મોહસીનભાઈએ (મેતા) પત્રો દ્વારા મારું ઘણું માર્ગદર્શન કર્યું છે. સાથે એક ત્રીજા મારા વડીલ મિત્રની શુક્ર ગુજારી પણ હું ભૂલી જાઉં છું. તેઓ જનાબ યુસુફ જિગર સાહેબ છે. તે વખતે જનાબ નજફી હાઉસમાં (મુંબઈ) લાયબ્રેરી વિભાગમાં પોતાની સેવા આપતા હતા. તેમણે પણ મારા માટે અમૂક કિતાબો મોકલી હતી. જેમાં ખાસ અલમરાજેઆત-દીનેહક અને ઉર્દૂ કુર્આનનો ઉર્દૂ તરજુમો (જનાબ ફરમાન અલી સાહેબનો) એક કિતાબ સાહબીયત સાથે આ “ઈમામત” કિતાબ ઉર્દૂ પણ જનાબ જિગર સાહેબે મોકલી હતી.

લગભગ એક વર્ષ સુધી કિતાબોનો સંપૂર્ણ અભ્યાસ કર્યા પછી મને એમ લાગ્યું કે આપણા ગુજરાતી સમાજમાં શીઈય્યતને તેના સાચા અર્થમાં સમજાવનારી કિતાબોનો અભાવ છે. જેથી સૌપ્રથમ મેં નાની પુસ્તિકા "તારીખુશ્શીયા" અને "ઈમામત" કિતાબનો ગુજરાતી અનુવાદ કર્યો. "તારીખુશ્શીયા"ની પ્રથમ આવૃત્તિ ઝયનબીયાહ લાયબ્રેરી મેતા દ્વારા જનાબ મોહસીનભાઈએ છપાવી હતી. "ઈમામત"ની પ્રથમ આવૃત્તિ ૧૯૯૨માં પ્રકાશિત થઈ. પછી બે વર્ષે ૧૯૯૪માં તેની બીજી આવૃત્તિ પણ છપાઈ. અને આજે ૨૦૦૪માં તેનું ત્રીજું પ્રકાશન થઈ રહ્યું છે. જે અલ્લાહની રહમત છે.

આ કિતાબ પણ લોકોને ખૂબ જ પસંદ પડી છે. એક વિશાળ વાચકવર્ગે આ બંને કિતાબોને ખૂબ જ વખાણી છે.

આ તબક્કે મારા ઉપરોક્ત ત્રણે મોહ્સીનોને અલ્લાહ અજ્રે અઝીમ આપે એવી દુઆ કરું છું. સાથે સાથે આ કિતાબોને છપાવવામાં મારી મદદ કરનારા, તેને વકફ કરનારા, છપાવવા માટે કોશીશ કરનારા, દુઆ કરનારા, સાથે પ્રિન્ટવેલ પ્રિન્ટર્સવાળા ભાઈ મોહંમદરઝા જેઓ નાણા પહોંચ્યા વગર પણ મારું કામ હાથ લઈ લે છે. બલ્કે રકમ બાકી હોય તો પણ છાપી નાખે છે. આ તમામ દીને-હકના મુબલ્લીગો માટે હું અંત:કરણપૂર્વક દુઆ કરું છું.

આ કીતાબના મૂળ લેખક જનાબ મૌલાના સૈયદ સઈદ અખ્તર રીઝવી સાહેબ અત્રે આપણી વચ્ચે નથી. અલ્લાહને પ્યારા થઈ ગયા છે. દરેક વાચકવર્ગને વિનંતી કરૂં છું કે હઝરત માટે એક સૂરએ ફાતેહા પઢીને બક્ષી આપે.

**નાચીઝ**

**ઈબ્રાહીમ બી. પટેલ**

**ભરૂચ**

# પ્રકરણ-૧ : કેટલાક જરૂરી મસાઈલ અને શબ્દોની સમજુતી

## ઈમામત અને ખિલાફત :-

ઈમામત :- કીયાદત - નેતૃત્વ - રહનુમાઈ.

અલ ઈમામ :- કાઈદ - નેતા - માર્ગદર્શક - રહબર.

ઈસ્લામી પરિભાષામાં ઉપરોક્ત શબ્દોની વ્યાખ્યા આ પ્રમાણે છે.

અલ્લામા હિલ્લી કહે છે, "અલ ઈમામતો હેય રિયાસતો આમતો ફી ઉમૂરીદ દીને વદદુન્યા નયાબતન અનિન્નબી." [અલ હીલ્લી :- હસન બિન યુસુફ બિન અલી બિન મુતહહર હીલ્લી હાંસિયો પ્રકરણ હાદીઅશર, પેજ નંબર-૬૯, મુહમ્મદ જવાદ મગનિયાહ ફલા સિકતલ ઈસ્લામિયહ, પેજ નં.

૩૯૨, બેરૂત હીજરી ૧૩૯૮ ઇ.સ.૧૯૭૮.] “નબી સ.અ.વ. ના પ્રતિનિધિ તરીકે દીન અને દુનિયાની હુકુમતને ઈમામત કહે છે.”

**ઈમામ :-**

તે પુરૂષ, જે નબી સ.અ.વ.ના ઉત્તરાધિકારી તરીકે સમગ્ર ઉમ્મતની દીન - દુનિયાના બધાજ કામોની સત્તા સંભાળે.

**પુરૂષ :-**

પુરૂષ હોવું જરૂરી છે, એટલા માટે કે સ્ત્રી ઈમામ થઈ શકતી નથી.

સમગ્ર અને સંપૂર્ણ પ્રભૂત્વ :- જેમાં ઈમામે જમાઅત કે પેશ નમાઝને ગણી શકાશે નહિ, સામાન્ય વહેવારમાં આપણે પેશનમાઝને ઈમામે

જમાઅત કહીએ છીએ, પરંતુ તે સમગ્ર અને સંપૂર્ણ પ્રભુત્વ ધરાવતો નથી.

**નબીનો પ્રતિનિધિ :-**

નિયાબત અનનબીય્યે - નબી સ.અ.વ.નો ઉત્તરાધિકારી હોવાની શરત નબી અને ઈમામ વચ્ચેનું અંતર બતાવે છે,(તફાવત બતાવે છે) કારણકે ઈમામને આ સમગ્ર અને સંપુર્ણ પ્રભુત્વ સીધેસીધું નહિ, પરંતુ નબીના(નાયબ) ઉત્તરાધિકારી હોવાથી પ્રાપ્ત થાય છે.

**ખિલાફત :-**

નબીના ઉત્તરાધીકારી અને ખલીફાને વસી પણ કહે છે, ઈસ્લામી પરિભાષામાં ખિલાફત અને ખલીફાનો અર્થ તે જ થાય છે, જે ઈમામતનો થાય છે.

**અલ વીસાયત :-**

નબીની વસીય્યત પર અમલ કરવાની જવાબદારી અને તેની સત્તા, તેને અલ વિસાયત કહે છે, વસી એટલે વીસાયત પર અમલ કરનારી, નિયુક્તિ પામેલી ઝિમ્મેદાર વ્યક્તિ.

વિસાયત અને વસીના પણ તેજ અર્થ લેવામાં આવશે જે ખિલાફત અને ખલીફાનો અર્થ લેવામાં આવે છે.

પ્રિય વાંચકો માટે આ વાત દિલચસ્પીથી ખાલી નહિ ગણાય કે, ઘણા બધા નબીઓ પોતાનાથી પહેલાં થઈ ગયેલા બુઝુર્ગ નબીઓના ખલીફા પણ હતા, એટલે કે તેઓ નબી પણ અને ખલીફા પણ હતા, પરંતુ જેઓ નવી શરીયતના માલિક હતા.(સાહિબાને શરીઅત) તેઓ ફક્ત

પયગંબર હતા, તેઓ પોતાનાથી અગાઉ થઈ ગયેલા નબીના ખલીફા ન હતા, અને કેટલીક એવી વ્યક્તિઓ પણ થઈ ગયેલી છે, જેઓ નબીઓના ખલીફા હતા, પરંતુ નબી ન હતા.

## ઈમામત અને ખિલાફત :-

ઈમામત અને ખિલાફતના ઝઘડાએ ઉમ્મતે ઈસ્લામીને ટુકડા ટુકડા કરી નાખી છે, ઉમ્મતે ઈસ્લામીના આ ઇખ્તેલાફની (ભિન્નતાની) અસર માન્યતાઓ અને દૃષ્ટિબિંદુઓ ઉપર પણ થઈ છે, અહીં સુધી કે તવહીદ અને નબુવ્વતના અકીદાઓને પણ ઉમ્મતે મુસ્લિમાના આ ઇખ્તેલાફની અસર પહોંચી છે, ચર્ચાઓ દરમ્યાન આ વિષય ઉપર સૌથી વધારે વાદ-વિવાદ થયો છે, આ વિષય ઉપર હજારો કિતાબો પણ લખાઈ ચુકી છે.

મારે અત્રે વિચારવાનું નથી કે હું શું લખું ? પરંતુ પ્રશ્ન આ છે હું શું ન લખું ? લોટામાં દરિયો નથી સમાઈ શકતો, આ નાના પુસ્તકમાં ઈમામત અને ખિલાફત જેવા મહત્વના વિષયના તમામ પાસાઓને, સંપૂર્ણ ચર્ચા કે વિવાદને સમાવી શકાય નહિ.

શરૂથી જ મારે આ સ્પષ્ટતા કરી દેવી જરૂરી છે કે મુસલમાનો ખિલાફત અને ઈમામતના મુદા ઉપર બે વિભાગોમાં વહેંચાઈ ગયા.

**એહલે સુન્નત :-**

જેમનો અકીદો આ છે કે નબી (સ.અ.વ.)ના પ્રથમ ખલીફા હઝરત અબુબકર છે.

**શીયાઓ :-**

જેમની માન્યતા આ છે કે હઝરત અલી ઈબ્ને અબીતાલિબ અલયહિસ્સલામ પયગંબર સ.અ.વ.ના પ્રથમ ખલીફા, વસી અને ઈમામ છે.

આ પાયાના મતભેદોએ (બુનિયાદી ઇખ્તેલાફ) બીજા કેટલાક મતભેદોને જન્મ આપ્યો, જેની થોડીક ચોખવટ અત્રે કરવામાં આવશે.

# પ્રકરણ-૨ : ઈખ્તેલાફાતનો ખુલાસો

પયગંબર સ.અ.વ.ની સર્વમાન્ય હદીસ છે, જેને બંને ફિરકાઓ કબુલ કરે છે, જેમાં હુઝુર સ.અ.વ. એ ફરમાવ્યું :-

“નજીકના ભવિષ્યમાં મારી ઉમ્મત ૭૩ ફિરકાઓમાં વહેંચાઈ જશે જેમાં ફક્ત એક ફિરકો નાજી (નજાત પામવાવાળો) હશે, અને તે સિવાયના બધાજ ફિરકા દોઝખી હશે.” [મીશ્કાત અલ મસાબીહ ભાગ-૧ પેજ નં. ૫૦ અને અલ્લામા મજલિસીએ બેહારૂલ અનવારમાં પણ એ પ્રકરણ આજ વિષયની હદીસોનું લખ્યું છે, સફીનતુલ બેહાર શૈખ અબ્બાસ કુમ્મી ભાગ - ૨,પેજ નં. ૩૫૯-૩૬૦.]

હવે આપણી ફરજ થઈ પડે છે કે જેને પોતાની આખેરત સુધારવાની ઇચ્છા હોય, (ચિંતા હોય) તે હંમેશા રાહે નજાત અને સીરાતે મુસ્તકીમની શોધખોળ કરતો રહે, દરેક વ્યક્તિની પોતાની ફરજ છે કે તે અક્કલથી વિચારી સમજી શોધખોળ અને તહકીકાત કરતો રહે, એટલે સુધી કે સત્ય સુધી પહોંચી જાય.

આ બધાજ ઇખ્તેલાફાત ઉપર એક બુદ્ધિગમ્ય નજર નાખી તટસ્થ અને તંદુરસ્ત મગજથી, કપટરહિત બની, ઈસ્લામના ઈતિહાસની અને સમગ્ર પરિસ્થિતિની આલોચના કરે, સમાલોચના કરે, બુદ્ધિ અને વિવેકથી કામ લઈ પ્રયત્ન કરતો રહે, સાથે સાથે અલ્લાહથી દુઆ પણ

કરતો રહે કે પોતાને સીરાતે મુસ્તકીમની હીદાયત મળી જાય.

અત્રે હું અમુક મુખ્ય વિષયોનું વિસ્તારથી વર્ણન કરીશ, તેની સાથે બીજા ફિરકાની માન્યતાઓની પણ આલોચના કરીશ, તે વિષયમાં તેમની દલીલો અને વિચારસરણીની પણ ચર્ચા કરીશ, જેથી સત્ય સુધી પહોંચવાની મંઝીલ સામે દેખાય.

**આ વિષયના મુખ્ય પ્રશ્નો આ છે --**

(૧) રસુલુલ્લાહ (સ.અ.વ.) ના ઉત્તરાધિકારીની નિમણુંક કરવી ખુદાની સત્તાની વાત છે કે ઉમ્મતની જવાબદારી છે ? કે ઉમ્મત જેને ચાહે તેને રસુલનો ખલીફા મુકર્રર કરી દે.

(૨) જો આ ઉમ્મતની જવાબદારી છે તો શું ખુદાતઆલાએ અથવા રસુલુલ્લાહ સ.અ.વ. એ ઉમ્મતના હાથોમાં કોઈ બંધારણ - કાયદા - કાનુન આપ્યા છે ? જેમાં ખલીફાની નિયુક્તિ કે ચુંટણીના કાયદા-કાનૂન અને કાર્યસુચિનું વર્ણન હોય.

**અથવા,**

ઉમ્મતે ખલીફા નિયુક્તિનો સમય આવવા અગાઉ કોઈ કાયદા-કાનુન બનાવ્યા હતા ? જેની પાબંદી કરવામાં આવી હોય અથવા ઉમ્મતે દરેક નવી નિયુક્તિ વખતે જે રીત ફાયદાકારક લાગી, તેને અપનાવી લીધી ? અને જે કંઈ ઉમ્મતે કર્યું તેમ કરવાનો શું ઉમ્મતને અધિકાર હતો ?

(૩) શું કાનૂને ઈલાહી અને અક્કલ પ્રમાણે ઈમામ અને ખલીફા બનવા માટે તેમનામાં યોગ્યતા

(કાબેલીયત) તથા અમુક શરતોની જરૂરત છે ? જે કાબેલીયત અને શરતોમાંથી ઈમામ (ખલીફા) પસાર થઈ શકતા હોય, તો આ શરતો અને વિશેષતાઓ શું છે ?

(૪) પૈગમ્બરે ઈસ્લામ સ.અ.વ. એ કોઈને પોતાના વસી કે ખલીફા નિયુક્ત કર્યા હતા ? અથવા નિયુક્ત કર્યા ન હતા ? જો નબી સ.અ.વ. એ નિયુક્ત કર્યા હતા તો તે કોણ છે ? અને જો નબી સ.અ.વ. એ પોતાના પછી ખલીફાની નિયુક્તી નથી કરી તો કેમ નથી કરી ?

(૫) નબી(સ.અ.વ.) ની વફાત પછી કોને ખલીફા બનાવવામાં આવ્યા ? તેમનામાં ખલીફા બનવા માટેની કાબેલીયત - વિશેષતાઓ અને શરતો હતી ? કે ન હતી કે જે કાબેલીયતો વિશેષતાઓ એક

ખલીફામાં હોવી જરૂરી છે. [નજમુલ ઓલમા - સય્યદ નજમુલ હસનની અન્નબુવ્વત વલ ખીલાફત, પ્રકાશન લખનવ, ઇ.સ. ૧૯૩૫ (ફેરફાર સાથે બીજી આવૃત્તિ).]

# પ્રકરણ-3 : બુનિયાદી ઇખ્તલાફ
# (પાયાનો મતભેદ)

આ વિષયની વિસ્તૃત ચર્ચા કરતાં પહેલાં આપણે એ જાણવું જરૂરી છે કે, ઈમામત અને ખિલાફતની વિશેષતા શું છે, અને આ વિશેષતા (માહીય્યત, ખુસુસીયત) સમજવા માટે પાયાના સિદ્ધાતોમાં કયાં કયાં ભિન્નતા છે, તે વસ્તુને સ્પષ્ટ કરી દેવામાં આવે.

ઈમામની પાયાની વિશેષતા શું છે ? શું ઈમામ પ્રથમથી જ અને સૈદ્ધાંતિક દૃષ્ટિએ સલ્તનતનો બાદશાહ (હાકિમ) છે ?

**અથવા**

ઈમામ પ્રથમ સૈદ્ધાંતિક દૃષ્ટિએ અલ્લાહનો પ્રતિનિધિ અને રસુલનો ઉત્તરાધિકારી (વારસદાર) છે ? કારણકે અલ્લાહનો આ નક્કી થઈ ચૂકેલો હુકમ છે, ઈમામત અને ખિલાફત "રસૂલની આધ્યાત્મિક વારસદારી છે.(જાનશીની છે)." જેથી કરીને આ પ્રશ્ન ત્યાં સુધી ઉકેલ નહીં પામે જ્યાં સુધી આ નક્કી કરી લેવામાં ન આવે કે સ્વયં રસૂલુલ્લાહ સ.અ.વ.ની બુનીયાદી હૈસીયત શું હતી ?

આપણે પ્રથમ આ વાત સમજવી પડશે કે રસુલુલ્લાહ સ.અ.વ. પ્રથમ અને સૈદ્ધાંતિક દ્રષ્ટિએ સલ્તનતના બાદશાહ હતા ?

**અથવા**

આપ સ.અ.વ. પ્રથમ સૈદ્ધાંતિક દૃષ્ટિએ અલ્લાહના પ્રતિનિધિ હતા ?

મુસલમાનોના ઈતિહાસ પર દૃષ્ટિપાત કરતાં દેખાય છે કે નબીની આસપાસ એક એવું વર્તુળ (ઈન્સાનોનંલ ટોળું) મોજુદ હતું, જે નબી સ.અ.વ.ના મિશનને હુકુમત મેળવવાની(સરદારી પ્રાપ્ત કરવાની) કોશીષ સમજતું હતું, એ લોકો નબી સ.અ.વ.ના મિશનને ભૌતિકવાદી દૃષ્ટિએ જ જોતા હતા, કારણકે એ ટોળાનો જીવન ધ્યેય (નસ્બુલઐન) સોના, ચાંદી, જમીન અને સત્તા મેળવવાનો હતો.

આ નવાઈ પામવા જેવી વાત નથી, કારણકે તેઓ નબી સ.અ.વ.ને પણ પોતાની આંખો ઉપર પહેરેલા દુનિયાદારીના ભૌતિકવાદી ચશ્માથી જોતા હતા, જેથી સમજતા હતા કે રસુલુલ્લાહ

સ.અ.વ.નું આ (આધ્યાત્મિક) મિશન આવા જ ભૌતિકવાદી હેતુઓ સિદ્ધ કરવા માટે શરૂ થયું છે.

અબુ સુફયાન (યઝીદ મલઉનનો દાદો)ના સસરા ઉતબા બીન રબીયાને કુરેશીઓએ પૈગમ્બર સ.અ.વ.ની પાસે સંદેશો લઈને મોકલ્યો કે --

"મુહમ્મદ, જો તમે બાદશાહત ઇચ્છતા હોવ તો, અમે તમને મક્કાના બાદશાહ બનાવી દઈએ, જો તમે મક્કાના કોઈ ઉચ્ચ ખાનદાનની છોકરી સાથે લગ્ન કરવા ઇચ્છતા હોવ તો, મક્કાની સૌથી ખૂબસુરત છોકરી સાથે આપની શાદી કરી દઈએ.

જો તમે સોના-ચાંદી-માલ દૌલત ઇચ્છતા હોય તો, તમો ઇચ્છો તેના કરતાં પણ વધારે માલ દૌલત-સોના-ચાંદી આપવા તૈયાર છીએ, પરંતુ આ દીનની તબ્લીગી છોડી દો, જેનાથી એમ માલુમ પડે

છે કે અમારા બાપ-દાદાઓ(જેઓ બુતપરસ્ત હતા) મૂર્ખ હતા, બેવકૂફ હતા.”

કુરેશને સંપૂર્ણ વિશ્વાસ હતો, મુહંમદ સ.અ.વ. તેમના આ પ્રસ્તાવનો સ્વીકાર કરી લેશે, પરંતુ પયગમ્બર સ.અ.વ. એ જવાબમાં સુરા હા, મીમ, સજદહની તીલાવત ફરમાવી. જેની તેરમી આયતમાં તમ્બીહ(ચેતવણી - ડાંટ ડપટ - ધમકી) આપવામાં આવી કે “જો કાફિરો મોં ફેરવી લે તો અય રસૂલ, કહી દે તમને એવી વીજળીના અઝાબથી ડરાવું છું, જેવી આદ અને સમૂદની કોમ ઉપર પડી હતી.”

આ આયત સાંભળીને ઉતબા ઘણોજ ડરી ગયો, તેણે ઈસ્લામનો સ્વીકાર તો નજ કર્યો, પરંતુ કુરેશ પાસે પાછા ફરીને કહ્યું :-

"મુહમ્મદ (સ.અ.વ.) ને એમના હાલ ઉપર છોડી દો, પ્રથમ એ જોયા કરો કે બીજા કબીલાઓવાળા તેમની સાથે કેવો વર્તાવ કરે છે ?" આ વાતને બીજા શબ્દોમાં કહીએ તો ઉતબા મુહમ્મદ સ.અ.વ.ને બીજા કબીલાઓના હાથોમાં સોંપી દેવા માગતો હતો. ઉતબાનો જવાબ સાંભળી કુરેશે કહ્યું :-

"ઉતબા ઉપર પણ મુહમ્મદ(સ.અ.વ.)નો જાદુ અસર કરી ગયો છે." [સીરતે ઈબ્ને હિશામ, ભાગ-૧ પેજ નં. ૨૯૩-૨૯૪.]

હવે જ્યારે નબી સ.અ.વ. એ મદીના શરીફ હિજરત ફરમાવી ત્યારે કુરેશે લડાઈઓ ઉપર લડાઈઓ શરૂ કરી દીધી, ત્યારે બીજા કબીલાવાળાઓએ પણ મુનાસીબ સમજ્યું કે

 amillibrary.com

પયગમ્બર સ.અ.વ.ને ખુદ એમના જ કબીલાવાળાઓના હાથમાં છોડી દેવામાં આવે, રસુલના સહાબી અમરૂ બિન સલમાનું વર્ણન છે કે "અરબો આ વાતના ઈન્તેજારમાં હતા કે કુરેશ ઈસ્લામ કબુલ કરી લે, તેઓ એમ કહેતા કે મુહમ્મદ (સ.અ.વ.) ને એમના કબીલાવાળાઓના હાથોમાં સોંપી દો, જો નબી પોતાના કબીલાવાળાઓ ઉપર જીત મેળવી ગયા, તો તેઓ ચોક્કસ સાચા નબી છે, તેથી ફતહે મક્કા પછી બધાજ કબીલાવાળાઓએ સામે ચાલીને ઈસ્લામ કબુલ કર્યો. [અલબીદાયા વન્નહાયા ઈબ્ને કસીર, પ્રકાશન મક્તબુલ મઆરિફ બેરૂન, પ્રથમ આવૃતિ,ભાગ-૫ મો, પેજ નં. ૪૦.]

આ ઉપરથી સમજાય છે કે અરબોના વિચારો મુજબ યોગ્યતા અને સત્યની પરીક્ષા "જીત

અને કામયાબી હતી", ખુદા ન કરે જો પયગમ્બર સ.અ.વ.ને યુદ્ધોમાં નિષ્ફળતાઓનો સામનો કરવો પડત, તો અરબો રસુલુલ્લાહ સ.અ.વ.ને હકીર અને ઝલીલ સમજી, નબી તરીકે ન સ્વીકારત.(અસ્તગફેરૂલ્લાહ)

આ દૃષ્ટિબિંદુ કે પૈગમ્બર સ.અ.વ.નું પવિત્ર મિશન સત્તા પ્રાપ્ત કરવા સિવાય બીજું કંઈ જ નથી, અબુસુફયાન અને તેના બુટુંબીજનોએ કેટલાય વખત આ જ વાક્યો દોહરાવ્યા છે, મક્કાની જીતના સમયે મુસલમાનોની ફૌજી તાકાત જોવા અબુસુફયાન મક્કાની બહાર નીકળ્યો, તો તેને પૈગમ્બરના કાકા જનાબે અબ્બાસ બિન અબ્દુલમુત્તલિબે જોઈ લીધો, તેને લઈને નબી સ.અ.વ.ની સેવામાં આવ્યા, અને વિનંતી કરી કે

અબુસુફયાનને અમાન આપવામાં આવે, સાથે સાથે એને ખાસ સન્માન આપવામાં આવે, જેથી એ ઈસ્લામ કબુલ કરે.

ટુંકમાં વાત આમ બની કે જનાબે અબ્બાસ અબુસુફયાનને ઈસ્લામી લશ્કરની શાનોશૌકત બતાવવા પોતાની સાથે લઈ ગયા,અને જુદા જુદા કબીલાના સરદારો સાથે તેને ઓળખાણ કરાવી, જેઓ તે વખતે ઈસ્લામી લશ્કરમાં શામેલ હતા, આ દરમ્યાન પૈગમ્બર પોતાના સહાબીઓ સાથે ત્યાંથી પસાર થયા, તેમણે બધાએ લીલા રંગનો પોશાક પહેર્યો હતો.

આ જોઈ અબુસુફયાન હેબતાઈને બરાડી ઉઠ્યો, “અબ્બાસ સાચેજ તમારા ભત્રીજાએ એક ઘણી મોટી સલ્તનત ઉભી કરી દીધી છે.” આ

સાંભળી જનાબે અબ્બાસે જવાબ આપ્યો, “અફસોસ છે તારી ઉપર અય અબુસુફયાન, આ સલ્તનત નથી આ તો નબુવ્વત છે.” [અલમુખ્તસરફી અખ્બારૂલબશર અલ અબુલ ફીદા ફીદા અમાદુદ્દીન ઈસ્માઈલ ભાગ-૧, પ્રકાશન બેરૂત, પેજ નં. ૧૪૩-૧૪૪, તારીખે યાકુબી ભાગ -૨, પેજ નં. ૫૯, પ્રકાશન બેરૂત, ઇ. સ. ૧૯૬૦.]

અહીં બંને વિરોધાભાસી દૃષ્ટિબિંદુઓ આમને સામને સ્પષ્ટ દેખાય છે, પરંતુ અબુસુફયાને પોતાનું દૃષ્ટિબિંદુ કદી નથી બદલ્યું, જ્યારે ઉસ્માન ખલીફા બની ગયા, ત્યારે અબુસુફયાને તેમની પાસે જઈને કહ્યું, “અય ઉમય્યાની અવલાદ, જ્યારે કે સલ્તનત તમારી પાસે આવી ગઈ છે, તો બસ હવે એની સાથે એવી રમત રમો, જેવી રીતે બાળકો

દડાથી રમત રમે છે, અને એને પોતાના કુટુંબમાં જ એક બીજાની તરફ ઉછાળતા જાવ.(એકબીજાને આપતા જાવ) આ સલ્તનતનું અસ્તિત્વ જ એક હકીકત છે, જન્નત-દોઝખ અને કયામતને કોણે જોઈ છે ? કે તેનું અસ્તિત્વ છે કે નથી ? [અલ ઈસ્તેયાબ ફી મઅરેફતુલ અસહાબ ભાગ-૪, પ્રકાશન કાહેરા પેજ નં. ૧૬૭૯ અને નહજુલ બલાગાહ ઈબ્ને અબીલ હદીદ મુઅતઝલી પ્રકાશન કાહેરહ બીજી એડીશન હીજરી, ૧૩૮૬ ઇ.સ. ૧૯૬૭માં ભાગ-૯, પેજ નં. ૫૩.]

ઉસ્માન સાથે આમ વાતો કરીને અબુસુફયાન ઓહદ પહોંચ્યો, અને રસુલુલ્લાહ સ.અ.વ.ના કાકા હઝરત હમઝહ(અ.)ની કબર ઉપર ઠોકર મારીને કહેવા લાગ્યો,"અય અબુ યાઅલા,

જુઓ કે જે સલ્તનત માટે તમો અમારાથી લડી રહ્યા હતા, છેવટે તો અમારાજ કબજામાં આવી ગઈ છે.” [શરહે નહજુલ બલાગાહ ઈબ્ને અબીલ હદીદ ભાગ-૧૬, પ્રકાશન કાહેરાહ, પેજ નં. ૧૩૬.]

કારણ કે અબુસુફયાન અને ત્રીજા ખલીફા હઝરત ઉસ્માન બંને બની ઉમય્યા ખાનદાનના છે.

આ તે માન્યતાઓ અને દૃષ્ટિબિંદુઓ છે, જે અબુસુફયાનના પૌત્ર યઝીદ લઅનતુલ્લાહને વારસામાં મળ્યા હતા, તેથી જ તેણે પણ કહ્યું હતું :-

“બની હાશિમે સલ્તનત મેળવવા માટે એક ઢોંગ જ કર્યો હતો. ન તો ખુદાનો કોઈ સંદેશો આવ્યો હતો કે ન તો વહી ઉતરી હતી.” [તારીખુલ ઉમમ વ મલૂબ ઈબ્ને જરીર તબરી પ્રકાશન લીડન ઇ.સ. ૧૮૯૦ ભાગ-૧૩, પેજ નંબર ૨૧૭૪;

તઝકેરએ ખવાસુલ ઉમ્મહ, તેહરાન પ્રકાશન, પા. ૨૬૧]

જો કોઈ મુસલમાનનું દૃષ્ટિબિંદુ આવું જ છે, જેનું ઉપર વર્ણન થયું, તો તે બીચારો મજબુર છે “ઈમામત”ને “સલ્તનત - (હુકુમત)” સમજે. આ વિચારસરણી મુજબ પયગમ્બર સ.અ.વ.નું અસલ કાર્યક્ષેત્ર (નબીના મિશનનો મકસદ) હુકુમતની સ્થાપના હતી, જેથી કરીને જેના હાથમાં પણ હુકુમતની બાગડોર આવી જાય, તે પયગમ્બર સ.અ.વ.નો સાચો ઉત્તરાધિકારી બની જાય !!

પરંતુ વસ્તુસ્થિતિ જુદી જ છે, પ્રશ્ન આ છે કે ૯૦ ટકા (નેવું ટકા) નબીઓના જીવનમાં ક્યાંય હુકુમત-સિયાસત-કે રાજસત્તાનું નામોનિશાન નહિ મળે, સવા લાખ નબીઓ ગુજર્યા તેમાંથી ૯૦

ટકા(નેવું ટકા) નબીઓ એવા થઈ ગયા, જેમને કોઈ પણ પ્રકારનું રાજકીય પ્રભુત્વ હાસિલ થયું ન હતું, અને એમાંના ઘણાં એવા હતા, કે જેમના ઉપર તે સમયના બાદશાહો હદથી વધીને જુલ્મ (અત્યાર) કરતા હતા. છતાં તેમની મદદ કરવાવાળું કોઈ પણ ન હતું, આવા નબીઓની શાનો શૌકત તખ્તોતાજમાં કે હુકુમતની બાગડોર સંભાળવામાં ન હતી, પરંતુ મુસીબતો સહન કરવામાં અને શહાદત હાસીલ કરવામાં હતી.

હવે આ વાત તદ્દન સ્પષ્ટ થઈ ગઈ કે પૈગમ્બર સ.અ.વ.ની(સાથે સાથે કોઈપણ નબી અ.ની) પાયાની વિશેષતા અને નબુવ્વતનો મકસદ આ નથી, કે તેઓ રાજકીય પ્રભુત્વ ધરાવતા હોય, હકુમત ચલાવતા હોય, બાદશાહ હોય, પરંતુ

પયગમ્બર સ.અ.વ.ની સાથે સાથે તમામ નબીઓની પણ પાયાની વિશેષતા(નબુવ્વતનો મકસદ) એ હતો કે તેઓ સર્વે અલ્લાહના પ્રતિનિધિ (નુમાઇન્દા) હતા. તેમને આ ઈલાહી હોદ્દો આપણા જેવા માણસો (ઈન્સાનો) તરફથી નથી મળ્યો, પરંતુ અલ્લાહે આપ્યો હતો.

આજ પ્રમાણે નબી સ.અ.વ.ના ખલીફાની પાયાની વિશેષતા (ખિલાફતનો મકસદ) રાજકીય પ્રભુત્વ કે સલ્તનત નથી હોઈ શકતી, પરંતુ વાત આમ છે કે ખલીફા પણ અલ્લાહનો પ્રતિનિધિ (નુમાઇન્દહ) છે, અને પ્રતિનિધિપણું (ખિલાફત) કોઈને પણ બંદાઓના આપવાથી નથી મળી શકતી, મતલબ બન્દાઓના બનાવવાથી વ્યક્તિ હુકુમતનો બાદશાહ (રાજા) બની શકે છે, પરંતુ

અલ્લાહનો નુમાઇન્દહ - પ્રતિનિધિ - ખલીફા હરગિઝ નથી બની શકતો.

ખિલાફતનો મનસબ(હોદો) નબુવ્વતની જેમ અલ્લાહ તરફથી જ મળવો જોઈએ.

ટૂંકમાં જો ઈમામ (ખલીફા) અલ્લાહની નુમાઇન્દગી (અલ્લાહનું પ્રતિનિધિત્વ) કરવા માટે આવ્યા છે, તો તેમણે અલ્લાહની તરફથી મુકર્રર થવું જોઈએ.

**સારાંશ** - ઈન્સાનોએ બનાવેલા ખલીફાઓ બાદશાહો કે રાજાઓ તો કહેવાશે, પરંતુ તેઓ અલ્લાહના પ્રતિનિધિ હરગિઝ નહીં ગણાય.

# પ્રકરણ-૪ : ઈસ્લામી નેતૃત્વની પદ્ધતિ

એક જમાનો હતો, જ્યારે લોકો બાદશાહ(રાજાશાહી) સિવાયની બીજી કોઈ શાસન પદ્ધતિથી વાકેફ ન હતા, અને તે સમયના આલિમો, રાજાઓ અને રાજાશાહીની બુઝુર્ગી(મહાનતા) જાહેર કરવા માટે એમ કહ્યા કરતા હતા --

"અસ્સુલતાનો ઝીલ્લુલ્લાહ" (બાદશાહ ખુદાકા સાયા હોતા હૈ) રાજા ખુદાનો પડછાયો હોય છે, જાણે ખુદાને પણ કોઈ પડછાયો હોય છે, અર્વાચિન સમયમાં જ્યારે ચારે તરફ લોકશાહીની બોલબાલા છે, તો હવે સુન્ની આલિમો ઘણાજ જોરશોરથી અનેક લેખોમાં, કિતાબોમાં, હેન્ડબીલોમાં, પરચાઓમાં આ પ્રમાણે લખી રહ્યા છે

કે “ઈસ્લામી શાસન પદ્ધતિ પણ એક લોકશાહી છે, “તેઓ ઈસ્લામના નામથી લોકશાહીની બૂમો પાડવામાં એટલા આગળ વધી જાય છે કે, ઈસ્લામે જ લોકશાહીની સ્થાપના કરી છે !! આવા હાસ્યાસ્પદ દાવાઓ કરતાં તેઓ યુનાનના સ્થાનિક સ્વરાજ્ય (શહેરી જમહુરીયતને) ભૂલી જાય છે.

આ સદીના પાછલા ભાગમાં ગરીબ-પછાત કચડાયેલા અને પ્રગતિશીલ દેશોમાં સમાજવાદ અને સામ્યવાદ જોર પકડી રહ્યો છે, મને નવાઈ નથી લાગતી અને હું જોઈ રહ્યો છું, કેટલાક સાદાસીધા નેક આલિમો એડીચોટીનું જોર લગાવીને એમ સાબિત કરવાની કોશીષ કરી રહ્યા છે કે “ઈસ્લામ પણ સમાજવાદની તાલીમ આપે છે” કેટલાક લોકોએ પાકિસ્તાનમાં “ઈસ્લામી

સમાજવાદ”નો નારો પણ લગાવવાનો શરૂ કરી દીધો છે. મને તો એજ ખબર નથી કે “ઈસ્લામી સમાજવાદ” એટલે શું ?

પરંતુ મને નવાઈ નહીં લાગે કે ૧૦-૨૦ વર્ષ પછી આ જ આલિમો એવો પણ નારો લગાવવાનો શરૂ કરી દે કે “ઈસ્લામ સામ્યવાદની તાલિમ આપે છે !”

હવા જે તરફ ફુંકાઈ તે તરફ ફરી જવાની આ નીતિએ નેતૃત્વની ઈસ્લામી પદ્ધતિનો ફિયાસ્કો બોલાવી દીધો છે, ઈસ્લામી રાજ્ય વ્યવસ્થાની મજાક ઉડાવી દીધી છે.(અસ્તગફિરૂલ્લાહ)

થોડા સમય પહેલાની વાત છે, એક આફ્રિકન દેશમાં મુસલમાનોનો એક મોટો ઈજતેમા હતો, ત્યાં તે દેશનો પ્રમુખ પણ મહેમાન બનીને

હાજર થયો. ત્યાં એક આલિમ સાહેબે પોતાની તકરીરમાં કહ્યું કે “ઈસ્લામ આપણને તાલીમ આપે છે, અતીઉલ્લાહ - અલ્લાહની તાબેદારી કરો, વઅતીઉર્રસુલ - રસુલની ઇતાઅત કરો, વઉલૂલ અમ્ર મીન્કુમ - અને પોતાના રાજ્યકર્તાઓનીય (હાકેમોની) ઇતાઅત કરો, જેથી આપણે પ્રમુખ (પ્રેસીડેન્ટશ્રી)ની ઇતાઅત કરવી જોઈએ અને જે કોઈ પણ રાજ્યકર્તા હોય તેની ઇતાઅત કરવી જોઇએ.”

આ ભાષણના જવાબમાં તે દેશના પ્રમુખે જે કટ્ટર રોમન કેથોલિક હતો, કહ્યું :-

“આ વાત તો સમજાય છે કે અલ્લાહ અને તેના રસુલની ઇતાઅત (તાબેદારી) કરો, પરંતુ આ કઈ જાતની ફિલોસોફી (મન્તીક) છે કે આવો પણ

હુકમ આપવામાં આવે કે, સલ્તનતના હાકેમની પણ ઇતાઅત કરો ? જો હાકેમ (પ્રેસીડેન્ટ) ઝાલીમ અને અત્યાચારી હશે તો શું થશે ? (જોયું ? એક ઈસાઇ પ્રેસીડેન્ટે કેટલી સમજપૂર્વક ની વાત કરી, “ઉલીલ અમ્ર”નું આવું ખોટું અર્થઘટન કરનારા આલિમોએ ડૂબી મરવા જેવી વાત છે).

શું ઈસ્લામ મુસલમાનોને આવો હુકમ આપે છે ? કે કોઈ પણ જાતના વિરોધ કે હસ્તક્ષેપ વગર તેઓ ઝાલીમ અને અત્યાચારી શાસકની સામે પોતાનું માથું નમાવી દે ? તેનું કહ્યું માની લે ? તેની ઇતાઅત કરે ? (અસ્તગફેરૂલ્લાહ, અસ્તગફેરૂલ્લાહ)

બુદ્ધિચાતુર્યથી ભરપૂર અને દીલને હચમચાવી નાંખનાર આવા પ્રશ્નોનો જવાબ પણ

એવોજ જોઈતો હતો. અગર તટસ્થતાપૂર્વક જો કોઈ વિચાર કરે તો આ વાત સ્પષ્ટ થઈ જાય છે કે, કુઆર્ને કરીમના ગલત મતલબો કાઢી તેનું વર્ણન ન કરવામાં આવત,તો આ ઈસાઇ પ્રેસીડેન્ટની હિંમત ન હતી કે ઈસ્લામની આલોચના કરે (ઈસ્લામને તન્કીદનું નિશાન બનાવે).

હવે આવો આપણે વિચારીએ કે ઈસ્લામમાં નેતૃત્વની શી વ્યવસ્થા છે ? શું લોકશાહી છે ? પ્રથમ જોઈએ કે લોકશાહીનો અર્થ શું છે ? લોકશાહીની સુંદર સમજ ઈબ્રાહીમ લીંકને આપી છે

“લોકશાહી એટલે લોકોનું રાજ્ય હોય,જે લોકો વડે, લોકો માટે, ચાલતું હોય.”

“Government of the people, by the people, and for the people.”

પરંતુ ઈસ્લામમાં “લોકોનું રાજ્ય” નથી. અહીં ફક્ત “અલ્લાહની હુકુમત” છે. લોકો પોતાની ઉપર પોતે કેવી રીતે હુકુમત કરે છે ? લોકો જાતે પોતે કાયદા બનાવીને પોતાની ઉપર પોતે કેવી રીતે હુકુમત કરે છે ? જ્યારે ઈસ્લામમાં કાયદા બનાવવાનું કામ લોકોનું નથી. કાયદા ખુદા બનાવે છે. લોકોની રઝામંદીથી નહિ, પરંતુ પયગમ્બર દ્વારા અલ્લાહની મરજીનું શાસન લોકો પર ચાલે છે, પ્રજાની કાનૂન બનાવવામાં કોઈ ડખલગીરી ચાલતી નથી, પ્રજાનું કામ ફક્ત આ છે કે ખુદાના કાનૂન ઉપર અમલ કરતા રહે, બલ્કે પ્રજાને ખુદાઈ કાયદા-કાનૂન ઉપર ટીકા ટીપ્પણી કરવાનો કે સલાહ સૂચન આપવાનો પણ લગીરે અધિકાર

નથી. જેથી સાબીત થઈ ગયું કે ઈસ્લામમાં લોકોનું રાજ્ય નથી, પરંતુ “Government of the Allah” છે.

**ઈરશાદે ઈલાહી છે -**

“કોઈ મોમીન અથવા મોમેનાત માટે આ યોગ્ય નથી, કે જ્યારે ખુદા અથવા તેનો રસુલ તેમને કોઈ કામનો હુકમ આપે, તો તેમને તે કામ કરવા ન કરવાનો ઈખ્તીયાર હોય.”

(સુરએ અહઝાબ આયત - ૩૬)

આ ચર્ચા થઈ લોકશાહીના પ્રથમ સિદ્ધાંતની,

**હવે આપણે બીજા સિદ્ધાંતની ચર્ચા કરીએ.**

“By the people--” લોકોથી ચાલતી હુકુમતનો, વિચારો કે પ્રજા પોતાની ઉપર કેવી રીતે

રાજ્ય ચલાવે છે ? તેઓ પોતાના પ્રતિનિધિઓને જાતે ચૂંટીને મોકલે છે.

હવે ઈસ્લામી દૃષ્ટિબિંદુ સમજીએ, પયગમ્બર સ.અ.વ. જેઓ ઈસ્લામી હુકુમતની બધીજ વ્યવસ્થાઓના (ન્યાયતંત્ર સાથે) સર્વોચ્ચ હાકેમ હતા, આપ સ.અ.વ. ને પ્રજાએ ચુંટેલા ન હતા.

હકીકત આ હતી કે જો મક્કાવાસીઓને છૂટ આપવામાં આવત કે તેઓ પોતાની પસંદગીનો રહેબર (હાકેમ) ચૂંટી લે, તો તેઓ તાઇફના અરવાહ બિન મસઉદ અથવા મક્કાના વલીદ બિન મુગીરહને ખુદાના રસુલ તરીકે ચૂંટી કાઢત. જેવી રીતે ખુદાનું કલામ (કુર્આન) આ વિષયમાં પ્રકાશ નાંખે છે -

"કહેવા લાગ્યા કે આ કુર્આન તે બે વસ્તીઓ (મક્કા અને તાઇફ) માંથી કોઇ મોટી વ્યક્તિ ઉપર કેમ ઉતારવામાં ન આવ્યું ?" [સૂરએ ઝુખ્રૂફ આ. ૩૧. જુઓ, લુબાબુન નક્રૂલ ફી અસ્બાબુન નુઝૂલ સિયૂતીની તફસીરૂલ જલાલૈન સાથે છપાયેલ પા. ૧૪૯/૨૮૯.]

જેથી કરીને ઈસ્લામી રાજ્યના વડાની નિમણુંક માટે કોઈનો મત લેવામાં નથી આવ્યો, એનાથી ઉલટું તમામ પ્રજાના વિચારોની વિરૂદ્ધ હુઝુર સ.અ.વ.ને ચૂંટી કાઢવામાં આવ્યા.

પયગમ્બરે ઈસ્લામ (સ.અ.વ.) ઈસ્લામી રાજ્યના સર્વોચ્ચ માલીક છે, અને આપ (સ.અ.વ.)ની મુબારક નિગેહબાનીમાં રાજ્ય

વ્યવસ્થાના બધાજ ક્ષેત્રો આવી જાય છે, અને આપ (સ.અ.વ.)ને પ્રજાએ ચૂંટેલા નથી.

ટૂંકમાં ન તો ઈસ્લામી હુકુમત “લોકોની હુકુમત (of the People)” છે. અને ન તો ઈસ્લામી હુકુમત “પ્રજા વડે ચાલતી (by the People)” હુકુમત છે, અહીં પ્રજા કાનૂન નથી બનાવતી. અને ન્યાયતંત્ર તથા ધારાસભા (ઈન્તેઝામિયા) પ્રજાને જવાબદાર નથી, અને આ હુકુમત “પ્રજાના માટે (for the People)” પણ નથી. ઈસ્લામી રાજ્યતંત્રની વ્યાખ્યા. ખુદાની, પૈગમ્બર કે ઈમામ વડે ચાલતી, ખુદા માટેની, હુકુમત છે.

ઈસ્લામી રાજ્યતંત્ર (જીવન વ્યવસ્થા) પ્રથમથી છેવટ સુધી અલ્લાહના માટે છે, દરેક કાર્ય ફક્ત ખુદા માટે હોવું જોઈએ, જો ખુદા ન કરે કોઈ

પણ કામ બીજાઓ માટે કરવામાં આવ્યું તો એને શીર્કે ખફી કહેવાશે. જે કાર્ય પણ વ્યક્તિ કરે, જોઈએ તો ઈબાદત હોય કે સામાજીક મઆમલાત (કામો) સમાજસેવા હોય અથવા કૌટુંબિક રીતરીવાજો, માતા પિતાની ફરમાંબરદારી હોય અથવા પડોશીના હકો હોય, નમાઝ જમાઅતની ઈમામત હોય, અથવા કોઈ અદાલતી કાર્યવાહી હોય, યુદ્ધ હોય કે સુલેહ હોય, દરેક કાર્ય "કુરબતન એલલ્લાહ" અલ્લાહને માટે હોવું જોઈએ.

અને છેલ્લે ઈસ્લામી હુકુમત અલ્લાહની હુકુમત છે, અલ્લાહના પ્રતિનિધિ દ્વારા ચાલતી, અલ્લાહની રઝામંદી પ્રાપ્ત કરવા માટે હોય છે.

ઈરશાદે ઈલાહી છે કે-

"અમે જીન્નાતો અને ઈન્સાનોને નથી પેદા કર્યા, પરંતુ એ કે તેઓ મારી ઈબાદત કરે."

ઈસ્લામી રાજ્ય વ્યવસ્થા "ઈલાહી હુકુમત" કહેવાશે, અને આ જ વસ્તુ ઈસ્લામી સમાજ વ્યવસ્થા (જીવન વ્યવસ્થા) અને રાજ્ય વ્યવસ્થાની વિશેષતા છે, ઈસ્લામને અર્વાચિન લોકશાહી સાથે લગીરે સંબંધ નથી.

હવે પછી આવતાં પ્રકરણોમાં આ વાતની સ્પષ્ટતા કરવામાં આવશે કે આયત "ઇતાઅતે ઉલીલ અમ્ર" ઉપર અમારી ચર્ચા કેવી રીતે બંધ બેસતી થાય છે.

# પ્રકરણ-૫ : શીયાઓનું દૃષ્ટિબિંદુ

ઈમામની જરૂર અને ઈમામમાં હોવા જોઈતા જરૂરી ગુણો - વિશેષતાઓ

**(અ) ઈમામની જરૂરિયાત :-**

શીયા વિચારધારા પ્રમાણે ઈમામત અક્કલની દૃષ્ટિએ પણ જરૂરી છે. આ એક લુત્ફેખુદા છે. ખુદાની મહેરબાની છે, કૃપા છે, ખુદાની કૃપા તે કાર્યને કહેવાય છે. જેના કારણે બંદો વગર મુશ્કેલીએ ખુદાની ફરમાંબરદારીથી નજીક અને તેની નાફરમાનીથી દૂર થઈ શકે, અને શીયા ઈલ્મે કલામમાં (ઈલ્મી વાદવિવાદમાં) આ વાત નક્કર સાબિતિઓ સુધી પહોંચી ચૂકી છે કે આવો લુત્ફ(કૃપા

 amillibrary.com

- મહેરબાની જેનું ઉપર વર્ણન થયું) ખુદા પર વાજીબ છે.

વિચારો કે ખુદા પોતાના બંદાને કોઈ કામનો હુકમ આપે અને ખુદા જાણે છે કે બંદો આ કામ નહીં કરી શકે, કેમકે બંદા માટે તે કામ કરવું અશક્ય અને ઘણું જ મુશ્કેલ છે. તો મુશ્કેલી ત્યારે જ દૂર થઈ શકે જ્યારે ખુદા બંદાની મદદ કરે, આવી પરિસ્થિતિમાં જો ખુદા બંદાની મદદ નથી કરતો, તો જાણે કે ખુદા પોતે જ પોતાના ધ્યેયને અસફળ અને મિથ્યા બનાવી રહ્યો છે. જાહેર છે કે ખુદાના માટે આવી ગફલત શક્ય જ નથી, અક્કલની દૃષ્ટિએ પણ આ વાત આપણને પસંદ પડતી નથી. ખુદાપાક દરેક પ્રકારની ગફલતથી પાક છે. આ જ પ્રકારની મદદને ખુદાનો લુત્ફ(કૃપા) કહેવાય છે.

જેથી આવો લુત્ફ બુદ્ધિની દૃષ્ટિએ પણ ખુદા પર વાજીબ છે.

ઈમામત એક લુત્ફે ખુદાવંદી છે. (ખુદાની કૃપા છે) કારણકે આપણે જાણીએ છીએ કે જનસાધારણ માટે એક રહેબર - આગેવાન હોય જેની તેઓ તાબેદારી કરે, જે ઝાલીમો પાસેથી મઝલૂમોના હક અપાવે. તોજ જનસાધારણ નેકીઓની નજીક જઈ શકશે અને બુરાઈઓથી દૂર રહી શકશે.

ઈમામત એક લુત્ફ છે. અલ્લાહ પર વાજીબ છે કે ઈમામને મુકર્રર કરે જેથી તે રસુલુલ્લાહ (સ.અ.વ.)ના પછી જનસાધારણને હિદાયતની તરફ બોલાવતા રહે. [શરહ બાબે હાદી અશર અલ્લામાં હિલ્લી પેજ નં. ૫૦/૬૨ અને ૬૪.]

## (બ) અફઝલીયત (શ્રેષ્ઠતા) :-

શીયાઓનો અકીદો છે કે પૈગમ્બર (સ.અ.વ.)ની જેમ ઈમામ પણ ઉમ્મતથી દરેક ગુણમાં ઉચ્ચ હોય છે. ઈલ્મ હોય કે બહાદુરી, તકવો હોય કે સખાવત, એવા કોઈપણ ગુણો, જેમાં ઈમામ જનસાધારણથી સર્વ શ્રેષ્ઠ હોય છે. બીજી વાત એ કે ઈમામને અલ્લાહના કાનૂનોનું સંપૂર્ણ જ્ઞાન હોય છે. અને હોવું જ જોઈએ. જો એવું ન હોય અને આ ઉચ્ચ હોદ્દો  કોઈ એવી વ્યક્તિના હવાલે કરી દેવામાં આવે, જે પોતાના યુગનો નિમ્નતર વ્યક્તિ હોય, (પોતાના સમયનો અફઝલ ન હોય મફઝુલ હોય) તેનાથી શ્રેષ્ઠ વ્યક્તિઓ હાજર હોય તો આનો અર્થ આ થશે કે નિમ્નતર વ્યક્તિને શ્રેષ્ઠ વ્યક્તિ ઉપર (મફઝુલને અફઝલ ઉપર) મહત્વ આપવામાં

 amillibrary.com

આવ્યું. જે વાત અક્કલની દૃષ્ટિએ પણ પસંદ કરવા યોગ્ય નહીં ગણાય અને અલ્લાહના ઈન્સાફની પણ વિરૂદ્ધ છે. તેથી ખુદાપાક અફઝલની હાજરીમાં કોઈ મફઝુલને ઓહદએ ઈમામત નથી આપી શકતો. [શરહ બાબે હાદી અશર - પેજ નં. ૬૯.]

**(ક) ઈસ્મત :-**

પાક હોવું - મઅસુમ હોવું - ઇસ્મત પણ ઈમામતનો બીજો ગુણ છે. જો ઈમામ મઅસુમ નહીં હોય તો ભૂલ કરવાનો સંભવ રહે છે અને એમ પણ શક્ય છે કે ઈમામ જુઠ પણ બોલી દે. [શરહ બાબે હાદી અશર - પેજ નં. ૬૮.]

પ્રથમ વાત તો આ છે કે જો ઈમામ મઅસુમ નહીં હોય તો, તે જે કંઇ હુકમ આપશે તેની સત્યતા ઉપર સંપૂર્ણ ભરોસો નહીં કરી શકાય.

બીજી વાત આ છે કે ઈમામ હાકીમ છે અને ઉમ્મતનો માર્ગદર્શક પણ (રહેનુમા) છે. જેથી ઉમ્મત ઉપર ફર્ઝ (જરૂરી) છે, કે કોઈપણ જાતની ફરિયાદ કે અપીલ કર્યા વગર જીવનના દરેક ક્ષેત્રમાં તેની તાબેદારી કરે, હવે જો ઈમામ ગુનાહ કરે તો ઉમ્મત ઉપર પણ આ ગુનાહ કરવો ફર્ઝ (જરૂરી) થઈ જશે. આ અનુચિત પરિસ્થિતિ સૂર્ય જેવી સ્પષ્ટ છે. કારણકે ગુનાહના કામોમાં તાબેદારી નાજાઈઝ અને હરામ છે. જેથી કરીને એકી સાથે ઈમામની તાબેદારી પણ ફર્જ થશે, અને નાફરમાની પણ ફર્જ થશે, આ ઘણી જ બેહુદી, મિથ્યા અને નિરર્થક બાબત છે.

ત્રીજી વાત ઈમામથી ગુનાહ થવો સંભવ હોય તો, બીજી વ્યક્તિઓની આ ફર્ઝ થઈ પડે છે કે

તેઓ ઈમામને ગુનાહથી રોકે. કારણકે દરેક મુસલમાનની ફર્ઝ છે કે બીજાઓને હરામ કામોથી રોકે, આ પરિસ્થિતિમાં ઈમામ લોકોની સમક્ષ બેઇજ્જત (તિરસ્કૃત, ઝલીલ) થઈ જશે, જેનું પરિણામ એ આવશે કે તે ઉમ્મતનું નેતૃત્વ - તેની રેહબરી કરવાને બદલે જાતે જ ઉમ્મતનો તાબેદાર બની જશે, અને તેની ઈમામત જ બેકાર (મિથ્યા) બની જશે.

ચોથી વાત ઈમામ કાનૂને ઈલાહીનો રક્ષક હોય છે અને કાનૂને ઈલાહીનું રક્ષણ કરવું એક એવી જવાબદારી છે કે જે ગેરમાસુમના હાથોમાં આપી શકાય નહીં. કારણકે ગેરમાસુમ ઈલાહી કાનૂનોનું સંપૂર્ણ રીતે રક્ષણ કરી શકતો નથી.આ જ કારણથી નબુવ્વત માટે “ઈસ્મત” (મઅસુમીયત) એક જરૂરી

શર્ત માનવામાં આવી. જે કારણોને લઈ નબી માટે માસુમ હોવું જરૂરી છે, તે જ કારણોને લઈ એક ઈમામ અને ખલીફા માટે પણ માસુમ હોવું જરૂરી છે. આ જ કીતાબના તેરમાં પ્રકરણમાં "ઈસ્મત" પર વધુ ચર્ચા કરવામાં આવશે.

**(ખ) ખુદાના તરફથી નિયુક્તિ :-**

જેવી રીતે ગમે તેટલો ઈબાદતગુજાર અને ગુણવાન વ્યક્તિ, પોતાની જાતે નબી નથી બની શકતો, એવી જ રીતે, કોઈ વ્યક્તિ ગમે તેટલો પરહેઝગાર હોય છતાં પણ જાતે પોતે ઈમામ પણ બની નથી શકતો. ઈમામત પણ કોઈ એવો હોદો નથી કે વ્યક્તિ તેને મહેનત અને કોશીષ કરીને પ્રાપ્ત કરી શકે, પરંતુ ઈમામત ખુદાની દેન છે. [શરહ બાબ હાદીએ અશર - પેજ નં. ૬૮] જે

ખુદાના ખાસ બંદાઓને જ મળે છે. આ જ કારણને લઈને શીયા ઈસ્નાઅશરીઓનો અકીદો છે કે રસુલનો જાનશીન ઉત્તરાધિકારી ફક્ત ખુદાજ મુકર્રર કરી શકે  છે. આ બાબતમાં ઉમ્મતની કોઈ દખલ શક્ય જ નથી. બલ્કે ઉમ્મતની પોતાની ફર્ઝ છે કે ખુદાના નિયુક્ત કેરલા ઈમામ અથવા ખલીફાની તાબેદારી કરે, આથી વિરૂદ્ધ અહેલે સુન્નતનો અકીદો છે કે ખલીફાની નિયુક્તિ ઉમ્મતની જવાબદારી છે.

નીચે આપેલી આયતો શીયાઓના અકીદાની તસ્દીક અને તાઇદ કરે છે જેનાથી શીયાઓના અકીદાને અનુમોદન મળે છે.

**અલ્લાહતઆલા ઇરશાદ ફરમાવે છે :**

“તારો રબ પેદા કરે છે જે કંઈ ચાહે છે, અને જેને ચાહે છે, પસંદ કરી લે છે. (મુન્તખબ કરે છે)

આ પસંદગી આ લોકોએ કરવાની નથી.” (સુરએ કસસ, આયત નં. ૬૮).

આ આયતથી તદ્દન સ્પષ્ટ થઈ જાય છે કે ઈન્સાનને કોઈપણ પ્રકારની પસંદગી કરવાનો કોઈ હક નથી, પરંતુ આ કાર્ય સંપૂર્ણ રીતે અલ્લાહના કબ્જામાં છે.

હઝરત આદમ(અ.)ને પેદા કરતાં અગાઉ અલ્લાહતઆલાએ ફરિશ્તાઓને ફરમાવ્યું,

“ઈન્ની જાએલૂન ફીલ અર્ઝે ખલીફહ - હું પૃથ્વી ઉપર એક ખલીફા બનાવવાનો છું.”

(સૂરએ બકરહ, આ.નં. ૩૦).

જ્યારે ફરિશ્તાઓએ નમ્રતાપૂર્વક પોતાની નારાજગી જાહેર કરી ખુદાના ઉપરોક્ત હુકમની સામે, ત્યારે અલ્લાહે ફરિશ્તાઓની આ આપત્તિને

એક ટુંકા જવાબથી ઉડાવી દીધી "ઈન્ની આઅ્લમો માલા તઅલમૂન - જે કંઈ હું જાણું છું તે તમે નથી જાણતા."

(સુરએ બકરહ, આ. નં. ૩૦).

જો ખલીફાની પસંદગીમાં માસૂમ (બેગૂનાહ) ફરિશ્તાઓની દખલગીરી અલ્લાહે પસંદ ન કરી, તો ગૈરમાસુમ (ગુનેહગાર) લોકો કોણ છે, જેમને પસંદગીની છૂટ આપી દેવામાં આવે, કે જેને ચાહે તેને પોતાનો ખલીફા બનાવી લે ?

અલ્લાહે જમીન ઉપર હઝરત દાઉદ (અ.)ને પોતે જાતે ખલીફા બનાવ્યા છે. ઈરશાદે ઈલાહી છે :

"યા દાઉદો ઇન્ના જઅલનાક ખલીફતન ફિલ્અર્ઝે - અય દાઉદ અમે તમને જમીન પર અમારા ખલીફા બનાવ્યા છે."

(સુરએ સાદ, આયત નં. ૨૬).

વિચારો, ધ્યાનથી વિચારો, ખલીફા અથવા ઈમામની નિયુક્તિને (નિમણુંકને-પસંદગીને) દરેક જગ્યાએ અલ્લાહે પોતાના તરફ નિસ્બત કરી છે -

હઝરત ઈબ્રાહીમ (અ.) ને વહી કરવામાં આવી રહી છે.

કાલ ઈન્ની જાએલુક લિન્નાસે ઈમામા, કાલ વ મીન ઝુર્રીય્યતી કાલ લા યનાલો અહદીઝ ઝાલેમીન"

(સુરએ બકરહ, આયત નં. ૧૨૪).

અલ્લાહે ફરમાવ્યું "હું તમને લોકોના ઈમામ બનાવવાનો છું (હઝરત ઈબ્રાહીમ અ.મે કહ્યું) અને શું મારી અવલાદ માટે પણ આજ વચન છે ? ફરમાવ્યું (હા) પરંતુ મારું વચન જુલ્મીઓ માટે નથી."

"ઈમામત"ના વિષયના ઘણા બધા પ્રશ્નોના ઉત્તરો આ આયત આપણને આપી દે છે. (અ) અલ્લાહે ફરમાવ્યું : 'હું તમને લોકોના ઈમામ બનાવવાનો છું.' આથી વાત સ્પષ્ટ થઈ ગઈ કે "ઈમામત" એક ખુદાઈ હોદ્દો છે. જે ઉમ્મતની પસંદગીની હદોથી બિલકુલ બહાર છે.

(બ) "મારુ આ વચન જુલ્મીઓ માટે નથી": આથી આ વાત પણ સ્પષ્ટ થઈ ગઈ કે ગેરમાસુમ "ઈમામ" નથી બની શકતો. તર્કશાની દૃષ્ટિએ પણ,

અને ન્યાયની રીતે પણ, **આપણે પૃથ્વી ઉપર વસતા તમામ ઈન્સાનોની ચાર વિભાગોમાં વહેંચણી કરી શકીએ છીએ** -

(૧) જેઓ હંમેશા જુલ્મી બની રહ્યા,

(૨) જેઓએ કદી પણ જુલ્મ નથી કર્યો.

(૩) જેઓ પ્રથમ જિંદગીમાં જાલીમ હતા, પાછળથી તોબા કરી અને ન્યાયી બની ગયા.

(૪) જેઓ પ્રથમ જિંદગીમાં જાલીમ ન હતા, પાછળથી જાલીમ બની ગયા.

હઝરત ઈબ્રાહીમ(અ.)ની શાન આનાથી પણ ઘણી ઉંચી છે કે તેઓ પ્રથમ અને ચોથા વિભાગોની વ્યક્તિઓ માટે “ઈમામત”નો ખુદાથી સવાલ કરત. હવે બે વિભાગ બાકી રહી જાય છે. અલ્લાહે આમાંથી પણ એક વિભાગને બાદ કરી

નાખ્યો એટલે તે વિભાગ જે પ્રથમ જીવનમાં જુલ્મી રહ્યો હોય, પરંતુ પાછલા જીવનમાં તોબા કરીને ન્યાયી બની ગયા હોય.

હવે ફક્ત એક ટોળું બાકી રહી જાય છે જે "ઈમામત" ને લાયક છે. જેમણે જીંદગીભર કોઈ જુલ્મ ન કર્યો હોય, એટલે કે માસુમ હોય.

(ક) જે છેલ્લું વાક્ય આયતનું છે તે સમજીએ, "મારું આ વચન જુલ્મીઓ માટે નથી" આ વાત ઘણી વિચારવાને કાબિલ છે કે અલ્લાહે એમ નથી ફરમાવ્યું "કે જાલીમો મારા આ વચન (ઓહદા) સુધી નહીં પહોંચી શકે," કારણકે આ વાક્યથી તો એમ સમજી શકાયું હોત કે આ ઈન્સાનના (જે ન્યાયી - આદિલ હોય) ઈખ્તીયારમાં છે કે તે ઓહદએ ઈમામત સુધી પહોંચે, પરંતુ જે

વાકયપ્રયોગ અલ્લાહતઆલાએ કર્યો છે તેમાં આ પ્રકારની કોઈ ગેરસમજ થવાની સંભાવના જ નથી.

ઉલટું આ વાત તદ્દન સ્પષ્ટ થઈ જાય છે કે "ઈમામત" પ્રાપ્ત કરવી આદમની અવલાદના ઈખ્તીયારની વાત નથી, અલ્લાહના ઈખ્તીયારમાં છે, અને તે જેને ચાહે છે, આ હોદ્દો આપે છે.

પછી એક સામાન્ય નિયમ મુજબ ફરમાવ્યું: "અને અમે તેઓને (લોકોના) ઈમામ બનાવ્યા કે અમારા હુકમથી તેઓ હીદાયત કરે છે." (સુરએ અંબીયા, આ. ૭૩ ).

જ્યારે હઝરત મુસા (અ.) ને એક વજીરની જરૂરત ઊભી થઈ કે તે તેમની નબુવ્વતના કામોમાં તેમને મદદરૂપ થાય. ત્યારે એમણે પોતાની

મરજીથી કોઈને પોતાનો વજીર મુકર્રર ન કર્યો પરંતુ તેમણે ખુદાથી

**દુઆ કરી** -

"વજઅલ્લી વજીરન મીન અહલી હારૂન અખી" - "અને મારા કુટુંબવાળાઓમાંથી મારા ભાઈ હારૂનને મારો વજીર બનાવી દે."

(સુરએ તાહા, આ. ૨૯/૩૦).

**ખુદાએ તઆલાએ જવાબ આપ્યો** :

"કાલ કદ ઉતીત સુઅલક યા મુસા" - "કહ્યું (અલ્લાહે) અય મુસા ! તમારી બધી દરખાસ્ત મંજુર કરી લીધી."

(સુરએ તાહા, આ. ૩૬)

આ ખુદાઈ પસંદગીનું ઉમ્મતની સામે એલાન નબી દ્વારા થાય છે, અથવા ભૂતપૂર્વ ઈમામ

દ્વારા થાય છે.અને આ એલાનને ‘નસ્સ’ કહેવામાં આવે છે. જેનો શાબ્દીક અર્થ થાય છે : સ્પષ્ટતા, વઝાહત, નિયુક્તિ.

પારિભાષિક અર્થમાં નબી અથવા ભૂતપૂર્વ ઈમામના દ્વારા આવનાર ઈમામના નામનું એલાન થાય છે. શીયા માન્યતા મુજબ ઈમામ’ મન્સુસ મીનલ્લાહ’ એટલે કે અલ્લાહના તરફથી નિયુક્ત થયેલો હોવો જોઈએ.

(ડ) **મોઅજિઝહ** :- નેક અને માસુમ વ્યક્તિ દ્વારા દેખાડવામાં આવતી એવી ઘટના જે સામાન્ય વ્યક્તિઓ ન દેખાડી શકે, જેને ચમત્કારિક ઘટના પણ કહી શકાય.

જો કોઈ ‘ઈમામત’ના દાવેદાર વ્યક્તિ માટે ‘નસ્સ’ અંગેની કોઈ જાણકારી ન હોય, તો ફક્ત

એક જ તરીકો તેની સચ્ચાઈ માલુમ કરવાનો છે. અને તે છે મોઅજિઝહ. [શરહ બાબે હાદી અશર - પેજ નં. ૬૯.] આમ તો કોઈપણ વ્યક્તિ આ દાવો કરી શકે છે કે, તે ઈમામ અથવા ખલીફા છે, અને પોતે માસુમ છે. આવી પરિસ્થિતિમાં સાચી હકીકત માલુમ કરવાનો ફક્ત એકજ વિશ્વાસપાત્ર તરીકો છે અને તે મોઅજિઝહ છે. જો ઈમામતનો દાવેદાર પોતાના દાવાની સત્યતા સાબિત કરવા માટે કોઈ મોઅજિઝહ બતાવે, તો શક કર્યા વગર, તેને માની લેવામાં આવશે. જો તે મોઅજિઝહ બતાવવામાં નિષ્ફળ જાય તો એનો અર્થ આ થશે કે તે ઈમામત અને ખિલાફતની શરતોને પુરી નથી કરી શકતો. જેથી તે પોતાના દાવામાં જુઠો છે.

## (ગ) અમલ દર આમદ (કાર્ય પદ્ધતિ) :-

પ્રથમથી જ નબીઓમાં આ પદ્ધતિ ચાલી આવી છે કે તેઓ હંમેશા પોતાના ખલીફા અને ઉત્તરાધિકારીની જાહેરાત કરતા આવ્યા છે. પાછળના બધા જ નબીઓના ઈતિહાસમાં એક દૃષ્ટાંત પણ એવું નહીં મળે કે, નબીના ખલીફાને ઉમ્મતે "વોટ"ના તરીકાથી, કે સર્વ સંમતિથી, ચૂંટી કઢ્યો હોય, તો પછી કોઈ કારણ નથી કે ખાતેમુન્નબીય્યીનના ખલીફાની નિયુક્તિ માટે હંમેશાથી ચાલ્યો આવતો અલ્લાહનો આ કાનૂન બદલાઈ જાય.

**અલ્લાહ તઆલાનો ઈરશાદ છે --**

"લન તજેદ લે સુન્નતીલ્લાહે તબ્દીલા"— "તમે ખુદાના નિયમમાં કોઈ ફેરફાર થતો નહીં જોશો."

(સુરએ અહઝાબ, આયત ૬૨).

## (ઘ) અકલી દલીલો :-

તે સર્વ અકલી દલીલો કે, જેનાથી એમ સાબિત થાય છે કે 'નબી'ની નિયુક્તિ ખુદાનો ખાસ અધિકાર છે, તે જ દલીલોથી અને તેટલી મજબુતાઈથી આ વાત પણ સાબિત થાય છે કે, નબીઓના ઉત્તરાધિકારીની નિમણુંક પણ અલ્લાહ તરફથી જ થાય છે, અને અલ્લાહ તરફથી જ થવી જોઈએ, આ પણ તેનો જ અધિકાર છે. નબીઓની જેમ જ ઈમામ અને ખલીફાની નિયુક્તિ પણ એટલા માટે થાય છે કે, તે અલ્લાહનું કાર્ય કરે, (ખુદાઈ

કામોને અંજામ આપે) જેથી ખલીફા માટે આ પણ જરૂરી છે કે તેણે ખુદાને જવાબદાર રહેવાનું છે.

જો જનસાધારણ ખલીફાની નિમણુંક કરશે તો, તેની વફાદારી અલ્લાહના માટે નહીં હોય, પરંતુ જનસાધારણના માટે રહેશે, જેઓ તેના ખલીફા બનવાની બુનિયાદ છે, તેના પ્રભુત્વની બુનિયાદ છે. તે હમેશા લોકોને ખુશ રાખવાની કોશીષ કરશે. એટલા માટે કે જો એના પરથી ઉમ્મતનો ભરોસો ઉઠી ગયો તો, ઉમ્મત તેને પદભ્રષ્ટ કરી દેશે. જેથી કરીને તે પોતાની મઝહબી જવાબદારીઓને ડર (ખોફ) વગર, નિષ્પક્ષ રીતે અને તટસ્થતાથી અદા નથી કરી શકતો, બલ્કે એનું ધ્યાન હંમેશા પરિસ્થિતિના ફેરફાર અને રાજકીય ઉથલપાથલો તરફ લાગેલું રહેશે. આ રીતે ખુદાનું કાર્ય જે

ઈમામત, કે ખિલાફતની જવાબદારી છે, તે બગડી જશે.

તારીખે ઈસ્લામમાં આવા અસંખ્ય દ્રષ્ટાંતો મળશે કે સદરે ઈસ્લામથી (અવ્વલ થી આજદિન સુધી) છેવટ સુધી લોકોના બનાવેલા ખલીફાઓએ ઈસ્લામના કાયદા કાનૂનોની ધજ્જીઓ ઉડાવી દીધી છે. કુર્આન - સુન્નતના સિદ્ધાંતોની ઐસીતૈસી કરી નાખી છે. આ દલીલ ફક્ત અક્કલ ઉપર આધારિત નથી, પરંતુ મજબુત ઐતિહાસિક સત્યોના પાયા ઉપર આધારીત છે.

વ્યક્તિના હ્રદયની વાતો તેના મગજના વિચારો તથા દૃષ્ટિબિંદુઓને તો ફક્ત ખુદા જ જાણી શકે છે. ઈન્સાનના સ્વભાવ અને પ્રકૃતિને ઉપર ઉપરથી જોઈને સમજી શકાતો નથી. શક્ય છે કે,

કોઈ વ્યક્તિ બનાવટથી પોતાને મુત્તકી - પરહેઝગાર અને અહકામે ખુદાનો પાબંદ બતાવે, જેથી લોકો એનાથી પ્રભાવિત થાય, પરંતુ આવી દંભી દીનદારીથી તેનો હેતુ દુનિયાની માલ-દોલત મેળવવાનો હોય, ઈતિહાસમાં આવા અનેક દૃષ્ટાંતો જોવા મળે છે.

અબ્દુલ મલેક બિન મરવાનનો દાખલો લો, જે પોતાનો બધો વખત મસ્જિદમાં ઈબાદતમાં અને કુર્આનની તીલાવતમાં ગુજારતો હતો. તે કુર્આનનું પઠન કરી રહ્યો હતો, ત્યારે એને એવી ખબર મળી કે તેનો બાપ દુનિયાથી ચાલી ગયો છે અને લોકો એનાથી બયઅત કરવા માટે ભેગા થયા છે, તો તરતજ એણે કુર્આન બંધ કર્યું, અને કહ્યું :-

"મારી અને તારી (કુરઆનની) વચ્ચે હવે છુટ્ટમ છુટ્ટી (મતલબ કોઈ સંબંધ નહિં)" [તારીખુલ ખોલફા - સિયુતી પ્રકાશન કાહેરા ઇ.સ. ૧૯૫૨, પેજ નં. ૨૧૭.]

કારણકે ઈમામ અને ખલીફા ના માટે જે ગુણો તથા વિશેષતાઓ અને શરતો જરૂરી છે. તેની હકીકત ફક્ત ખુદા જ જાણી શકે છે. જેથી કરીને ફક્ત ખુદાને જ આ વાતનો અધિકાર છે કે તે ઈમામ અથવા ખલીફાની નિયુક્તિ કરે.

# પ્રકરણ-૬ : ઈસ્મત
# (પાકીઝગી - બેગુનાહ હોવું)

**ઇસ્મત (પાકીઝગી - માસુમ હોવું) :-**

હવે આપણે આ વાત જાણીએ કે એહલેબયતે રસુલ (રસુલના ઘરવાળાઓ) માટે કુરઆન શું કહે છે. કુરઆન કહે છે રસુલના ઈન્તિકાલ સમયે આ ચાર બુઝુર્ગ હસ્તીઓ દરેક પ્રકારના ગુનાહોથી પવિત્ર-માસુમ હતી -

(૧) હઝરત અલી (અ.)

(૨) હઝરત ફાતેમા (અ.)

(3) હઝરત હસન (અ.)

(૪) હઝરત હુસૈન (અ.)

**જેમના વિષયમાં અલ્લાહતઆલા ફરમાવે છે -**

ઈન્નમા યોરીદુલ્લાહો લિયુઝહીબ અન્કુમુર્રિજસ અહ્લ બયતી વ યોતહ્હીરકુમ તતહીરા - “અય એહલેબયત ! (પયગમ્બરના ઘરના માણસો) ખુદા તો બસ એજ ઇચ્છે છે કે તમને સર્વે બુરાઈઓથી દૂર રાખે, અને જેવો પાક-પાકીઝા રાખવાનો હક છે, તેવા જ પાક પાકીઝા રાખે.”

(સુરએ અહઝાબ, આયત ૩૩.)

ઈસ્લામી મિલ્લતના આલિમોનો સર્વ સામાન્ય ફેંસલો છે કે, ઉપરોક્ત વર્ણવાયેલી ચાર બુઝુર્ગ હસ્તીઓ જ એહલેબયતે પૈગમ્બર છે, જેઓ દરેક પ્રકારની બુરાઈઓ, ગુનાહોથી પાક અને માસુમ છે. આ આયતથી અગાઉની અને આ આયત પછીની આયતોમાં પૈગમ્બર (સ.અ.વ.) ની

બીવીઓનો ઉલ્લેખ કરવામાં આવ્યો છે અને સ્ત્રીવાચક સર્વનામોનો ઉપયોગ થયો છે, પરંતુ આ આયતમાં પુરૂષવાચક સર્વનામનો ઉપયોગ થયો છે.

આ અંદાજો લગાવવો કે આ આયત આ જ જગ્યાએ કેમ રાખવામાં આવી છે ? કોઈ મુશ્કેલ વાત નથી પ્રખ્યાત આલિમ અલ્લામા પોયા મરહુમે એસ.વી.મીર અહમદઅલી મરહુમના તરજુમા કુરઆને કરીમના હાસિયા ૧૮૫૭ નંબરમાં લખ્યું છે:

“આયતે કરીમાનો આ ભાગ જેમાં એહલેબયતે તાહેરીનનું ખુદા તરફથી માસુમ હોવાનું વર્ણન છે. એની આગલી પાછલી આયતો સમજી સ્પષ્ટતા કરવી જરૂરી છે. કારણ આયતનો આ ભાગ તદ્દન જુદો પડી જાય છે. આ “આયતે તતહીર” એક

ખાસ સમય ઉપર નાઝીલ થઈ હતી, પરંતુ આ આયતને નબી (સ.અ.વ.)ની બીવીઓના વર્ણનની વચ્ચે રાખવામાં આવી, જો આયતની તરતીબ અને વ્યાકરણ ઉપર વિચારવામાં આવે, તો આ વાત તદ્દન સ્પષ્ટ થઈ જાય છે કે આ આયતની આ જગ્યાએ ગોઠવણી એક ખાસ હેતુપૂર્વક કરવામાં આવી છે. આ આયતની શુરૂઆતના ભાગમાં નારીવાચક સર્વનામોનો ઉપયોગ થયો છે, પરંતુ ફક્ત આ ટુકડામાં જ પુરૂષવાચક સર્વનામો વપરાયા છે, જ્યાં નબી (સ.અ.વ.) ની બીબીઓનું વર્ણન છે, ત્યાં સર્વનામો ક્રમબદ્ધ છે.

જ્યારે પુરૂષ અને સ્ત્રી બંનેના ભેગા સમૂહને સંબોધન કરવાનું હોય ત્યારે સામાન્ય કાયદામુજબ સર્વનામો પુરૂષવાચક જ વપરાય છે. અરબી કાયદા

મુજબ સર્વનામોનો આ ફેરફાર આ વાતને સ્પષ્ટ કરે છે કે “આયતે તતહીર”ના આ ભાગનો તદ્દન જુદો જ ઉદ્દેશ્ય છે, અને એનું સંબોધન કોઈ બીજી જ વ્યક્તિઓનો સમૂહ છે. જે અગાઉ વર્ણવાયેલા સમૂહથી અલગ છે. “આયતે તતહીર”ના હિસ્સાને અહીં એટલા માટે પણ રાખવામાં આવ્યો હોય કે નબી (સ.અ.વ.) ની બીવીઓ અને એહલેબયત બંનેના દરજ્જાનો (મરતબાનો) તફાવત સ્પષ્ટ થઈ જાય.

હઝરત ઉમરૂ બિન અબી સલમા ફરમાવે છે કે, જ્યારે આ આયત નાઝિલ થઈ ત્યારે પયગમ્બર (સ.અ.વ.) જનાબે ઉમ્મુલ મોઅમેનીન ઉમ્મે સલમાના ઘર પર હતા, ત્યારે અલ્લાહે આ આયત ઉતારી -

“અય (પયગમ્બરના) એહલેબયત, ખુદા તો બસ એજ ઇચ્છે છે કે તમને દરેક પ્રકારની બુરાઈથી દૂર રાખે, અને જેવા પાકપાકીઝા રાખવાનો હક છે તેવા જ પાકપાકીઝા  રાખે.”

ત્યારે નબી (સ.અ.વ.) એ પોતાની બેટી ફાતેમા (અ.) અને બંન્ને ફરઝંદો હસન (અ.) અને હુસૈન (અ.) અને શોહર એટલે પોતાના કાકાના દીકરા અલીને પોતાની પાસે બોલાવ્યા, ત્યાર બાદ બધાની સાથે પોતાની જાતને પણ શામેલ કરીને પોતાની ચાદર ઓઢાડી ખુદા પાકથી દુઆ કરી :-

“ખુદાયા, આ મારા એહલેબયત છે, એમને દરેક પ્રકારના ગુનાહથી દૂર રાખ અને એવા પાક પવિત્ર રાખ જેવા પાક પવિત્ર રાખવાનો હક છે.”રસુલુલ્લાહ (સ.અ.વ.)ના નેક અને ફરમાંબરદાર

બીવીએ આવા મુબારક મોકા ઉપર વિનંતી કરી "યા રસૂલલ્લાહ ! શું હું પણ આપની આ ચાદરમાં આપ લોકો સાથે શામેલ થઈ જાઉં ? " હુઝુર (સ.અ.વ.) એ જવાબ આપ્યો "નહીં, તમો પોતાની જગ્યાએ રહો, ચોક્કસ તમે ભલાઈ ઉપર છો."

અહીં લંબાણના ભયે આ આયતે તતહીરના વિષયમાં અસંખ્ય હવાલા આપતો નથી. પ્રખ્યાત સુન્ની આલિમ મૌલાના વહીદુદ્દીન - ઝમાનના હવાલાથી જ સંતોષ માનું છું. જેમણે કુરઆનનો તરજુમો - તફસીર લખી છે. સાથે સાથે કુરઆન અને હદીસની એક લુગાત (ડીક્ષનરી) પણ લખી છે તેઓ આ આયતની તફસીરમાં લખે છે કે,

"કેટલાકે આ આયતને મખસુસ ગણી છે જેમાં નબી (સ.અ.વ.) ના નસબ - વંશ સાથે

સંબંધકર્તા ઘરવાળાઓ જેમાં હઝરત અલી (અ.), હઝરત ફાતેમા (અ.), હઝરત હસન (અ.), હઝરત હુસૈન (અ.) શામિલ છે. પ્રખ્યાત અને સહીહ હદીસોથી પણ આ વાતને સંપુર્ણ પુષ્ટિ મળી રહે છે કે જ્યારે પૈગમ્બર (સ.અ.વ.) એ જાતે પોતે જ ફરમાવ્યું કે મારા ઘરવાળાઓ આ જ લોકો છે તો આ વાતને કબુલ કરવી જરૂરી (વાજીબ) છે જેનો એક અંદાજો (તરતીબ - અનુમાન - કરીના ) આ પણ છે કે આ આયતોમાં પ્રથમ અને છેલ્લે નારી વાચક બહુ વચનના સર્વનામોથી સંબોધન કરવામાં આવ્યું છે જ્યારે આયતે તતહીરના ફક્ત આ ભાગમાં વચ્ચેના હિસ્સામાં પુરૂષવાચક બહુવચનના સર્વનામો વપરાયાં છે. જેથી એવું માલુમ પડે છે કે, આયતના આ ભાગને એ આયતોની વચ્ચે

રાખવામાં આવી છે જેમાં નબી(સ.અ.વ.) ની બીબીઓને સંબોધન હતું. અને કદાચ સહાબાએ સોચી સમજીને (ઇજતેહાદથી) આમ કર્યું હોય." [તફસીરે વહીદી મોલ્વી વહીદુદ્દીન - ઝમાન હાસિયા તરજુમા કુરઆને કરીમ, ગીલાની પ્રેસ - લાહોર, પારહ ૨૨, પેજ નં. ૫૪૯, હાસિયા નં. ૭.]

આ સિવાય અન્વારૂલ્લુગાતમાં મોલ્વી સાહેબ હદીસે કીસાઅ ની નીચે લખે છે -

"સત્ય આ છે કે આયતે તતહીરનો મતલબ આ પાંચ બુઝુર્ગો જ છે, પરંતુ અરબની બોલચાલમાં એહલેબયતમાં બીવીઓ પણ ગણાય છે, તેથી કેટલાકોનું મંતવ્ય છે કે, આ બુઝુર્ગો ભૂલચૂક અને ગુનાહથી પાક હતા, ભલે માસુમ ન ગણીએ, તો મહફૂઝ (ગુનાહથી બચેલા) જરૂર હતા."

[અનવારૂલ્લુગાત - મોલવી વહીદુઝઝમાન પ્રકાશન બેંગલોર, પારહ ૨૨, પેજ નં. ૫૧.]

જો કે હું એમના કેટલાક વિચારો સાથે સંપૂર્ણ રીતે સહમત નથી તો પણ મેં આ હવાલાઓ ફક્ત એટલા માટે આપ્યા કે આ વાત સ્પષ્ટ થઈ જાય કે ફક્ત શીયા આલીમો જ નહિ, પરંતુ એહલે સુન્નતના આલિમો પણ આ વાતને ટેકો (અનુમોદન) આપે છે કે અરબી વ્યાકરણના કાયદા પ્રમાણે અને સાચી તથા પ્રખ્યાત હદીસો જ રસુલુલ્લાહ(સ.અ.વ.)થી અતૂટ રીવાયતોથી ચાલી આવે છે, તે જોતાં માસુમ આ પાંચ બુઝુર્ગોજ છે. અને આયતનો નૂઝૂલ અલી (અ.), ફાતેમા(અ.), ઈમામ હસન(અ.) અને હુસૈન (અ.) ના માટેજ ખાસ

છે. આ વાતને ઓલમાએ એહલે સુન્નત પણ કબુલ કરે છે.

કેટલાક સુન્ની આલીમો એમને માસુમ નહીં તો ગુનાહોથી રક્ષિત જરૂર સમજે છે.

આ સિવાય પણ ઘણી બધી બીજી હદીસો એહલેબયતની પાકી તથા પવિત્રતાની સાક્ષી આપે છે પરંતુ પુસ્તક મોટું થઈ જવાના ભયે આટલાથી સંતોષ માનું છું.

# પ્રકરણ-૭ : અફઝલીયતે અલી(અ.સ.)

## હઝરત અલી(અ.સ.)ની સર્વ શ્રેષ્ઠતા

અફઝલીયત એટલે ખુદાની નજદીકી. પોતાના સારા અમલોના કારણે વધારે સવાબના હકદાર હોવું. સર્વે મુસલમાનોનો સર્વસામાન્ય મત (ઇત્તેહાદ) છે જેથી અમે આ સર્વશ્રેષ્ઠતાની ગણતરી અમારા વિચારોની બુનિયાદ પર નથી કરી શકતા, સાથે એ બાબત પણ નોંધપાત્ર છે કે આ વસ્તુને જાણવાનું કોઈ સાધન જો હોય તો તે ફક્ત કુરઆન અથવા હદીસ જ છે.

એહલે સુન્નતના પ્રખ્યાત આલિમ ઈમામ ગિઝાલી લખે છે કે અફઝલીયતની હકીકત (વાસ્તવિકતા) ફક્ત  અલ્લાહ અને તેનો રસુલ જ

જાણે છે તેમના સિવાય કોઈ નથી જાણતું [અહયાઉલ ઉલૂમ - ઈમામ અબુહામિદ અલ ગિઝાલી, ભાગ-૧, પ્રકરણ-૨, પુષ્ઠ નં. ૧૦, પ્રકાશન બેરૂત, ઇ.સ. ૧૯૭૫.] એહલે સુન્નત મોટાભાગે શ્રેષ્ઠતા અંગે ખોલફાના ક્રમ પ્રમાણેની માન્યતા ધરાવે છે. જેમ કે પ્રથમ અફઝલ અબુબકર, પછી ઉમર પછી ઉસ્માન અને પછી અલી અલયહિસ્સલામ.

પરંતુ આ માન્યતા ફક્ત એમના પોતાના દિમાગી ખ્યાલાત સિવાય કંઇ નથી. એહલે સુન્નતનો આ અકીદો કોઈ મજબુત દલીલ પર આધારિત નથી. સાથે સાથે આ વાત પણ નોંધપાત્ર છે કે નબી (સ.અ.વ.)ની વફાત પછીની પણ કોઈ વ્યક્તિ આ અકીદા સાથે સંમત ન હતી.સદરે ઈસ્લામની એહલે

સુન્નત વ્યક્તિઓ પણ ખલીફાઓની આ ક્રમબદ્ધતા પ્રમાણે શ્રેષ્ઠતાની માન્યતા સાથે સંમત ન હતી.

પયગમ્બર (સ.અ.વ.)ના સમયના માનવંત સહાબાઓ જેવા કે સલમાન ફારસી, અબુઝર, મીકદાદ કુન્દી, અમ્માર બિન યાસીર, હુઝયફા યમાની, અબુસઇદ ખુદરી, ઝયદ બિન અરકમ, વગેરે અનેક સહાબાએકિરામનો અકીદો હતો કે હઝરત અલી ઈબ્ને અબીતાલિબ અલયહિસ્સલામ સર્વ એહલેબયતથી અને સર્વ સહાબામાં શ્રેષ્ઠ છે, અફઝલ છે. [અલ ઇસ્તેયાબ, ભાગ-૨જો, પુષ્ઠ ૪૭૦]

ઈમામ અહમદ ઈબ્ને હમ્બલ મુસલમાનોમાં જે પ્રખ્યાત ચાર ઈમામોમાંથી એક છે તેમના એક પુત્રે પોતાના બાપથી અફઝલીયત અંગેનો

મસઅલો પુછ્યો તો તેમણે કહ્યું "અબુબકર પછી ઉમર પછી ઉસ્માન" તેમના પુત્રે પુછ્યું, "અને અલી ઈબ્ને અબી તાલિબ ?" ઈમામ અહમદ ઈબ્ને હમ્બલે ફરમાવ્યું "તેઓ તો એહલેબયતે રસૂલ (રસૂલના ઘરવાળાઓમાંથી) છે, બીજાઓની તેમની સાથે કેવી સરખામણી ?" [યનાબિઉલ મોવદ્દત, સૈય્યદ સુલૈમાન કન્દુજી, યુષ્ઠ નંબર ૨૫૩, પ્રકાશન – ઈસ્તંબુલ]

અલ્લામા ઉબયદુલ્લાહ અમૃતસરી પોતાની પ્રખ્યાત કિતાબ 'ઇર્જહુલ મતાલિબ'માં લખે છે કે-

"શ્રેષ્ઠતા એ સારા અમલો અને વધુ સવાબ (પુણ્ય) પર આધારિત છે. સારા અમલો અને વધુ સવાબની જાણકારી નબી (સ.અ.વ.)ની સાચી હદીસોથી જ જાણી શકાય છે, હદીસોમાં વિરોધાભાસ

હોય ત્યારે નબી(સ.અ.વ.)ની સાચી હદીસોને જ પ્રધાન્ય આપીને મજબુત અને કમજોર હદીસોને છુટી પાડીને તેનો ખ્યાલ રાખવો પડશે."

જનાબ અમીર અ.(હઝરત અલી અ.)ની અફઝલીયતમાં (તેમના ફઝાઈલમાં) જેટલી પણ હદીસોનું વર્ણન થયું છે તેના વિશે અલ્લામા અબ્દુલબર સાહેબ અલ ઇસ્તેયાબ ફિ મઆરેફતુલ અસહાબના તરજુમામાં લખે છે કે -

ઈમામ અહમદ બિન હમ્બલ, કાજી ઈસ્માઇલ બિન ઇસ્હાક, ઈમામ અહમદ બિન અલી બિનશોએબ અન્નીસાઇ અને અબુ અલી નિશાપુરી રહમતુલ્લાહે અલયહીમ અજમઇન કહે છે કે -

"ઉત્તમ સત્યતા ઉપર આધારીત (જય્યદ સનદો એટલે કે જેમને ઉત્તમતાનું સર્ટીફીકેટ આપી

શકાય એવી) હદીસો જેટલા પ્રમાણમાં જનાબે અલી બિન અબીતાલિબના માટે રિવાયત થઈ છે એટલી હદીસો કોઈપણ સહાબીના માટે નથી." [અલ ઈસ્તેયાબ ઈબ્ને અબ્દુલબર, ભાગ ૩જો, પુષ્ઠ નં. ૧૧૧૫, પ્રકાશન - મિસર.]

આ વસ્તુથી હટીને પણ જો હઝરત અમીર (અ.સ.)ની વિશેષતાઓને જોવામાં આવે તથા ઉચ્ચ સવાબના કાર્યો અને શ્રેષ્ઠતાના કારણોનો ધ્યાનપુર્વક અભ્યાસ કરવામાં આવે, તો જનાબે અમીર અલયહિસ્સલામ જ "અફઝલુન્નાસ બાદ ખૈરૂલબશર" (પૈગમ્બર સ.અ.વ. પછી સર્વ શ્રેષ્ઠ) માલુમ પડશે. [અર્જહુલ મતાલિબ પા. ૧૨૦-૨૧ લાહોર પ્રકાશન.]

અલ ઈસ્તેયાબના બુઝુર્ગ લેખક પોતે સુન્ની હતા. અને એમણે આ વિષયમાં પોતાની આ જ કીતાબમાં ત્રીજા પ્રકરણમાં પેજ નંબર ૧૦૩ ની શરૂઆતથી પેજ નંબર ૫૧૬ના અંત સુધી આ બાબતની સવિસ્તૃત ચર્ચા કરી છે.

સ્પષ્ટ વાત છે કે આ નાની પુસ્તિકામાં તે આયતો અને હદીસોની અનુક્રમણિકા પણ નથી આવી શકતી જે અફઝલીયતે જનાબે અમીર અ.ને સાબિત કરે છે.

ટૂંકમાં આટલું જ પુરતું છે કે હઝરત અલી ઈબ્ને અબીતાલિબ અ.ની શ્રેષ્ઠતા માટે ઓછામાં ઓછી ૮૬ કુરઆની આયતો ઉતરી છે અને હદીસોની તો ગણતરી જ મુશ્કેલ છે, જેના ઉપર

ફક્ત ઉપરછલ્લી દૃષ્ટિપાત કરવાવાળી વ્યક્તિ પણ આ વાતનો ઈકરાર કરશે કે :

“હઝરત અલી અલયહિસ્સલામ રસુલ (સ.અ.વ.)ના બાદ તમામ મુસલમાનોમાં અફઝલ છે.”

# પ્રકરણ-૮ : હઝરત અલી અલયહિસ્સલામની અમીરૂલ મોઅમેનીન તરીકે નિયુક્તિ

હઝરત અલી બિન અબી તાલીબ (અ.)ની માસુમીયત અને શ્રેષ્ઠતાનુ વર્ણન કર્યા પછી સૌથી જરૂરી મસલા તરફ પ્રકાશ ફેંકવામાં આવી રહ્યો છે. ચર્ચાનો મુદ્દો આ છે કે આપની નિમણુંક મીનજાનેબિલ્લાહ (અલ્લાહ તરફથી) થયેલી છે.

ઘણા બધા મોકાઓ ઉપર પયગમ્બર (સ.અ.વ.) એ જાહેરમાં ફરમાવ્યું કે હઝરત અલી, હુઝુર (સ.અ.વ.)ના ઉત્તરાધિકારી અને ખલીફા છે.

હકીકતમાં તો તે પ્રથમ દિવસે, જે દિવસે પૈગમ્બર (સ.અ.વ.) એ પોતાની રિસાલત અને નુબુવ્વતનું એલાન કર્યું તે જ વખતે આપ (સ.અ.વ.) એ હઝરત અલી (અ.)ની ખિલાફતનું

એલાન ફરમાવ્યું હતું. અને આપ (સ.અ.વ.)એ આ બંને એલાનો “દઅવતે અશીરહ”(કુંટુંબ કબીલાવાળાઓને દઅવત ખવડાવવા)ના મોકા ઉપર ફરમાવ્યા હતા.

જ્યારે પયગમ્બર (સ.અ.વ.) ઉપર આ આયત ઉતરી,

“વ અનઝીર અશીરતકલ અકરબીન-અને (પ્રથમ) તારા નિકટનાં સગાવ્હાલાઓને ડરાવ” [સૂરએ શોહરા, આ. ૨૧૪.] આયત ઉતરી ત્યારે હુઝુર (સ.અ.વ.)એ હઝરત અલી(અ.)ને હુકમ આપ્યો, ખાણાની વ્યવસ્થા કરો અને આલે અબ્દુલ મુત્તલિબને દઅવત આપો. જેથી રસૂલુલ્લાહ (સ.અ.વ.)ખુદાઈ સંદેશો તેમને પહોંચાડે, ખાણું ખાઈ રહ્યા પછી પયગમ્બર(સ.અ.વ.) બધાને કંઈ

કહેવા માગતા હતા. એટલામાં અબુ લહબે આપ (સ.અ.વ.)ની વાતને રદ કરવાની કોશીષ કરી, બોલ્યો “વાસ્તવમાં તમારા સાથીએ તમારી ઉપર જાદુ કરી નાખ્યો છે” આ શબ્દો સાંભળતાં જ બધા વિખેરાઈ ગયા.

રસૂલે ખુદાએ બીજા દિવસે પણ આલે અબ્દુલ મુત્તલિબને જમવાની દઅવત આપી. જ્યારે લોકો ખાઈ રહ્યા તરત જ આપ (સ.અ.વ.)એ એમને સંબોધન કર્યું :-

“એ આલે અબ્દુલમુત્તલિબ, હું તમારા માટે દુનિયા અને આખિરતની ખુશખબરી તથા કામ્યાબી લઈને આવ્યો છું. મને ખુદાએ હુકમ આપ્યો છે કે, તમને તે તરફ બોલાવું, તમારામાંથી કોણ એવો છે

જે આ કામમાં મારી મદદ કરે, જેથી તે મારા પછી મારો ભાઈ, મારો વસી, અને મારો ખલીફા બને.”

કોઈએ પણ નબી(સ.અ.વ.)ની દઅવત પર લબ્બૈક ન કહી, સિવાય હઝરત અલી (અ.)કે જેઓ આ શ્રોતાઓમાં સૌથી નાની વયના હતા.

પયગમ્બર (સ.અ.વ.)એ હઝરત અલી(અ.)ની પીઠ પર હાથ રાખીને ફરમાવ્યું, “એ લોકો, આ અલી(અ.) તમારી વચ્ચે મારો ભાઈ, મારો વસી અને મારો ખલીફા છે. એની વાત સાંભળો અને એની તાબેદારી કરો !” [અલ કામિલ ઈબ્ને અસીર, પ્રકાશન - બેરૂત, ભાગ-૫, પૃષ્ઠ નં. ૬૨/૬૩, ઇ.સ. ૧૯૬૫, હીજરી - ૧૩૮૫; મુઆલેમુત્તનઝિલ - અબુ મુહમ્મદ હુસૈન બગવી, લુબાબુત્તાવીલ અલી બિન મુહમ્મદ અલખાઝિન

બગદાદી, જમીઉલ જવામેઅ - અસ્સીયુતી. કન્ઝુલ ઉમ્માલ હાફેઝ અલી મુત્તકી, અલમુખ્તસર ફીલ અખ્બારીલ બશર અબુલ ફિદા. તારીખે તબરી, પ્રકાશન લીડન, પૃષ્ઠ ૧૧૭૩, ઇ.સ. ૧૮૭૯

T.Carlyle Heroes and Hero Worship; Gibbon Decline and Fall of the Roman Empire Davenport, Apology for Mohammed and the Koran Irving Mohammed and his Successors.]

એક દીલચસ્પ વાત આ પણ છે કે, તારીખે તબરી પ્રકાશન લીડન ઇ.સ. ૧૮૩૯ના પેજ નં. ૧૧૭૩ પર પયગમ્બર (સ.અ.વ.)ના શબ્દો આ પ્રમાણે છે "વસીય્યી વ ખલીફતી" - "મારો વસી અને મારો ખલીફા."

પરંતુ આ જ તારીખ તીબરી પ્રકાશન કાહેરા ઇ.સ. ૧૯૬૩માં પયગમ્બર (સ.અ.વ.)ના શબ્દોને બદલી નાખવામાં આવ્યા. બદલીને “કઝા વ કઝા” - “આ રીતે, અને તે રીતે” કરી દેવામાં આવ્યા, નવાઈની વાત આ છે કે કાહેરહ (મીસર) એડીશનમાં એવો દાવો કરવામાં આવ્યો છે કે, આ પ્રકાશન લીડન પ્રકાશન પ્રમાણે જ છે.

આ કેટલી મોટી કરૂણતા છે કે, દુનિયામાં દિયાનતદારીનું (પ્રમાણિકતાનું) દેવાળું નિકળી રહ્યું છે. સિરાતે મુસ્તકીમનો અને દીયાનતદારીનો પોતાના રાજકિય હેતુ માટે બલી અપાઈ રહ્યો છે !!

# પ્રકરણ-૯ : વિલાયતે અલી કુરઆનમાં

ઘણા બધા પ્રસંગો, ઘણી બધી આયતો અને ઘણી બધી હદીસો મુસલમાનોનું ધ્યાન હઝરત અલી(અ.)ની વિલાયતની તરફ દોરી રહી છે. હઝરત અલી(અ.) પયગમ્બર (સ.અ.વ.)પછી એમના વલી અને હાકેમ છે. આ પ્રમાણેની અનેક આયતોમાંની એક આયત આ પણ છે -

**"ઈન્નમા વલિય્યોકોમુલ્લાહો વ રસૂલોહૂ વલ્લઝીન આમનુલ લઝીન યોકીમૂનસ્સલાત વ યુઅતૂનઝઝકાત વહુમ રાકેઉન."**

[સુરએ માએદહ, આ.નં. ૫૫]

"(અય ઈમાનદારો) તમારા સરપરસ્ત અને હાકેમ અલ્લાહ અને તેના રસૂલ છે. અને તે લોકો

પણ છે, જેઓ ઈમાન લાવ્યા જેઓ નમાઝ કાયમ કરે છે તથા રૂકુઅની હાલતમાં ઝકાત આપે છે.”

શીયા અને સુન્ની આલિમો એકમત છે કે આ આયત હઝરત અલી(અ.)ની શાનમાં ઉતરી છે. આ આયતથી સંપૂર્ણ રીતે સ્પષ્ટીકરણ થઈ જાય છે કે, મુસલમાનોના વલી ફક્ત ત્રણ છે, સૌથી પ્રથમ અલ્લાહ પછી તેનો રસૂલ અને ત્રીજા હઝરત અલી અ. અને અલી અ.ની અવલાદમાંથી અગિયાર ઈમામો છે.

અબુઝર ગફફારી જેમને કોણ નથી ઓળખતું ? પયગમ્બર સ.અ.વ.ના એક મશહુર સહાબી છે, કહે છે કે એક દિવસ તેઓ પયગમ્બર (સ.અ.વ.)ની સાથે નમાઝમાં મશ્ગુલ હતા. એટલામાં એક ફકીર મસ્જિદે નબવીમાં દાખલ થયો,

અને તેણે સવાલ કર્યો. કોઈએ તેને કંઈ પણ આપ્યું નહિ, ત્યારે માંગનારે પોતાના હાથો આસ્માન તરફ ઉંચા કર્યા, અને કહ્યું "ખુદાપાક સાક્ષી રહેજે હું તારા નબીની મસ્જિદમાં સવાલી બનીને આવ્યો અને કોઈએ મને કશું પણ આપ્યું નહિ !"

તે વખતે હઝરત અલી અલયહિસ્સલામ રૂકુઅમાં હતા, આપે પોતાની આંગળી મુબારકથી ઇશારો કર્યો, જે આંગળીમાં વીંટી હતી, ફકીરે આગળ વધીને વીંટી મુબારક આંગળીમાથી ઉતારી લીધી અને ચાલતો થયો.

આ કિસ્સો રસૂલુલ્લાહ(સ.અ.વ.)ની હાજરીમાં બન્યો, ત્યારે રસૂલુલ્લાહ (સ.અ.વ.)એ પોતાના ચેહરા મુબારકને આસ્માન તરફ ઊચો કરી દુઆ કરી:-

"ખુદાયા, મારા ભાઈ મુસા (અ.)એ આ દુઆ કરી હતી કે, તેમની છાતી તેમના માટે વિશાળ કરી દે અને તેમના કાર્યને તેમના માટે સરળ કરી દે, તેમની જીભની ગાંઠ ખોલી નાખ, જેથી લોકો તેમની વાત સમજી શકે, તેમના કુટુંબમાંથી તેમના ભાઈ હારૂનને એમનો વજીર બનાવી દે, અને હારૂન દ્વારા તેમની પીઠ મજબુત કરી દે. હારૂનને તેમના કાર્યનો ભાગીદાર બનાવી દે. ખુદાયા, તેં મુસાને ફરમાવ્યું, હું તારી પીઠને તારા ભાઈ (હારૂન) દ્વારા મજબુત કરૂં છું. તારી સઘળી માંગણીઓ કબુલ થઈ છે. કોઈપણ વ્યક્તિ તમારા બંનેમાંથી કોઈ એકની સાથે પણ બુરી નિય્યતથી નહીં પહોંચી શકે, ખુદાયા, હું મોહમ્મદ છું અને તેં મને ફઝીલત (શ્રેષ્ઠતા-ઉચ્ચતા) આપી છે. મારી છાતીને મારા માટે વિશાળ કરી દે, મારા કાર્યોને મારા માટે સરળ બનાવી દે, અને મારા

કુટુંબમાંથી મારા ભાઈ અલીને મારો વજીર બનાવી દે, અને એમના દ્વારા મારી પીઠને મજબુત કર !”

હજુ પયગમ્બર (સ.અ.વ.)ની દુઆ ખતમ ન થઈ હતી એટલામાં હઝરત જિબ્રઈલ ઉપરોક્ત આયત લઈને આવ્યા. [દુર્રે મન્સુર સીયુતી - તફસીર કબીર ઈમામ ફખરૂદીન રાઝી, પૃષ્ઠ - ૨૬. ભાગ - ૧૨, પ્રકાશન - તહેરાન, નુરૂલ અબ્સાર શબ્લન્જી, તફસીરે કશ્શાફ ઝમખ્શરી, ભાગ - ૧, પૃષ્ઠ – ૬૪૯]

આ જગ્યાએ આ હદીસના સેંકડો હવાલાઓને વર્ણવવાની જગ્યા નથી. આયત અને નબીની દુઆ બંને મળીને અને અલગ અલગ રીતે પણ આ વાત તરફ નિર્દેશ કરે છે કે, અલ્લાહે હઝરત અલી(અ.)ને પયગમ્બર (સ.અ.વ.) પછી મુસલમાનોના વલી અને હાકીમ ચૂંટી કાઢયા છે.

# પ્રકરણ-૧૦ : ગદીરે ખુમનું જાહેર એલાન

હઝરત અલી અ.ની ખિલાફત અને ઈમામતના વિષયમાં ગદીરના પ્રખ્યાત જાહેર એલાન પહેલાં જેટલીય વખત હઝરત અલી અ.ની વિલાયત અને ઈમામતની જાહેરાત કરવામાં આવી, તે બધી જ જાહેરાતો ગદીરની પ્રસ્તાવના હતી, જેને મુખ્ય પ્રબંધ, પુર્વભૂમિકા કે દીબાચા પણ કહી શકાય.

આ વાતને શીયા અને સુન્ની બંને ફિરકાના આલિમોએ, ઈતિહાસકારોએ, વિવેચકોએ, તફસીરવેત્તાઓએ એકમતે પોતપોતાની કીતાબોમાં નોંધી છે. અમે અહીં ફક્ત એક ટૂંકી રૂપરેખા રજુ કરીએ છીએ કે, હઝરત અલી(અ.)ની ખિલાફતનું

એલાન કરવા માટે ગદીરે ખુમમાં કેવી તડામાર તૈયારીઓ કરવામાં આવી હતી. ગદીરે ખુમ મક્કા અને મદીનાની વચ્ચે જહફા મુકામ પર છે. જ્યારે પયગમ્બર (સ.અ.વ.) પોતાની છેલ્લી હજ અદા કરીને મદીના તરફ રવાના થયા ત્યારે રસ્તામાં અલ્લાહનો તાકીદનો હુકમ લઈને જિબ્રઇલ નાઝિલ થયા -

**"યા અય્યોહર્રસૂલો બલ્લિગ મા ઉન્ઝેલ એલયક મિર્રબ્બેક, વ ઈલ્લમ  તફઅલ ફમા બલ્લગ્ત રેસાલતહૂ, વલ્લાહો યઅસેમોક મેનન્નાસ."**

**(અર્થાત)** "અય રસૂલ, જે કંઈ તમારા પરવરદિગાર તરફથી તમારી તરફ ઉતારવામાં આવ્યું છે, તે (લોકો સુધી) પહોંચાડી દો, અને જો તમે તેમ ન કર્યું તો જાણે તમે તેનો (કોઈપણ)

રિસાલતનો સંદેશો પહોંચાડયો જ નહી અને અલ્લાહ તમને લોકો (ના ત્રાસ) થી સુરક્ષિત રાખશે.” [સુરએ માએદાહ, આયત -૬૭] (આ પહેલાં નમાઝ, રોઝા, ઝકાત, હજ, જેહાદ જેવા બધાજ હુકમો આવી ગયા હતા.)

આયત નાઝિલ થતાં જ રસૂલુલ્લાહ તરત જ થોભી ગયા અને આપ (સ.અ.વ.)એ હુકમ આપ્યો, જે લોકો આગળ વધી ગયા છે. તેમને પાછા બોલાવવામાં આવે, અને જેઓ પાછળ રહી ગયા છે તેમની રાહ જોવામાં આવે. જ્યારે સંપૂર્ણ કાફલો એક જગ્યાએ ભેગો થઈ ગયો, ત્યારે ઉંટના પાલાનોનો મિમ્બર બનાવવામાં આવ્યો, મેદાનમાંથી બાવળના કાંટાઝાખરાં સાફ કરવામાં આવ્યાં, પયગમ્બર(સ.અ.વ.) મિમ્બર ઉપર તશરીફ

લઈ ગયા, અને એક લાંબુ સંબોધન (ખુત્બો) ફરમાવ્યું. તે દિવસે એટલી સખત ગરમી હતી કે મેદાન આગની જેમ તપી ગયું હતું, લોકોની એવી હાલત હતી કે ગરમીથી બચવા પોતાની પાઘડીનો એક ભાગ માથા ઉપર નાખેલો હતો અને બીજો છેડો પગોની નીચે રાખીને ઊભા હતા. પયગમ્બર(સ.અ.વ.)એ જે ખુત્બો(સંબોધન) ઈરશાદ ફરમાવ્યો તેનો થોડોક ભાગ અહી રજુ કર્યો છે -

"લોકો, જિબ્રઇલ મારી પાસે ત્રણ વખત આવ્યા, મારા પરવરિદગાર તરફથી જે જાતે જ સલામતિવાળો છે, આ હુકમ સલામ સાથે લાવ્યા કે હું આ મુકામ ઉપર (આ સ્થળે) ઊભો રહીને દરેક કાળા ગોરાને આ ખબર પહોચાડું કે અલી ઈબ્ને અબી તાલિબ, મારા ભાઈ, અને મારા વસી, અને

મારા ખલીફા અને મારા પછી ઈમામ છે. એમનો દરજ્જો મારી સાથે એવો જ છે જેવો હારૂનનો મુસા(અ.)થી હતો. તફાવત એટલોજ કે મારા પછી કોઈ નબી ન થશે, અને અલી, અલ્લાહ અને તેના રસુલ પછી તમારા બધાનો વલી(હાકેમ) છે.

"....અય લોકો, તમે જાણી લો કે અલ્લાહે ચોક્કસ તમારા માટે એવો વલી અને એવો ઈમામ મુકર્રર કર્યો છે જેની તાબેદારી કરવી મુહાજિરો ઉપર પણ વાજીબ છે અને અનસાર ઉપર પણ વાજીબ છે.

જેઓ નેકીમાં એમના તાબે છે તેમના ઉપર પણ વાજીબ છે. રણવાસીઓ ઉપર પણ અને શહેરીજનો ઉપર પણ, અજમી (અરબી સિવાયના) ઉપર પણ, અને અરબીઓ ઉપર પણ, આઝાદ અને

ગુલામ બંને ઉપર, કાળાઓ તથા ગોરાઓ બધા ઉપર અલીની તાબેદારી કરવી વાજીબ છે.

"…. દરેક એવી વ્યક્તિ જે અલ્લાહને એક માને છે, તેઓ બધા ઉપર અલીનો હુકમ લાગુ પડશે, એમની વાતને માનવી પડશે. અલીનો કાનૂન જારી થશે, તેનો વિરોધ કરવાવાળો મલઉન થઈ જશે, જે અલીની તાબેદારી તથા તેના હુકમનું પાલન કરશે તેના ઉપર રહમ કરવામાં આવશે. અલ્લાહે એમને "મગફૂર" (બખ્શાઇ ગયેલા) ફરમાવ્યા છે. સાથે તે દરેકને મગફૂર ફરમાવ્યા છે જેઓ એમની વાત સાંભળશે અને એમની તાબેદારી કરશે."

"….અય લોકો, આટલા મોટા જનસમૂહને સંબોધનનો આ મારો છેલ્લો મોકો છે. હું તમારી

સામે ઉભો છું, તમે સાંભળો અને અમલ કરો, તમારા પરવરદિગારના હુકમની ઇતાઅત કરો, ખુદાએ ઇઝઝો જલાલ તમારો પરવરદિગાર અને તમારો વલી અને તમારો મઅબુદ(ફક્ત એક જ પૂજવાને લાયક) છે. અલ્લાહના પછી તેનો રસૂલ મુહમ્મદ તમારો વલી છે, જે અત્યારે તમારી સામે જ ઉભો રહીને તમારી સાથે વાત કરી રહ્યો છે. મારા પછી તમારા પરવરદિગારના હુકમથી અલી તમારા વલી અને તમારા ઈમામ છે, અલીના પછી કયામતના દિવસ સુધી જ્યારે કે તમે બધા અલ્લાહ અને તેના રસૂલની સામે હાજર થાવ, ત્યાં સુધી ઈમામત મારી અવલાદમાં જ ચાલુ રહેશે, જે અલીના વંશથી જ હશે."

"..... અય લોકો કુર્આનમાં ગૌર ફિક્ર કરો (મતલબ એના તરજુમા - તફસીર સાથે સમજીને વાંચો, એના ઉપર ચિંતન - મનન કરો ) એની આયતને સમજો અને એની મુહકમાત આયતો (મુહકમાત એટલે કુર્આન શરીફની તે આયતો જેમનો અર્થ સાફ-ચોખ્ખો-સ્પષ્ટ છે) પર નજર નાખો. સાથે કુરઆનની મુતશાબેહાત આયતોની (મુતશાબેહાત એટલે કુર્આનની તે આયતો જેના અર્થો છુપા છે તેને ઇલ્મમાં પારંગત લોકો સિવાય સામાન્ય જનસાધારણથી ન સમજાય એવા હોય છે.) પેરવી ન કરો. ખુદાની કસમ, કુર્આનની ચેતવણીઓને, ડાંટ-ડપટ(તમ્બીહાત) વગેરેને તે વ્યક્તિ સિવાય કોઈ સ્પષ્ટ નહીં કરી શકે, જેનો હાથ મેં પકડેલો છે,જેનો હાથ મેં ઊંચો કરી મારી તરફ

ઉઠાવેલો છે. આ જ અલી સિવાય કોઈ પણ વ્યક્તિ તમને કુરઆનની તફસીર બયાન નહિ કરી શકે સાથે સાથે ખૂબ સમજી લો કે -

"બેશક જેનો હું મોલા છું, આ અલી પણ તેનો મૌલા છે, અને આ અલી બિન અબીતાલિબ જે મારો ભાઈ છે, મારો વસી છે, તેનું વલી હોવું અલ્લાહના તરફથી છે, જેણે આ હુકમ મારી ઉપર નાઝિલ કર્યો છે." [અલ એહતજાજે તબ્રસી, ભા.૧, પા. ૮૪-૬૬]

આ સંબોધનમાં પયગમ્બર(સ.અ.વ.) એ ટૂંકાણમાં બીજા ઈમામોનું વર્ણન પણ કરી દીધું છે. પયગમ્બર (સ.અ.વ.) એ બીજી હદીસોમાં વિસ્તારથી બારેબાર ઈમામોના નામો પણ વર્ણવ્યા છે.

દાખલા તરીકે, એક પ્રસંગે પયગમ્બર (સ.અ.વ.) એ ઈમામ હુસૈન અ.ને સંબોધીને ફરમાવ્યું :

"તમે ઈમામ છો, 'ઈમામ' ના બેટા છો, 'ઈમામ' ના ભાઈ છો, અને તમારા વંશમાંથી બીજા નવ ઈમામો થશે જેમાંના નવમા ઈમામ "કાઈમ" મહેદી (અ.ત.ફ.શ.) હશે."

[યનાબીઉલ મવદ્દહ પ્રકરણ ૭૭]

આ સંપુર્ણ પ્રસંગ ઉપર ઉપરછલ્લી દૃષ્ટિથી જોનાર પણ આ સત્યનો અનુભવ કર્યા વગર નહીં રહે કે આ ઈસ્લામનો ઘણો જ મહત્વનો મસઅલો હતો, તેથી જ પયગમ્બર (સ.અ.વ.) એ હુકમે ખુદા પ્રમાણે અંજામ આપ્યો. જેના માટે શક્ય એટલી બધી જ વ્યવસ્થા પણ કરી.

વિચારવાની વાત તો આ છે કે અરબસ્તાનની તપતપતી રેતી, હાડકાં પીગળાવી નાખે તેવો ભયંકર તડકો, બપોરનો સમય, આ સમયે રસૂલુલ્લાહ(સ.અ.વ.) ઉંટોના પાલાનોથી બનાવેલ મિમ્બર ઉપર તશરીફ લઈ જાય છે. પ્રથમ એક લાંબો ખુત્બો ઈરશાદ ફરમાવે છે. જેમાં પોતાની વફાત નજીક હોવાની ખબર આપે છે. પછી લોકોને આ વાત ઉપર સાક્ષી બનાવીને કે પયગમ્બરે સંપુર્ણ રીતે રિસાલતનો હક અદા કર્યો, પ્રશ્ન કરે છે :

"શું હું તમારા નફસો (આત્મા) ઉપર તમારાથી વધારે પ્રભુત્વ નથી ધરાવતો ?"

બધાએ એક અવાજથી કહ્યું :-

"બેશક, યા રસુલુલ્લાહ."

ત્યાર બાદ પયગમ્બર (સ.અ.વ.) એ ફરમાવ્યું, “જેનો હું મૌલા છું તેનો આ અલી પણ મૌલા છે.” છેલ્લે અલી(અ.) માટે આ રીતે દુઆ ફરમાવે છે -

“ખુદાયા, તેને દોસ્ત રાખ, જે અલીને દોસ્ત રાખે, અને તેને દુશ્મન રાખ, જે અલીને દુશ્મન રાખે. તેમની મદદ કર જેઓ અલીની મદદ કરે, અને તેમને છોડી દે જેઓ અલીને છોડી દે.”

જ્યારે આ જાનશીનીનો શુભપ્રસંગ પૂર્ણ થયો. ત્યારે તરત જ આ આયત નાઝિલ થઈ. **“અલયવ્મ અકમલ્તો લકુમ દીનકુમ વ અત્મમ્તો અલયકુમ નેઅમતી વ રઝીતો લકોમુલ ઈસ્લામ દીના”**

[સૂરએ માએદહ, આ. ૩.]

**અર્થાત** “(હે મુસલમાનો) આજે મેં તમારા માટે તમારો દીન પરિપૂર્ણ કરી દીધો છે અને મારી નેઅમત તમારા પર સંપૂર્ણ કરી દીધી છે, અને દીને ઈસ્લામ તમારા માટે પસંદ કરી લીધો છે !”

ઉપરોક્ત ઈલાહી ફરમાનથી આ વાત સાબિત થઈ ગઈ કે હઝરત અલી (અ.)ની “ઈમામત” પર નિમણુકથી દીન સંપૂર્ણ થઈ ગયો, અને અલ્લાહની નેઅમતો સંપૂર્ણ થઈ ગઈ. અને અલ્લાહ ઈસ્લામથી રાજી થયો. જ્યારે ખુદાના તરફથી ખુશખબરીનો આ સંદેશો આવ્યો, ત્યારે લોકોએ પયગમ્બર (સ.અ.વ.)ની સામે જ હઝરત અલી અ. ને મુબારકબાદી આપવાની શરૂ કરી અને શાએરોએ કસીદહ (કાવ્યો) ગાયા, આ સર્વે સત્યો

હદીસોની કિતાબોમાં લખાયેલાં છે. જેનું અમે આગળ વર્ણન કરીશું.

**(અ) હદીસે ગદીર મુતવાતિર છે :-**

મુતવાતિર એટલે : સતત, નિરંતર, અવિરત, લગાતાર, મુસલસલ, અતૂટ.

પયગમ્બર (સ.અ.વ.)ના આ ખુતબએ ગદીરના અનુસંધાન માટે હદીસે સકલૈન અને હદીસે વિલાયત ઘણુંજ મહત્વ ધરાવે છે. જે એહલે સુન્નતની પ્રખ્યાત અને વિસ્વાસપાત્ર કિતાબોમાં પણ નોંધાયેલ છે. પયગમ્બર(સ.અ.વ.) એ ફરમાવ્યું :-

“હું તમારી વચ્ચે બે અમુલ્ય વસ્તુઓ છોડી જાઉં છું (૧) કીતાબે ખુદા (૨) મારી ઇતરત (અવલાદ - અઝીઝ). જે મારા એહલેબયત છે. અને

બંને એકબીજાથી હરગિઝ જુદા નહીં થાય, અહીં સુધી કે મારી પાસે હવઝે કૌસર પર આવે.” “અલ્લાહ મારો વલી છે અને હું દરેક મોમીનનો મૌલા છું” પછી આપ (સ.અ.વ.) એ હઝરત અલી(અ.) નો હાથ પકડીને ફરમાવ્યું “જેનો હું મૌલા છું તેનો આ અલી પણ મૌલા છે.”

આ બંને હદીસોને “હદીસે સકલૈન” અને “હદીસે વિલાયત” કહે છે. બંને હદીસોને સેંકડો મોહદીસોએ વર્ણન કરી છે, ઘણાએ ભેગું અને ઘણાએ અલગ અલગ વર્ણન કર્યું છે.

નવાબ સિદ્દીક હસનખાન ભોપાલી લખે છે, “હાકિમ અબુ સઇદ કહે છે કે, હદીસે મવાલાત (હદીસે સકલૈન અને હદીસે વિલાયત) અને હદીસે ગદીરે ખુમને સહાબાની એક મોટી જમાઅતે વર્ણન

કરી છે. અને એનું વર્ણન લગાતાર (મુસલસલ - અતુટ - નિરંતર) ચાલ્યું આવે છે. અહીં સુધી કે મુતવાતિરની હદની અંદર દાખલ થઈ ગયું છે. મુહમ્મદ બિન તીબરીએ હદીસે ગદીરે ખુમના માટે પંચોતેર (૭૫) સનદોના વર્ણન સાથે એક અલગ કીતાબ પણ લખી છે. જે કિતાબનું નામ "કીતાબુલ વિલાયત" રાખ્યું છે. જ્યારે હાફિઝ ઝહબીએ પણ એની સનદોમાં એક અલગ કીતાબ લખીને આ હદીસના મુતવાતિર હોવાનો સ્વીકાર કર્યો છે. સાથે સાથે અબુલ અબ્બાસ બિન અકદાહએ હદીસે ગદીરે ખુમને એકસો પચાસ સનદોથી વર્ણન કરીને એક અલગ કીતાબ લખી છે. [મિનહજુલ વુસુલ - એલા ઇસ્તેલાહ અહાદીસે રસુલ, નવાબ સિદીક હસનખાન - પ્રકાશન શાહજહાંની દિલ્લી, પૃષ્ઠ ૧૨,૧૩,૯૨]

કેટલાક લેખકોએ એવી કોશીશો કરી છે કે હદીસે ગદીરની સત્યતા અંગે શક પેદા કરે, એટલા જ માટે ખૂબ મહેનત અને શોધખોળ કરીને, સેંકડોની સંખ્યામાં સનદો નોંધીને, ઈસ્લામના મોહક્કીક આલિમોએ હદીસે ગદીરના મુતવાતિર હોવા વિશે ખૂબ વિસ્તારથી વર્ણનો કર્યાં છે.

પ્રખ્યાત મોહદ્દસ અલ્લામા અમીની (રહ.) એ પોતાની કીતાબ “અલ ગદીર”ની પ્રથમ જિલ્દમાં સંપૂર્ણ હવાલાઓ સાથે ૧૧૦(એકસો દસ) સહાબાએકિરામના નામોની નોંધ કરેલી છે. જેઓએ આ હદીસની રિવાયત કરી છે. હું અત્રે કેટલાંક નામો રજૂ કરી રહ્યો છું જેને અલિફથી  શરૂ કરૂં છું જેમની વફાત કઈ સાલમાં થઈ તે પણ કૌસમાં નોંધેલું છે.

(૧) અબુ લયલી અન્સારી (વફાત ૩૭ હીજરી)

(૨) અબુ ઝયનબ બિન ઓફ અલઅન્સારી

(૩) અબુ ફઝાલા અલ અન્સારી (વફાત ૩૮ હીજરી)

(૪) અબુ કદામા અલ અન્સારી (વફાત ૩૫ હીજરી)

(૫) અબુ અમરહ બિન ઉમર મોહસ્સન અલ અન્સારી

(૬) અબુલ હિશમ બિન તીહાન (વફાત હીજરી ૩૭)

(૭) અબુ રાફેઅ કબતી (આપ પૈગમ્બર સ.અ.વ.ના ગુલામ હતા.)

(૮) અબુ દોએબ ખોવયલદ (અથવા ખાલિદ) અલ હઝલી.

(૯) અસામા બિન ઝયદ બિન હારેસા(વફાત ૫૪ હીજરી)

(૧૦) ઉબય બિન કઅબ અલ અન્સારી(વફાત 30 અથવા ૩૨ હીજરી)

(૧૧) અસઅદ બિન ઝરારહ અલ અન્સાર

(૧૨) અસમા બિન્તે ઉમૈસ

(૧૩) ઉમ્મુલ મોઅમેનીન ઉમ્મે સલમા (રઝિ.)

(૧૪) ઉમ્મે હાની બિન અબી તાલિબ(અ.)

(૧૫) અબુ હમઝહ અનસ બિન માલિક અન્સારી.

(૧૬) અબુબકર કિન અબી કહાફા.

(૧૭) અબુ હુરયરહ

["અલ ગદીર" અબ્દુલ હુસૈન અલ અમીની, ભાગ-૧, દારૂલ કુતુબ અલઈસ્લામીયા, તેહરાન, પેજ નં. ૧૪ થી ૧૮, હીજરી ૧૩૭૨]

એકસો દસ (૧૧૦) સહાબાના સિવાય લગભગ ૮૪ (ચોર્યાસી) તાબેઈન (જે લોકોએ

સહાબાને જોયા હોય તેમને તાબેઈન કહે છે) હઝરાતે પણ આ હદીસને ઉપરોક્ત સહાબાથી નકલ કરી છે. તેમાંથી થોડાક ફક્ત અલીફથી(અ.)થી શરૂ થતા કેટલાક નામો દૃષ્ટાંતરૂપે લખવામા આવે છે -

(૧) અબુ રાશીદ અલ જરાની અલ શામી.

(૨) અબુ સલમા બિન અબ્દુર્રેહમાન બિન ઔફ

(૩) અબુ સુલયમાન મોઅઝઝીન

(૪) અબુ સાલેહ અલ સમાન ઝકવાન અલ મદની

(૫) અબુ અનફવાના માઅઝની

(૬) અબુ અબ્દુર્રેહમાન કુન્દી

(૭) અબુ કાસિમ અસ્બગ બિન નબાતા અલ તમીમી

(૮) અબુ લયલા અલ કુન્દી

(૯) અયાસ બિન નઝીર

[અલ ગદીર ભા.૧, પા. ૬૨ – ૬૩]

દરેક ઝમાનાના મોહદ્દીસોએ(હદીસ વેત્તાઓએ) આ હદીસને પોતપોતાની કીતાબોમાં નોંધી છે, અહીંયા બીજી સદી હીજરીના કેટલાક મોહદીસોના નામો નકલ કરવામાં આવે છે.

(૧) અબુ મુહમ્મદ અમર બિન દીનાર અલજમ્હી અલ મક્કી (હિ. ૧૧૫ - ૧૧૬)

(૨) અબુબકર મુહમ્મદ બિન મુસ્લિમ બિન અબ્દુલ્લાહ અલકરશી અલ ઝહરી(૧૨૪ હી.)

(૩) અબ્દુર્રેહમાન બિન કાસિમ બિન અબીબકર અલ તયમી મદની. (હીજરી ૧૨૬)

(૪) બકર બિન સવાદહ બિન સમાનહ અલ બસરી.(હી. ૧૨૮)

(૫) અબ્દુલ્લાહ બિન અબી નજીહ યસાર સકફી અબુ યસાર અલ મક્કી (હી. ૧૩૧)

(૬) અલ હાફેજ મુગીયરહ બિન મકસમ અબુ હિશામ ઝબી અલકુફી(હી. ૧૩૩)

(૭) અબુ અબ્દુર્રેહમાન ખાલીદ બિન ઝિયાદ અલ જમહી અલ બસરી.(હી. ૧૩૯)

(૮) હસન બિન અલ હકમ નખઇ અલ કુફી(હી. ૧૪૦)

(૯) ઇદરીસ બિન યઝીદ અબુ અબ્દુલ્લાહ અલ આવી અલ કુફી

(૧૦) યહ્યા બિન સઇદ બિન હયાન અલ તેઇમી અલ કુફી(હી. ૧૪૫)

(૧૧) ઔફ બિન ઉબય જમીલહ અલ અબ્દી અલહીજરીઅલ બસરી. (હી. ૧૪૬)

(૧૨) હાફેઝ અબ્દુલ મલેક બિન અબી સુલયમાન અલઅઝમી અલ કુફી (હી. ૧૪૫)

(૧૩) અબ્દુલ્લાહ બિન ઉમર બિન હફસ બિન આસીમ બિન ઉમર બિન અલ ખત્તાબ અલ અદવી અલ મદની.(હી. ૧૪૭)

(૧૪) નઈમુલ હકીમ અલ મદાઈની. (હી. ૧૪૮)

(૧૫) તલ્હા બિન યહ્યા તલહા બિન અબ્દુલ્લાહ અલ તેઈમી અલ કુફી. (હી. ૧૪૮)

(૧૬) અબુ મુહમ્મદ કસીર બિન ઝિયાદ અસલમી(લગભગ હી. ૧૫૦)

(૧૭) અલ હાફેઝ મુહમ્મદ બિન ઇસ્હાક અલ મદની. (હિ. ૧૫૧ - ૧૫૨)

(૧૮) અલ હાફેઝ અમ્મર બિન રાશેદ અબુ અરવહ અલઝદી અલ બસરી.(હી ૧૫૩-૧૫૪)

(૧૯) અલ હાફેઝ મસઅર બિન કદામ બિન ઝહીર અલ હીલાલી અલ રવાસી અલ કુફી(હી. ૧૫૩/૧૫૪)

(૨૦) અબુ ઈસા હકમ બિન અબાન અલ અદની. (હી. ૧૫૪-૧૫૫)

(૨૧) અબ્દુલ્લાહ બિન શોઝબ બલ્ખી અલ બસરી (હી. ૧૫૭)

(૨૨) અલ હાફેઝ શઅબા બિન અલ હજ્જાજ અબુ બસ્તામ અલ વાસ્તી. (હી. ૧૬૦)

(૨૩) અલ હાફેઝ સુફયાન બિન સઇદ સૂરી અબુ અબ્દુલ્લાહ કુફી (હી. ૧૬૧)

(૨૪) અલ હાફેઝ અબુ અલાઅ કામિલ બિન અલા અલ તમીમી અલ કુફી. (હી લગભગ ૧૬૦)

(૨૫) અલ હાફેઝ ઇસરાઇલ બિન યુનુસ બિન અબી ઇસ્હાક અલ સબીઇઅબુ યુસુફ કુફી.(હી ૧૬૨)

(૨૬) જઅફર બિન ઝિયાદ અલ કુફી અલ અહમર.(હી ૧૬૫/૧૬૭)

(૨૭) મુસ્લિમ બિન સાલીમ બિન નહદી અબુ ફરવા અલ કુફી.

(૨૮) હાફેઝ કૈસ બિન રબીઅ અબુ મુહમ્મદ અસદી અલ કુફી. (હી ૧૬૫)

(૨૯) હાફેઝ હમાદ બિન સલમા બિન અબી સલમા અલ બસરી.(હિ. ૧૬૭)

(૩૦) હાફેઝ અબ્દુલ્લાહ બિન લહીઆ અબુ અબ્દુર્રેહમાન અલ બસરી. (હી. ૧૭૪)

(૩૧) હાફેઝ અબુ અવાના અલ વોઝાઅ બિન અબ્દુલ્લાહ અલ યશ્કરી અલ વાસ્તી અલ બઝાઝ. (હીજરી ૧૭૫/૧૭૬)

(૩૨) અલકાઝી શરીક બિન અબ્દુલ્લાહ અબુ અબ્દુલ્લાહ અલ નખઇ અલ કુફી. (હી. ૧૭૭)

(૩૩) હાફેઝ અબ્દુલ્લાહ અથવા ઔબયદુલ્લાહ બિન ઓબયદુર્રેહમાન અથવા અબ્દુર્રેહમાન અલ કુફી અબુ અબ્દુર્રેહમાન અલ અસજઈ. (હી ૧૮૨)

(૩૪) નૂહ બિન કૈસ અબુરોહ અલ હદાની અલ બસરી. (હી ૧૮૩)

(૩૫) અલ મુત્તલિબ બિન ઝિયાદ ઈબ્ને અબી ઝહીર કુફી અબુ તાલિબ (હી. ૧૮૫)

(૩૬) કાઝી હિસાન બિન ઇબ્રાહીમ અલ ગઝી અબુ હાશિમ.(હી. ૧૮૬)

(૩૭) હાફેઝ જરીર બિન અબ્દુલહમીદ અબુ અબ્દુલ્લાહ ઝબી અલ કુફી અલરાઝી.(હી.૧૮૮)

(૩૮) અલ ફઝલ બિન મુસા અબુ અબ્દુલ્લાહ અલ મુરૂઝી અલ સીનાની. (હી. ૧૯૨)

(૩૯) હાફેઝ મુહમ્મદ બિન જઅફર અલ મદની અલ બસરી.(હી. ૧૯૩)

(૪૦) હાફેઝ ઇસમાઇલ બિન અલય અબુ બશર બિન ઇબ્રાહીમ અલ અસદી.(હી.૧૯૩)

(૪૧) હાફેઝ મુહમ્મદ બિન ઇબ્રાહીમ અબુ અમર બિન અબી અદી અલ સલમી અલ બશરી(હી. ૧૯૪)

(૪૨) હાફેઝ મુહમ્મદ બિન હાઝીમ અબુ મઆવીયા અલ તમીમી અલ ઝરીર.(હી.૧૯૫)

(૪૩) હાફેઝ મુહમ્મદ બિન ફઝલ અબુ અબદુર્રેહમા અલ કુફી. (હી. ૧૯૫)

(૪૪) હાફિઝ અલવકી બિન અલ જરાહ અલ રવાસી અલ કુફી.(હી૧૯૬)

(૪૫) હાફેઝ સુફયાન બિન અયનિયા અબુ મુહમ્મદ અલ હીલાલી અલ કુફી. (હી. ૧૯૮)

(૪૬) હાફેઝ અબુ અબ્દુલ્લાહ બિન નમીર અબુ હિશામ અલ હમ્દાની અલ ખરીફી(હી. ૧૯૯)

(૪૭) હાફેઝ હનસ બિલ હરસ બિન લકીત અલ નખઇ અલ કુફી.

(૪૮) અબુ મુહમ્મદ મુસા બિન યાકુબ અલ ઝમઇ અલ મદની.

(૪૯) અલ અલા બિન સાલેમુલ અતાર અલ કુફી.

(૫૦) અલ અરઝુક બિન અલી બિન મુસ્લિમ અલ હનફી અબુ જહમ અલ કુફી.

(૫૧) હાની બિન અય્યુબ અલ હનફી અલ કુફી.

(૫૨) ફુઝૈલ બિન મરઝુક અ અગરાર વાસી અલ કુફી. (આશરે હી. ૧૬૦)

(૫૩) અબુ હમઝહ સઅદ બિન ઓબયદહ અલ સલમી અલ કુફી.

(૫૪) મુસા બિન મુસ્લિમ અલહઝામી અશ્શયબાની અબુ ઇસા અલકુફી અત્તહાન.(મુસા અલ અસગર)

(૫૫) યાકુબ બિન જઅફર બિન અબી કસીર અલ અન્સારી અલ મદની.(હી. ૨૪૩)

(૫૬) ઉસ્માન બિન સમદ બિન મરતુલકુરેશી અબુ અબ્દુલ્લાહ અબુ અલી અલ કુફી.

["અલગદીર" ભાગ-૧લો, પેજ નં. ૭૩ થી ૮૧]

હવે આ વાત સ્પષ્ટ થઈ ગઈ કે આ હદીસને દરેક સમયના એટલા બધા મોહદ્દસોએ વર્ણવી છે કે આ હદીસને મુતવાતિરમાં પણ મુતવાતિર કહી શકાય છે. જે જે આલિમોએ અને મોહદ્દસોએ આ હદીસને પોતાની કીતાબોમાં વર્ણવી તેમના વિશે આટલું જ કહેવું પુરતું છે કે તે દરેક સમયગાળામાં થઈ ગયેલા છે. તેની સંખ્યા ૩૬૦ છે.

[અલગદીર પેજ નં. ૭૩ થી ૧૫૧ ભાગ - ૧ લો]

કેટલાક લોકોએ આ હદીસની સનદોમાં શક પેદા કરવાની કોશીશ કરી છે, પરંતુ હદીસનું જ્ઞાન ધરાવનાર એક સામાન્ય કક્ષાનો વિદ્યાર્થી પણ આ જાણે છે કે જો હદીસ મુતવાતિર હોય તો તેની દરેક સનદને જોવી કે પારખવી જરૂરી નથી. છતાં પણ

આ આક્ષેપમાં કંઈ દમ નથી. આ આક્ષેપનું ખોખલાપણું સાબિત કરવા માટે કેટલાક પ્રખ્યાત હદીસવેત્તાઓની નોંધ અહીં રજૂ કરવાનું યોગ્ય ગણાશે.

**(બ) અસનાદે હદીસે ગદીર :**

(એ) હાફેઝ અબુ ઇસા તિરમિઝિએ (હીજરી ૨૭૯) પોતાની કિતાબ સહીહ તિરમિઝિમાં જેને સિહાહસિત્તામાંની (છ સાચી કીતાબોમાંની) એક ગણવામાં આવે છે, લખ્યું છે કે, **"હાઝા હદીસે હસનુન સહીહુન" અર્થાત** - આ હદીસ હસન અને સહીહ છે. [સહીહ તિરમિઝિ કાહેરા પ્રકાશન જ. ૨, પા. ૨૯૮ હિ. ૧૨૯૨]

(બી) હાફેઝ અબુ જઅફર તહાવીએ (હીજરી ૨૭૯) પોતાની કિતાબ "મુશ્કેલુલ આષાર" માં લખ્યું છે કે,

**“ફ હાઝલ હદીસો સહીહુલ અસનાદ - વલાતઅનો લ અહદ ફી રવાતહ” અર્થાત** આ હદીસ સહીહ અસનાદથી છે અને એની રિવાયત કરનારાઓની કોઈએ ન અયબ કાઢી છે, ન તો કોઈ એમના ઉપર જુઠ બોલવવાનો (લખવાનો) આક્ષેપ કર્યો છે. [‘મુશ્કેલુલ આષાર’ તહાવી પ્રકાશન હૈદરાબાદ, ભાગ ૨જો, પુષ્ઠ નં. ૩૦૮. હી.૧૩૩૩]

(સી) અબુ અબ્દુલ્લાહ હાકિમ નિશાપુરીએ (હીજરી ૪૦૫) પોતાની કિતાબ મુસ્તદરકમાં આ હદીસને ઘણી બધીસનદોથી વર્ણવી છે. ત્યાર બાદ છેલ્લે લખ્યું છે કે, આ હદીસ સહીહ છે. [મુસ્તદરકઅલ હાકેબ નીશાપુરી પ્રકાશન બૈરૂત ભાગ ૩જો, પૃષ્ઠ નં. ૧૦૯ થી ૧૧૦]

(ડી) અબુ મુહમ્મદ અહમદ બિન મુહમ્મદ અલ આશિમીએ લખ્યું છે કે, "આ હદીસને પૂરી ઉમ્મતે કબુલ કરી છે અને આ હદીસના સિદ્ધાંતો પ્રમાણે સંપૂર્ણ સાચી છે." [ઝયનુલ ફતા અલ આસિમી] આવા તો સેંકડો હદીસવેત્તાઓ છે. જેમણે આ હદીસને સહીહ લખી છે. તેમાંથી થોડાક નામો અત્રે લખવામાં આવે છે -

(૧) અબુ અબ્દુલ્લાહ અલ મહામીલી અલ બગદાદીએ પોતાની કિતાબ 'અલ અમાલી' માં

(૨) ઈબ્ને અબ્દુલ બર કરતબીએ અલ 'ઇસ્તીઆબ' માં.

(૩) ઈબ્ને અલમગાઝી અશ્શાફેઇ એ 'અલ મનાકિબ' માં.

(૪) અબુ હામિદ અલ ગિઝાલીએ ‘સિર્રૂલ આલમીન’ માં.

(૫) અબુલ ફરજ ઈબ્ને જવઝીએ ‘અલમનાકિબ’ માં.

(૬) સિબ્ત ઇબ્નુલ જવઝીએ ‘તઝકેરતુલ ખ્વાસ અલ ઉમ્મત’ માં.

(૭) ઈબ્ને અબીલ હદીદ અલ મુઅ્તઝલીએ શરહ નેહજુલ બલાગાહમાં.

(૮) અબુ અબ્દુલ્લાહ અલ ગુજજી અશ્શાફેઇ એ કીફાયતુત્તાલિબમાં.

(૯) અબુલ મકારિમ અલાઉદ્દીન સમનાનીએ અલ ઉરવહમાં

(૧૦) ઈબ્ને હજર સકલાનીએ તેહઝીબુત્તેહઝીબમાં.

(૧૧) ઈબ્ને કસીર દમિશ્કીએ પોતાની તારીખમાં. (ઈતિહાસમાં.)

(૧૨) જલાલુદીન સિયુતી.

(૧૩) અલ કસ્તલાનીએ મવાહિબુલ લદુન્યા ‘માં.

(૧૪) ઈબ્ને હજર મક્કીએ સવાઇકે મોહર્રેકામાં.

(૧૫) અબ્દુલહક દહેલ્વીએ શરહે મિશ્કાતમાં.

આ સિવાય પણ બીજા અનેક હદીસવેત્તાઓએ આ હદીસને નકલ કરી છે. [‘અલ ગદીર’ ભાગ - ૧ પૃષ્ઠ નં. ૨૯૪ થી ૩૦૪]

ઉપરોક્ત વર્ણવેલા બધા જ હદીસવેત્તાઓ સુન્ની છે. અને સુન્નીઓની પરિભાષામાં (ઇસ્તેલાહમાં) હદીસ સાચી ત્યારે જ ગણાય છે જ્યારે હદીસને લગાતારપણે (નિરંતરતાપૂર્વક) એવા રાવીઓથી નકલ કરવામાં આવે જેઓ ન્યાયી

અને મુન્સિફ હોય, મતલબ આદિલ હોય. જેઓની સ્મરણશક્તિ મજબુત હોય, સાથે એનામાં કોઈ એબ કે તે રિવાયત કરવામાં એકલો પણ ન હોય. [સુબ્હી અસ્સાલેહની 'ઉલૂમુલ હદીસ વ મુસ્તલહતુહ', પા. ૧૪૫ બૈરૂત પ્રકાશન]

(ક) "મૌલા" શબ્દનો અર્થ (શબ્દકોષ પ્રમાણે )

સુન્ની આલીમો હદીસે ગદીરનો ઇન્કાર નથી કરી શકતા, જેથી તેઓ હદીસનો શબ્દ 'મૌલાના મફહુમને (મફહુમ એટલે અર્થ, મતલબ, ભાવ, મંશા, ઉદ્દેશ્ય, મકસદ) હલકો કરવાની કોશીશ કરે છે. તેથી તેઓ એમ કહે છે કે આં હઝરત (સ.અ.વ.) એ ગદીરના એલાનથી એમ જણાવ્યું કે, "જેનો હું દોસ્ત છું આ અલી પણ તેના દોસ્ત છે."પરંતુ આપત્તિ આ છે કે ગદીરના મેદાનના શ્રોતાજનોમાં

એક વ્યક્તિ પણ એવી ન હતી કે જેણે મૌલા શબ્દનો અર્થ ‘દોસ્ત’ સમજ્યો હોય.

બારગાહે રિસાલત (સ.અ.વ.) ના પ્રખ્યાત શાયર હિંસાન બિન સાબિતે તે જ વખતે એક કાવ્યરચના પણ કરી અને તે જ સભામાં તેને વાંચી પણ સંભળાવી, તેમને શ્રોતાજનોએ અભિનંદન પણ આપ્યાં, જેની એક કડી આ છે (ભાવાર્થ)-

**પયગમ્બર (સ.અ.વ.)એ તેમને ફરમાવ્યું :**

“અય અલી ઉભા થાઓ, એટલા માટે હું આ વાતથી રાજી છું કે મારા પછી તમને ઈમામ અને હાદી મુકર્રર કરૂં.”

હઝરત ઉમર બિન ખત્તાબે પણ આ શબ્દોમાં હઝરત અલી અ. ને મુબારકબાદી આપી. “અય અબુ તાલિબના ફરઝંદ, તમને મુબારકબાદી

આપું છું કે તમે આજથી દરેક મોમીન અને મોમેનાતના મૌલા થઈ ગયા.” [મીશ્કાત અલ મસાબિહ, હબીબુસ્સીયર, તફસીરે તીબ્રી, અલ મસ્નુદુશ્શીબાની, મુસન્નીફ અબી શીબા, મસ્નદે અહમદ બિન યઅલી અલ વિલાયત, અહમદ બિન યાઅકુબ]

જો “મૌલા”નો અર્થ ફક્ત દોસ્ત થતો હોત તો આ મુબારકબાદી શા માટે આપવામાં આવી ? શું આ એલાનના દિવસ અગાઉ હઝરત અલી અ. મોમેનીન અને મોમેનાતના “દુશ્મન” હતા ? જેથી હઝરત ઉમરે આમ કહ્યું કે આજના દિવસથી તમે બધાના દોસ્ત થઈ ગયા !!!!

“હઝરત અલી અ. એ પોતે પણ મઆવીયાને લખ્યું હતું કે, પયગમ્બરે ખુદા

(સ.અ.વ.) એ ગદીરના દિવસે પોતાની સર્વ સત્તા અને પ્રભુત્વ તેમજ અધિકાર મને સોંપીને તમારો મૌલા બનાવ્યો છે.” [અલગદીર પેજ નં.૩૪૦]

આ સિવાય પણ રસૂલુલ્લાહ (સ.અ.વ.) ના ઘણાબધા સહાબાએ કિરામે પણ પોતાની શાયરીઓમાં ગદીરેખૂમના પ્રસંગનું વર્ણન કર્યું છે. જેમાં પણ તેમણે “મૌલા” શબ્દનો અર્થ “હાકીમ” લીધો છે.

કુર્આનનું જ્ઞાન ધરાવનાર અને અરબી સાહિત્યના સેંકડો નિષ્ણાતોએ પણ “મૌલા” નો અર્થ “સર્વાધિકારી” કર્યો છે. જેનો મતલબ (અવલા બિત્તસર્રૂફ) પણ સર્વોચ્ચ અધિકાર ધરાવનાર થાય છે. ઉદાહરણ તરીકે કેટલાક નામો અત્રે ટાંકવામાં આવે છે -

ઈબ્ને અબ્બાસ (તફસીર ઈબ્ને અબ્બાસમાં), અલ કલબી અને ફરાઅ (જેમના શબ્દો તફસીર કબીરમાં છે) અબુ ઓબયદા મઅમ્મર બિન મસની અલ બસરી (જેમના શબ્દો તફસીરે કબીર અને શરહુલમવાકિફ અલ જરજાનીમાં છે), અખ્ફસ (જેમનું વર્ણન નિહાયતૂલ અકુલમાં), ઈમામ બુખારી (સહીહ બુખારી ઝિલ્દ ૭, પેજ નં. ૨૪૦માં), ઈબ્ને કતીબા, (કર્તૈનમાં), અશ્શીબાની (શરહ અસ્સબઅતુલ મોઅલ્લકઝવઝાનીમાં) તબરી (પોતાની તફસીરમાં), અલવાહિદી (અલવસોતમાં) અસ્સોઅલબી, (અલ કશફૂલ બયાનમાં), અલ ઝમખશરી,(કશ્શાફમાં). અલ બયઝાવી, (તફસીર બયઝાવીમાં). અન્નસફી (પોતાની તફસીરમાં). અલ

ખાઝીન અલ બગદાદી (પોતાની તફસીરમાં). મોહીબુદ્દીન આફનદી (તન્ઝીલુલ આયાતમાં). [વિસ્તૃત સંદર્ભો માટે અલ્લામા અમીનીની ‘અલગદીર’ ભાગ-૧, પેજ નં. ૩૪૪ જુઓ]

(ખ) “મવલા” શબ્દનો અર્થ

(આગળ પાછળના સંબંધ અને પરિસ્થિતિના સંદર્ભમાં)

હવે આપણે આ જોઈએ કે આ હદીસની આસપાસની પરિસ્થિતિ અને સમયના અનુસંધાનમાં “મૌલા” શબ્દનો અર્થ શું થાય છે ? જો કોઈ શબ્દનો એકથી વધારે અર્થોમાં ઉપયોગ થતો હોય તો તેનો સાચો મતલબ માલુમ કરવાનો સૌથી બેહતરીન તરીકો આ છે કે, તે સમયની પરિસ્થિતિ અને સંજોગો ઉપર દૃષ્ટિપાત કરવામાં આવે, આ

હદીસના બધા સંજોગો એવા છે કે, જેનાથી આ વાત તદ્ન સ્પષ્ટ થઈ જાય છે કે, અહીં "મોલા" હાકિમ અને સરદાર સિવાયના બીજા કોઇ અર્થમાં આવી શકતો નથી. "ગદીર"ના સંપૂર્ણ પ્રસંગના અનુસંધાનમાં બીજો અર્થ લઈ શકાય જ નહિ. તે વખતના પયગમ્બર (સ.અ.વ.)ના ઉદ્બોધનની આસપાસની પરિસ્થિતિનું વિશ્લેષણ કરીએ -

(૧) "ગદીરે ખૂમ"ના આ ઐતિહાસિક ઉદ્બોધન પહેલાં પયગમ્બર (સ.અ.વ.) એ જનસમૂદાયને પ્રશ્ન કર્યો "શું હું તમારા સૌના ઉપર તમારા પોતાના નફસો કરતાં પણ વધારે અધિકાર ધરાવતો નથી ?"

**ત્યારે જનસમુદાયે જવાબ આપ્યો :**

"હા, બેશક યા રસુલુલ્લાહ"

ત્યાર પછી પયગમ્બર (સ.અ.વ.) એ ઐલાન ફરમાવ્યું, "મન કુન્તો મવલાહો ફહાઝા અલય્યુન મવ્લાહો." - "જેનો હું મૌલા છું. તેનો આ અલી પણ મૌલા છે." અને આ પરિસ્થિતિમાં કોઈ શંકાને સ્થાન નથી કે "મૌલા" નો તે જ અર્થ થશે જે આ ઐલાન કરતાં અગાઉના પ્રશ્નમાં "ઔલા બેકુમ" (સર્વોચ્ચ અધિકાર) નો છે કે તમારા સૌના ઉપર હું તમારી પોતાની જાત કરતાં પણ વધારે પ્રભુત્વ ધરાવું છું, તમારા પોતાના આત્માઓ કરતાં પણ હું તમારા સૌનો વધારે અધિકારપાત્ર છું."

લગભગ ૬૪ થી પણ વધારે સુન્ની મોહદ્દસોએ આ પ્રશ્નનો ઉલ્લેખ કર્યો છે. પ્રખ્યાત સુન્ની હદીસવેત્તાઓમાં ઈમામ અહમદ બિન હમ્બલ,

ઈબ્ને માજાહ, નિસાઇ, અને તિરમિઝિ પણ શામિલ છે. ["અલ ગદીર" પેજ નં. ૩૭૦/૩૭૧]

(૨) પયગમ્બર (સ.અ.વ.)એ "મન કૂન્તો મવલા" ના એલાન પછી તરતજ દુઆ ફરમાવી "ખુદાયા તું તેને દોસ્ત રાખ જે અલીને દોસ્ત રાખે અને તેને દુશ્મન રાખ જે અલીથી દુશ્મની રાખે, તેની મદદ કર, જે અલીની મદદ કરે અને તેને છોડી દે, જે અલીને છોડી દે."

નબી (સ.અ.વ.)ની આ દુઆથી આ વાત સ્પષ્ટ થઈ જાય છે કે, તે દિવસે હઝરત અલી અલયહિસ્સલામને કોઈ એવી ખાસ જવાબદારી સોંપવામાં આવી હતી, સંભવત: જેના સ્વભાવિક પરિણામ રૂપે લોકો તેમના દુશ્મન થઈ જાય. (અને આ અસાધારણ જવાબદારી ખિલાફત સિવાયની

બીજી કોઈ નથી હોઇ શકતી.) જે ફરજ પરિપૂર્ણ કરવા માટે અલીને મદદગારોની જરૂર પડશે, શું કોઈએ કદી સાંભળ્યું છે કે દોસ્તી નિભાવવા માટે મદદગારની જરૂર પડે ? અને નબી (સ.અ.વ.) આવી દુઆ કરે ?

(૩) નબી (સ.અ.વ.)નું એલાન “તે સમય નજીક છે કે ખુદા મને બોલાવી લે અને હું દઅવત કબુલ કરી લઉં.”અને છેલ્લે આમ કહેવું કે, “આ છેલ્લો અવસર છે કે હું આટલા મોટા વિશાળ જનસમૂદાયને સંબોધી રહ્યો છું.” આ વાકયો અને શબ્દસમૂહોથી તદ્દન સ્પષ્ટ માલુમ પડે છે કે, નબી (સ.અ.વ.) પોતાની વફાત બાદ મુસલમાનોની રહબરીની વ્યવસ્થા કરી રહ્યા છે.

(૪) સહાબાએ હઝરત અલી (અ.)ને જે અભિનંદનો આપ્યાં અને જે ખુશી વ્યક્ત કરી તે જોતાં 'મૌલા'ના અર્થઘટનમાં કોઈપણ પ્રકારના સંદેહને રતિભાર પણ સ્થાન જણાતું નથી.

(૫) સંબોધનનો સમય,જગ્યા, સાથે સાથે સંબોધનની નવી જ રીતભાત, શબ્દ પ્રયોગો આ બધા ઉપર વિચાર કરો.

- નબી (સ.અ.વ.) ભરબપોરના સમયે પોતાનો કાફલો રોકી લે છે.

- અરબસ્તાનનું ભયંકર રણ અને હાડકાં ઓગાળી નાખે એવી ગરમીમાં લગભગ એક લાખ હાજીઓને પણ રોકવાનો હુકમ આપે છે.

- સાથે સાથે કાંટાઓથી ભરેલી આગ ઝરતી રેતાળ જમીન પર બેસવાનો હુકમ આપે છે.

- ઉંટોના પાલાનોનો મિમ્બર બનાવવામાં આવે છે.

- ત્યારબાદ વિચારો કે પયગમ્બર (સ.અ.વ.) એક લાંબો ખુત્બો ઇરશાદ ફરમાવે છે. અને આ બધી વ્યવસ્થાઓ પછી ફક્ત આટલું જ એલાન કરે છે ? (ફકત આટલું કહેવા માટે લગભગ લાખ વ્યક્તિઓને આટલી તકલીફ આપે છે.) “જે મારાથી મોહબ્બત કરતો હોય તે અલીથી મોહબ્બત કરે, અથવા હું જેનો જેનો દોસ્ત છું અલી પણ તેના દોસ્ત છે !!”

આવા પ્રકારની કાર્યપદ્ધતિ શું કોઈ વ્યક્તિ માટે પસંદ કરવા યોગ્ય છે, જેનામાં થોડી અકલ હોય ? જવાબ સ્પષ્ટ છે કે “ના બિલકુલ નહિ.”

પરંતુ કેટલાક લોકો રસુલુલ્લાહ (સ.અ.વ.) ઉપર આવું બાલિશ કાર્ય કરવાનો આક્ષેપ કરવાથી નથી શરમાતા !

# પ્રકરણ-૧૧ : હઝરત અલી(અ.) નફસે રસૂલ છે (નફસ - આત્મા)

કુરઆને કરીમની ઘણી બધી આયતો છે, જેનાથી હઝરત અલી બિન અબી તાલિબ અલયહિસ્સલામની ખિલાફત સાબિત થાય છે.આ નાની પુસ્તિકામાં આ બધી જ આયતોનો સમાવેશ કરવો મુશ્કેલ છે.

ફક્ત “મુબાહિલા”ના પ્રસંગને જોઈએ. જે હીજરી સન ૯માં બન્યો. તે વર્ષે નજરાનના ઈસાઇઓનું ૧૪ આગેવાનોનું બનેલું એક પ્રતિનિધિ મંડળ નબી(સ.અ.વ.)ની સેવામાં હાજર થયું. જ્યારે તેઓની પયગમ્બર (સ.અ.વ.) સાથે મુલાકાત થઈ ત્યારે તેઓએ પ્રશ્ન કર્યો :

"હઝરત ઇસા (અ.)ના બારામાં આપ શું ફરમાવો છો ?" નબી (સ.અ.વ.) એ ફરમાવ્યું "આજે તમે લોકો આરામ કરો, પછી તમને જવાબ આપીશ."

બીજા દિવસે સુરએ આલે ઈમરાનની ત્રણ આયતો ૫૯, ૬૦ અને ૬૧ હઝરત ઇસા (અ.) ના વિષયમાં નાઝિલ થઈ. જ્યારે ઈસાઇઓએ ખુદાના ફરમાનને કબુલ ન કર્યું અને પોતાની માન્યતા ઉપર અડિયલ રહ્યા ત્યારે પયગંમ્બર (સ.અ.વ.) એ આ આયત તિલાવત ફરમાવી -

**"ફમન હાજ્જક ફીહે મીમ્બઅદે મા જાઅક મેનલ ઈલ્મે ફકુલ તઆલવ નદઓ અબ્નાઅના વ અબ્નાઅકુમ, વ નેસાઅના, વ નેસાઅકુમ વ અન્ફોસના વ અન્ફોસકુમ સુમ્મ નબ્તહિલ ફનજઅલ**

**લઅનતલ્લાહે અલલ કાઝેબીન.”** “પછી તમારી પાસે ઇલ્મ આવી ગયું (ઈસા ખુદાના બંદા છે) પછી પણ જો કોઈ એ સંબંધી તમારાથી ઝગડો કરે તો તમે કહી દો, આવો અમે અમારા બેટાઓને બોલાવીએ તમે પણ તમારા બેટાઓને બોલાવો, અમે અમારી ઓરતોને બોલાવીએ અને તમે પણ તમારી ઓરતોને બોલાવો, અમે પણ અમારા નફસોને બોલાવીએ અને તમે પણ તમારા નફસો [નફસ - જાન, રૂહ, હકીકત, લુગાતે કિશ્વરી ૭૮ વર્ષ જુની એડીશન, પેજ નં. ૫૩૯ પ્રકાશન નવલકિશોર પ્રેસ, લખનવ પ્રકાશન – ૧૯૧૪ / [નફસ - સાંસ, શ્વાસ, ઉર્દૂ હિન્દી ડીક્ષનરી, અંજુમને તરક્કીએ ઉર્દૂ દિલ્લી પ્રકાશન – ૧૯૮૨]ને બોલાવો પછી ખુદાની

સામે કરગરીએ અને જુઠા પર લઅનત કરીએ.” [સુરએ આલે ઈમરાન, આ. ૬૧]

બીજા દિવસે એક તરફથી ખ્રિસ્તિઓ નીકળ્યા અને બીજી બાજુ અલ્લાહના રસૂલ પોતાના ઘરવાળાઓ સાથે મદીનાની બહાર નીકળ્યા. એવી રીતે કે હુસૈન (અ.) નબી (સ.અ.વ.)ના ખોળામાં અને હસન (અ.) નાનાની આંગળી પકડીને ચાલતા હતા. નબી (સ.અ.વ.)ની પાછળ ફાતેમા ઝહરા (અ.) હતાં અને તેમની પાછળ હઝરત અલી (અ.) હતા.

જ્યારે ખ્રિસ્તીઓએ આ પાંચ નૂરાની ચહેરાઓને જોયા, તો તેઓએ કહ્યું કે અમે આ લોકો સાથે મુબાહિલા નહીં કરીએ, પછી તેઓએ જઝીયો (દંડ) આપવાનું કબુલ કરી લીધું.

જાબીર બિન અબ્દુલ્લાહ અન્સારીની રિવાયત પ્રમાણે આ આયતમાં 'અબ્નાઅના'થી મતલબ હઝરત હસનૈન અ. છે. 'નિસાઅના'થી મતલબ હઝરત ફાતેમા ઝહરા અ. છે. અને 'અન્ફોસના'થી મતલબ જાતે પયગમ્બર (સ.અ.વ.) અને હઝરત અલી અ. છે. આપણે જોયું કે અલ્લાહે આ આયતમાં હઝરત અલી અ.ને "રસૂલનો નફસ" (**અર્થાત** - આત્મા, રૂહ, જાન, શ્વાસ) કહેવામાં આવ્યો છે. [અસબાબુન નુઝુલ વાહીદી, પેજ નં. ૭૫. દુર્રે મનસુર અલ્લામા સીયુતી, પ્રકાશન બૈરૂત, ભાગ - ૨જો, પેજ નં. ૩૮.]

આ જાઈઝ નથી કે કોઈ વ્યક્તિ પોતાની જાતને નબી (સ.અ.વ.) કરતાં શ્રેષ્ઠ સમજે, (અફઝલ સમજે) એવી જ રીતે એ પણ જાઇઝ નથી

કે કોઈ વ્યક્તિ અલી અ. ને છોડીને તેમનાથી આગળ વધી જાય.

કારણકે ફરમાને ઈલાહીના પ્રમાણે હઝરત અલી અ. નફસે રસુલ છે, હવે પછી કોઈપણ હઝરત અલી અ. કરતાં આગળ વધવાનો ખ્યાલ પણ દીલમાં લાવે તો રસૂલથી પણ આગળ વધી જનારો ગણાશે, (અર્થાત નબી(સ.અ.વ.) પછી સર્વ શ્રેષ્ઠ(અફઝલ) અલી. અ.સ. છે. કોઈ પણ વ્યક્તિને અલીથી અફઝલ માનવું જાઇઝ નથી).

(મવ. સઇદ પાલનપુરીની દેવબંદ પ્રેસમાં છપાયેલી તફસીરે હિદાયતુલ કુરઆન' માં મુબાહિલાનો પ્રસંગ ઘણા વિસ્તારથી લખાયો છે. -અનુવાદક)

# પ્રકરણ-૧૨ : કેટલીક હદીસો

ગદીરે ખૂમના એલાન પછી આ વાતની જરૂરત બાકી નથી રહેતી કે હઝરત અલી અ.ની ખિલાફતની વધારે સાબિતીઓ રજૂ કરવામાં આવે, છતાં પણ આ વિષયમાં થોડીક હદીસો રજૂ કરવામાં આવે છે -

**પ્રથમ હદીસ :-**

હદીસે સકલૈન છે, જેમાં પયગમ્બર(સ.અ.વ.) એ ફરમાવ્યું "હું તમારી વચ્ચે બે અમૂલ્ય વસ્તુઓ છોડી જાઉં છું, એક કીતાબુલ્લાહ અને બીજી મારાં એહલેબયત, જો તમે આ બંનેને મજબુતીથી પકડી રાખશો તો (મારી વફાત પછી) કદી ગૂમરાહ નહીં થાઓ, અને આ બંને એકબીજાથી


amillibrary.com

કદી જુદા નહીં થાય, અહીં સુધી કે હૌઝે કવસર પર મને મળે.”

દરેક વ્યક્તિ કબુલ કરે છે કે હઝરત અલી (અ.) ફક્ત એહલેબયતમાં જ દાખલ નથી, પરંતુ એહલેબયતના સરદાર છે. જેથી કરીને સર્વે હદીસવેત્તાઓની દૃષ્ટિએ આ હદીસ સર્વમાન્ય છે જે એહલેબયતના સરદાર હઝરત અલી બિન અબીતાલિબ અ.ની તાબેદારીને વાજીબ ઠરાવે છે. [આ હદીસ ઘણી બધી હદીસની કિતાબોમાં જોવા મળે છે. દાખલા તરીકે સહીહ તીરમીઝી ભાગ-૨, પ્રકાશન કાહેરહ, હીજરી ૧૨૯૨, પેજ નં. ૩૦૮; અસદુલ ગાબા - ભાગ - ૨, પ્રકાશન કાહેરહ, હીજરી ૧૨૮૫, પેજ નં. ૧૨, દુર્રે મન્સુર સીયુતી ભાગ - ૬,

પેજ નં. ૭. કનઝુલ ઉમ્મા મુત્તકી હીન્દી પ્રકાશન હૈદ્રાબાદ, હીજરી ૧૩૧૨, પેજ નં. ૪૮]

**બીજી હદીસ :-**

હદીસે મનઝેલત - જ્યારે રજબ ૯ હીજરીમાં પયગમ્બર (સ.અ.વ.) જંગે તબુક માટે રવાના થયા ત્યારે આપ (સ.અ.વ.)એ મદીનામાં હઝરત અલી અ.ને પોતાના નાયબ (ઉત્તરાધિકારી) મુકર્રર કર્યા. હઝરત અલી અ. એ ઘણા જ અફસોસ સાથે (જેહાદના શોખને કારણે) કહ્યું કે યા રસુલુલ્લાહ ! મને અહીં છોડી જાઓ છો ?

પયગમ્બર (સ.અ.વ.) એ ફરમાવ્યું "યા અલી ! શું તમે એ વાતથી રાજી નથી, કે તમને મારી સાથે તે સંબંધ છે, જેવો સંબંધ હારૂનને

મુસાની સાથે હતો, સિવાય એ કે મારા પછી કોઈ નબી નહીં થાય."

પયગમ્બર(સ.અ.વ.) ના કહેવાનો મકસદ આ હતો કે જેવી રીતે હઝરત મુસાએ હઝરત હારૂનને પોતાની જગ્યાએ નાયબ (ઉત્તરાધિકારી) બનાવ્યા હતા, જેથી કે તેઓ તેમની ઉમ્મતની દેખભાળ અને નિગરાની કરે, તેમની ગેરહાજરીમાં ઉમ્મતની રહનુમાઇ (નેતૃત્વ) કરતા રહે, એવીજ રીતે રસુલ (સ.અ.વ.) એ પણ હ. અલી (અ.) ને પોતાની જગ્યાએ ઉત્તરાધીકારી બનાવ્યા હતા, માટે આ હદીસને હદીસે મનઝેલત કહેવામાં આવે છે. [ઈબ્ને માજા શરીફ પ્રકાશન દિલ્લી પેજ નં. ૧૨છ મસ્નદે ઈમામ અહમદ બિન હમ્બલ, પ્રકાશન કાહેરહ હીજરી ૧૩૧૩ પેજ નં. ૧૭૪, અલખસાઇસે

નિસાઇ પ્રકાશન મિસર, હીજરી ૧૩૪૮, પેજ નં. ૧૫-૧૬ મુશ્કેલ આસાર, તહાવી ભાગ-૨, પ્રકાશન હૈદ્રાબાદ હી. ૧૩૩૩ ૩૦૯. ઝખાઇરૂલ ઉકબા મુહીબુદ્દન તબરી પ્રકાશન બેરૂત, ઇ.સ. ૧૯૭૪, પેજ નં. ૬૩]

### ત્રીજી હદીસ :-

મક્કાના કાફિરોને સુરએ બરાઅતની આયતોની તબ્લીગ કરવાનો પ્રસંગ સમજવા જેવો છે. જેમાં રસુલુલ્લાહ (સ.અ.વ.) પ્રથમ હ. અબુબકરને મોકલે છે કે મક્કા જાઓ, અને કાફિરોને આ આયતોની તબ્લીગ કરો. હ. અબુબકર આ કામે રવાના થાય છે. તેમની પાછળ તરત પયગમ્બર (સ.અ.વ.) હઝરત અલી અલયહિસ્સલામને મોકલે છે કે તમે જાઓ અને હ. અબુબકર પાસેથી તે સુરા

લઈ લો અને મક્કા જઇને તમે તેની તબ્લીગ કરો. અબુબકર અડધે રસ્તેથી મદીના પાછા ફર્યા, અને પાછા ફરીને નબી (સ.અ.વ.)ને પુછયું, “શું મારા વિરૂદ્ધ કોઈ આયત નાઝિલ થઈ છે? અથવા ખુદાનો કોઈ હુકમ આવ્યો છે ?” પયગમ્બર (સ.અ.વ.) એ ફરમાવ્યું :-

“જિબ્રઇલ અમીન મારી પાસે આવ્યા અને કહ્યું, આ પૈગામની કોઈ તબ્લીગ નથી કરી શકતું સિવાય કે હંક જાતે જ જાઉં અથવા તે વ્યક્તિ જાય જે મારાથી હોય.” [દુર્રૈમન્સુર સિયુતી, ઝિલ્દ ૬, પેજ નં. ૨૦૯, તફસીરે તબરી પ્રકાશન કાહેરહ, હીજરી ૧૩૨૩, પેજ નં. ૪૭. ખસાઇસ નિસાઇ પેજ નં. ૨૦]

રસુલુલ્લાહ (સ.અ.વ.) ના ઉપરોક્ત ઇરશાદથી જે સબક મળે છે. તેને નીચે દર્શાવેલી હદીસથી પણ અનુમોદન મળે છે.

“અલી હકની સાથે છે અને હક અલીની સાથે છે. ખુદાયા હકને તે તરફ ફેરવી નાખ જે તરફ અલી ફરે.” [અલ મનાકિબ ખવારઝમી પ્રકાશન નજફ, ઇ.સ. ૧૯૬૫, ફરાહેસ્સીમ્તૈન અલ હમવી, ભાગ - ૧, બેરૂત ઇ.સ. ૧૯૮૭, પેજ નં. ૧૭૬. તારીખે ખતીબ અલબગદાદી, ભાગ - ૧૪, પેજ નં. ૩૨૧]

ખિલાફતે હક હકીકતમાં અલીની પાછળ પાછળ છે. બીજા કોઈની સાથે નથી જઇ શકતી.

## ચોથી હદીસ :-

હદીસે નૂર છે. જનાબ સૈયદ અલી હમ્દાની પોતાની કિતાબ ‘મોવદતુલ કુરબા’માં લખે છે કે જેના રાવી હઝરત સલમાન ફારસી (રઝિયલ્લાહો તઆલા અન્હો) છે.

નબી (સ.અ.વ.) એ ફરમાવ્યું “હું અને અલી એક જ નુરથી પેદા થયા છીએ. અલ્લાહે આ નૂરને હઝરત આદમથી ચાર હજાર વર્ષ પહેલાં પેદા કર્યું અને જ્યારે અલ્લાહે હઝરત આદમને પેદા કર્યા ત્યારે અલ્લાહે આ નુરને તેમની પીઠમાં મૂકી દીધું. અમે એક સાથે રહ્યા અહીં સુધી કે અબ્દુલ મુત્તલિબની પીઠમાં આવીને અમે બંને એક બીજાથી જુદા થયા, તો મારી પાસે નબુવ્વત છે અને અલીમાં ખિલાફત છે.”

રીયાઝુલ ફઝાઇલમાં આ હદીસના છેલ્લા શબ્દો આ પ્રમાણે છે.

“પછી ખુદાએ મને નબી બનાવ્યો અને અલીને વસી.” [મફાતેહુલ મતાલિખ પેજ નં. ૩૯૬. કીફાયતુલ મતાલિબ અલ ગંજી શાફઇ પ્રકાશન નજફ ઇ.સ. ૧૯૩૭, પેજ નં. ૧૭૬]

# પ્રકરણ-૧૩ : "ઉલૂલ અમ્ર" માટે મઅસુમ હોવું જરૂરી છે.

અલ્લાહતઆલા કુરઆને કરીમમાં ઇરશાદ ફરમાવે છે....

**"યા અય્યોહલ્લઝીન આમનુ અતીઉલ્લાહ વ અતીઉર્રસૂલ વઓલિલ અમ્રે મિન્કુમ ફઈન તનાઝઅતૂમ ફી શયઈન ફરૂદ્દહુ એલલ્લાહે વર્રસૂલે ઇન્કુન્તુમ તોઅમેનૂનઅ્ બિલ્લાહે વલ્યવમિલ આખેરે, ઝાલેક ખયરૂંવ વઅહસનો તાઅ્વીલા."**

(સુરએ નિસાઅ આ. ૫૯)

**અર્થાત** : "અય ઇમાનવાળાઓ, અલ્લાહની ઇતાઅત (ફરમાંબરદારી) કરો અને રસૂલની અને તમારામાંના સાહેબાને અમ્ર (હકુમત) હોય તેની, જો

કોઈ બાબતમાં ઝગડો થઈ જાય તો તેને ખુદા અને રસૂલની પાસે લઈ જાઓ. જો તમે અલ્લાહ અને કયામતના દિવસ ઉપર ઇમાન રાખતા હો, આ વાત બેહતર અને પરીણામે સારી છે.”

આ આયતમાં મુસલમાનો ઉપર બે ઇતાઅતો (તાબેદારીઓ) વાજીબ (જરૂરી) કરવામાં આવી છે, પ્રથમ અલ્લાહની ઇતાઅત, બીજી તેના રસૂલની અને તે લોકોની ઇતાઅત જેઓ “ઉલીલ અમ્રે મિન્કુમ” તમારામાં સાહિબાને અમ્ર હોય, આ આયતની તરતીબ અને શબ્દોની ગોઠવણી ઉપરથી બિલ્કુલ સ્પષ્ટ થઈ જાય છે કે “ઉલીલ અમ્ર”ની ઇતાઅત બીલ્કુલ એવી જ રીતે વાજીબ છે (અત્યંત જરૂરી છે) જેવી રીતે રસૂલની ઇતાઅત વાજીબ છે, આ વાતનું કુદરતી પરિણામ જ એ નીકળે છે કે,

"ઉલીલ અમ્ર"ને કાબેલીયત અને સર્વે ગુણોમાં રસૂલના હુબહુ હોવા જોઇએ, રસૂલની જેવી કાબેલીયત અને ગુણોના માલિક હોવું જોઇએ, નહીં તો અલ્લાહતઆલા આ આયતમાં બંનેની ઇતાઅતનો હુકમ એક સાથે ન આપત.

મતલબ આ નીકળે છે કે રસૂલની ફરમાંબરદારી સાથે જ "ઉલીલ અમ્ર"ની ફરમાંબરદારી કરવાનો અલ્લાહનો હુકમ આ વાત સ્પષ્ટ કરે છે કે "સાહીબાને અમ્ર" પણ રસૂલના જેવાજ માસુમ હોવા જરૂરી છે, તથા જેવી રીતે રસૂલ પોતાના સમયની સર્વશ્રેષ્ઠ વ્યક્તિ હોય છે, તેવી જ રીતે "ઉલીલ અમ્ર" પણ સર્વ ગુણોમાં પોતાના જમાનાની સર્વશ્રેષ્ઠ વ્યક્તિ જ હોય છે.

આ વાતનો નિર્ણય કરીએ કે “ઉલીલ અમ્ર” કોણ છે, જેમની તાબેદારી કરવાનો અલ્લાહ આપણને હુકમ આપે છે, તે પહેલાં આ બાબત સમજવી વધુ ફાયદાકારક રહેશે કે રસુલુલ્લાહ(સ.અ.વ.)નો હુકમ કેટલો વ્યાપક, સર્વ વ્યાપી અને આલમગીર ગણાય છે, તથા રસુલની સત્તાઓ કેટલી વિશાળ અને મહાન છે.

અલ્લાહતઆલા કુરઆનમાં ઇરશાદ ફરમાવે છે :-

**“વમા અરસલ્ના મિર્રસુલીન ઇલ્લા લેયુતાઅ બે ઇઝનિલ્લાહ”**

(સુરએ નિસાઅ, આ. ૬૪).

**અર્થાત** : "અને અમોએ કોઈ પણ રસૂલને (બીજા કશા માટે) નથી મોકલ્યો, પણ એ માટે કે અલ્લાહના હુકમથી તેની આજ્ઞા માનવામાં આવે."

આ આયતનો મતલબ આ થયો કે નબીઓ અને પયગમ્બરોની ફરમાંબરદારી અને અનુસરણ વાજીબ છે. ઉમ્મતના લોકોને અધિકાર નથી કે તેઓ નબીના કોઈ પણ કાર્ય કે અમલને ટીકાની દ્રષ્ટિએ જોઇને ફૈંસલો કરે, કે કયો અમલ કે હુકમ માનવા યોગ્ય છે, અને કયો અમલ અનુસરવા યોગ્ય નથી. સ્પષ્ટ છે કે નબીઓ અને રસુલો દરેક પ્રકારની ભૂલો, ગુનાહ અને પલીદીથી પવિત્ર છે, જો એમ ન હોત તો અલ્લાહતઆલા ઉમ્મતને કદી પણ તેઓની બિન શરતે ઇતાઅતનો (તાબેદારીનો) હુકમ ન આપત.

ઘણી બધી આયતોમાં અલ્લાહે આપણને નબીની ઇતાઅતનો હુકમ આપ્યો છે. ઈરશાદે ઈલાહી છે : **“યા અય્યોહલલઝીન આમનુ અતીઉલ્લાહ વ અતીઉર્રસુલ-”**

**અર્થાત** : “અય ઇમાનવાળાઓ, ખુદાનો હુકમ માનો અને રસુલની ફરમાબરદારી કરો.” [સુરએ મુહમ્મદ આયત નં. ૩૩, વધુ આયતો જુઓ સુરએ આલે ઇમરાન, આ. ૩૨ અને ૧૩૨; સુરએ માઇદહ, આયત - ૯૨; સુરએ અનફાલ આયત-૧, ૨૦, ૪૬; સુરએ નૂર આયત - ૫૪; સુરએ મુજાદેલા આયત - ૧૩; સુરએ તગાબુન આયત - ૧૨]

ફરીવાર અલ્લાહતઆલા ફરમાવે છે : **“વમંય્યયોતીઇલ્લાહ વ રસૂલહુ”**

(સુરએ નિસાઅ, આયત - ૧૩ અને ૬૯).

**અર્થાત** : "અને જે ખુદા અને પયગમ્બરનું ફરમાન ઉઠાવશે" (ઇતાઅત કરશે)

એ જ સુરતમાં આગળ ફરમાવ્યું : **"વમંય્યોતીઈલ્લાહ વર્રસુલ"**

**અર્થાત્** : "અને જે ખુદાનો અને પયગમ્બરનો હુકમ ઉઠાવે છે"

વળી ફરમાવ્યું : **"વમંય્ય યોતીઅર્રસૂલ ફકદ અતાઅલ્લાહ."**

(સુરએ નિસાઅ, આ. ૮૦)

**અર્થાત** : "જેણે રસૂલની ફરમાંબરદારી કરી તેણે અલ્લાહની ફરમાંબરદારી કરી."

ઉપરોક્ત આયતો સિવાય પણ ઘણી બધી આયતોમાં પણ અલ્લાહે પોતાની ઇતાઅતને રસૂલની ઇતાઅતના સમાન ગણાવી છે, તેથી કરીને

જો પયગમ્બરો માસુમ અને પવિત્ર ન હોત તો આવી આયતો કદી નાઝિલ ન થાત, ખુદાતઆલા ફરમાવે છે -

“અને તે લોકોમાંથી કોઈ ગુનેહગાર અને નાશુકાની પેરવી ન કરશો”

(સુરએ હલ અતા - આ. ૨૪).

હવે સંપૂર્ણ ચિત્ર આપણી સામે છે કે, અંબિયાની તાબેદારી ફરજીયાત કરવાની છે અને ગુનેહગારોની પેરવી કદી પણ કરવાની નથી, તો આ વાતનું એકજ પરિણામ નિકળે છે કે નબીઓ ગુનાહ અને ભૂલચુકથી તદ્ન પાક છે, માસુમ અને બેગુનાહ છે.

જરા ગંભીરતાથી વિચારો, જો કોઈ નબી પોતાના ઉમ્મતીઓને ગુનાહ કરવાનો હુકમ આપે

તો બિચારી ઉમ્મત માટે કેવી મુશ્કેલ પરિસ્થિતિ સર્જાશે ? ઉમ્મત ખુદાના ગુસ્સાની અને અઝાબની શિકાર થઈ જશે, જો ઉમ્મત પયગમ્બરનો હુકમ માની ગુનાહ કરે, તો ખુદાના અઝાબને પાત્ર બને છે, અને જો નબીના હુકમથી મોં ફેરવે છે તો પણ અલ્લાહના હુકમનો(એટલે કે હુકમે ઇતાઅતે રસૂલનો) અનાદર થાય છે, જેથી કરીને આપણે માનવું પડશે કે નબીના ગેરમાસુમ હોવાની સુરતમાં ઉમ્મતને ખુદાના અઝાબ અને ગુસ્સા સિવાય બીજું કશું પ્રાપ્ત નહીં થાય.

હવે ખાસ કરીને નબી (સ.અ.વ.)ના વિષયમાં ઉતરેલી આયતોને જોઇએ.

અલ્લાહતઆલા ફરમાવે છે, **“વમા આતાકોમુર્રસુલો. ફખોઝુહો, વમા નહાકુમ અન્હો ફન્તહુ”**

(સુરએ હશ્ર, આયત - ૭)

**અર્થાત** : “અને રસૂલ તમને જે કાંઈ આપે તે લો, અને જેનાથી તમને મના કરે તેનાથી અટકો.”

આનો ભાવાર્થ આ થયો કે પયગમ્બર (સ.અ.વ.) નો દરેકે દરેક હુકમ (દરેક ‘અમ્ર’ અને ‘નહીં’) ખુદાની મરજીના મુતાબિક ખુદાને પસંદ હતો, એનાથી સાબિત થાય છે કે પયગમ્બર માસુમ હતા, કારણકે ગેરમાસુમના મામલામાં આટલું ખાત્રી અને ભારપૂર્વક નહીં કહી શકાય.

ઈરશાદે ઈલાહી છે : **“કુલ ઇન કુન્તુમ તોહીબ્બુનલ્લાહ ફત્તબેઉની યુહબિબ કોમુલ્લાહો વ યગફિરલકુમ ઝોનુબકુમ”**

(સુરએ આલે ઇમરાન - આ. ૩૦)

(અય રસૂલ કહો) “જો તમે ખુદાને પ્યાર કરતા હોય, તો મારી તાબેદારી કરો, ખુદા તમારી ઉપર પ્યાર રાખશે અને તમારા ગુનાહ માફ કરશે.”

અહીં અલ્લાહની મોહબ્બતને પયગમ્બર (સ.અ.વ.)ની ઇતાઅત ઉપર અવલંબિત ગણવામાં આવી, આ આયતમાં મોહબ્બતના બંને રૂખોને સ્પષ્ટ કરવામાં આવ્યા છે, જો તમે ખુદાની સાથે મોહબ્બત કરતા હો તો પયગમ્બરની તાબેદારી કરો, અને જો તમે પયગમ્બરની ઇતાઅત કરશો તો ખુદા પણ તમારી સાથે મોહબ્બત કરશે.

શું આનાથી એ સાબિત નથી થતું કે નબી (સ.અ.વ.)નો દામન દરેક પ્રકારના દાગોથી પાક હતો ફક્ત પયગમ્બરના કામોજ નહીં, પરંતુ એમના શબ્દો પણ હુકમે ખુદાજ હતા.

ખુદાતઆલા ફરમાવે છે કે, "**વમા યનતેકો અનીલ હવા ઇન હોવ ઇલ્લા વહયુંય યુહા.**"

(સુરએ નજમ - આયત નં. ૩/૪).

**અર્થાત** : "અને તે પોતાના મનની ઇચ્છાથી કાંઇ કહેતો નથી (પણ) તે જે કંઈ કહે છે તે તેને વહી કરવામાં આવે છે, તેના સિવાય બીજું કાંઇ નથી."

આ આયતમાં નબી (સ.અ.વ.) નો દરજ્જો ઉચ્ચતા, પવિત્રતા, અને માસુમીયતની ટોચ ઉપર, આપણી કલ્પનામાં ન આવે એટલો ઉચ્ચ દેખાય છે.

આ સિવાય પણ અનેક આયતોમાં રસુલુલ્લાહ (સ.અ.વ.)ના માટે આવા શબ્દોનો ઉપયોગ કર્યો છે -

**“રસૂલમ મિન્હુમ યત્લુ અલયહીમ આયાતેહી વયોઝક્કીહીમ વ યોઅલ્લેમોહોમુલ કેતાબ વલહીકમત.”** [સુરએ જુમા આયત નં. - ૨, વધુમાં સુરહ બકરહ આયત નં. ૧૨૯, અને સુરએ આલે ઇમરાન આયત નં. ૧૬૪]

“એમનામાંથી એક રસુલ (મુહમ્મદ) જે એમની સામે તેની (અલ્લાહની) આયતો સંભળાવે છે, તથા તેમને (જાહેર અને બાતિનથી) પાક કરે છે, તેમને કુરઆન અને હિકમતનું શિક્ષણ આપે છે.”

કોઈ નબી કેવી રીતે બીજાઓને ગુનાહો અને ગંદકીઓથી પવિત્ર કરી શકે છે, જો તે પોતેજ

પવિત્ર ન હોય ? એક ઇન્સાન કોઈને કેવી રીતે અક્કલની વાતો બતાવી શકે છે, જ્યારે તેને પોતાનેજ એટલી અક્કલ ન હોય જેનાથી તે સહીહ અને ગલતનો તફાવત સમજી શકે, એનાથી પણ આગળ વધીને તેનું મનોબળ એટલું કમજોર હોય કે બુરાઇને જાણતો હોવા છતાં પણ પોતાને બુરાઇથી ન બચાવી શકે ?

રસુલે ઈસ્લામ લોકોને કીતાબનું શિક્ષણ આપતા હતા, તેનો મતલબ આ થયો કે આપ(સ.અ.વ.) ખુદાના અહકામોથી સંપૂર્ણપણે વાકેફ હતા, આપ ઉમ્મતના ઇન્સાનોને પવિત્ર કરતા હતા અને તેમને અક્કલની વાતો શીખવતા હતા, આનો અર્થ આ થયો કે આપ (સ.અ.વ.)

અક્કલ અને પવિત્રતાના ઉચ્ચ સ્થાને બિરાજેલા હતા.

આપ (સ.અ.વ.) ના ઉચ્ચ અખ્લાકની ગવાહી કુરઆન આ શબ્દોમાં આપે છે.

**"વઇન્નક લઅલા ખોલોકીન અઝીમ"**

(સુરએ કલમ આયત નં. ૪)

"અને બેશક તમે અતિશય ઉત્તમ સ્વભાવના છો."

એક વ્યક્તિ જેનાથી ગુનાહ થવો શક્ય હોય તે આવી સર્વોત્તમ પ્રશંસા અને વખાણને પાત્ર નથી થઈ શકતી.

ઉપરોક્તઆયતોના અભ્યાસથી બે વાતો તો બિલકુલ સ્પષ્ટ થઈ જાય છે :

(૧) પયગમ્બર (સ.અ.વ.) ઉમ્મત ઉપર જે સાર્મથ્ય (શક્તિ, અધીકાર) ધરાવતા હતા તે અનહદ અને સર્વવ્યાપી છે, નબી (સ.અ.વ.) એ આપેલો કોઈ પણ હુકમ, ચાહે તે કોઈ પણ હાલતમાં, ગમે તે સમયે આપ્યો હોય, કોઈ પણ જાતની દલીલ વગર વાજીબુલ અમલ છે.

(૨) અલ્લાહતઆલા એ આપ(સ.અ.વ.)ને આવું સંપૂર્ણ સાર્મથ્ય એટલા જ માટે આપ્યું હતું કે આપ (સ.અ.વ.) માસુમ હતા, દરેક પ્રકારની નાનીમોટી, ભૂલચૂક, અપવિત્રતા કે ગુનાહથી સંપૂર્ણપણે પર હતા, જો એમ ન હોત તો ખુદાતઆલા કોઈપણ જાતની શરતો વગર આપ (સ.અ.વ.)ની તાબેદારીને ઉમ્મત પર વાજીબ ન કરત.

હવે પછી એ આયતો ઉપર વિચારવામાં આવે કે, “ઉલીલ અમ્ર”ને પણ મુસલમાનો ઉપર સંપૂર્ણપણે તેજ સાર્મથ્ય (શક્તિ, અધિકાર) આપવામાં આવ્યું છે, જે “રસૂલ”ને આપવામાં આવ્યું હતું, “રસૂલ” અને “ઉલીલ અમ્ર”બંનેને એકજ શબ્દ “અતીઉ” (ઇતાઅત કરો)થી જોડવામાં આવ્યા છે, ભાવાર્થ આ થયો કે “ઉલીલ અમ્ર”ની તાબેદારીનો તેજ દરજ્જો છે, જે રસુલની ઇતાઅતનો છે.

ઉપરોક્ત સમગ્ર ચર્ચા દરમ્યાન એક સ્પષ્ટ પરિણામ કોઈપણ ન્યાયપ્રિય વ્યક્તિની સામે આવે છે તે આ છે કે “ઉલીલ અમ્ર”નું પણ દરેક પ્રકારની ભૂલચૂક-ગુનાહથી માસુમ અને પવિત્ર હોવું જરૂરી છે, જો એમ ન હોત, તો “રસુલ”ની તાબેદારી સાથે

"ઉલીલ અમ્ર"ની તાબેદારીનો ભેગો હુકમ કરવામાં ન આવત.

**હઝરત અલી અ. એ ફરમાવ્યું :**

"જે અલ્લાહની નાફરમાની કરે છે તેની તાબેદારી ન કરવી જોઇએ" બેશક તાબેદારી અલ્લાહની થાય છે, તેના રસુલની અને તેમની જેઓ "ઉલીલ અમ્ર" છે, અલ્લાહે લોકોને રસુલની ઇતાઅતનો હુકમ એટલા માટે આપ્યો છે કે, રસુલ માસુમ અને પવિત્ર હતા, જેઓ કદી લોકોને ગુનાહો તરફ બોલાવતા ન હતા, અને બેશક તેજ અલ્લાહે લોકોને "ઉલીલ અમ્ર"ની ઇતાઅતનો હુકમ આપ્યો, કારણકે તેઓ પણ માસુમ છે, પવિત્ર છે. તેઓ લોકોને ખુદાની નાફમાની તરફ બોલાવશે નહીં. [અલલુશ્શરાએ, પ્રકરણ - ૧૦૨]

## પ્રકરણ-૧૪ : શું ઉલીલ અમ્રનો અતલબ મુસલમાન બાદશાહો લેવામાં આવશે ?

બિરાદરાને એહલે સુન્નત મોટા ભાગે એમ કહે છે કે, "ઉલીલ અમ્રે મીન્કુમ"નો અર્થ એ છે કે "જે તમારામાંથી હાકિમ હોય" એટલે કે "મુસ્લિમ બાદશાહો"આ તફસીર બુદ્ધિગમ્ય દલીલ પર આધારીત નથી. પરંતુ એનો આધાર ઈતિહાસના દાવપેચો અને દગાફટકાઓ ઉપર છે. મુસલમાનોની બહુમતી હમેશાં હાકિમોની ગુલામ બનીને રહી છે, અને બાદશાહોને ખુશ રાખવા માટે ઈસ્લામ અને કુરઆનનું મનફાવતું અર્થઘટન કરતી આવી છે.

બીજી કોમોની જેમ મુસલમાનોનો ઇતિહાસ પણ એવા બાદશાહોથી ભરેલો છે, જેઓએ અય્યાશી

તથા અત્યાચારો કરીને ઈસ્લામનું નામ બદનામ કર્યું છે, આ કિતાબના છેવટના પ્રકરણોમાં એવા બાદશાહોનું ટુંકાણમાં વર્ણન કરવામાં આવશે, આવા અય્યાશી ઝાલીમ બાદશાહો

ભુતકાળમાં પણ હતા, આજે પણ એવા હાકેમોની સંખ્યા ઓછી નથી અને ભવિષ્યમાં પણ પેદા થશે, આવી પરિસ્થિતિમાં આપણને એવું કહેવામાં આવે છે કે આજ લોકો “ઉલીલ અમ્ર” છે, જેમનું આયતમાં વર્ણન છે !!!

અહીંયા અમે આ વાતનું ફરીથી પુનરાવર્તન કરીએ છીએ, કે જો અલ્લાહ આપણને આવો હુકમ આપે કે આવા હાકેમો અને બાદશાહોની તાબેદારી કરો, તો મુસલમાનો માટે એક અસંભવ પરિસ્થિતિ ઉત્પન્ન થઈ જશે. કારણકે બિચારા

ઉમ્મતી ખુદાની નારાજગીનો શિકાર બનતા રહેશે, તેઓ બિચારા શું કરે ? બંને પ્રકારે મુસીબતમાં જકડાશે.

જો બાદશાહોની તાબેદારી કરે છે, તો અલ્લાહના આ હુકમની વિરૂદ્ધતા ગણાશે કે :

“ગુનેહગારોની ઇતાઅત ન કરો”

અને જો તેઓ બાદશાહોની તાબેદારી નથી કરતા, તો પણ અલ્લાહના હુકમની નાફરમાની થશે, કેમ કે અલ્લાહતઆલા ફરમાવે છે કે,

“મુસલમાન બાદશાહોની ઇતાઅત કરો!”

એટલા માટે જો અમે સુન્ની બિરાદરોની તફસીરને કબુલ કરીએ, તો કોઈપણ પ્રકારે બિચારા મુસલમાનો ખુદાના કાયમી અઝાબને પાત્ર બની

જાય છે, તેઓ બાદશાહોની ઇતાઅત કરે અથવા નાફરમાની કરે.

બીજી વાત આ છે કે, દુનિયામાં અલગ અલગ વિચારધારા અને દૃષ્ટિબિંદુઓ ધરાવતા મુસલમાન બાદશાહો જોવામાં આવે છે, આમાં શાફેઇ પણ છે, અને વહાબીઓ પણ છે, હનફી પણ છે, અને શીયા તથા અબાજી પણ.

હવે આયત "અતીઉલ્લાહ વ અતીઉર્રસુલ વ ઉલીલ અમ્રે મીનકુમ" તાબેદારી કરો અલ્લાહની અને તેના રસૂલની અને હાકેમોની "હાકેમોથી (ઉલીલ અમ્ર - હાકેમો) મુરાદ સુન્ની તફસીર પ્રમાણે મુસલમાન બાદશાહો થાય છે, તો આ તફસીર પ્રમાણે જો સુન્ની એક અબાઝી સુલ્તાનની હુકુમતમાં રહેતો હોય તો (દા.ત. મસ્કતમાં) તો તેણે અબાઝી

અકીદાની પેરવી કરવી પડશે, જો કોઈ શીયા હાકેમની હુકુમતમાં રહેતો હોય (દા.ત. ઇરાનમાં) તો તેણે શીય્યતની વિચારધારા ઉપર અમલ કરવો પડશે.તો શું આ લોકો પોતે કરેલી આ આયતની તફસીરના સાચા હોવા પર આટલી હદે સંમત છે ? જેથી એના તાર્કીક પરિણામ સુધી લઈ જાય, અને તેના ઉપર અમલ કરે ?

પ્રખ્યાત સુન્ની મુફસ્સિર ઈમામ ફખરૂદીન રાઝીએ “તફસીરે કબીર”માં આ વાતનો સ્વીકાર કર્યો છે કે, આ આયતથી સાબિત થાય છે કે “ઉલીલ અમ્ર” (હાકેમ)નું માસુમ હોવું જરૂરી છે, કારણકે અલ્લાહે આ હુકમ આપ્યો છે કે “ઉલીલ અમ્ર”ની (હાકેમની) બિન શરતે તાબેદારી કરો તેથી કરીને “ઉલીલ અમ્રે” માસુમ જ હોવું જરૂરી છે, કારણકે જો

"ઉલીલ અમ્ર"થી ગુનાહ થવાની કોઈ શક્યતા હોય તો (જ્યારે કે ગુનાહ કરવા હરામ છે) એનો મતલબ આ થશે કે, એક મુસલમાને એકજ સંજોગોમાં "ઉલીલ અમ્ર"ની પેરવી પણ કરવી પડશે અને નાફરમાની પણ કરવી પડશે અને આ વાત અશક્ય છે. [તફસીરે કબીર ઈમામ ફખરૂદ્દન રાઝી, પ્રકાશન તેહરાન, ભાગ-૧૦,પેજ નં. ૧૪૪]

આમ લખ્યા પછી ફખરૂદીન રાઝી સાહેબે પોતાના વાચકોને "એહલેબયતે રસુલ"થી દૂર રાખવા માટે આ વિચારધારાનો પ્રચાર કર્યો કે : "ઉમ્મતે મુસ્લિમા"સામુદાયીક રીતે માસુમ છે, બેગૂનાહ છે.

ઈમામ રાઝી સાહેબને ઘણું દૂરનું દેખાયું, કોઈ મુસલમાન પણ એમની આ વિચારધારા સાથે

સંમત નથી, અને આ પ્રકારની તફસીર કોઈ હદીસ પર પણ આધારિત નથી, નવાઇની વાત તો આ છે કે ઈમામ રાઝી, ઉમ્મતની દરેક વ્યક્તિને અલગ અલગ રીતે ગેરમાસુમ સમજે છે, તેમ છતાં તેના સમૂદાયને માસુમ સમજે છે !!!

આ વાતને તો પ્રાથમિક શાળાનો એક નાનો વિદ્યાર્થી પણ સમજી શકે છે કે બસો ગાયોમાં બીજી બસો ગાયો ઉમેરવાથી ચારસો ગાયો થશે, પરંતુ એક ઘોડો નહીં થાય.

પરંતુ સુન્ની બિરાદરોના ઈમામ રાઝી કહે છે કે સાત કરોડ ગેરમાસુમ સાથે બીજા સાત કરોડ ગેરમાસુમ ભેગા થઈ જાય તો એક માસુમ બની જશે. શું તેઓ અમને એવું સમજાવવા માંગે છે કે, જો ગાંડાની હોસ્પિટલના ચારસો ગાંડાઓ એકજ

જગ્યાએ ભેગા થઈ જાય તો એક ડાહ્યા માણસ જેવા થઈ જશે! અલ્લામા ઇકબાલે ઘણુંજ સરસ કહ્યું છે કે,

**"કે અઝ મગ્ઝ દો સદ ખર - ફિક યક ઇન્સાં નમી આયદ"**

**અર્થાત** :- "બસો ગધેડાઓના દિમાગો ભેગા થઈને એક માણસના દિમાગ જેવી કલ્પના કે વિચાર નથી પેદા કરી શકતા."

આ ઈમામ રાઝીનું જ્ઞાન હતું, જેણે એમને એમ માનવા ઉપર મજબુર કરી દીધા કે "ઉલીલ અમ્ર"નું માસુમ હોવું જરૂરી છે, અને આ એમની હઠધર્મી હતી કે તેઓ આમ કહેવા ઉપર મજબુર થયા કે, તે માસુમ ઉમ્મતે ઈસ્લામીયાહનો જનસમૂદાય છે !

પરંતુ એમણે આયતના આ શબ્દ “મીન્કુમ” (તમારામાંથી) ઉપર ધ્યાનથી નથી વિચાર્યું, આ શબ્દ સ્પષ્ટ કરે છે કે “ઉલીલ અમ્ર” ઉમ્મતે ઈસ્લામીયાહનો એક અંશ (ટુકડો - ભાગ) હશે, સંપુર્ણ ઉમ્મતે મુસ્લિમા નહિ હોય. સાથે સાથે જરા આ તો વિચારો કે જો સમગ્ર ઉમ્મતે મુસ્લિમાની તાબેદારી કરવામાં આવશે તો પછી તાબેદારી કરવાવાળું કોણ બાકી રહેશે ?!!!

## પ્રકરણ-૧૫ : ‘ઉલીલ અમ્ર’ નો સાચો અર્થ

હવે અમે આ આયતનો સાચો અર્થ વર્ણવીએ છીએ, ઈમામ જઅફર સાદિક અલયહિસ્સલામ ફરમાવે છે કે, આ આયત હઝરત અલી બિન અબી તાલિબ, ઇમામ હસન અને ઈમામ હુસૈનની ફઝીલતમાં ઉતરી છે. એક વ્યક્તિ કે જે આ મજિલસમાં હાજર હતો, તેણે વિનંતી કરી કે, “લોકો કહે છે કે ખુદાતઆલાએ પોતાની કિતાબમાં અલી અને તેમની એહલેબયતના નામોનું વર્ણન કેમ નથી કર્યું ?

ઈમામે ફરમાવ્યું “એમને કહો કે કુર્આનમાં નમાઝનો હુકમ આવ્યો, પરંતુ ખુદાતઆલાએ એમ નથી ફરમાવ્યું કે ત્રણ રકાત અથવા ચાર રકાત, બલ્કે તે પયગમ્બર (સ.અ.વ.) હતા જેમણે બધીજ

વાતોને વિસ્તારથી વર્ણવી, એવી જ રીતે ઝકાત આપવાનો હુકમ નાઝિલ થયો, પરંતુ અલ્લાહે ઘટસ્ફોટ નથી કર્યો કે દર ચાલીસ દિરહમ એક દિરહમે ઝકાત આપવી જોઇએ, બલ્કે તે રસૂલુલ્લાહ (સ.અ.વ.) હતા, જેમણે આ વાતની સમજ આપી, છેવટે હજ કરવાનો હુકમ આપ્યો, પરંતુ અલ્લાહે નથી ફરમાવ્યું કે સાત વખત તવાફ (કાબતુલ્લાહની પ્રદક્ષિણા) કરવામાં આવે, અહીં પણ રસુલુલ્લાહ (સ.અ.વ.) એ એનું વર્ણન કર્યું.

ઉપરોક્ત બધા દૃષ્ટાંતોની જેમ આ આયત પણ નાઝિલ થઈ, જેમાં ખુદાએતઆલાએ ફરમાવ્યું:

**“અતીઉલ્લાહે વ અતી ઉર્રસુલ વ ઉલીલ અમ્રે મીન્કુમ”**

**અર્થાત** :- અલ્લાહની ઈતાઅત કરો અને રસુલની અને તે સાહિબાને અમ્રની ઈતાઅત કે જેઓ તમારામાંથી છે.

આ આયત હઝરત અલી અ. ઈમામ હસન અ. અને ઈમામ હુસૈન અ. ના બારામાં નાઝિલ થઈ છે. [તફસીરે અયાશી ભાગ - ૧, પ્રકાશન તહેરાન, પૃષ્ઠ - ૨૪૯. તફસીરે સાફી - મુલ્લાં હસન ફૈઝ કાસાની ભાગ - ૧, પ્રકાશન તેહરાન હીજરી ૧૩૭૪ - પૃષ્ઠ ૩૬૪.]

કિફાયતુલ અષરમાં જાબીર બિન અબ્દુલ્લાહ અન્સારીની એક રિવાયત આ આયતની તફસીરમાં વર્ણન થઈ છે, જ્યારે આ આયત નાઝિલ થઈ ત્યારે જાબીરે પયગમ્બર (સ.અ.વ.)ને વિનંતી કરી, અમે અલ્લાહને તો ઓળખીએ છીએ,

એના રસુલને પણ જાણીએ છીએ, પરંતુ તે ‘સાહિબાને અમ્ર’ કોણ લોકો છે, જેમની તાબેદારીને અલ્લાહે પોતાની અને આપ (સ.અ.વ.)ની તાબેદારીની સાથે વર્ણવી છે ? પયગમ્બર (સ.અ.વ.) એ ફરમાવ્યું : “તેઓ મારા પછી મારા ખલીફા અને મુસલમાનોના ઈમામ છે, એમનામાં પ્રથમ અલી(અ.) છે, પછી  હસન (અ.) પછી હુસૈન (અ.) પછી અલી બિન હુસૈન (અ.) પછી મુહમ્મદ બિન અલી (અ.) છે, જેમનું નામ તવરેતમાં બાકિર આવ્યું છે, અય જાબિર તમે તેમની સાથે મુલાકાત કરશો, જ્યારે એમનાથી તમારી મુલાકાત થાય ત્યારે તેમને મારા સલામ પહોંચાડશો, તેમના ઉત્તરાધિકારી તેમના ફરજંદ જઅફર સાદિક હશે, પછી મુસા બિન જઅફર, પછી અલી બિન મુસા,

પછી મુહમ્મદ બિન અલી, પછી અલી બિન મુહમ્મદ, પછી હસન બિન અલી હશે, હસન બિન અલી (અ.) ના ઉત્તરાધિકારી એમના ફરજંદ હશે, જેમનું નામ મારૂં નામ હશે અને જેમની કુન્નીયત (લકબ) મારી કુન્નીયત હશે, અને તેઓ ધરતી ઉપર "હુજ્જતે ખુદા" અને લોકોની દરમ્યાન "બકીયતુલ્લાહ" હશે. (એટલે કે ખુદાતઆલા તેમને દીનની હિફાઝત માટે જીવતા રાખશે) તેઓ પૂર્વથી પશ્ચિમ સુધીની સમગ્ર દુનિયાને ફતેહ કરશે, તેઓ તેમની તાબેદારી કરવાવાળાઓ અને તેમના ચાહકોની નજરોથી એટલી લાંબી મુદત સુધી ગયબતમાં રહેશે, કે તેમની ઈમામતનો અકીદો ફકત તેમના દીલોમાં બાકી રહી જશે, જેના ઇમાનની પરિક્ષા અલ્લાહે લઈ લીધી હશે."

જાબિરે પુછયું “અય અલ્લાહના રસુલ ? શું તેમની ઉપર ઇમાન લાવનારાઓ તેમની ગયબતમાં તેમનાથી ફાયદો મેળવી શકશે ?”

પયગમ્બર (સ.અ.વ.)એ ફરમાવ્યું “જરૂર, ખુદાની કસમ, જેણે મને નબુવ્વત બક્ષી છે, લોકો એમની ગયબતમાં પણ એમની રોશનીથી હિદાયત પામશે, અને તેમની વિલાયત અને તેમની મોહબ્બતથી ફાયદો ઉઠાવશે, બિલ્કુલ એવી રીતે જેવી રીતે લોકો જ્યારે સૂર્ય છુપાઈ જાય છે, છતાં પણ તેનાથી ફાયદો ઉઠાવે છે.”

“અય જાબિર ! આ વાતો ખુદાના છુપા ભેદોમાંથી છે, અને અલ્લાહના ઇલ્મના છૂપા ખજાનાઓમાંથી છે. તેથી કરીને ફક્ત યોગ્ય સિવાય કોઈની સામે વર્ણન ન કરો.” - [કીફાયતુલ અષર

અબુલ કાસિમઅલી અલ ખઝાર અલ. રાઝી, પ્રકાશન કુમ ઇ.સ. ૧૯૮૧, પેજ નં. ૫૩ ]

આ હદીસનું શીયાઓની કિતાબોમાં વિસ્તારથી વર્ણન છે, જ્યારે સુન્નીઓની કિતાબોમાં સવિસ્તૃત વર્ણન નથી, છતાં પણ સુન્નીઓની ઘણી બધી રિવાયતો આવી છે, કે જેમાં ઈમામોનું ટૂંકું વર્ણન મળે છે, એમાંથી કેટલીક રિવાયતોનું વર્ણન અમે હવે પછીના પ્રકરણમાં કરીશું.

આટલી વિસ્તૃત ચર્ચા પછી આ વાત સ્પષ્ટ થઈ જાય છે કે, ઝાલિમ અને અત્યાચારી હાકેમોની તાબેદારીનો પ્રશ્ન જ ઉપસ્થિત નથી થતો.

આ આયતમાં કદાપિ આ હુકમ નથી આપવામાં આવ્યો કે, તેઓ પોતાના હાકેમોની - બાદશાહોની તાબેદારી કરે, શકય છે કે તેઓ

જાલીમ, અત્યાચારી, અજ્ઞાની, સ્વાર્થી, લાલચી અને મનેચ્છાઓના ગુલામ હોય.

ખરેખર તો ખુદાએ આપણને એ હુકમ આપ્યો છે કે, અલ્લાહે મુકર્રર કરેલા, જ્ઞાનના ભંડાર સમા બાર ઈમામોની તાબેદારી કરો, તેઓ સર્વે માસુમ હતા. તેમના વિચારો અને કાર્યો પવિત્ર અને શુદ્ધ હતા, તેમની તાબેદારી કરવાથી કોઈપણ પ્રકારનો ભય નથી, બલ્કે તેમની તાબેદારી આપણને દરેક પ્રકારના ભયસ્થાનોથી સુરક્ષિત રાખે છે, તેઓ ખુદાની મરજી વિરૂદ્ધ કોઈ હુકમ આપી જ નથી શકતા, તેઓ સમગ્ર દુનિયાના ઇન્સાનો સાથે ન્યાય, પ્રેમ, અને સમાનતાની વર્તણુંક કરવાવાળા છે.

## પ્રકરણ-૧૬ : બાર ખલીફાઓ અથવા ઈમામો

હવે હાફેઝ સુલયમાન બિન ઇબ્રાહીમ કન્દુઝી હનફી શૈખુલ ઈસ્લામ કુસ્તુનતુનીયા (હીજરી ૧૨૯૪)ની પ્રખ્યાત કીતાબ “યનાબિઉલ મોવદત”નું ૭૭મું પ્રકરણ ધ્યાનથી જોઈએ.

તેમણે પ્રથમ સહીહ બુખારી, સહીહ મુસ્લિમ, સનન અબુ દાઉદ અને સહીહ તિરમિઝી સહિત અનેક બીજી કિતાબોના હવાલાથી રસુલુલ્લાહ (સ.અ.વ.)ની પ્રખ્યાત હદીસ વર્ણવી કે -

“મારા પછી બાર ખલીફાઓ થશે તેઓ બધાજ કુરેશથી હશે.”

ત્યારબાદ વિદ્વાન મોહદ્દસે ઘણી બધી હદીસો નકલ કરી છે, કે પયગમ્બર (સ.અ.વ.) એ

ફરમાવ્યું "હું અને અલી અને હસન અને હુસૈનની અવલાદમાંથી નવ હઝરાત પવિત્ર અને માસુમ છે."

સાથે સાથે આ હદીસ પણ નકલ કરી છે કે જેમાં રસુલે અકરમ (સ.અ.વ.) એ ઈમામ હુસૈનને ફરમાવ્યું "તમે સરદાર છો, સરદારના પુત્ર છો, અને સરદારના ભાઇ છો, તમે ઈમામ છો, ઈમામના ફરઝંદ છો, અને ઈમામના ભાઇ છો, તમે હુજ્જત છો, હુજ્જતના ફરજંદ છો, અને નવ હુજ્જતોના બાપ છો, અને નવમા તેમનામાંથી મહદી કાયેમ છે."

અલ્લાહુમ્મ સલ્લે અલા મોહમ્મદીંવ વ આલે મોહમ્મદ

આવી ઘણી બધી હદીસોના વર્ણન પછી હાફેઝ કન્દુઝી લખે છે કે:

“સંશોધનકારોના કથન અનુસાર આ હદીસો (કે,નબી(સ.અ.વ.) ના પછી આપના બાર ખલીફાઓ થશે) પ્રખ્યાત છે, અને ઘણી સનદોથી રિવાયત થઈ છે, પ્રચલિત સમયના વહેણ સાથે ઐતિહાસીક સત્યો તરફ દૃષ્ટિપાત કરતાં માલુમ પડયું કે આ હદીસોમાં હુઝુર (સ.અ.વ.) એ તે બાર ઈમામોનું વર્ણન કર્યું છે, જેઓ આપ (સ.અ.વ.) ની એહલેબયતમાં -આપની અહલેબયતમાંથી થયા છે.”

આ હદીસને તે ચાર ખોલફાએ રાશેદીન પર બંધબેસતી નહીં કરી શકાય, કદાપિ થઈ શકે પણ નહિ, જેઓ આપ (સ.અ.વ.) પછી આપ (સ.અ.વ.)ના અસ્હાબમાંથી થયા હતા, કેમકે તેમની સંખ્યા બારથી ઓછી છે.

અને આ પણ અશક્ય છે કે આ હદીસને ઉમવી (બની ઉમય્યાના) રાજાઓ પર બળજબરીથી થોપી દેવાની કોશીશ કરવામાં આવે, જ્યારે કે તેમની સંખ્યા બારથી વધારે છે, અને તેઓ બધાજ ઝાલીમ અને અત્યાચારી હતા, (એક ઉમર બિન અબ્દુલ અઝીઝને બાદ કરતાં) બીજી વાત એ છે કે આ બધાજ ઉમવી રાજાઓ બની હાશિમમાંથી ન હતા, જ્યારે હુઝુર (સ.અ.વ.) ની હદીસ છે કે, મારા પછી આવનાર બાર ઈમામો બની હાશિમમાંથી જ હશે.”

“અને આ હદીસને બની અબ્બાસના બાદશાહો ઉપર પણ બંધબેસતી નહીં કરી શકાય, કારણકે પ્રથમ તો તેઓની સંખ્યા બાર કરતાં ઘણી વધારે છે, બીજું તેઓએ પણ આયએ મવદ્દત ફીલ

કુરબા (નબીની એહલેબયતથી મહબ્બત) અને હદીસે કીસાઅના તકાજાની ખુલ્લી નાફરમાની કરી.”

“હવે આ હદીસની સમજુતિ (અર્થઘટન) નો ફકત એકજ વિકલ્પ બાકી રહી જાય છે. અને તે એ છે કે યકીન કરવામાં આવે કે આ હદીસ તે બાર ઈમામો તરફ ઇશારો કરી રહી છે, જેઓ રસુલુલ્લાહ (સ.અ.વ.)ના એહલેબયતમાં અને આપના સંતાનમાંથી છે, કારણ કે આ બુઝુર્ગો પોતાના સમયના સર્વશ્રેષ્ઠ આલિમ, અને પ્રધાનતા ધરાવનાર હસ્તીઓ હતા, સૌથી વધારે દયાવાન, રહમદીલ, મુત્તકી, પરહેઝગાર અને ખાનદાનની દ્રષ્ટિએ શ્રેષ્ઠ હતા, અને તેઓ વ્યક્તિગત દ્રષ્ટિએ સર્વ શ્રેષ્ઠ ઇલ્મીયતવાળા અને ખુદાની સમીપ સૌથી વધુ ઇજ્જતવાળા હતા.”

"આ બાર ઈમામોને પ્રાપ્ત થયેલું ઇલ્મ તેમના પૂર્વજ સય્યદુલ અંબિયા રસુલે ખુદાના ઇલ્મના સ્ત્રોતમાંથી પોતપોતાના પવિત્ર પૂર્વજોના માધ્યમ દ્વારા વારસામાં મળ્યું હતું, જે સીધું ઇલ્મે ઇલાહી પર નિર્ધારીત છે, જેને આપણે ઇલ્હામ કહીએ છીએ, આ વાતોને ઇલ્મે ઇલાહીનુ સંશોધન કરનારા તથા તેની શક્તિ ધરાવનાર લોકો જાણે છે, જેથી તેઓ આ વાતની પુષ્ટી કરે છે કે આ હદીસમાં રસુલુલ્લાહ (સ.અ.વ.) એ બાર ઈમામોનો ઉલ્લેખ કર્યો છે, જેઓ આપના સંતાનમાંથી છે, આ વાતના સમર્થનમાં સાક્ષીરૂપ હદીસે સકલૈન અને બીજી અનેક હદીસો છે, જે હદીસો આ કિતાબ તથા બીજી અનેક કીતાબોમાં વખતો વખત વર્ણવાયેલી છે."

[યનાબીઉલ મોવદ્દત, સૈયદ સુલયમાન કન્દૂઝી, પ્રકરણ - ૭૭, પેજ નં. ૪૪ થી ૪૪૭]

# પ્રકરણ-૧૭ : બાર ઈમામો વિશે થોડીક માહિતી

**પહેલા ઈમામ :-** અમીરૂલ મોઅમેનીન અબુલ હસન અલી અલ મુર્તઝા બિન અબી તાલિબ (અ.સ.)

**વિલાદત :-** ૧૩મી રજબ બેઅસતે નબીના દસ વર્ષ અગાઉ ઇ.સ. ૬૦૦ના ખાનએ કાબામાં. ૨૮મી સફર હિ. ૧૧ (ઇસ્વી ૬૩૨)ના આં હઝરત (સ.અ.વ.) ની વફાત પછી ઈમામ બન્યા.

**શહાદત :-** તા. ૧૯મી રમઝાન હિ. ૪૦ના મસ્જિદે કુફામાં નમાઝની હાલતમાં ઈબ્ને મુલ્જીમની ઝેર પાયેલી તલવારથી ઝખ્મી થયા અને બે દિવસ પછી તા. ૨૧મી રમઝાન હી.સ. ૪૦ (ઈ. ૬૬૧)ના શહાદત પામ્યાં અને નજફે અશરફ (ઇરાક)માં દફન થયા.

**બીજા ઈમામ** :- અબુમોહમ્મદ અલ હસન અલ મુજતબા બિન અલી (અ.સ.)

**વિલાદત** :- તા.૧૫મી રમઝાન હિ.3 (ઇ. ૬૨૫) મદીના.

**શહાદત** :- તા ૭મી અથવા ૨૮મી સફર હિ. ૫૦ (ઇ.સ. ૬૭૦) ઝહેરથી મદીનામાં શહાદત પામ્યા.

**ત્રીજા ઈમામ** :- સય્યદુશ્શોહદા અબુ અબ્દિલ્લાહિલ હુસયન બિન અલી(અ.સ.)

**વિલાદત** :- તા.3જી શાબાન હિ. ૪ (ઇ. ૬૨૬) મદીના.

**શહાદત** :- તા. ૧૦મી મોહર્રમ હિ. ૬૧ (તા. ૧૦-૧૦-૬૮૦ ઇ.સ.)ના પોતાના સગાંવહાલાઓ, મિત્રો,અને સ્નેહિઓ અને સાથીઓ સાથે કરબલા (ઇરાક)માં શહીદ થયા. તેઓ અને તેમના મોટા

ભાઇ હસને મુજતબા, હઝરતે ફાતેમા ઝહરા બિન્તે રસૂલ (સ.અ.વ.)ના પુત્રો હતા.

**ચોથા ઈમામ** :- અબુ મોહમ્મદ,અલી ઇબ્નુલ હુસયન, ઝયનુલ આબેદીન (અ.સ.)

**વિલાદત** :- તા.૫મી શાબાન હિ. ૩૬ [એક રિવાયત મુજબ ૧૫મી જમાદીય્યુલ અવ્વલ] (ઇ. ૬૫૯).

**શહાદત** :- તા. ૨૫મી મોહર્રમ હિ. ૯૪ અથવા ૯૫ (ઇ. ૭૧૨ અથવા ૭૧૩) ઝહેરથી મદીનામાં શહાદત પામ્યા.

**પાંચમા ઈમામ** :- અબુ જા’ ફર, મોહમ્મદ અલ બાકિર બિન અલી ઝયનુલ આબેદીન (અ.સ.)

**વિલાદત** :- તા. ૧લી રજબ હિ. ૫૭ (ઇ. ૬૭૭) મદીના.

**શહાદત** :- તા. ૭મી ઝિલહજ્જ હિ. ૧૧૪ (ઇ. ૭૩૩) ઝહેર દ્વારા મદીનામાં શહાદત પામ્યા.

**છઠ્ઠા ઈમામ** :- અબુ અબ્દુલ્લાહ જા' ફર અસ્સાદિક બિન મોહમ્મદ અલ બાકિર (અ.સ.)

**વિલાદત** :- તા. ૧૭મી રબીઉલ અવ્વલ હિ. ૮૩(ઇ. ૭૦૨) મદીના.

**શહદાત** :- તા. ૨૫મી શવ્વાલ હિ. ૧૪૮ (ઇ. ૭૬૫) [એક રિવાયત મુજબ ૧૫મી રજબ] મદીના ખાતે ઝહેરથી શહાદત પામ્યા.

**સાતમા ઈમામ** :- અબુલ હસન અલ અવવલ મુસા અલ કાઝિમ બિન જા' ફર અસ્સાદિક (અ.સ.)

**વિલાદત** :- તા. ૭મી સફર હિ.૧૨૯(ઇ. ૭૪૬) મદીનાથી સાત માઇલના અંતરે આવેલ 'અલ-અબવા' નામના સ્થળે થઈ.

**શહાદત** :- તા. ૨૫મી રજબ હિ. ૧૮૩ (ઇ. ૭૯૯) અબ્બાસી ખલીફા હારૂન રશીદે આપેલ ઝહેર વડે બગદાદની જેલમાં શહીદ થયા અને બગદાદ પાસે આવેલ કાઝમૈનમાં દફન થયા.

**આઠમા ઈમામ** :- અબુલ હસન અસ્સાની અલી રેઝા બિન મુસા અલ કાઝિમ (અ.સ.)

**વિલાદત** :- તા. ૧૧મી ઝિલકાદ હિ. ૧૪૮(ઇ. ૭૬૫)

**શહાદત** :- તા. ૧૭મી સફર હિ. ૨૦૩ (ઇ. ૮૧૮) ઝહેરથી શહાદત પામ્યા. મશહદ (ખુરાસાન - ઈરાન).

**નવમા ઈમામ** :- અબુ જા'ફર અસ્સાની મોહમ્મદ તકી અલ જવાદ બિન અલી રેઝા (અ.સ.)

**વિલાદત** :- તા. ૧૦મી રજબ હિ. ૧૯૫(ઇ. ૮૧૧) મદીના.

**શહાદત** :- તા. ૩૦મી ઝીલ્કાદ હિ. ૨૨૦(ઇ. ૮૩૫) ઝહેરથી શહાદત પામ્યા અને પોતાના દાદાની બાજુમાં કાઝમૈનમાં દફન થયા.

**દસમા ઈમામ** :- અબુલ હસન અસ્સાલિસ અલીય્યુન નકી અલ હાદી બિન મોહમ્મદ તકી (અ.સ.)

**વિલાદત** :- તા.૫મી રજબ હિ. ૨૧૨ (ઇ. ૮૨૭) [એક રિવાયત મુજબ તા. ૧૫મી ઝીલ્હજ્જ] મદીના.

**શહાદત** :- તા ૩જી રજબ હિ. ૨૫૪ (ઇ.૮૬૮) [એક રિવાયત મુજબ તા. ૨૬મી જમાદીયુસ્સાની] ઝહેર દ્વારા શહાદત પામ્યા. સામર્રા (ઇરાક).

**અગીયારમા ઈમામ** :- અબુ મોહમ્મદ અલ હસન અલ અસ્કરી બિન અલીય્યુન - નકી (અ.સ.)

**વિલાદત** :- તા ૮મી રબીઉસ સાની હિ. ૨૩૨(ઇ.૮૪૬) [એક રિવાયત મુજબ તા. ૧૦મી રબીયુસ્સાની] મદીના.

**શહાદત** :- તા ૮મી રબીઉલ અવ્વલ હિ. ૨૬૦ (ઇ. ૮૭૪) ઝેરથી શહાદત પામ્યા. સામર્રા (ઇરાક).

**બારમા ઈમામ** :- અબુલ કાસિમ અલ મેહદી ઇબ્નુલ હસન અસ્કરી (અ.સ.)

**વિલાદત** :- તા. ૧૫મી શાબાન હિ.૨૫૫ (ઇ. ૮૬૯) સામર્રામાં જન્મ્યા. આપ આપણા ઝમાનાના ઈમામ છે. આપે હિ.સ. ૨૬૦માં ગયબતે સુગરા અખ્ત્યાર કરી, જે હિ.સ. ૩૨૯ સુધી જારી રહી, ત્યાર પછી ગયબતે કુબરા શરૂ થઈ, જે આજે પણ જારી છે.

આપનો ઝુહુર, જ્યારે ખુદાનો હુકમ થશે ત્યારે થશે. ઝાહેર થઈને આખી દુન્યા ઉપર ‘હુકુમતે ઇલાહિય્યહ’ સ્થાપશે, અને દુન્યાને અદલો ઈન્સાફથી એવી રીતે ભરી દેશે, જેવી રીતે કે તે ઝુલ્મ અને અન્યાયથી ભરાઇ ગઈ હશે.

**આપના અલ્કાબ છે** : ‘અલ કાએમ’, એટલે કે એવી હસ્તી કે જે દુન્યામાં હુકૂમતે ઇલાહિય્યહ સ્થાપવા માટે કયામ કરશે.

અલ - હુજ્જત એટલે કે અલ્લાહની મખ્લૂક (સર્જન) ઉપર અલ્લાહની દલીલ.

**સાહેબુઝ-ઝમાન** : વર્તમાન યુગ (ઝમાના)ના હાકિમ.

**સાહેબુલ અમ્ર** : ખુદા તરફથી મળેલ સત્તાના અધિકારી.

# પ્રકરણ-૧૮ : ખિલાફતના વિષયમાં એહલે સુન્નતનું દ્રષ્ટિબિંદુ

સામાન્ય વાતચીત તથા પ્રવચનો સાંભળતા ઘણાખરા સુન્ની ભાઇઓ ‘અશઅરી’ અકીદાના માનવાવાળા દેખાય છે. ‘અશાએરા’ અને ‘મુઅતઝલા’ કહે છે કે ઈમામત અને ખિલાફતની સ્થાપના કરવી વાજીબ છે, પણ આ ફરજ ઉમ્મતની છે કે ઉમ્મત એક ખલીફાની નિમણુંક કરે, ફરક બન્નેમાં માત્ર એટલો જ છે કે મુઅતઝલીઓ ખલીફાની નિયુક્તિ અક્કલની દ્રષ્ટિએ વાજીબ માને છે. જ્યારે અશાએરા હદીસની દ્રષ્ટિએ વાજીબ માને છે.


amillibrary.com

નસફીઓનો અકીદો છે કે મુસલમાનોમાં સામાજિક આદેશોનું પાલન કરવા માટે ઈમામનું હોવું જરૂરી છે. આદેશોનું પાલન ઈમામ વગર નથી થઈ શકતું. એક ઈમામનું હોવું જરૂરી છે કે જે ખુદાની વહદાનીયત અને ઈસ્લામના હુકમોને લાગુ કરે, ઝકાત, ખયરાત, સદકાત, ઉઘરાવી તેનું સામુહિક ધોરણે વિતરણ વ્યવસથા કરે. રાજ્યમાંથી ચોર, લુંટારા, અને ગુંડાગીરીનો નાશ કરે, નમાઝે જુમ્આ તથા ઇદોની નમાઝની વ્યવસ્થા કરે. લોકોના અંદરોઅંદરના ઝઘડાઓમાં સાક્ષીઓને સાંભળી ન્યાય આપે, મતલબ ન્યાયવ્યવસ્થા કાયમ કરે. એવા અનાથ, યતીમ નાબાલિગ છોકરાઓની સંભાળ લે. જેમનું કોઈ વાલી વારસ ન હોય, અને ગરીબો તેમજ જરૂરતમંદોમાં માલેગનીમતની

વહેચણી કરે. [શર્હે અકાઇદે નસફી, તફતાઝાની પ્રકાશન ઇસ્તંબુલ, હીજરી ૧૩૨૬, પેજ નંબર ૧૮૫]

“ટુંકમાં એહલે સુન્નત ભાઇઓ એક દુન્યવી બાદશાહ ઇચ્છે છે. જ્યારે શીયાઓ એક એવી હસ્તીના અસ્તિત્વનો અકીદો ધરાવે છે, જે જમીન ઉપર હુકુમતે ઇલાહીયાહ કાયમ કરે, અને દુનિયામાંથી બુરાઇઓનો નાશ કરે.” [Miller W.M. Tr. of al-Babul hadi ashar, Luzac, London-1958. Notes P.98]

એહલે સુન્નતા અકીદા મુજબ ખલીફાની નિમણુંક નીચે જણાવેલી ચાર પદ્ધતિઓમાંથી કોઈ પણ એક પદ્ધતિ દ્વારા થઈ શકે છે.

**(અ) ઇજમાઅ** :- [પ્રથમ ખલીફા અબુબકર આવા ઇજમાઅ દ્વારા ખલીફા બન્યા હતા]

**અર્થાત** :- કોઈપણ વાત ઉપર બધાનું સંમત હોવું. સામાન્ય વ્યક્તિઓ જેમનો ફેસલો માની લે એવી ક્ષમતા ધરાવનાર અમૂક વ્યક્તિઓનું સહમત થઈ જવું. સંપૂર્ણ ઉમ્મતનું એકમત હોવું જરૂરી નથી. તથા બધી જ અગ્રણ્ય વ્યક્તિઓનું એકમત હોવું પણ જરૂરી નથી.

**(બ) ઇસ્તેખલાફ** :- [બીજા ખલીફા ઉમર ઇસ્તેખલાફ દ્વારા ખલીફા બન્યા હતા]

**અર્થાત** :- ભૂતપૂર્વ ખલીફા પોતાના ઉત્તરાધિકારીની નિમણુંક કરે.

**(ક) શૂરા** :- [ત્રીજા ખલીફા ઉસ્માન શૂરા દ્વારા ખલીફા બન્યા હતા]

**અર્થાત** :- એક કમિટિ હોય, જે ખિલીફાની નિયુક્તિ કરે.

**(ખ) કહર વ ગલબા** :- [મઆવીયા, યઝીદ અને એની અવલાદો, તથા ત્યારબાદના બની અબ્બાસના બધાજ બાદશાહો જોર, જુલ્મ, કહર - ગલબા અને અત્યાચાર દ્વારા ગાદી ઉપર આવ્યા હતા]

**અર્થાત** :- કોઇ પણ વ્યક્તિ લશ્કરી બળ દ્વારા ખિલિફત ઉપર કબજો જમાવી લે, તો તે પણ ખલીફા ગણાશે.

શરહ અલ મકાસિદમાં છે કે :- “જો કોઈ ખલીફાનું મૃત્યુ થાય અને બીજી વ્યક્તિ જે ખિલાફતની યોગ્યતા ધરાવતી હોય, તે ખિલાફતનો દાવો કરે (ભલે એની બયઅત ન કરવામાં આવી હોય અને ભૂતપુર્વ

ખલીફાએ એનું નામકરણ (પસંદગી) પણ ન કરી હોય) તો એનો ખિલાફત માટેનો દાવો માન્ય રાખવામાં આવશે. શરત આ છે કે તે લોકોને પોતાની તાકત દ્વારા પરાજિત કરી દે. પરંતુ આ હુકમ ત્યારેજ લાગુ કરવામાં આવશે જ્યારે નવો ખલીફા જાહીલ અને દુરાચારી હોય."

"એવી જ રીતે જ્યારે કોઈ ખલીફા પોતાની ખિલાફત લશ્કરી બળ દ્વારા સ્થાપિત કરી દે, અને બીજી વ્યક્તિ તેને પરાજિત કરીને ખલીફા બની જાય તો, આ પરાજિત થયેલો, હારી ગયેલો ખલીફા પદભ્રષ્ટ ગણવામાં આવશે, અને વિજયી વ્યક્તિને ખલીફા અથવા ઈમામની જગ્યાએ કબુલ કરવામાં આવશે." [શર્હે મકાસિદુત - તાલેબીન સઅદ બિન મસ્ઉદ બિન તફતાઝાની ભા.૨, ઇસ્તમ્બુલ પ્રકાશન ૧૩૦૫ હિ, પા. ૨૭૨.]

# પ્રકરણ-૧૯ : ખિલાફત માટેની શરતો

**એહલે સુન્નતના અકીદા પ્રમાણે ખલીફા બનવા માટે દસ શરતો જરૂરી છે :-**

(૧) બાલિગ હોય, (૨) અક્કલવાળો હોય,(પાગલ ન હોય) (૩) આઝાદ હોય,(ગુલામ ન હોય) (૪) મર્દ હોય, સ્ત્રી ન હોય, (૫) જેહાદ કરી શકતો હોય, અને યુદ્ધકળામાં પારંગત હોય, (૬) બહાદુર હોય, (૭) જનસાધારણ તેની પાસે પહોંચી શકે, ભૂગર્ભવાસી ન હોય, (૮) મુસલમાન હોય,(૯) ન્યાયી હોય,(૧૦) ફરિયાદોનો નિકાલ કરવાની આવડત ધરાવતો હોય, શરીઅતની બાબતોમાં ફતવો આપી શકતો હોય, એટલે કે મુજતહીદ હોય. [તફતાઝાની શરહ અકાઇદે નસફી]

પરંતુ છેલ્લી બે શરતો ફક્ત કાગળ .પર લખાયેલી છે - શોભારૂપ છે. એટલા માટે કે આગળના પ્રકરણમાં વર્ણન થઈ ચુકયું છે કે એક જાહીલ અને બદકાર વ્યક્તિ પણ ખલીફા થઈ શકે છે. જેથી કરીને ખલીફા માટે અદ્લો ઇન્સાફ અને ઇજતેહાદ [કુર્આન હદીસનો અભ્યાસ કરી તેના ઉપરથી મસાઈલ શોધવાને ઇજતેહાદ કહે છે.]ની શરતો માત્ર એક દંભ છે.

એમનો અકીદો છે કે ખલીફા બનવા માટે માસુમ હોવું જરૂરી નથી, આ અકીદાની સાબિતી માટે સ્વયં હ. અબુબકરનું કથન જે એમણે સહાબાની એક સભામાં મિમ્બર પર કર્યું હતું તે આ મુજબ છે -

“લોકો, હું તમારી ઉપર ખલીફા બનાવવામાં આવ્યો છું. જો કે હું તમારા સર્વે કરતા બહેતર નથી. તેથી કરીને જો હું મારી ફરજો વ્યવસ્થિત રીતે અદા કરૂં તો તેમાં મારી મદદ કરો, અને જો હું વાંકો ચાલુ તો મને સીધો કરી દેજો, ખેરખર મારા માટે એક શયતાન છે, જે કદી કદી મારી ઉપર સવાર થઈ જાય છે. તો જ્યારે હું ગુસ્સામાં હોઉં, તો મારાથી દૂર રહેજો.” [તારીખે ખુલફા, અલ્લામા સીયુતી, પેજ નં. ૭૧]

અલ્લામા તફતાઝાની શરહ અકાઇદે નસફીમાં લખે છે કે, ખલીફાને તેના ગુનાહીત કૃત્યો અને અત્યાચારોના કારણે પદભ્રષ્ટ ન કરવો જોઇએ. [તફતાઝાની શરહ અકાઇદે નસફી]

# પ્રકરણ-૨૦ : હઝરત અબુબકરની ખિલાફત કેવી રીતે અમલમાં આવી ?

ઉપરોક્ત સર્વે સિદ્ધાંતો કોઈ આયત અથવા હદીસના આધાર ઉપરથી લેવામાં નથી આવ્યા, પરંતુ આ દ્રષ્ટિંબિંદુઓ તથા એહલે સુન્નતની આ સંપૂર્ણ વિચારધારા નબી (સ.અ.વ.) ની વફાત પછી બનેલા બનાવો અને પરિસ્થિતિ મુજબ બનેલી ઘટનાચક્ર પર આધારિત છે.

એહલે સુન્નતની માન્યતા પ્રમાણે પ્રથમ ચાર ખલીફાઓને ખોલફાએ રાશેદીન કહેવામાં આવે છે. એટલે કે જેમણે સાચી હિદાયત પ્રાપ્ત કરી, હવે આ બાબત ઉપર થોડીક ચર્ચા કરીએ કે ખિલાફતે

રાશેદહની (સાચા હિદાયતવાળા રસ્તાવાળી) પ્રથમ ખિલાફત કેવી રીતે અમલમાં આવી ?

જ્યારે પયગમ્બર (સ.અ.વ.)ની વફાત થઈ, અને જેવી આ ખબર ચારે તરફ ફેલાઇ કે તરત જ મદીનાના કેટલાક મુસલમાનો જેમને અન્સાર કહેવામાં આવે છે. સકીફહ બની સઅદહમાં ભેગા થયા "સકીફહ બની સઅદહ એક ગુપ્ત સ્થળ હતું, જ્યાં અરબો અરૂચિકર તથા અપ્રિય કાર્યવાહીઓ કરવા માટે ભેગા થતા હતા." [ગયાસુલ્લુગાત - અલ્લામા ગ્યાસુદીન, પ્રકાશન નવલકિશોર પ્રેસ, લખનવ, ઇ.સ. ૧૮૬૭. પેજ નં. ૨૨૮] ત્યાં સઅદ બિન અબાદહ નામના એક અન્સારી સહાબીને લાવવામાં આવ્યા. જેઓ બિમાર હોવાથી ખુરશીમાં બેસાડીને ચાદર ઓઢાડીને ત્યાં

લાવવામાં આવ્યા. એટલા માટે કે એમને ખલીફા તરીકે ચૂંટવામાં આવે, સઅદ બિન અબાદહએ ત્યાં ભેગા થયેલા લોકોમાં એક ટુંકુ પ્રવચન આપ્યું. જેમાં એમણે અનસારના વખાણ એમની ફઝીલતો-ખૂબીઓ વગેરેનું વર્ણન કર્યું. સાથે સાથે આ પણ કહ્યું કે તમે આ ખિલાફત ઉપર કબજો કરી લો, તે પહેલાં કે કોઈ બીજી વ્યક્તિ આ હોદ્દા ઉપર કબજો જમાવી લે. અન્સારીઓએ આ ફેંસલા ઉપર સંમત થઈને કહ્યું કે, "અમો તો સ્વયં સઅદને જ ખલીફા બનાવવા માગીએ છીએ." ત્યાર પછી તું, તું, મેં, મેં, શરૂ થઈ ગઇ, અને એક વ્યક્તિ બીજાને એમ કહેવા લાગી કે "જો કુરેશે વિરોધ કર્યો અને તેઓ પણ ખિલાફતના દાવેદાર બનશે તો આપણે એમને શું જવાબ દઈશું ?"

કેટલીક વ્યક્તિઓએ કહ્યું કે અમે એમને આમ કહીશું :

“મીન્ના અમીર વ મીન્કુમ અમીર” - “એક અમીર અમારામાંથી હોય અને એક તમારામાંથી હોય.”

સઅદે કહ્યું, “આ પહેલી કમજોરી છે. જે તમારામાં હું જોઇ રહ્યો છું.”

કોઈએ હઝરત ઉમરને આ સંમેલનની ખબર આપી. અને કહ્યું કે જો તમે હકીકતમાં હુકુમત દ્વારા ઈજ્જત મેળવવા માગતા હો, તો સકીફા પહોંચી જાઓ, વહેલા પહોંચો નહીં તો મામલો આગળ વધી જશે. અને પછી તો તમારા માટે મુશ્કેલીઓ ઉભી થશે કે ત્યાં જે કંઈ બની રહ્યું છે તેને મિટાવી શકો.

આ સાંભળતાં જ ઉમરે અબુબકરને સાથે લીધા અને ઝડપથી સકીફા તરફ રવાના થયા, સાથે અબુ ઉબયદાને પણ લઈ લીધા.

તીબરી, ઈબ્ને અસીર, ઈબ્ને કતીબા અને બીજા અનેક  ઇતિહાસકારોએ [તારીખે તબરી ભાગ-૪, પેજ નં. ૧૮૨૦, તારીખે કામિલ ઈબ્ને અસીર, પ્રકાશન તુરનબરગ (બરલ), ભાગ - ૨, પેજ નં. ૩૨૫. અલ ઈમામતો વસ - સિયાસત ભાગ - ૧, પ્રકાશન કાહેરહ, હિજરી ૧૩૮૭. ઇ.સ. ૧૯૬૭. પેજ નં. ૧૮] નોધ્યું છે કે અબુબકર, ઉમર અને અબુ ઉબયદહ ત્યાં સકીફામાં પહોંચે ત્યાં સાબીત બિન કૈસે ઉભા થઈને અનસારની ફઝીલતો અને ખૂબીઓનું વર્ણન કરવાનું શરૂ કરી દીધું. અબુબકર, ઉમર અને અબુ ઉબયદહ ત્યાં બેઠા તે દરમ્યાન


amillibrary.com

સાબિત બિન કૈસે આ પ્રસ્તાવ રજૂ કર્યો કે ખિલાફત અનસારમાંથી કોઈકને મળવી જોઇએ.

ઇતિહાસકારોની નોંધ પ્રમાણે ઉમર પાછળથી કહ્યા કરતા હતા કે “અનસારના પ્રવક્તાએ જ્યારે પોતાનું સંબોધન પૂર્ણ કર્યું. ત્યારે હું પણ કંઈક કહેવા માંગતો હતો, કારણ કે મેં કેટલીક મર્મભેદી વાતો વિચારી રાખી હતી, પરંતુ અબુબકરે મને ચૂપ રહેવા ઈશારો કર્યો, તેથી હું ચૂપ રહ્યો, અબુબકર વાક્છટા અને જ્ઞાનમાં મારાથી વધુ સારા હતા, તેમણે મારા મોંની વાતો એકદમ કહી દીધી. જે મારા મગજમાં હતી. અને તે વાતોનું વર્ણન મારા કરતાં વધુ સારી રીતે કર્યું.”

રૌઝતુસ્સફાના વર્ણન પ્રમાણે અબુબકરે સકીફાના ટોળાને આ રીતે સંબોધન કર્યું.

“અય અન્સારના લોકો, અમે તમારા ગુણો અને ખૂબીઓથી વાકેફ છીએ, તેને કબૂલ કરીએ છીએ, અમે હજી સુધી તમારી મહેનતો અને કોશીષોને બિલકુલ નથી ભૂલ્યા, જે ઈસ્લામના પ્રચાર - પ્રસાર માટે તમોએ કરી છે, પરંતુ અરબોમાં કુરેશની જે ઇજ્જત અને આબરૂ છે તેવી બીજા કોઈની નથી, અને અરબો કુરૈશીના સિવાય બીજા કોઈની સામે નહીં ઝુકે એટલે કે કોઈની પણ સરદારી કબુલ નહીં કરે.

સીરતે હલબીયાહમાં થોડુંક વધારે વર્ણન છે. અબુબકરે કહ્યું “ગમે તેમ આ પણ એક સત્ય છે કે, અમે મુહાજીરોએ ઈસ્લામ કબુલ કરવામાં પહેલ કરી છે, નબી (સ.અ.વ.) અમારા કબીલાના છે. જેથી કરીને અમે લોકો જ ખિલાફતના હકદાર છીએ,

યોગ્ય પણ એ જ છે કે ખિલાફત મુહાજિરોમાં જ રહે, અને તમે લોકો (અનસાર) વજીરપણું સ્વીકારી લો. અમે લોકો કોઈ પણ કાર્ય તમારા સલાહ મશ્વેરો લીધા વિના નહીં કરીએ. [રોઝતુસ્સફા મુહમ્મદ બિન ખાવીન્દ શાહ, ભાગ - ૨, નવલકિશોર પ્રેસ, લખનવ. પેજ નં. ૨૨૧]

બંને ટોળાઓમાં ઘણો જ ગરમાગરમ વાદ વિવાદ શરૂ થઈ ગયો.તે દરમ્યાન ઉમર બરાડી ઉઠયા, "ખુદાની કસમ હવે જેઓ અમારો વિરોધ કરશે, હું તેને કતલ કરી નાખીશ."

હુબ્બાબ ઈબ્ને મનઝર બિન ઝયદ અનસારી ખઝરજીએ ઉમરને લલકારીને કહ્યું, "ખુદાની કસમ અમે કોઈ બીજી વ્યક્તિની સરદારી કદી કબૂલ નહીં કરીએ કે તે એક ખલીફા તરીકે

અમારા ઉપર હકુમત કરે, પરંતુ એ કે એક અમીર (ખલીફા) તમારામાંથી હોય અને એક અમીર અમારામાંથી હોય" અબુબકરે કહ્યું "ના, ના, એમ ના બની શકે, ખિલાફત અમારો હક્ક છે અને વજીર તમે બનો."

હુબ્બાબે કહ્યું "અય અનસાર તમે એમની વાતોમાં ફસાઇ ન જશો, અડગ રહેજો. ખુદાની કસમ જો આ વખતે કોઇએ પણ મારો વિરોધ કરવાની હિંમત કરી, તો હું આ તલવાર વડે તેનું નાક કાપી નાખીશ."

આ સાંભળીને ઉમરે કહ્યું "ખુદાની કસમ ખિલાફતમાં બે વ્યક્તિની સત્તા ન ચાલી શકે, એક રાજ્યમાં બે બાદશાહો નથી હોઇ શકતા, અને

અરબો તમારી ખિલાફતને કબૂલ નહિ કરે, કારણ કે રસૂલ તમારા કબીલામાંથી ન હતા.”

તારીખે તબરી અને ઈબ્ને અસીર બંનેએ લખ્યું છે કે, હુબ્બાબ અને ઉમરની વચ્ચે આ બાબત ઉપર ઘણી તું, તું, મેં, મેં, થઈ. ઉમરે હુબ્બાબને કહ્યું “ખુદા તમને કતલ કરે” હુબ્બાબ પણ કહ્યું “અલ્લાહ તમને કતલ કરે.”

ઉમર લોકોને ચીરતા સઅદ બિન અબાદહના માથા ઉપર જઇને ઉભા રહ્યા અને તેમને કહ્યું “અમે તમને કચડી નાખીશું, અહીં સુધી કે તમારા હાડકાં ખોખરાં કરી નાખીશું.” આ ધમકીથી એકદમ ગુસ્સે થઈને સઅદ ઉભા થઈ ગયા અને ઉમરની દાઢી પકડી લીધી, ત્યારે ઉમરે

કહ્યું, "જુઓ મારી દીઢીનો એક વાળ પણ તૂટયો તો યાદ રાખશો, ખૈર નથી."

આ સમયે અબુબકરે ઉમરને નરમી અને શાંતિ રાખવાની સલાહ આપી, ઉમરે સઅદ બાજુથી પોતાનું મોં ફેરવી લીધું ત્યારે સઅદ કહી રહ્યા હતા:-

"ખુદાની કસમ જો અત્યારે મારામાં ઉભા રહેવાની શક્તિ હોત તો તમે નિહાળત કે મદીનાની એકેએક ગલી કુચામાંથી સિંહોની ગર્જનાના અવાજો આવત, અને તમે લોકો દૂમ દબાવીને સંતાઇ જાત, અમે તમને ફરીથી તે જ લોકોમાં પહોંચાડી દેત, જેમના હાથ નીચે તમે દબાએલા કચડાયેલા પ્રજાજનો તરીકે હતા. તમે લોકો કદી શાસક નથી બની શકયા."

(અત્રે આ વાત યાદ રહે કે સઅદ બિન અબાદહ અનસારી, જેઓ ઉપરોક્ત વાકયો બોલે છે, તેઓ તે સમયે, બિમાર હતા, ધાબળો ઓઢીને “સકીફા બની સઅદહ” ના સ્થળે આવ્યા હતા.)

ઈબ્ને કુતયબા લખે છે કે જ્યારે “ઔસ” કબીલાના સરદાર બશીર બિન સઅદે આ જોયું કે, બધા જ અનસારીઓ “કબીલા ખઝરજ” ના સરદાર સઅદ બિન અબાદહને ટેકો આપી રહ્યા છે, તેમની સંપૂર્ણ હિમાયત કરી રહ્યા છે, ત્યારે તેઓ ઇર્ષાની આગમાં કુરૈશના મુહાજિરોના હિમાયતી બની ગયા, અને તેમને ખિલાફત પ્રશ્ને ટેકો આપવાનો શરૂ કર્યો. કારણ કે ઔસ અને ખઝરજ બન્ને કબીલાઓ વચ્ચે ઈસ્લામ સ્વીકાર પહેલાની પુરાની દુશ્મની હતી, તે દુશ્મનીએ ફરીથી જોર પકડયું કે દુશ્મન કબીલો

અમારો હાકેમ ન બની જાય. [ઈસ્લામ લાવતાં પહેલાં મદીનામાં આ બંને કબીલા એક બીજાના કટ્ટર દુશ્મન હતા.]

આ હુંસાતુસી, ગાળાગાળી દરમ્યાન ઉમરે અબુબકરને કહ્યું, “હાથ આગળ આપો, જેથી હું આપની બયઅત કરૂં” અબુબકરે કહ્યું, “નહી તમે તમારો હાથ આપો, જેથી હું તમારી બયઅત કરૂં” કારણકે તમે મારા કરતાં વધુ શક્તિશાળી અને ખિલાફત માટે વધારે યોગ્ય છો. પરંતુ ઉમરે આગળ વધીને અબુબકરનો હાથ ખેંચી લીધો અને એમ કહેતાં કહેતા એમનાથી બયઅત લીધી કે “આપની કાર્યકુશળતા અને બુઝુર્ગીની સામે મારી શક્તિની કોઈ કિંમત નથી, છતાંય જો એનું કોઈ મહત્વ છે તો મારી શક્તિ તમારી કાર્યકુશળતા સાથે ભળી

જઇને ખિલાફતની વ્યવસ્થા વધારે સારી રીતે ચલાવશે.” બશીર બિન સઅદે પણ ઉમરનું અનુકરણ કર્યું. આ જોઇને ખઝરજ કબીલાવાળાઓએ બરાડીને કહ્યું કે, તમે સઅદ બિન અબાદહની ઈર્ષામાં આ કૃત્ય કરી રહ્યા છો. પછી કબીલા ઔસના લોકો અંદરોઅંદર કહેવા લાગ્યા કે, જો સઅદ બિન અબાદહ ખલીફા બની જશે તો હંમેશા માટે “ખઝરજ” ના લોકો કબીલા “ઔસ” કરતાં પોતાને અફઝલ(શ્રેષ્ઠ) સમજશે. પછી તો ઔસ કબીલાવાળા હમેશા માટે ખિલાફતથી મહરૂમ થઈ જશે. આ કારણથી ઔસના બધાજ લોકો જેઓ ત્યાં હાજર હતા તેમણે હઝરત અબુબકરની બયઅત કરી લીધી તે વખતે કબીલા ખઝરજની એક

વ્યક્તિએ તલવાર ખેંચી, પરંતુ લોકોએ તેને પકડી રાખ્યો.

જ્યારે સકીફામાં આ ઉપદ્રવ થઈ રહ્યો હતો. તે વખતે હઝરત અલી(અ.) અને આપના દોસ્તો રસૂલુલ્લાહ (સ.અ.વ.) ને ગુસ્લ અને કફન દફનની તૈયારીમાં હતા. જ્યારે હઝરત અલી (અ.) પૈગમ્બરે ખુદા (સ.અ.વ.) ની કફનદફનની બધી જ ક્રિયાઓથી પરવાર્યા. ત્યારે આપને ખબર થઈ કે અબુબકર ખલીફા બની ચુકયા છે. અને પોતાની તથા બની હાશિમની ગેરહાજરીમાં અબુબકરે ખિલાફતનો તાજ પહેરી લીધો છે.

ઈબ્ને કતીબાના શબ્દોમાં જ્યારે અબુબકર ખલીફા બની ચૂકયા તો લોકો હઝરત અલી(અ.) ને જબરદસ્તી ખેંચતા ખેંચતા અબુબકરની પાસે લઈ

ગયા, જો કે હઝરત અલી કહી રહ્યા હતા કે, “હું ખુદાનો બંદો છું, અને રસૂલે ખુદાનો ભાઈ છું.”

હઝરત અલી(અ.) ને કહેવામાં આવ્યું કે તેઓ અબુબકરની બયઅત કરે. ત્યારે હઝરત અલી(અ.) એ ફરમાવ્યું, “તમારામાંથી પ્રત્યેક કરતાં હું ખિલાફતનો વધારે હકદાર છું. હું હરગિઝ તમારી બયઅત કરીશ નહિ, કાનૂની દ્રષ્ટિએ અને ન્યાયસંગત રીતે પણ તમો લોકોએ મારી બયઅત કરવી જોઇએ. તમે અનસારને કહ્યું કે તેઓ (અનસાર) એટલા માટે તમારી બયઅત કરે કે રસૂલુલ્લાહ (સ.અ.વ.)થી તમારો લોહીનો સંબંધ છે. તેમ છતાં તમે રસૂલુલ્લાહ (સ.અ.વ.) ના ઘરવાળાઓ પાસેથી ખિલાફત છીનવી રહ્યા છો ? શું તમો એ અનસાર સામે આ દલીલ રજુ કરી

નથી? કે તમો અનસાર કરતાં ખિલાફતના એટલા માટે વધુ હકદાર છો કે રસુલના કબીલાના છો. અનસારે પણ હુકુમત તમારે હવાલે કરી દીધી. અને તમારી ખિલાફતને સ્વીકારી લીધી. તેથી કરીને હું પણ તમારી સામે એ જ દલીલ રજુ કરી રહ્યો છું, જે તમે અનસારની સામે રજુ કરી હતી. અમારી રસુલ સાથે લોહીની સગાઇ છે. અમારી સગાઇ રસૂલથી જીવન અને મરણ બન્ને હાલતોમાં એટલી નજીકની છે જેટલી તમારામાંથી કોઈની નથી. જો તમે તમારી દલીલોમાં પ્રમાણિક છો, શુદ્ધ હ્રદયથી નિષ્કપટપણે રસૂલના સગાઇ સંબંધ ને માન્ય ગણો છો, તો ન્યાય કરો, નહીં તો સમજી લો કે જાણીબુઝીને અત્યાચાર અને શત્રુતા તરફ જઇ રહ્યા છો.”

ઉમરે કહ્યું, “જ્યાં સુધી તમે બયઅત નહીં કરો ત્યાં સુધી તમને છોડીશું નહિ.”

હઝરત અલી(અ.) એ કહ્યું. “થન તૂમ્હારે હાથમેં હૈ, જીતના ચાહે દૂધ નીકાલ લો.” મતલબ કે હુકુમત તમારી પાસે છે. જેટલો ચાહો તેટલો ફાયદો ઉઠાવી લો. અને તમારામાં જેટલી શક્તિ છે, તેનો પુરેપુરો ઉપયોગ કરીને આ હુકુમતને મજબુત અને સ્થિર બનાવી લો. કારણકે તમે જાણો છો કે આવતીકાલે એ તમોને જ સોંપવામાં આવશે. અય ઉમર ! હું તમારી વાત લગીરે નહીં સાંભળું અને અબુબકરની બયઅત પણ કરીશ નહીં.

છેવટે અબુબકર બોલ્યા,”અલી, અગર તમો મારી બયઅત કરવા ઇચ્છતા નથી, તો હું તમોને મજબૂર પણ નહીં કરૂં.”

# પ્રકરણ-૨૧ : ઉપરોક્ત પ્રસંગોનું ટૂંકુ વિશ્લેષણ

**ઉપર વર્ણવાયેલા પ્રસંગોમાં કેટલીક બાબતો ધ્યાન ખેંચે એવી છે.**

(૧) અરબોમાં રિવાજ હતો કે જો કોઈ નાનુ ટોળું પણ પોતાનામાંથી કોઈકને કબીલાનો સરદાર ચૂંટી કાઢે, તો બીજા લોકો તેનો વિરોધ કરવાનું પસંદ કરતા ન હતા. અને અનિચ્છાએ પણ તેને સરદાર માની લેતા હતા. આ રિવાજ અરબોમાં સામાન્ય રીતે પ્રચલિત હતો. તે જ કારણથી પયગમ્બર (સ.અ.વ.) ના કાકા હઝરત અબ્બાસે આ જ રિવાજને ખ્યાલમા લાવીને હઝરત અલી (અ.) ને કહ્યું હતું, "આપનો હાથ આપો જેથી હું આપથી બયઅત કરી લઉં." કારણકે જો એક વખત કોઈએ

આ વસ્તુને (ખિલાફત) લઈ લીધી, તો પછી કોઈ તેને એમ નથી કહેવાનો કે તેને છોડી દો.

અને આ રિવાજના કારણે જ સઅદ બિન અબાદહ એ અન્સારને કહ્યું હતું "આ ખિલાફતને લઈ લો, એ પહેલા કે કોઈ બીજો એને લઈ લે."

અને આ રિવાજના કારણે જ ઉમરને આમ કહેવામાં આવ્યું કે સકીફહ પહોંચો એ પહેલાં કે મામલો હાથથી નીકળી જાય, પછી ત્યાં જે કંઇ નક્કી થઈ જાય તેને મીટાવવું મુશ્કેલ થઈ જશે. અરબના આ જ રસ્મરિવાજના પરિણામરૂપ એક વખત જ્યારે કેટલાક લોકોએ અબુબકરને ખલીફા માની લીધા ત્યારે મદીનાના મુસલમાનોની બહુમતીએ પણ તેને માન્ય રાખ્યું.

(૨) હઝરત અલી(અ.) અરબોના આ રિવાજને ઘણી સારી રીતે જાણતા હતા તો પછી શા માટે પોતાનો હાથ ન આપ્યો ? જેથી અબ્બાસ  બયઅત કરે ? પરંતુ એવો જવાબ આપ્યો કે, બીજો કોણ છે જે લોકો પાસે બયઅત માગી શકે ? [અલ ઈમામતો વસ્સીયાસત ઈબ્ને કતીબા ભાગ - ૧, પેજ નં.૪.અલ અહકામુલ સુલતાનીયા માવરદી, પ્રકાશન કાહેરહ, પેજ નં. ૭. ઇ.સ. ૧૯૬૬]

આ ઇનકારનું કારણ આ હતું કે હઝરત અલી (અ.) જાણતા હતા, કે આ રસુલુલ્લાહ(સ.) ની ખિલાફત છે. કોઈ કબીલાની સરદારી નથી, ઈમામત લોકોની બયઅતની મોહતાજ નથી. આ એવી જવાબદારી છે જે ખુદાની તરફથી આપવામાં આવે છે. બંદાઓ તરફથી નહીં, બીજુ કે

રસુલુલ્લાહ(સ.) એ હઝરત અલી (અ.) ને જાહેર સભામાં લાખો શ્રોતાઓની સામે ઈમામ નિયુક્ત કર્યા હતા, તેથી આપને કોઈ પાસે જઇને બયઅત માગવાની કોઈ જરૂરત ન હતી. (નોંધ - નબુવ્વત અને ઈમામત એ ખુદાઇ હોદ્દો છે. લોકો નબી કે ઈમામ ને, નબી કે ઈમામ માને કે ન માને, અથવા બહુમતિ નબી કે ઈમામને, નબી કે ઈમામ માને અને લઘુમતિ ન માને, અથવા લઘુમતિ નબી કે ઈમામને નબી કે ઈમામ માને, પરંતુ બહુમતિ ન માને. આ વાતો નબુવ્વત કે ઈમામતના હોદા ઉપર અસરઅંદાજ થશે નહિ. કેટલાક નબીઓ પર ઇમાન લાવનાર ફક્ત એક જ વ્યક્તિ હતી. કેટલાક નબીઓ પર ઇમાન લાવનાર સાત જ વ્યક્તિ હતી. કેટલાક નબીઓ પર ઈમાન લાવનાર ફક્ત સો

વ્યક્તિઓ હતી. એવી પરિસ્થિતિ નબીઓના વસીયો અને ઈમામો તેમજ ઉત્તરાધિકારીઓના મામલામાં પણ છે. તેથી કરીને હઝરત અલી (અ.) એ અબ્બાસને કહ્યું કે, કાકા ઈમામત લોકોના હોદ્દાની મોહતાજ નથી - અનુવાદક.)

હઝરત અલી (અ.) એ લોકો પાસે દોડી જઇ તેમની પાસે બયઅતની ભીખ માગવાની કોઈ જરૂર ન હતી, આપ એમ ઇચ્છતા ન હતા કે લોકો એમ સમજે કે આપની ઈમામતનો દારોમદાર લોકોની બયઅત પર આધારિત છે. જો લોકો જાતે જ આવીને નબી(સ.) ના ગદીરે ખુમના જાહેર એલાનના અનુસંધાનમાં નબી (સ.) ના અને અલ્લાહના હુકમને માન આપી આપની બયઅત કરે તો સુબ્હાનલ્લાહ. અને જો લોકો ગદીરે ખૂમના

અલ્લાહ અને તેના રસૂલના હુકમનો અનાદર કરીને બયઅત ન કરે, તો તેમાં લોકોનું નુકસાન છે, હઝરત અલી (અ.) નું નહીં.

(૩) હવે બની સકીફાના પ્રસંગ પર એક દ્રષ્ટિપાત કરીએ.

પયગમ્બર (સ.) ની હયાતીમાં મસ્જિદે નબવી ઈસ્લામી સરગરમીઓનું મરકઝ હતી. બધીજ ઈસ્લામી પ્રવૃતિઓનું કેન્દ્રસ્થાન હતી. આ જ મસ્જિદમાં યુદ્ધ અને સુલેહના ફેંસલા થતા હતા. વિદેશી કે બીજા કોઈ પણ કબીલાના આવનાર પ્રતિનિધિ મંડળનું સ્વાગત પણ આ જ મસ્જિદમાં થતું હતું. નબી (સ.)નું કે બીજા કોઈનું પણ ઉદબોધન આ જ મસ્જિદે નબવીમાં થતું. વિવાદાસ્પદ કેસોનો ન્યાય પણ અહીં જ આપવામાં

આવતો. તો જ્યારે રસૂલુલ્લાહ (સ.)એ આ દુનિયાથી કૂચ કરી અને આ ખબર જ્યારે ફેલાઇ ત્યારે તમામ મુસલમાનો પણ આ જ મસ્જિદે નબવીમાં ભેગા થયા હતા.

તો પછી એવું કયું કારણ હતું જેને લઈ સઅદ બિન અબાદહ અને તેમના મળતીયાઓએ નક્કી કર્યું કે મદીનાથી પાંચ કિલોમીટર દૂર જઇને તે પણ, ષડયંત્રો અને ગુપ્ત મિટિંગો માટે બદનામ થઈ ચૂકેલી બની સકીફા જેવી જગ્યાએ મિટિંગ બોલાવે ? શું એનું આ કારણ ન હતું કે તેઓ ખિલાફત ઉપર કબજો કરવા માગતા હતા ? લોકોને જાણ કર્યા વગર સઅદને ખલીફા બનાવી પાછળથી મદીનાવાળાઓની સામે રજુ કરે.

જો એલાને ગદીરે ખૂમ અને અરબના પુરાણા રિવાજને દ્રષ્ટિ સમક્ષ રાખી વિચારવામાં આવે તો આ લોકોનો ખિલાફતને આંચકી લેવાનો બદઇરાદો ચોખ્ખો દેખાઇ આવે છે. આ માટે બીજું કોઈ કારણ મળશે નહિ.

(૪) જ્યારે ઉમર અને અબુબકરને સકીફાની મિટિંગની ખબર મળી, ત્યારે એ બન્ને મસ્જિદમાં હતા, અને મુસલમાનોની બહુમતી પણ મસ્જિદમા જ હતી, તો આ બંને બુઝુર્ગોએ લોકોને બની સકીફાની મિટિંગની ખબર કેમ ન આપી ? શા માટે એ બંને બુઝુર્ગો અબુઉબયદહની સાથે ચૂપકીથી ખસીને બની સકીફાના રસ્તે પડયા ? શું આમ કરવાનું એ કારણ ન હતું કે અલી (અ.) અને બની હાશિમ, રસુલુલ્લાહ (સ.) ના ઘરવાળા મસ્જિદમાં

હાજર હતા, જો હઝરત અલી અને બની હાશિમને એમના આ દાવપેચની મિટિંગની ખબર પહોંચી, અને ધારણા બહાર જો એમણે ત્યાં જવાનો ફેંસલો કર્યો, તો પછી કોઈ બીજાની સફળતાનો પ્રશ્ન જ ઉપસ્થિત નથી થતો.

(અબુબકર અને ઉમરની ધારણા તો હતી જ કે, હઝરત અલી(અ.) હુઝુર પૈગમ્બર (સ.) ના કફનદફનની વિધિ પૂર્ણ થયા વગર મસ્જિદે નબવી છોડીને કયાંય જવાના નથી. છતાં જો કહેવામાં આવે અને ધારણા બહાર જો હઝરત અલી(અ.) ત્યાં પહોંચી જાય તો ખિલાફત હઝરત અલી (અ.) ને જ મળે. નવાઇની વાત તો આ છે કે અબુબકર અને ઉમર તથા બીજાઓ જેઓ સકીફામાં ભેગા થયા, અને આ ખુલ્લો દાવ-પેચ રમ્યા તેઓએ નબી

(સ.અ.વ.) ના કફનદફન કશાયમાં હાજરી આપી નથી ! - અનુવાદક)

(૫) જ્યારે અબુબકર મુહાજેરીનના ફઝાઈલ (પ્રધાનતા - તારીફ) વર્ણન કરી રહ્યા હતા કે કેટલાક બીજા પણ બુઝુર્ગો છે જેઓ આ દલીલ રજૂ કરવાના વધારે હકદાર છે. અલી અને બની હાશિમ જેઓ રસૂલુલ્લાહ(સ.) ના એહલેબયત છે અને રસૂલનું ગોશ્ત અને રસૂલનું લોહી છે. અબુબકરની આ દલીલે હઝરત અલી(અ.) ને આમ કહેવા પર મજબુર કર્યા કે "એમણે જે વૃક્ષનો આધાર લઈ દલીલ કરી અને તેનાજ ફળો(યાની આલે રસૂલ) ને બરબાદ કર્યા." [નહજૂલ બલાગા, સૈયદ રઝી સુબહી સાલેહ પ્રકાશન – બૈરૂત]

મતલબ આ છે કે નબુવ્વતના વૃક્ષને આધારભૂત બનાવી - તેના દ્વારા - તેને પ્રમાણિત ગણીને - નબુવ્વતને પોતાના હેતુનું સાધન બનાવીને દલીલો રજુ કરી - ખિલાફત મેળવવાને પોતાને આગળ કર્યા, પરતુ તે જ નબુવ્વતના વૃક્ષના ફળો - આલે રસૂલનો હક માર્યો - બારબાદ કર્યા.

જો તટસ્થપણે - પ્રમાણિકતાપુર્વક આપણે સકીફાની કાર્યવાહી ઉપર વિચારીએ, તો તેને ઇલેકશન (ચૂંટણી) નથી કહી શકતા, કારણકે સમગ્ર ઉમ્મતે મુસ્લિમા જે સંપૂર્ણ અરબમાં ફેલાયેલી હતી, તેમને તો આ અબુબકરને ખલીફા બનાવવાની વાતની ખબર પણ ન હતી ! અરે, સમગ્ર અરબની ઉમ્મતે મુસ્લિમાને છોડો, ઓછામાં ઓછું સમગ્ર

મદીનાના લોકોને પણ આ વાતની ખબર ન હતી અથવા આ વાતની ખબર આપવામાં આવી ન હતી કે કોઈ ચૂંટણી થઈ રહી છે. જેની તારીખ, જગ્યા અને સમયની પણ ખબર ન હતી. મતદારોની વાત ન હતી. મતદારોની વાત છોડો, જે લોકો ઉમેદવાર બની શકે એવા હતા, એમને પણ ખબર ન હતી (ખિલાફત પર કબજો કરવાનો એક દાવપેચ, ષડયંત્ર અને ધોખાબાજી સિવાય સકીફાની કાર્યવાહીને બીજુ કોઈ નામ આપી શકાય નહીં. - અનુવાદક).

હઝરત અલી (અ.) ના બે અરબી શએર, સકીફાની પરિસ્થિતિના અનુસંધાનમાં છે, જેનો અનુવાદ અત્રે રજૂ કરીએ છીએ -

"જો તમારો દાવો છે કે તમે ખિલાફત ઉપર મુસલમાનોના મશ્વેરાથી કબજો જમાવ્યો છે, તો આ કેવો મશ્વેરો હતો, જેમાં મશ્વેરો આપવાવાળા હાજર ન હતા, અને જો તમે તમારા વિરોધીઓને (અનસારોને) એમ કહીને ચુપ કરી દીધા - (દબાવી દીધા) કે તમો રસૂલના સગાસંબંધી છો, કબીલાના છો, તો બીજાઓ તમારા મુકાબલામાં રસુલથી વધારે નજીકના સગાસંબંધીઓ અને તદ્દન નજીકના સગાઓ છે." [નહજુલ બલાગાહ કલમાતે કસાર પા. ૧૯૦ આપે ફરમાવ્યું : "અજબ થવા જેવું છે કે 'સહાબીયત' અને 'કરાબત' (સગપણ) બેય સાથે હોય, તો ખિલાફત ન મળે !!!" અજાયબી પમાડે એવી વાત છે કે, સુબ્હી અસસાલેહ અને મોહમ્મદ અબ્દહુની બૈરૂતમાં છપાયેલી (ઇ.૧૯૭૩) આવૃતિમાં

છેલ્લા શબ્દો : “સહાબીયત” અને “કરાબત” કાઢી નાખવામાં આવ્યા છે. જુઓ, શર્હે નહજુલ બલાગાહ: ઈબ્ને અબીલ હદીદ મોઅતઝલી ભા. ૧૮, પા. ૪૧૬, મિસર પ્રકાશન ઇ. ૧૯૫૯]

આપણે અબુબકરને મળેલી ખિલાફતને “સિલેકશન” પણ નથી કહી શકતા, એટલા માટે કે રસૂલુલ્લાહ (સ.) ના પ્રખ્યાત સહાબીઓની બહુમતિ આ સમગ્ર ઘટનાથી બિલકુલ બેખબર અને અજાણ હતી. જેવા કે હઝરત અલી(અ.), અબ્બાસ, ઉસ્માન, તલ્હા, ઝુબૈર સઅદ બિન અબી વક્કાસ, સલમાન ફારસી, અબુઝર ગિફારી, અમ્માર, મીકદાદ અને અબ્દુર્રેહમાન બિન ઔફ; આ બધામાંથી ન કોઈનો મત જાણવામાં આવ્યો ન કોઈને ખબર આપવામાં આવી.

ફક્ત એક જ દલીલ જે અબુબકરની ખિલાફત માટે રજૂ કરી શકાય છે, તે આ છે કે જુના અરબના રિવાજ પ્રમાણે અબુબકર ખિલાફતનું ખમીસ પહેરી લેવામાં કામ્યાબ થઈ ગયા. તેથી તેઓ ખલીફા ગણાય.

સકીફાની ઘટનાઓની યોગ્યતા જે પણ હોય એનાથી અમારો કોઈ મતલબ નથી. સરળ શબ્દોમાં અબુબકર ખલીફા બની ગયા. કેમકે પ્રભૂત્વ મેળવવામાં સફળ થઈ ગયા. આવી રીતે મુસલમાનોને જાણે અજાણે આ ઘટનાથી એવી પવિત્રતાનો સબક શીખવવામાં આવ્યો કે મૂળ વસ્તુ શક્તિ છે, એક વખત તમો પ્રભૂત્વશાળી બનીને હોદો મેળવી લો, પછી બધુ ઠીકઠાક થઈ જશે, તમો જાઇઝ ખલીફા - બંધારણીય રીતે હુકુમતના વડા

બની જશો,(વખત જતાં મુસલમાનોમાં પૈદા થયેલી લશ્કરી ક્રાંતિની વિચારધારા પણ આ જ દૃષ્ટિકોણના ફળસ્વરૂપ છે.)

છેવટે આ ખિલાફતના પ્રણેતા (રચયિતા) એટલેકે ઉમર બિન ખત્તાબે આ પ્રમાણે ટિકા ટિપ્પણી કરતાં, પોતાની ખિલાફતના સમયમાં કહ્યું:

“મેં સાંભળ્યું છે કે કેટલાક લોકો કહે છે કે ઉમરના મૃત્યુ પછી અમે ફલાણી વ્યક્તિના હાથ ઉપર બયઅત કરીશું, તેઓ જાણી લે, અને પરિચિત થાય, અને એવા વહેમમાં પણ ન રહે કે તેઓને એમ કરવાની છૂટ મળશે, જો કે અબુબકરની બયઅત એક આકસ્મિક હતી, પરંતુ તેઓ સફળ થઈ ગયા. ચોક્કસ તે અચાનક હતી પરંતુ અલ્લાહે તેના નુકસાનથી બચાવ્યા. હવે જો

કોઈ વ્યક્તિ તેની નકલ કરવાનું ઇચ્છશે તો હું તેનું ગળું દાબી દઇશ.” [સહીહ બુખારી, ભાગ-૮, પ્રકાશન મકતબા અલજમહુરીયા કાહેરા, પેજ નં. ૨૧૦, તબરી ભાગ-૪, પેજ નં. ૧૮૨૧]

 amillibrary.com

# પ્રકરણ-૨૨ : હઝરત ઉમરની નિયુક્તિ

બિરાદરાએ એહલે સુન્નતની માન્યતા છે કે, સકીફામાં જે કંઈ બન્યું, તે ઈસ્લામી લોકશાહીનો આત્મા છે, રૂહે જમહુરીયતનું પ્રદર્શન છે. આ માન્યતાના અનુસંધાનમાં, એને નજર સમક્ષ રાખીને એવી આશા રાખવી અયોગ્ય નહીં ગણાય કે લોકશાહી પદ્ધતિની ચૂંટણી વ્યવસ્થાનું રૂપ સકીફાની ચૂંટણી મુજબનું (સકીફાનો જે કંઇ મતલબ લેવામાં આવતો હોય તે મુજબનું ) હવે પછી પણ હોવું જોઇએ. મતલબ અબુબકર પછી પણ બીજા ખલીફાની નિયુક્તી સકીફા મુજબની હોવી જોઈએ.

ઉપર મુજબ અબુબકરની સકીફામાં થયેલી ચૂંટણીના સિદ્ધાંતને ઈસ્લામી લોકશાહીનો પાયાનો

સિદ્ધાંત માની, હવે પછી પણ ઈસ્લામી નેતૃત્વ એજ સિદ્ધાંત મુજબ અમલમાં લાવવો જોઇએ, પરંતુ એમ કરવામાં ન આવ્યું.

કારણકે ઉમર અબુબકરની ખિલાફતના પ્રણેતા હતા. અબુબકરની ખિલાફતના રચયિતા હતા. અબુબકર પોતાની ખિલાફતના માટે ઉમરના ખૂબ જ એહસાનમાં હતા, ઉમરે ષડયંત્ર દ્વારા અબુબકરને ખિલાફત અપાવી એટલું જ નહિ, પરંતુ તેને સ્થાયી બનાવવામાં, મજબૂત બનાવવામાં પણ સંપૂર્ણરીતે મદદગાર રહ્યા, ઉમરનો આ એહસાન ભલા અબુબકર કેવી રીતે ભૂલી શકે ? બીજી વાત અબુબકર એ પણ જાણતા હતા કે, જો મુસ્લિમ ઉમ્મતને પોતાના મૃત્યુ પછી ચુંટણીની આઝાદી આપવામાં આવશે, તો ચૂંટણીમાં ઉમરની સફળતાનું

કોઈ એકપણ ચિન્હ દેખાતું નથી. કારણકે ઉમર કઠોર સ્વભાવના અને સખત દીલના, બેરહમ વ્યક્તિ તરીકે પ્રખ્યાત હતા. તેથી જ અબુબકરે જાતે જ ફેંસલો કર્યો કે, પોતાનો ઉત્તરાધિકારી જાતે જ નિયુક્ત કરી દે. અને તે પણ ઉમરને.

તબરીના કથન અનુસાર જ્યારે અબુબકર મૃત્યુશય્યા  પર સુતેલા હતા, ત્યારે તેમણે ઉસ્માનને બોલાવ્યા અને કહ્યું કે એક નિયુકતી દસ્તાવેજ લખો. જાતે જ લખાવવાનું પણ શરૂ કર્યું :-

**બિસ્મીલ્લા હીર્રહમા નિર્રહીમ.**

આ દસ્તાવેજ છે, અબ્દુલ્લાહ બિન અબી કહાફ઼ા (અબુબકર) તરફથી મુસલમાનોના માટે, કેમ કે....

 amillibrary.com

આટલું લખાવીને તેઓ બેહોશ થઈ ગયા અને ઉસ્માને આ શબ્દો જાતે વધારી દીધા" હું ઉમર બિન ખત્તાબને તમારી વચ્ચે મારા ઉત્તરાધિકારી તરીકે નિયુક્ત કરૂ છું."

જ્યારે અબુબકરને હોશ આવ્યો તો ઉસ્માનને કહ્યું, કયાં સુધી લખ્યું ? તે વાંચો.

ઉસ્માને સંપૂર્ણ લખાણ વાંચી નાખ્યું. અબુબકરે કહ્યું "અલ્લાહો અકબર" અને પછી ખુશ થઈને કહેવા લાગ્યા "મારો ખ્યાલ છે કે તમને ભય પેદા થયો હશે કે, જો આ બેભાનીમાં મારૂં મૃત્યુ થઈ જાય તો કદાચ ઉમ્મતમાં અવ્યવસ્થા ઉત્પન્ન થઈ જાય."

ઉસ્માને કહ્યું : "હા".

અબુબકરે કહ્યું "તમને ઇસ્લામ અને મુસલમાનો તરફથી ખુદા ભલાઇનો બદલો આપે." [તારીખે તીબરી ભાગ-૪, પેજ નં. ૨૧૩૮]

આવી રીતે આ દસ્તાવેજ તૈયાર થઈ ગયા પછી અબુબકરે કહ્યું કે આ લખાણ મુસલમાનોને સંભળાવી દો.

ઈબ્ને અબીલ હદીદ મુઅતઝલી લખે છે કે, જયારે અબુબકર ભાનમાં આવ્યા, ત્યારે લખનારે જે કંઈ લખ્યું હતું તે વાંચી સંભળાવ્યું. જ્યારે અબુબકરે ઉમરનું નામ સાંભળ્યું તો લખનારને પૂછયું :

"તમે આ નામ કેવી રીતે લખ્યું" ?

લખનારે જવાબ આપ્યો "હું જાણતો હતો કે આપ એમને છોડીને બીજાનું નામ નથી લખાવવાના" અબુબકરે કહ્યું "તમે સાચુ કહ્યું."

થોડીવાર પછી અબુબકર મૃત્યુ પામ્યા. [શરહ નહ્ઝુલ બલાગાહ ઈબ્ને અબીલ હદીદ, પ્રકાશન કાહેરહ (ઇ. ૧૯૫૯), ભાગ-૧, પેજ નં. ૧૬૩ થી ૧૬૫]

હ. ઉમરને નિયુક્તિપત્ર દ્વારા ખિલાફત મળી. અહીંયા આ દુ:ખદાયક ઘટનાની યાદ તાજી થાય છે. જે પયગમ્બર (સ.અ.વ.) ના ઇન્તિકાલના ત્રણ અથવા પાંચ દિવસ અગાઉ બની હતી.

સહીહ મુસ્લિમમાં ઈબ્ને અબ્બાસથી રિવાયત છે, કે હઝરત પયગમ્બર (સ.અ.વ.) ની વફાતના ત્રણ દિવસ અગાઉ ઉમર બિન ખત્તાબ અને બીજા સહાબા હુઝૂર (સ.અ.વ.)ની પાસે હાજર હતા, ત્યારે રસૂલુલ્લાહે ફરમાવ્યું :

"હું તમારા માટે એક લખાણ લખવા ઇચ્છું છું. જેથી કરીને તમો મારા ઈન્તેકાલ પછી ગુમરાહ ન થઈ જાઓ."

આ સાંભળી ઉમરે કહ્યું "પયગમ્બર તાવની તપીસમાં બકવાસ કરી રહ્યા છે. (અરબીમાં "હિઝયાન"શબ્દ છે જેનો અર્થ તે અનર્થક ને અસંબંધ વાતો જે બિમાર બેહોશી અથવા તાવની તપીસમાં કરે છે) અમારા માટે કીતાબે ખુદા કાફી છે." (અસ્તગફેરૂલ્લાહ).

ઉમરના આ બયાનથી હાજર લોકોમાં ઘણી જ હો, હા મચી ગઇ, કેટલાકે કહ્યું કે પયગમ્બરના ફરમાન ઉપર અમલ થવો જોઇએ, જે કંઈ પયગમ્બર અમારી ભલાઇ માટે લખવા માગે તે લખી શકે, જ્યારે કેટલાકે ઉમરની વાતને ટેકો

આપ્યો. જ્યારે ઝઘડો ઘણો વધી ગયો, અને ચીસાચીસ, હો-હા થવા લાગી ત્યારે પયગમ્બર સ.અ.વ.) એ ફરમાવ્યું : "મારી પાસેથી ચાલ્યા જાઓ." [સહીહ મુસ્લિમ શરીફ કિતાબુલ વસીય્યહ બાબ તરકુલ વસીય્યહ, પ્રકાશન કાહેરહ, ભાગ-૫, પેજ નં. ૭૫ થી ૭૬.

સહીહ બુખારી પ્રકાશન કાહેરહ, ઇ.સ. ૧૯૫૮. ભાગ-૧, કીતાબુલ ઇલ્મ - પેજ નં. ૩૮ થી ૩૯. ભાગ-૪ પેજ નં. ૮૫ ભાગ ૬, પેજ નં. ૧૧-૧, ભાગ -૭, કિતાબુત્તીબ પેજ નં. ૧૫૫ થી ૧૫૬, ભાગ-૯, કીતાબુલ એઅતેસામ બિલ કીતાબુલ સુન્નત-પેજ નં. ૧૩૭.

આ વાત મનોરંજક અને પુરમજાક છે કે, બુખારીએ જે જગ્યાએ રસૂલુલ્લાહ (સ.અ.વ.) માટે

આ બેઅદબીભર્યો “હિઝયાન” શબ્દ જે ઉમર બોલ્યા હતા તેનો ઉપયોગ કર્યો છે. ત્યાં બોલનારનું નામ અસ્પષ્ટ અને સંદિગ્ધ કરી દીધું છે. દા.ત.”એક વ્યક્તિએ કહ્યું” અને જ્યાં કહેવાવાળાનું નામ ઉમર લખ્યું છે ત્યાં આ શબ્દ પ્રયોગ બદલીને હળવો કરી લખ્યું છે. “રસૂલને બિમારીની તપીસ છે.” વાકેયએ કીરતાસના નામથી બુખારીમાં સાત હદીસો ઉપર પ્રમાણેની છે. રસૂલે ખુદાના કાગળ કલમ માગવાના પ્રસંગોનો ઉલ્લેખ એહલે સુન્નતના પ્રખ્યાત વકીલ  મૌલાના શિબ્લી નોઅમાની સાહેબે પોતાની કિતાબ “અલ ફારૂક” માં પણ કર્યો છે.

“અલ ફારૂક” - પેજ નં. ૮૮,૮૯,૯૦,૯૧. પ્રકાશન કુતુબખાના હમીદીયાહ ઉર્દૂ બજાર દિલ્લી, ઓગસ્ટ - ૧૯૬૬. આજ હદીસો તબકાત ઈબ્ને

સઅદ પ્રકાશન બેરૂત ભાગ - ૨, પેજ નં. ૨૪૨, ૩૨૪, ૩૩૬, ૩૬૮, મસ્નદે ઈમામ અહમદ ઈબ્ને હમ્બલ ભાગ - ૧, પેજ નં. ૨૩૨, ૨૩૯,૩૨૪, ૩૩૬, ૩૫૫ વગેરે અનેક કીતાબોમાં છે.]

અહીં પ્રસંગોચિત કુરઆનના કેટલાક હુકમો રજુ કરવામાં આવે છે -

અલ્લાહતઆલા સુરએ હુજરાતમાં ફરમાવે છે : **"યા અય્યોહલ્લઝીનઅ્ આમનુ લા તરફઉ અસ્વાતકુમ ફૌકઅ્ સવતીન્નબીય્યે વલા તજહરૂ લહુ બિલ્કૌલે કજહ્રે બાઝેકુમ લેબાઝિન અન્તહ્બતઅ્ આમાલકુમ વ અન્તુમ લા તશઓરૂન."**

(સૂ. હુજરાત, આ. ૨)

**તરજુમો** - "તમો તમારી આવાજો ને પયગમ્બરની અવાજથી ઉંચી ન કરો, અને જેવી

રીતે તમે આપસમાં એકબીજાની સાથે જોરજોરથી બોલ્યા કરો છો, એવું ન બોલ્યા કરો. (એવું ન થાય) કે તમારા બધાજ અમલો બેકાર થઈ જાય, અને તમોને ખબર પણ ન હોય.”

(નબી (સ.અ.વ.) ના કરારનામું લખી આપવા કાગળ કલમની માંગણી ઉપર બકવાસ કહેનારાઓ અને હો, હા કરનારાઓ ઉપરોક્ત આયતમાં પોતાનો અંજામ જોઇ લે. જો કે તેઓને નબીના દરવાજેથી ધૂત્કારીને કાઢી મૂકવામાં આવ્યા છે.

ઉપરોક્ત આયતમાં પથારીવશ બિચારા નબીની સામે તેમના હુકમનો અનાદર કરી બુમાબુમ કરનારા સહાબા માટે કુરઆનનો વઇદ હુકમ સાંભળ્યો. હવે નબીના હુકમને બિમારીની બકવાસ

કહેનારાઓ જરા અલ્લાહના કલામની આ આયત જોઇ લે.-અનુવાદક).

અલ્લાહતઆલા સુરએ નજમમાં ઇરશાદ ફરમાવે છે : "**વમા યન્તેકો અનીલ હવા, ઇન હોવ ઇલ્લા વહયુંય યુહા.**"

(સુરએ નજમ આયત - ૩ અને ૪)

**અર્થાત** - અને તેઓ (નબી સ.અ.વ.) પોતાના નફસની ઇચ્છા પ્રમાણે કંઇ જ બોલતા નથી. આ તો ફક્ત વહી જ છે. જે (તેમના ઉપર) મોકલવામાં આવે છે.

ઉપરોક્ત આયતમાં અલ્લાહતઆલા ફરમાવે છે કે મારો નબી તો વહી સિવાયનું કશું પણ પોતાની ઇચ્છા પ્રમાણે બોલતો જ નથી. અને નબીના સહાબા તે પણ મોટામાં મોટા સહાબી તો

કહે છે કે નબી બિમારીની બેહોશીમાં બકવાસ કરે છે. માટે કાગળ કલમ આપશો નહિ. કુરઆન અમારા માટે કાફી છે.(અસ્તગફેરૂલ્લાહ).

મુસલમાનો ઉપર વાજીબ હતું કે, તેઓ જરાપણ ચું ચા કર્યા વગર, કાગળ અને કલમ નબી (સ.અ.વ.) ને આપી દેત. અને હુકમે રસૂલની ઇતાઅત કરત.

હજુ પણ સુરએ હશ્ર આયત નં. ૭ જુઓ

**“વમા આતાકોમુર્રસુલો ફખોઝુહો, વમા નહાકુમ અન્હુ ફન્તહુ.”**

**અર્થાત** :- તમને રસૂલ જે આપે તે લઈ લો, અને જેનાથી મના કરી દે તેનાથી રોકાઇ જાઓ.

નબી તો ઉમ્મતને એક કરારનામુ લખી દેવા માગતા હતા. તે પણ પોતાના ઇન્તેકાલથી

પાંચ દિવસ પહેલાં. પોતાની ઉમ્મતને ગુમરાહીથી બચાવવા માટે, નબી તો માસુમ છે. જેના ઉપર “બેહોશીમાં બકવાસ” ની તોહમત લગાવવામાં આવી, અફસોસ, અફસોસ, (અસ્તગફેરૂલ્લાહ, અસ્તગફેરૂલ્લાહ).

અને અબુબકર જેમને માસુમીયતનું કોઈ જાતનું સર્ટિફિકેટ પણ ખુદા તરફથી મળ્યું નથી, તેઓ પોતાના ઉત્તરાધિકારી માટે નિયુક્તિનામું લખાવી રહ્યા છે. લખાવવાનું એવી ખતરનાક હાલતમાં શરૂ કર્યું કે પોતાના જાનશીનનું નામ લખાવતાં પહેલાં જ બેહોશ થઈ ગયા. તો ઉમરે એમના માટે એમ ન કહ્યું કે તેઓ “બેહોશીમાં બકવાસ” કરી રહ્યા છે !

કોઈ પણ વ્યક્તિ યકીનપુર્વક તો એમ નથી કહી શકતો હતો કે પયગમ્બર શું લખાવવા માગતા હતા. પરંતુ કેટલાક એવા શબ્દનો નબી (સ.અ.વ.) એ ઉપયોગ કર્યો હતો, જેનાથી અણસાર મળી શકે છે.

જુદા જુદા સમયે, પ્રસંગોપાત હુઝુર (સ.અ.વ.) એ એલાન ફરમાવ્યું હતું -

“અય લોકો, હું તમારી વચ્ચે બે કીંમતી વસતુઓ છોડી જાઉં છું, એક અલ્લાહની કીતાબ અને બીજી મારી ઇતરત, (મારા એહલેબયત) જો આ બન્નેને પકડી રાખશો, તો મારા પછી કદી ગૂમરાહ નહીં થાઓ.”

જયારે મુરસલે આઝમ (સ.અ.વ.) એ પોતાના ઇન્તિકાલથી પાંચ દિવસ પહેલા તે શબ્દપ્રયોગ કર્યો, “હું

તમારા માટે એક દસ્તાવેજ લખવા ઇચ્છું છું જેથી તમે મારા પછી કદી ગૂમરાહ ન થાવ.” તો આ બાબત સમજી લેવી પણ સરળ હતી કે પયગમ્બર (સ.અ.વ.) હવે આ જ વસ્તુને લખાણમાં લાવવા માગતા હતા. જે કંઇ એમણે અત્યાર સુધી એહલેબયતના વિષયમાં કહ્યું હતું.

ઉમરે આ બાબત બરાબર સમજી લીધી, ત્યારે જ તો એમણે કહ્યું “અમારા માટે કીતાબે ખુદા કાફી છે.” જાણે ઉમર રસૂલને આ પ્રમાણેનું અલ્ટીમેટમ (ચેતવણી) આપવા માગતા હતા, કે તેઓ બે કીંમતી વસ્તુઓની (સકલૈનની) તાબેદારી નહીં કરે, એમના માટે એક જ કાફી છે.

એક પ્રસંગે ઉમરે અબ્દુલ્લાહ બિન અબ્બાસની સાથે વાતો કરતાં કરતાં જાતે જ આ વાતની કબૂલાત પણ કરી લીધી.

ઉમરે કહ્યું : "ચોક્કસ પયગમ્બર (સ.અ.વ.) ઇચ્છતા હતા કે તેઓ પોતે છેલ્લી બિમારી વખતે ઇન્તેકાલ પહેલાં અલીને પોતાના ઉત્તરાધિકારી તરીકે કરારનામું લખી દે, પરંતુ હું એમાં અવરોધક બન્યો." [શર્હે નહજુલ બલાગાહ ઈબ્ને અબીલ હદીદ, ભાગ-૧૨, પેજ નં. ૨૧]

"હિઝયાન" શબ્દ (બેહોશીમાં બકવાસ) થી દરેક રીતે ઉમરનો હેતુ સિદ્ધ થઈ જતો હતો, જો રસૂલ (સ.અ.વ.) પાછળથી કરારનામું લખાવી પણ દેત, તો પણ "હિઝયાન" શબ્દથી ઉમરનો ધ્યેય પૂર્ણ થઈ શકતો હતો. તેઓ અને તેમના સાથીદારો કહેત કે, "કારણ કે નબીનું આ વસીયતનામું હાલતે હિઝયાનમાં લખવામાં આવ્યું છે. જેથી એ વિશ્વાસપાત્ર ગણાશે નહીં."

# પ્રકરણ-૨૩ : શુરા - કમિટિ

લગભગ દસ વર્ષ ઉમ્મતે ઈસ્લામીયાહ ઉપર હુકુમત કર્યા પછી ઉમર ઝરથોસ્તી ગુલામ ફિરોઝના હાથે પ્રાણઘાતક રીતે ઝખ્મી થઈ ગયા. ઉમર, ઉસ્માનના એહસાન નીચે ઘણા દબાયેલા હતા. કારણ કે એમને રાજ્યશાસન અપાવવાનો કરાર લખનાર ઉસ્માન હતા. મૃત્યુશય્યા પર પડેલા ખલીફા અબુબકર ઉમરનું નામ લખાવતાં પહેલાં જ બેહોશ થઈ ગયા હતા. અને જનાબ ઉસ્માને ઉમરનું નામ લખી દીધું હતું. આ એહસાન ઉમર ભલા કેવી રીતે ભૂલી શકે ?

પરંતુ ઉમર એમ કરવા માટે અશક્તિમાન હતા કે ઉસ્માનનું નામ પોતાના ખલીફા અને

ઉત્તરાધિકારી તરીકે નક્કી કરી દે, જ્યારે ઉમર એમ પણ ઇચ્છતા ન હતા કે મુસલમાનોને પોતાનો ખલીફા ચૂંટવાની આઝાદી આપી દે. જેથી એમણે એક ત્રીજી નવીજ પ્રથાનું સંશોધન કર્યું. જે નવી પ્રથા ઉમરે ચાલુ કરી (ખિલાફતની નિયુક્તિ માટે) તે પ્રથાને મુસલમાનો “શૂરા” ના નામથી ઓળખે છે. [ઉમરની આ શૂરાની છ વ્યક્તિઓમાં ફક્ત હઝરત અલી અ. ને બાદ કરતા બધા જ માલેતુજાર ધનવાન વ્યક્તિઓ છે. ઉમર કહે છે કે કુરૈશની આ છ વ્યક્તિઓથી નબી (સ.અ.વ.) છેવટ સુધી રાજી હતા, તો શું આ સિવાય બીજા સહાબીઓથી પૈગમ્બર (સ.અ.વ.) નારાઝ હતા ? કુરૈશમાં બીજા અનેક ગરીબ સહાબા હતા. પૈગમ્બર તેમનાથી ખૂબ રાજી હતા. પરંતુ તેમનો ગૂનો આ હતો કે તેઓ

ગરીબ હતા. જેથી શૂરામાં લેવામાં ન આવ્યા. (અનુવાદક)]

એમણે કહ્યું "રસુલે ખુદા છેવટ સુધી કુરેશની આ છ વ્યક્તિઓથી રાજી હતા. (૧) હઝરત અલી અ.(૨) ઉસ્માન (૩) તલ્હા (૪) ઝુબૈર (૫) સઅદ બિન અબી વકાસ (૬) અબ્દુર્રેહમાન બિન ઔફ, માટે મેં એવું નક્કી કર્યું છે કે ખલીફાની પસંદગીનું કાર્ય આ છ વ્યક્તિઓ ઉપર છોડી દઉં, કે તેઓ પોતાનામાંથી કોઈ એકને ખલીફા તરીકે ચૂંટી કાઢે."

જ્યારે ઉમર બિલકુલ મોતની નજીક હતા, ત્યારે એમણે આ છ વ્યક્તિઓને બોલાવી, અને તેમના તરફ જોઇને કહેવા લાગ્યા :-

"શું તમારામાંથી દરેક વ્યક્તિ મારા મૃત્યુ બાદ ખલીફા બનવાની ઇચ્છા ધરાવે છે ?"

કોઈએ જવાબ ન આપ્યો.

ઉમરે પોતાનો પ્રશ્ન ફરીથી દોહરાવ્યો ત્યારે ઝુબૈર બોલ્યા :

"અમારામાં કઇ જાતની કમી છે ? તમે ખિલાફત મેળવી અને તેને ચલાવી, જ્યારે અમો કુરૈશમાંથી છીએ, તમારાથી ઉતરતા નથી, ન તો ઈસ્લામ કબુલ કરવામાં અગ્રિમતામાં તમારાથી પાછળ છીએ ન તો રસૂલુલ્લાહ (સ.અ.વ.) ની સગાઇ સંબંધમાં."

ઉમરે કહ્યું "શું હું તમારા લોકોને આ બાબત કશું પણ ન કહું ?" ઝુબૈરે કહ્યું, "કહો, કારણ કે જો અમે આપને ના કહીશું તો પણ તમે સાંભળવાના

નથી.” ત્યારબાદ ઉમરે ઝૂબૈર, તલ્હા સઅદ બિન અલી વકાસ, અને અબ્દુર્રેહમાન બિન ઔફની અયબો અને દોષોનું વર્ણન શરૂ કર્યું.

પછી હઝરત અલી(અ.)ના તરફ મોઢું કરીને બોલ્યા “ખુદાની કસમ તમે ખિલાફતના હકદાર છો. જો તમારો સ્વભાવ હસમુખો ન હોત, છતાં પણ વલ્લાહ અગર તમે લોકો એમને પોતાના ખલીફા બનાવો તો તેઓ તમને નિર્મળ સત્ય તરફ અને સીધા રસ્તે (હિદાયતના માર્ગે)સીરાતે મુસ્તકીમ (તરફ) લઈ જશે.”

ત્યાર બાદ ઉસ્માન તરફ ફર્યા અને તેમને કહ્યું “મારી વાત નોંધી રાખો. જાણે પરિસ્થિતિ મારી નજરો સામે છે કે કુરૈશે તમારી મોહબ્બતના કારણે હુકુમતનો ભાર તમારી ગરદનમાં નાંખી દીધો છે.

અને પછી તમોએ બની ઉમય્યા અને બની અબી મુઇતને (ઉસ્માનનો કબીલો મુઇત) મુસલમાનોના શિરપર સવાર કરી દીધા છે, સાથે સાથે રાજ્યની ધનદોલતને (માલે ગનીમતને) પણ આ બંને ખાનદાનોને જ વહેંચી દીધી છે. ત્યાર બાદ અરબના વરૂઓનું એક ટોળું તમારી પાસે આવી તમને ફાડી ખાય છે. ખુદાની કસમ જો કુરૈશે તમને આ ખિલાફત આપી તો પછી તમે ખિલાફતના બધાજ હોદૃ બની ઉમય્યાના માટે ખાસ કરી દેશો, અને જો તમોએ આમ કર્યું તો મુસલમાનો તમને મારી નાંખશે."

ત્યાર બાદ ઉસ્માનની પેશાની પકડી અને કહ્યું "જો આવું થાય ત્યારે મારા શબ્દો યાદ કરજો અને ચોક્કસ આમ થવાનું જ છે."

ત્યાર બાદ ઉમરે અબુ તલ્હા અન્સારીને બોલાવ્યા અને તેમને કહ્યું, મને દફન કર્યા પછી તમે અન્સારમાંથી પચાસેક હથિયારધારી માણસો પસંદ કરીને દરેકના હાથમાં ખુલ્લી તલવાર આપજો, પછી ખિલાફત માટેની ઉપરોક્ત છ વ્યક્તિઓની શુરા કમિટિને એક ઘરમાં બંધ કરીને તેમનો બહારથી પહેરો ભરજો. આ કમિટિના પાંચ માણસો એક વ્યક્તિને ખલીફા બનાવવા સંમત થઈ જાય અને છઠ્ઠી વ્યક્તિ વિરોધ કરે તો તેનું માથું ધડથી જુદું કરી નાંખજો. જો ચાર વ્યક્તિ એક ને ખલીફા બનાવવા  સમંત થઈ જાય, અને બે વ્યક્તિઓ વિરોધ કરે, તો તે બંનેના માથાં ધડથી જુદાં કરી નાંખજો.

જો ત્રણ ત્રણ વ્યક્તિઓ પોતાના મતોમાં વહેંચાય જાય તો જે પક્ષે અબ્દુર્રેહમાન બિન ઔફ હોય તેમની વાત માન્ય રાખજો. અને બીજા ત્રણ બાબત માટે રાજી ન થાય તો તે ત્રણેને કતલ કરી નાખજો. પરંતુ જો આ લોકો કોઈ જ પ્રકારનો ફેંસલો ન કરી શકે તો બધાંનેજ મારી નાખશો. પછી મુસલમાનોને છૂટ આપવામાં આવે કે તેઓ જેને ઇચ્છે તેને પોતાના ખલીફા તરીકે ચૂંટી કાઢે. [શર્હે નહ્જુલ બલાગાહ ઈબ્ને અબીલ હદીદ - ભાગ-૧, પેજ નં. ૧૮૫ થી ૧૮૮. અલ ઈમામતો વસ્સીયાસત,પ્રકાશન બૈરૂત, ભાગ-૧, પેજ નં. ૨૩ થી ૨૭. તારીખે તબરી, પ્રકાશન મિસર, ભાગ-૫, પેજ નં. ૩૩ થી ૪૧.]

પ્રખ્યાત શીયા લેખક કુતુલ અલ રાવન્દી લખે છે કે, જ્યારે ઉમરે આ હુકમ આપ્યો કે અબ્દુર્રેહમાન બિન ઔફની વાત માનવામાં આવશે, તો અબ્દુલ્લાહ બિન અબ્બાસે હઝરત અલી(અ.) ને કહ્યું, "આ વખતે પણ આ મામલો આપણા હાથમાંથી છીનવાઇ ગયો, આ માણસ (ઉમર) ઉસ્માનને ખલીફા બનાવવા ઇચ્છે છે."

**હઝરત અલી(અ.) એ ફરમાવ્યું :**

"હું પણ જાણું છું, છતાં પણ હું શુરામાં (કમિટિમાં) એમની સાથે બેસીશ, કારણ કે આ પ્રસ્તાવ દ્વારા ઉમરે છેવટે છડેચોક આ વાત કબુલ કરી લીધી છે કે હું પણ ખિલાફત માટે યોગ્ય છું, જ્યારે કે આ પ્રસ્તાવ અગાઉ તેઓ હમેશા એવું કહ્યા કરતા હતા કે નબુવ્વત અને ઈમામત એક ઘરમાં

ભેગી નથી થઈ શકતી. હું શૂરામાં (કમિટિમાં) અવશ્ય હાજરી આપીશ. જેથી કરીને લોકોને ઉમરની વાણી અને વર્તન બંનેનું જુદાપણું બતાવી શકું.” [શર્હે નહ્જુલ બલાગાહ ઈબ્ને અબીલ હદીદ ભાગ - ૧, પેજ નં. ૧૮૯]

હવે એક પ્રશ્ન ઉપસ્થિત થાય છે કે, ઈબ્ને અબ્બાસને અને હઝરત અલી(અ.) ને શા માટે યકીન હતું કે ઉમર ઉસ્માનને ખલીફા બનાવવા માગે છે. આનો જવાબ એ છે કે શૂરા ના સભ્યોનો અરસપરસ સગાઇ સંબંધ તથા ભાઇચારો ઉપરાંત ઉમરે નક્કી કરેલા નીતિ-નિયમો પ્રમાણેની કાર્યપદ્ધતિ જોતાં સ્પષ્ટ દેખાઇ આવતું હતું કે ઉમર ઉસ્માનને મુસલમાનોના ખલીફા બનાવવા માંગે છે.

અબ્દુર્રેહમાન બિન ઔફ ઉસ્માનના બનેવી થતા હતા. જ્યારે સઅદ બિન અબી વકાસ અને અબ્દુર્રેહમાન બિન ઔફ બંને એકજ ખાનદાન બની મખઝૂમમાંથી હતા. સાથે સાથે એક બીજાના કાકાના દીકરા પીતરાઇ ભાઇ થતા હતા. અરબસ્તાનની તે સમયની કુટુંબભાવના અને બીજા કબીલાના માણસો પ્રત્યેનું કપટ જોતા એવું વિચારવું પણ મુર્ખાઈ ગણાય કે સઅદ અબ્દુર્રેહમાનથી વિરોધ મત રજૂ કરે અથવા અબ્દુર્રેહમાન ઉસ્માન તરફ દુર્લક્ષ સેવે અને પોતાનો મત બીજાને આપે, જેથી સ્પષ્ટ દેખાતું હતું કે ઉસ્માનની જોળીમાં ત્રણ વોટ તો પહેલેથી જ હતા. જેમાં અબ્દુર્રેહમાનનો નિર્ણાયક વોટ પણ સામેલ હતો. કે જો ત્રણ ત્રણ વ્યક્તિ ખિલાફત પ્રશ્ને વિરોધ કરે, જેથી દરેકના પચાસ ટકા

થાય ત્યારે, અબ્દુર્રેહમાન બિન ઔફ જે પક્ષે હોય તે વ્યક્તિ ખલીફા ગણાશે. આ હતો અબ્દુર્રેહમાનનો નિર્ણાયક વોટ, જેને આપણે હ. ઉમરે ઘડેલી શૂરાની કાર્યસૂચી ગણીશું.

હવે રહ્યા તલ્હા, તેઓ અબુબકરના ખાનદાનના હતા. તલ્હા અને અબુબકર બની તીમ ખાનદાનથી હતા સકીફાની ઘટના (જેમાં અબુબકરને ખિલાફત મળી) પછીથી બની હાશિમ અને બની તીમ બંનેનાં અદાવત અને દુશ્મની ચાલી આવતી હતી આ ઉપરાંત એ વાત પણ નોંધપાત્ર હતી કે જંગે બદરમાં હઝરત અલી (અ.) ના હાથે તલ્હાના કાકા ઉમૈર બિન ઉસ્માન અને તેમના બે ભાઇઓ ઉસ્માન અને માલિક કતલ થયા હતા. જેથી તલ્હા અલી(અ.) ની હિમાયત કરે અને

શૂરામાં હઝરત અલી (અ.) ને ટેકો આપે એ બાબત અશક્ય હતી. [કીતાબુલ ઈરશાદ, શેખ મુફીદ, ઈનતેશારાતે ઈલમીયાહ ઈસ્લામીયાહ તેહરાન, ભાષાંતર સૈયદ હાશિમ રસૂલી મહલાતી ભાગ-૧, પેજ નં. ૬૩]

હવે રહ્યા ફક્ત ઝુબૈર - તેઓ હઝરત અલી(અ.) ના ફોઇના દીકરા થતા હતા. જનાબ સફીયાના દીકરા હતા. સકીફાની ઘટના પછી હઝરત અલી(અ.) ના દુશ્મનો વિરૂદ્ધ એમણે તલવાર ઉઠાવી હતી. ઝુબૈર તે લોકો સાથે લડવા માગતા હતા. જેઓ હઝરત અલી(અ.) ના ઘરમાં દાખલ થઈને તેમને બળજબરીથી પકડીને અબુબકરની પાસે લઈ જવા માંગતા હતા. અનુમાન કરી શકાય કે, તેઓ હઝરત અલી(અ.) ને શૂરાની

મિટિંગમાં ટેકો આપે. પરંતુ સાથે સાથે આ અનુમાન પણ નકારી ન શકાય કે, તેઓ પોતે પણ ખિલાફતની ઉમેદવારી કરે.

આ શુરાની હ. ઉમરે બનાવેલી છ વ્યક્તિઓની તલસ્પર્શી છણાવટ જોતાં વધારેમાં વધારે બે વોટ હઝરત અલી(અ.) ને મળી શકતા હતા. તેઓ પોતાનો વોટ અને ઝુબૈરનો વોટ. છતાં પણ ચાર વોટ એમની વિરૂદ્ધમાં જતા હતા. જેથી તેઓ હારી જાત. જો એક અશક્ય પરિસ્થિતિ સર્જાય અને તલ્હાનો વોટ પણ હઝરત અલી(અ.) ને મળી જાય, તો પણ હઝરત અલી(અ.) ખલીફા બની શકતા ન હતા. કારણકે ત્રણ ત્રણ સરખા વોટ બંને પક્ષે પડવાની પરિસ્થિતિમાં અબ્દુર્રેહમાનનો વોટ નિર્ણાયક ગણાતો હતો. તેઓ જે પક્ષે હોય તે

વ્યક્તિ ખલીફા બની શકે. કેમકે શૂરાની કાર્યસૂચિમાં આ વાત શામેલ હતી. [તબરીએ પોતાની તારીખ ભા. ૫, પા. ૩૫ ઉપર આ વિશ્લેષણ હ. અલી (અ.)ના નામે, હ. અલી (અ.) અને એમના કાકા જનાબે અબ્બાસ વચ્ચે થયેલી વાતચીતમાં મુકયું છે]

શૂરાની કાર્યપદ્ધતિ અને તેના નિતીનિયમો પર વિસ્તૃત છણાવટ કર્યા પછી, જે કંઇ શૂરામાં બન્યું તેના ઉપર કશું પણ નવાઇ પામવા જેવું નથી. તલ્હાએ ઉસ્માનને ટેકો આપી પોતાનું નામ ખિલાફતની ઉમેદવારીમાંથી પાછું ખેંચ્યું. ઝુબૈરે હઝરત અલી(અ.) ને ટેકો જાહેર કર્યો અને સઅદે અબ્દુર્રેહમાનને ટેકો જાહેર કર્યો. ત્રીજા દિવસે

અબ્દુર્રેહમાને ખિલાફતના હોદ્દાથી પોતાનું નામ પાછું ખેંચી લઈને હઝરત અલી(અ.) ને કહ્યું:

“હું આપને ખલીફા બનાવી શકું છું. પરંતુ સાથે સાથે તમારે મારી શરત માનવી પડશે. જો આપ કિતાબુલ્લાહ, સુન્નતે રસૂલ અને સીરતે શેખૈન (અબુબકર અને ઉમર) ઉપર અમલ કરવાનો વાયદો કરો.”

અબ્દુર્રેહમાન સારી રીતે જાણતા હતા કે જવાબ શું મળશે.

**હઝરત અલી(અ.) એ ફરમાવ્યું :-**

“કિતાબુલ્લાહ અને સુન્નતે રસૂલ તો હું સમજી શકું છું, પરંતુ સીરતે શેખૈન મારી સમજમાં આવતું નથી, કે એ શું છે. જો સીરતે શેખૈન કીતાબુલ્લાહ અને સુન્નતે રસૂલ મુજબ છે, તો એના

અલગ વર્ણનની જરૂર નથી. અને જો સીરતે શેખૈન કુરઆન અને સુન્નતથી વિરૂદ્ધ છે, તો એના ઉપર અમલ કરવા હું બંધાએલો નથી."

હઝરત અલી(અ.) એ ફરમાવ્યું "હું કીતાબે ખુદા, સુન્નતે રસુલ અને મારી પોતાની રાય ઉપર અમલ કરીશ."

ત્યાર બાદ અબ્દુર્રેહમાને એજ શરતો ઉસ્માનની સામે રજૂ કરી, તેમણે તરત જ કબુલ કરી લીધી.

હઝરત અલી(અ.) એ અબ્દુર્રેહમાનને કહ્યું : "ખુદાની કસમ, તમે એજ ઉમ્મીદ પર આ કામ કર્યું છે, જે ઉમ્મીદ પર ઉમરે પોતાના દોસ્તની બયઅત કરી હતી. (એટલે અબ્દુર્રેહમાને એવી આશાથી ઉસ્માનને ખલીફા બનાવ્યા હતા કે આવતી કાલે

ઉસ્માન અબ્દુર્રેહમાનને પોતાના ઉત્તરાધિકારી તરીકે નિયુક્ત કરે, જેવી રીતે ઉમરે અબુબકરને ખિલાફત અપાવી હતી, આજ આશા રાખીને અને ઉમરની તે આશા ફળિભૂત થઈ.)

પછી હઝરત અલી (અ.) એ બદદુઆ ફરમાવી કે, ખુદા તમારા બંનેની વચ્ચે દુશ્મની પેદા કરી દે, થોડાક જ સમય પછી અબ્દુર્રેહમાન અને ઉસ્માન એકબીજાથી એટલી નફરત કરવા લાગ્યા, કે એકબીજાની સાથે વાત પણ કરતા ન હતા. ત્યાં સુધી કે અબ્દુર્રેહમાનનું મૃત્યુ થયું.

# પ્રકરણ-૨૪ : લશ્કરી બળ (ફૌજી તાકાત)

ત્રીજા ખલીફા હઝરત ઉસ્માન પોતાના સગાંવાદના કારણે મુસલમાનોના હાથે મરાયા. સમય અને સંજોગોને લઈ એવી પરિસ્થિતિનું સર્જન થયું કે તેઓ ખિલાફતની વ્યવસ્થા માટે પોતાની પસંદગીનો કોઈ માણસ મુકર્રર કરી શકયા નહિ.

પહેલો એવો પ્રસંગ હતો કે મુસલમાનો ખરેખરી રીતે પોતાની પસંદગીનો માણસ ખિલાફત માટે પસંદ કરવા સ્વતંત્ર હતા. લોકો હઝરત અલી(અ.) ના દરવાજે દોડી ગયા.

પરંતુ હુઝુર પૈગમ્બર(સ.અ.વ.)ની વફાતને પચ્ચીસ વર્ષનો લાંબો સમય વીતી ચૂકયો હતો, મુસલમાનોના ગુણો, પ્રકૃત્તિ, સ્વભાવ અને આદતો

એટલી હદ સુધી બદલાઇ ચૂકી હતી, કે ઘણી બધી પ્રખ્યાત વ્યક્તિઓ પણ હઝરત અલી(અ.) ની શુદ્ધ ઈસ્લામી વ્યવસ્થા સહન ન કરી શકી. જો કે હઝરત અલી (અ.) ની ખિલાફત રસૂલુલ્લાહ(સ.અ.વ.) ની નબુવ્વતની જેમ હુબહુ સો ટકા સમાનતા અને ન્યાય પર આધારિત હતી. અરબો હવે આ પણ સહન કરી શકતા ન હતા કે તેમને બિન અરબ મુસલમાનોની બરાબર ગણવામાં આવે, મતલબ અરબો પોતાને બિન અરબો કરતા વધારે ઉંચા અને પ્રથમ તબક્કાના નાગરિક ગણીને હુકુમતમાંથી વધુ ફાયદો ઉઠાવવા માગતા હતા. સૌ પ્રથમ તો તલ્હા, ઝુબૈર અને આયેશાએ હઝરત અલી(અ.) ની વિરૂદ્ધ દુશ્મની માટે કમર કસી, પછી મઆવીયાએ પણ આપની વિરૂદ્ધ બગાવત કરી.

હઝરત અલી(અ.) ની શહાદત પછી ઈમામ હસન (અ.) મઆવીયા સાથે લડાઇ ચાલુ રાખવા માંગતા હતા, પરંતુ આ સમયગાળામાં એમના ઘણાખરા અફસરો મઆવીયાના હાથ પર વેચાઇ ગયા. જ્યારે મઆવીયાની આગેકૂચ રોકવા માટે ફૌજ મોકલવામાં આવી, ત્યારે સેનાપતિ પોતે જ ફૌજ છોડીને રાતોરાત મઆવીયાના પક્ષમાં ભળી ગયો. આવા પ્રતિકૂળ સંજોગોને કારણે હઝરત ઈમામ હસન (અ.) ને મઆવીયાએ રજુ કરેલી સુલેહની દરખાસ્ત કબુલ કરવી પડી.

આ સુલેહનામાં પછી એહલે સુન્નત હઝરાત એવું કહેવા લાગ્યા કે, લશ્કરી બળ ખિલાફતે રસૂલ (સ.અ.વ.) પ્રાપ્ત કરવાનો એક જાઇઝ માર્ગ છે. આવી રીતે ખિલાફત પ્રાપ્ત કરવાના ચાર માર્ગો

બંધારણીય રીતે અસ્તિત્વમાં આવ્યા. (૧) ઇલેકશન (દાવપેચ ભર્યું) (૨) સિલેકશન (૩) શૂરા (૪) ફૌજી તાકાત.

# પ્રકરણ-૨૫ : ખલીફા નિયુક્તિના ઉપરોક્ત સિદ્ધાંતો ઉપર એક દ્રષ્ટિપાત

કોઈ પણ પ્રકારની રાજ્યવ્યવસ્થા માટે દેશનું રાજ્યબંધારણ પ્રથમ તૈયાર કરવામાં આવે છે. ત્યારપછી રાજ્યમાં ચૂંટણી કરવામાં આવે છે. આ ચૂંટાયેલા સભ્યો બંધારણને આધીન રહીને, બંધારણની જોગવાઇ મૂજબ કાયદાકાનૂન ઘડે છે. રાજ્ય વ્યવસ્થાના તમામ પ્રશ્નોનું નિરાકરણ બંધારણની કલમોને ધ્યાનમાં રાખી કરવામાં આવે છે. તેમ થાય તો જ તેને યોગ્ય ગણી માન્યતા પ્રાપ્ત થાય છે. જે કંઇ બંધારણની વિરૂદ્ધ હોય તેને રદબાતલ ગણવામાં આવે છે.

એહલે સુન્નતની વિચારસરણી મુજબ ખલીફાની ચૂંટણી કરવી ઉમ્મતની જવાબદારી છે.

એટલા માટે ખુદા અને તેના રસૂલ માટે જરૂરી છે કે અલ્લાહ અને તેનો રસુલ આ ઉમ્મતને એક બંધારણ ઘડીને આપે, જેમાં ખલીફાની ચૂંટણી અંગેના બધા જ કાયદા કાનૂન તથા નિતિનિયમો વિસ્તારથી લખાયેલા હોય, એવું તો થયું નથી. અલ્લાહતઆલાએ કે તેના પૈગમ્બર (સ.અ.વ.) એ કોઈ બંધારણ ઘડીને બિરાદરાને એહલે સુન્નતને આપ્યું નથી. આ તો એક નિર્ડંવવાદ બાબત છે. જો આવું બન્યું નથી, તો મુસલમાનો જાતે ખલીફાની ચૂંટણી કરતા અગાઉ કોઈ બંધારણ ઘડી તેની જોગવાઇઓ મુજબ ખલીફાની ચૂંટણી કરત.

પરંતુ આશ્ચર્ય પમાડે એવી વાત તો આ છે કે, આવું કશું જ બન્યું નથી. ન ખુદા, રસૂલે બંધારણ ઘડીને આપ્યું છે. ન મુસલમાનોએ

બંધારણ ઘડયું. પરંતુ એક અપરિચિત પ્રકારનું, નક્કી કરાયા વગરનું, રાજ્યબંધારણ જોઇએ છીએ, જેમાં ઘટનાઓ બંધારણના તાબે નથી. કારણ કે બંધારણ તો હતું જ નહીં, પરંતુ બંધારણ ઘટનાઓ અને દુર્ઘટનાઓના તાબે છે.

એહલે સુન્નત હઝરાત આ બાબત માટે મુખ્ય દલીલ આ પ્રમાણે રજુ કરે છે, કે ઈસ્લામના ઉદયકાળમાં મુસલમાનોએ ખલીફાની ચૂંટણી કરવાને પોતાની ફર્ઝ સમજી આ જવાબદારીને મુખ્ય પ્રમુખતા આપી. આ ખલીફા નિયુક્તિ કહો, કે ચૂંટણી કહો, આ પ્રધાનકાર્ય કરવા માટે મુસલમાનો રસૂલે ખુદા (સ.અ.વ.) ના જિસ્મ મુબારક ને છોડી, કફન દફનની બધી વિધિઓથી મોં ફેરવી લઈ બની સકીફામાં પહોંચી ગયા.

આ ઘટનાના અનુસંધાનમાં તેઓ આ પરિણામ ઉપર આવ્યા કે ખલીફાની નિયુક્તિ ઉમ્મતની જવાબદારી હતી.

પરંતુ તેઓ એમ નથી સમજતા કે અહીંયા તો આજ "કહેવાતા ઇલેકશન"નું વ્યાજબીપણું ચર્ચાનો વિષય છે. જે એક ધાંધલી સિવાય કંઇ જ નથી. બની સકીફામાં થયેલા "કહેવાતા ઇલેકશન"ને કોઈ પણ તટસ્થ વ્યક્તિઓ "ઇલેકશન" કહેશે નહિ. અને "સિલેકશન" પણ કહેશે નહિ. આ કહેવાતું "ઇલેકશન" અરબના રિવાજ મુજબ સરદારી પ્રાપ્ત કરવાનો એક દાવપેચ સિવાય કંઇપણ ન હતું. જેને શીયા હઝરત ચેલેંજ કરે છે. અને કહે છે કે, ત્યાં જે કંઈ પણ બન્યું તે ગેરકાનૂની હતું, જ્યારે સુન્નીઓ કહે છે કે આ બિલકુલ કાનૂની અને જાએઝ હતું. હવે

આ જ “કહેવાતા ઇલેકશન” ને એહલે સુન્નત પોતાની દલીલ તરીકે કેવી રીતે રજૂ કરી શકે ? તો દાવાને દલીલ તરીકે રજુ કરવું એવું છે. જેવું કોઈ કહે “મારૂ, આ કાર્ય કાનૂની અને યોગ્ય છે. કારણ કે મેં એ કર્યું છે !”

હું નથી જાણતો કે કઇ અદાલત આ દલીલને માન્ય રાખશે !!

# પ્રકરણ-૨૬ : ખલીફા નિયુક્તિના અમલના બુરા પરિણામો

ખલીફા નિયુક્તિના ચારે તરીકાઓ ઉપર બુદ્ધિગમ્ય અને ઈલ્મી દૃષ્ટિએ તથા તર્કશાની દૃષ્ટિએ વિચારવાનું બાજુ પર રાખી, જરા આ જોઇએ, કે એની બુરી અસરો ઈસ્લામી નેતૃત્વ અને મુસલમાનોની મનોવૃત્તિ પર કેવી પડી.

પૈગમ્બર (સ.અ.વ.) ના ઇન્તિકાલ પછી ત્રીસ જ વર્ષમાં પ્રભુત્વ પ્રાપ્ત કરવાના બધાજ રસ્તાઓનો ઉપયોગ કરી લેવામાં આવ્યો. અને તે દરેક રસ્તાને માન્યતા પણ મળી ગઈ. “ઇલેકશન” પણ, “સિલેકશન” પણ, “નિયુક્તિ” પણ અને “લશ્કરી તાકાત” પણ, આ દરેક પદ્ધતિને જાઇઝ હોવાના સર્ટિફિકેટ પણ મળી ગયાં !!

આટલી સદીઓ વીતી ગઇ છતાં પણ આપણે સત્તાપ્રાપ્તિની કોઈ નવી પદ્ધતિ વિચારી શકયા નથી. આ પરિસ્થિતિનું પરિણામ એ આવ્યું કે દરેક મુસલમાન ખિલાફત અને ધાર્મિક નેતૃત્વ પ્રાપ્ત કરવાની ચિંતામાં ડુબ્યો રહે છે. મુસલમાનોના દ્રષ્ટિકોણની આ પાયાની ખામી છે. આ બુનિયાદી કમજોરી છે. આજ ખરાબીઓને કારણે સમગ્ર મુસ્લિમ દેશોમાં અંધાધુંધી, અફરાતફરી અને અસ્થિરતા વ્યાપેલી છે. કોઈપણ મુસ્લિમ રાજ્યનું રાજ્ય વ્યવસ્થાનું ગાડું કદી પણ મજબૂતી પકડી શકયું નથી, નબી (સ.અ.વ.) ના ઇન્તિકાલ પછીની સત્તા મેળવવાની આ ચારે ગલત અને બિન ઈસ્લામી પદ્ધતિઓના કારણે મુસ્લિમ દુનિયાનું કોઈપણ રાજ્ય કદી પણ મજબુતી પકડી શકયું

નથી. જેના આ જ કારણો હતાં, અને હાલમાં પણ છે.

(આ જગ્યા ઉપર હું અનુવાદક તરીકે બે ચાર લીટી લખું તો ઉપરોક્ત વાતો સમજવામાં મદદ મળશે, ઈન્શાઅલ્લાહ.)

અત્યારે હું આ અનુવાદ કરી રહ્યો છું. મારી આસપાસનો સમગ્ર મુસ્લિમ વિસ્તાર કર્ફયુમાં છે. મુંબઇ, અમદાવાદ, સુરત, આણંદ સિવાયના હિંદુસ્તાનના સેંકડો શહેરો સંચારબંધીના અમલ હેઠળ છે. ચારસો પાંસઠ વર્ષ પુરાની મુગલ રાજા બાબરે બંધાવેલી અયોધ્યાની બાબરી મસ્જિદ તોડી નાખવામાં આવી છે. સેંકડો મસ્જિદોને દેશભરમાં તોડવામાં- બાળવામાં આવી છે. હજારો મુસ્લિમોનું લોહી આજ પચાસ, પચાસ વર્ષ થયા આઝાદી મળી

ત્યારથી એહલે સુન્નતે ચાલુ કરેલી આ ખલીફા નિયુક્તિની પદ્ધતિઓને ભેટ ચઢી ચુકયું છે. મારા ઘર પાસેથી રડતીઓ અને પુરૂષોને હું જોઇ રહ્યો છું. જેઓ તોફાનીઓએ બાળી નખાયેલા પોતાના મકાનો છોડી સલામત સ્થળે જઇ રહ્યાં છે. તાજી સુવાવડી સ્ત્રીઓ હાથમાં બે, બે, ત્રણ, ત્રણ બાળકોને લઈ આંસુ સાથે સ્થળાંતર કરી રહી છે. શિયાળામાં દમના દર્દીઓ, વૃદ્ધો રડતાં રડતાં સ્થળાંતર કરી રહ્યા છે.

બાબરી મસ્જિદ તૂટી ગયા બાદ વીસ વીસ કલાક સુધી કેન્દ્ર સરકારે કોઈ પગલા લીધાં નથી. અહીં સુધી કે તોફાનીઓએ તે જગ્યાએ નવું મંદિર પણ બનાવી દીધું.

આખો દેશ ભડકે બળી રહ્યો છે. મુંબઇમાં બે તબક્કાના રમખાણોમાં ૧૦૦૦ થી ઉપર લઘુમતિઓના મૃત્યુનો સરકારી આંકડો છે. હજારો બેઘર અને લાપતા છે. સુરતમાં સેંકડોને કાપીને બાળી નાખવામાં આવ્યા છે. હજારો લોકો તંબુઓમાં આશરો લઈ રહ્યા છે. સુરતમાં કેટલીય મુસ્લિમ સ્ત્રીઓ ઉપર બળાત્કાર થયો છે. જેની વીડીયો પણ ઉતારવામાં આવી છે. ફક્ત ગુજરાતમાં બી.બી.સી.ના સમાચાર મુજબ ત્રણ સો કરોડ રૂપિયાની મિલકતો જલાવી દેવામાં આવી છે. દેશના બીજા રાજ્યોનો પણ વધતા ઓછા પ્રમાણમાં આવો જ હાલ છે. આ તો ફક્ત હિંદુસ્તાનની વાત થઈ.

બ્રહ્મદેશના બોદ્ધોએ જુલ્મ કરી લગભગ ત્રીસ હજાર મુસલમાનોને પોતાના દેશમાંથી હાંકી કાઢયા છે. તેઓ બાંગ્લાદેશમાં પડાવ નાખી પડયા છે.

અફઘાનિસ્તાનમાં નવ નવ વર્ષ કત્લેઆમ કરી રશીયાએ પોતાના સૈન્યો પાછા ખેંચી લીધા છે. આ નવ વર્ષો દરમ્યાન ત્રીસ લાખ નિરાશ્રિત અફઘાનિઓ પાકિસ્તાન રહ્યા હતા. તંબૂઓ છોડી હવે માદરે વતન જઇ રહ્યા છે. અફઘાનિસ્તાનમાં પણ નેતૃત્વ મેળવવા માટે અંદરોઅંદર ખાનાજંગી બે વર્ષથી ચાલુ છે. બોસ્નીયા અને હરઝેગોવીનાની હાલત એથી ખરાબ છે. બોસ્નીયામાં હજારો મુસ્લિમ સ્ત્રીઓ બાળાત્કારનો ભોગ બની છે.

ચાલીસ વર્ષ થયા ઈઝરાઇલે બયતુલ મુકદ્દસ લઈ લીધું છે. પચ્ચીસ લાખ ફીલસ્તીનીઓને તંબુઓમાં કેદ રાખ્યા છે. પોતાના વતનથી બેવતન કર્યા છે. છતાં મુસલમાનોના ચાલીસ રાષ્ટ્રો પોતાના કીબ્લએ અવ્વલને છોડાવી શકયા નથી.

ભારતના પડોશી દેશો બાંગ્લાદેશ અને પાકિસ્તાન પંદર પંદર કરોડ મુસલમાનોની વસ્તિ ધરાવે છે. બંન્નેની રાજ્યવ્યવસ્થામાં જરાયે મજબૂતી નથી. ખાનજંગી, ખુનામરકી અવિરત ચાલુ છે. છાશવારે બાંગ્લાદેશમાં બંધ થાય છે. સરકારોની ઉથલપાથલો ચાલુ જ છે. જરાયે સ્થિરતા નથી.

એક ઈઝરાઇલી સૈનિકના મૃત્યુ માટે જવાબદાર ગણી ચારસો ફીલસ્તીનીઓને દેશનિકાલ

કરવામાં આવ્યા છે.તેઓ પાસે લબનાન અને સિરીયાની વચ્ચે પહાડીઓ ઉપર ઢંડીથી ઠુંઠવાતા બરફવર્ષામાં, ખાવા પીવાનો સામાન પણ નથી. વૃદ્ધો અને બિમારો પણ છે. તેમને રડતા અને દુવા માગતા હું સ્ટાર ટી.વી. ઉપર જોઇ રહ્યો છું. સીત્તેર દિવસથી આ દેશનિકાલ ચાલુ છે. દંડાના જોરે પોતાની હુકુમતો સંભાળતા, પોતાની પ્રજાઓ ઉપર જુલ્મ કરીને તેમની વાણીસ્વતંત્રને છીનવી લઈને બંદૂકની અણીએ હુકુમત કરતા અરબ હુકુમતના કઠપુતલી રાજાઓ આ બધું જ જોઈ રહ્યા છે.શરાબ અને સુંદરીમાં મસ્ત છે. પોતાના યુરોપીયન ખુદાઓના ઇશારે નાચી રહ્યા છે. દરબારી મુલ્લાંઓ ન કંઇ બોલી શકે છે ન કંઇ વિચારી શકે છે. એ

વેચાઇ ગયેલા દિમાગો અમેરિકન ઈસ્લામ પર અમલ કરી રહ્યા છે.

આવી પરિસ્થિતિ શા માટે ?

આ ધરતી ઉપર મુસલમાનો આટલા બધા કમજોર કેમ થઈ ગયા છે ?

પૂછો તે લોકોને, જેઓ બની સકીફામાં ભેગા થયા હતા. ખુદાએ મુકર્રર કરેલા નબીના ઉત્તરાધિકારીને છોડીને બીજાને પોતાનો ખલીફા બનાવવા.

ઇસ્લામિક નેતૃત્વ મેળવવાની આ ચારે ગલત પદ્ધતિઓએ ઈસ્લામી દુનિયાને છિન્નભિન્ન કરી દીધી છે. એ જ ગલત પદ્ધતિઓથી રાજા બનીને ઉતરી આવેલા મુસલમાન બાદશાહોએ કરેલા

હિંદુઓ ઉપરના જુલ્મનો બદલો આજે ઇતિહાસના પુનરાવર્તન રૂપે લેવાઇ રહ્યો છે. - અનુવાદક)

દરેક મુસ્લિમ હાકેમને એક મુસલમાન હોવાના નાતે એવો પાઠ ભણાવવામાં આવ્યો છે કે લશ્કરી તાકાતથી મેળવેલું પ્રભુત્વ - અત્યાચાર દ્વારા મેળવેલી ખિલાફત એક  જાઇઝ કાર્ય પદ્ધતિ છે. તે જ કારણથી, તે બીજા મુસલમાન બાદશાહોને કમજોર કરવા ઇચ્છે છે. જેથી તે બધા જ મુસ્લિમ હાકેમોમાં બધાથી શક્તિશાળી અને સૌનો દાદો બની જાય. આવી રીતે આ રાજ્યવ્યવસ્થાએ મુસલમાનોને દુનિયામાં કમજોર બનાવી દીધા છે. ખિલાફતની આ ચારે પદ્ધતિઓનો આ સીધો રોલ છે.

ઈરાકના સદ્દામ અર્વાચિન યઝીદે આઠ આઠ વર્ષો સુધી પોતાના પુરોપીયન ખુદાઓના હુકમથી નિર્દોષ ઈરાન પર આક્રમણ કરી લડયો. હાર્યો, થાકયો પછી એક નાના મુઠીભર વસ્તી ધરાવતા શહેર કુવૈત ઉપર આક્રમણ કર્યું, એના જ યુરોપીય ખુદાઓએ એને બરાબર મેથીપાક આપી બહાર કાઢયો. લાખોનું લશ્કર મરાયું. લાખો નાગરિકો મરાયા. ઉપરોક્ત ફકરાના દાવાની જીવતી જાગતી દલીલ અર્વાચીન યઝીદ સદ્દામ છે.આ જ અર્વાચીન યઝીદ પોતાના દેશના લાખો પ્રજાજનોને જેમાં શીયા તથા સુન્ની કુર્દો પણ હતા, મારી નાખ્યા છે. યુનો સાથે અમેરિકા, ફ્રાન્સ, બ્રિટનના લશ્કરો ઈરાકમાં પડેલા છે. આ જ યઝીદે ઈમામ હુસૈન (અ.) ના રોઝા ઉપર તથા નજફે

અશરફ ઉપર ગોળીબાર કરી તેને ખંડિત કર્યા છે. આવા નાલાયક સદ્દામને પણ આપણા દેશના વહાબી અખબારોએ સુપરસ્ટાર બનાવ્યો. જાલીમને પ્રોત્સાહન આપનારા, જ્યારે આજે હિંદુઓના હાથે મઝલૂમ બન્યા છે. એમના આંસુ કોણ લૂછશે ? મઝલૂમ કોઈ પણ હોય ચાહે મુસ્લિમ કે બિન મુસ્લિમ દયાને પાત્ર છે. પરંતુ જેમને પોતાના પૂર્વજો તરફથી જાલીમની હિમાયતનું શિક્ષણ મળ્યું હોય તેમની પાસેથી ઇન્સાફની ઉમ્મીદ નિરર્થક છે. - અનુવાદક)

જરા વિચારો. ખલીફા બનાવવાની આ ચારે પદ્ધતિઓ એકબીજાની સાથે કેટલી સંકલનકર્તા અને વ્યાપક સાબિત થઈ છે. ખિલાફતની આ ચારે દિવાલો એવી અરક્ષિત છે, કે દરેક વ્યક્તિ વિના

રોકટોક એમાં દાખલ થઈ શકે છે. પછી તેનું જ્ઞાન અને ચારિત્ર્ય ગમે તેવા હોય. મઆવીયા પછી પહેલો ખલીફા યઝીદ બિન મઆવીયા બન્યો, જેની નિયુક્તિ જાતે મઆવિયાએ કરી (આ નિયુક્તી થઈ) તેની લશ્કરી તાકાત એટલી બધી હતી કે કોઈ મુકાબલો ન કરી શકતું. (આ ઝુલ્મ દ્વારા પ્રભુત્વ હતું) મુસલમાનોએ મઆવીયાની હયાતીમાં એનાથી બયઅત કરી લીધી હતી. (જેથી તેમના પર ઇજમાઅ સહમતિ પણ થઈ ગઈ) ગમે તેમ તેને એક જાઇઝ ખલીફા તો બનાવી દીધો, પરંતુ તેનો અકીદો અને અમલો કેવાં હતા ?

યઝીદ પયગમ્બર (સ.અ.વ.)ની રિસાલતનો ઈન્કારી હતો. શાએરીમા પોતાનો અકીદો ખુલ્લમ ખુલ્લા જાહેરમાં રજુ કરતો હતો -

**અરબી શેઅરનો તરજુમો :**

“બની હાશિમે સલ્તનત પ્રાપ્ત કરવા માટે એક ઢોંગ રચ્યો હતો, ન ખુદા તરફથી કોઈ સંદેશો આવ્યો હતો, અને ન તો કોઈ વહી ઉતરી હતી.” (અસ્તગફેરૂલ્લાહ) [તઝકરએ ખવાસુલ ઉમ્મહ, સિબ્ત ઈબ્ને જવઝી, તસ્સીહહ સય્યદ મોહમ્મદ બહરૂલ ઉલૂમ પ્રકાશન તેહરાન, પા. ૨૬૧]

બીજો અરબી શેઅર તે કયામત એન જઝા સજા પણ માનતો ન હતો.

**તરજુમો :-**

“એ મારી મેહબુબા, એવું યકીન ન રાખ કે મૃત્યુ પછી તું મને મળીશ. કેમ કે તને જે જીવન પછી મૃત્યુના વિષયમાં બતાવવામાં આવ્યું છે, તે તો એક કાલ્પનિક કહાનીઓ છે. જે દીલોને દુન્યવી

એશોઆરામ અને રાહતથી દૂર રાખે છે.” [તઝકરેએ ખવાસુલ ઉમ્મહ સિબ્ત ઈબ્ને જવઝી, પા. ૨૯૧]

ખિલાફત હાસિલ કર્યા પછી તેણે જાહેરમાં ઈસ્લામી ઇબાદતોની મઝાક ઉડાવી હતી, ધર્મને ઝલીલ કરવા તેણે કુતરાઓ અને વાંદરાઓને આલિમોનો પોશાક પહેરાવ્યો હતો. દારૂ પીવો, જુગાર રમવો, વરૂઓ અને રીંછો જેવા જાનવરો સાથે રમતો રમવી તેનો નિત્યક્રમ હતો. તે પોતાનો બધોજ સમય નીડર બનીને ગમે તે જગ્યાએ શરાબના નશામાં ગુજારતો હતો. કોઈ પણ સ્ત્રીનો તેની સમક્ષ માન-મરતબો ન હતો. અહીં સુધી કે મહેરમ સ્ત્રીઓ, જેવી કે અપરમા, બહેન, ફોઇ, વગેરે તેના માટે સામાન્ય સ્ત્રીઓ જેવી જ હતી.

યઝીદે મદીના ઉપર લશ્કરી હુમલો કર્યો. મદીના શરીફની પવિત્રતાને તેના લશ્કરે પાયમાલ કરી. શહેરમાં ખૂબ લૂંટમાર પણ કરી.તેના લશ્કરે સેંકડો સ્ત્રીઓની ઇજ્જત લૂંટી, બળાત્કારો કર્યા. જેમાં ૩૦૦ જેટલી કુમારીકાઓ પણ હતી. ૩૦૦ કુરઆનના કારીઓને અને રસૂલ (સ.) ના ૭૦૦ સહાબીઓને બેરહમીથી કતલ કર્યા. મસ્જિદે નબવીમાં કેટલાય દિવસ સુધી નમાઝ પણ ન થઈ શકી, કારણ કે યઝીદના લશ્કરે મસ્જિદે નબવીને પોતાના ઘોડા બાંધવાનો તબેલો બનાવ્યો હતો. કુતરાઓએ મસ્જિદને પોતાનું લક્ષ્ય બનાવ્યું હતું.મીમ્બરે રસૂલને પણ અપવિત્ર બનાવ્યો.

છેવટે યઝીદના લશ્કરના સેનાપતિએ મદીનાવાસીઓને એ વાત ઉપર મજબુર કર્યા કે તેઓ યઝીદની બયઅત આ શબ્દોમાં કરે -

“અમો લોકો યઝીદના ગુલામો છીએ. હવે આ તેની મરજી પર અવલંબિત છે કે તે ચાહે તો અમને આઝાદ કરે અને તે ચાહે તો અમને બજારમાં વેચી દે” જે લોકોએ એ ઇચ્છયું કે “યઝીદ કુર્આન અને સુન્નતની તાબેદારી કરે એ શર્ત ઉપર અમે બયઅત કરીએ છીએ” તેમને મારી નાખવામાં આવ્યા - શહીદ કર્યા. [તારીખુલ ખોલફા, પેજ નં. ૨૦૯. તારીખે અબુલ ફીદા, ભાગ-૧, પેજ નં. ૧૯૨. તઝકેરએ ખવાસ ઉલ ઉમ્મહ, પેજ નં. ૨૮૮. રોઝતુસ્સફા, ભાગ-૩, પેજ નં. ૬૬. સવાઇકે મોહર્રેકા ઈબ્ને હજર મક્કી. પેજ નં. ૨૨૨]

અહીં એ યાદ દેવાડાવવું અયોગ્ય નહીં ગણાય, કે રસૂલે ખુદા (સ.અ.વ.) એ ફરમાવ્યું હતું : જે મદીનાવાસીઓને ડરાવે તેના ઉપર ખુદાની લઅનત થાય.

ત્યાર બાદ યઝીદના હુકમથી તેની ફોજે મક્કા તરફ કુચ કરી, અને અલ્લાહના આ સૌથી પવિત્ર શહેરને ઘેરો ઘાલ્યો, તે શહેરમાં દાખલ ન થઇ શકયો. તેથી ગોફણોનો ઉપયોગ કરીને દૂરથી પથ્થરોથી નિશાન તાકવામાં આવ્યા અને ગોળા ફેંકયા. લશ્કરે ગોફણોનો ઉપયોગ કરીને પથ્થરો તથા સળગતા કાકડા કાબતુલ્લાહ ઉપર ફેંકયા. કાબતુલ્લાહનો પડદો સળગી ગયો. અને કાબાનો એક ભાગ તૂટી પડયો.

આ કોઈ અપવાદરૂપ ઘટના નથી.(બની અબ્બાસ અને બની ઉમય્યાના બધાજ બાદશાહો આવા હતા. એકાદ બેને અપવાદરૂપ ગણી બાદ કરતાં બાકીના બધાજ બાદશાહો શરાબી, અય્યાશી, ઝાની અને જાલીમ હતા) ઘણાંજ દુ:ખ સાથે લખવું પડે છે કે બની ઉમય્યામાંથી બીજો એક ખલીફા વલીદ બિન યઝીદ બિન અબ્દુલમલીક હતો. જે ઘણો મોટો દારૂડીયો હતો.એક રાતે તે પોતાની બાંદી સાથે શરાબ પી રહ્યો હતો. અહીં સુધી કે ફજરની અઝાન થઈ ગઇ. તેણે કસમ ખાધી કે આજે તે જ કનીઝ નમાઝ પઢાવશે. તેને ખલીફાનો પોશાક પહેરાવ્યો અને બાંદીએ તે જ હાલતમાં નશા


amillibrary.com

સાથે નમાઝ પઢાવી. [અકદુલ ફરીદ અબુઉમ અહમદ બિન મોહમ્મદ અબ્દે રબ્બહુ ઉન્દુલુસી પ્રકાશન બૈરૂત, ભા.૪, પા.૪૬૦ (૧૯૮૩)]

એક દીવસ વલીદની દ્રષ્ટિ પોતાની કુંવારી દીકરી પર પડી અને તેણે પોતાની સગી દીકરી સાથે પોતાનું મોં કાળું કર્યું. છોકરીની દાયા જેણે છોકરીની દેખરેખ રાખી હતી, તેણે કહ્યું કે "આ તો મજુસીઓનો દીન છે. આગપૂજકોનું કર્મ છે." મતલબ આ છે કે અગ્નિપૂજકો દીકરી બેન સાથે પણ મોં કાળુ કરે છે.

**વલીદે એના જવાબમાં શેર કહ્યા :**

**અર્થાત** : "જે લોકોના મેણા ટોણાની પરવા કરે છે. તે ચિંતામાં મરે છે. અને જે બેપરવા થઈ જાય છે તે લજ્જતો માણે છે." [તારીખુલ ખમીશ,

હુસૈન બિન મુહમ્મદ ઇબ્નુલ હુસૈન અલદીયાર બકરી પ્રકાશન બૈરૂત, હીજરી ૧૨૧૩, ભાગ - ૨,પેજ નં. ૩૨૦]

"અલીફ લયલા વ લયલા"નો પ્રખ્યાત ખલીફા હારૂન અલ રશીદ ઘણો જ માનવંત અને નેક ખલીફામાં ગણાય છે. તે પોતાના બાપની કનીઝ સાથે સંભોગ કરવા ઇચ્છતો હતો. કનીઝે તેને કહ્યું, કે "હું તારા બાપની કનીઝ રહી ચૂકી છું, તારી અપરમા છું. આવી પરિસ્થિતિમાં આવા પ્રકારના સંબંધો બદતરીન વ્યભિચાર ગણાશે."

હારૂન રશીદે કાજી અબુ યુસુફને બોલાવ્યા, અને તેમને હુકમ આપ્યો કે કોઈ એવો માર્ગ શોધો જેનાથી હું આ કનીઝ સાથે મારી ઇચ્છા પૂર્ણ કરી શકું. કાજીએ કહ્યું,"તે તો એક કનીઝ છે, શું તે જે

કંઈ કહેશે તેને તમે માની લેશો ? તમે તેનો દાવો કબુલ કરવાના પાબંદ નથી” પછી ખલીફાએ પોતાની ઇચ્છા પરિપુર્ણ કરી.

ઈબ્ને મુબારકે આ આખી ઘટનાની આલોચના (ટીકા ટીપ્પણી) કરી છે. તેઓ કહે છે “મને સમજાતું નથી કે આ ત્રણેમાંથી કોના ઉપર વધારે આશ્ચર્ય કરૂં. તે ખલીફા ઉપર જે પોતાના હાથ મુસલમાનોની જાત અને માલ ઉપર નાખે છે. અને પોતાની અપરમાની પણ ઈજ્જત નથી રાખતો અથવા તે કનીઝ ઉપર કે જેણે ખલીફાની નફસાની ખ્વાહીશની સામે જૂકી જવા માટે ઇન્કાર કર્યો અથવા તે કાજી પર જે ખલીફાને છૂટ આપે છે, કે પોતાના બાપને બેઇજ્જત કરે, અને પોતાના સગા

બાપની પત્ની રહી ચૂકેલી કનીઝ સાથે સંભોગ કરે, જે એની અપરમા હતી !!”

[તારીખુલ ખોલફા પેજ નં. ૨૯૧]

(હારૂન રશીદ અને એના જેવા બીજા અનેક બની ઉમય્યાના અને બની અબ્બાસના બાદશાહોને તે સમયના કાજી અબુ યુસુફ જેવા દરબારી મુલ્લાંઓએ બુઝુર્ગ અને વલી ચીતરેલા છે. એ વેચાઇ ગયેલા ઈતિહાસકારોએ પ્રકાર પ્રકારની કહાંનીઓથી તથા આવા જાલીમ અને બેરહમ બાદશાહોની બુઝુર્ગીથી એહલે સુન્નતનો ઇતિહાસ ભરપૂર છે. તે સાથે ભલું થાય તે ઇતિહાસકારોનું જેમણે સત્ય ઇતિહાસ પણ લખ્યો છે. સલામ આવા ઇતિહાસકારોને. - અનુવાદક)

# પ્રકરણ-૨૮ : “અદ્‌લે ઇલાહી” અને “ઇસ્મતે અંબીયા”ની માન્યતા ઉપર ખિલાફતની અસરો

અદલે ઇલાહી - અલ્લાહનો ન્યાય. / ઇસ્મતે અંબીયા - નબીઓનું મઅસુમ હોવું.

આ વાતનું સ્પષ્ટીકરણ થઈ ચૂકયું છે કે, ખિલાફત વ્યવસ્થા અંગેના એહલે સુન્નતના દ્રષ્ટિકોણથી, રાજકીય ક્ષેત્રે મુસલમાનો કેટલા બધા કમજોર થઈ ગયા છે. અને સાથે સાથે એ અંગે પણ ચર્ચા થઈ ગઇ કે કેવી રીતે એમને આ વ્યવસ્થાના આદિ બનાવી દેવામાં આવ્યા, કે દરેક તે વ્યક્તિની તાબેદારી કરે, જે વ્યક્તિ સત્તા-પ્રભુત્વ હાંસિલ કરવાની કોશીશમાં સફળ થઈ જાય, આ વાત તરફ

બિલકુલ ધ્યાન આપ્યા વગર કે એ વ્યક્તિમાં કેટલી આવડત છે અથવા એના અમલો કેવા છે.

ખિલાફત વ્યવસ્થાની આ બિનઈસ્લામી પદ્ધતિઓથી એહલે સુન્નતની સંપૂર્ણ દીની માન્યતાઓ અને ધાર્ડમક દૃષ્ટિકોણો ઉપર ઘણી જ ખરાબ અસર થઈ. એમના ખલીફાઓની મોટી સંખ્યા દીની ઇલ્મ અને તકવો પરહેઝગારીથી તદ્ન ખાલી હતી. આવા જાલીમ, જાહીલ, અય્યાશ અને વ્યભિચારી ખલીફાઓની ખિલાફતને યોગ્ય સાબિત કરવા એહલે સુન્નત હઝરાતને એમ કહેવું પડયું કે ખલીફાઓની શું વાત ? નબીઓથી પણ ગુનાહ થઈ જાય છે, આ રીતે અંબીયાની મઅસુમીયતનો અકીદો બદલાઇ ગયો. [જુઓ આ કિતાબના લેખક સય્યદ અખ્તર રિઝવીની કિતાબ

PROPHETHOOD પ્રકાશન દારેસલામ, પા. ૯-૧૦.(ઇ. ૧૯૭૫)]

ખલીફાઓના સમયમાં દરેક યુગમાં સેંકડો વ્યક્તિઓ એવી હતી, જેમનું જ્ઞાન તકવો અને પરહેઝગારી તે વખતના ખલીફાઓ કરતા વધારે હતાં. આવી વ્યક્તિઓ પોતાના સમયના જાહીલ ખલીફાઓ કરતાં ખલીફા તરીકે વધારે યોગ્ય હતી. તેથી એહલે સુન્નતે આમ પણ કહેવું પડયું કે શ્રેષ્ઠ ઉપર નીમ્નતર વ્યક્તિને મહત્વ આપવામાં કોઈ વાંધો નથી, એટલે કે એમાં અક્કલની દ્રષ્ટિએ કોઈ ખરાબી નથી, કે એક જાહીલ અને દુરાચારી વ્યક્તિને તેનાથી ઘણા જ મોટા આલિમ, પરહેઝગાર વ્યક્તિની હાજરીમાં ખલીફા બનાવી દેવામાં આવે.

જ્યારે શીયાઓનો અકીદો છે કે, શ્રેષ્ઠ વ્યક્તિની હાજરીમાં નીમ્નતર વ્યક્તિને મહત્વ આપવું અક્કલની દ્રષ્ટિએ ઘણુંજ ખરાબ છે. ત્યારે એહલે સુન્નત હઝરાતે એના પ્રત્યુત્તરમાં આવો મનઘડત અકીદો બનાવ્યો કે કોઈ વસ્તુ પોતાની જાતથી સારી અથવા ખરાબ નથી હોતી. પરંતુ જેને ખુદા હુકમ આપે છે તે સારી બની જાય છે. અને ખુદા જે વસ્તુની મના કરે છે તે ખરાબ બની જાય છે. [જુઓ, જ.સય્યદ સઇદ અખ્તર રિઝવીની કિતાબ Justice of God પ્રકાશન મુંબાસા ત્રીજી આવૃત્તિ ઇ. ૧૯૮૦] જ્યાં સુધી અક્કલ ને સંબંધ છે. એમણે એને મઝહબમાં બિલકુલ જગ્યા નથી આપી.

લંબાણના ભયે અહિં વધારે વિસ્તૃત વર્ણન શક્ય નથી, કે એહલે સુન્નતની ખિલાફત વ્યવસ્થાએ

તેમજ તેમના ઉપરોક્ત અકીદાના કારણે સંપૂર્ણ ઈસ્લામી માન્યતાઓને તથા ઇલ્મના માળખાને ઘણીજ ખરાબ અને વ્યાપક અસર પહોંચાડી છે. હાલમાં જે કંઇ વર્ણન કરવામાં આવ્યું છે, તેટલું પુરતું છે.

હવે આ વાત સ્પષ્ટ થઈ ગઈ કે ખલીફાઓને આપત્તિ - ટીકા - આલોચનાથી બચાવવા માટે ન ફક્ત નબીઓને મઅસુમીયતથી વંચિત કરી દીધા, બલ્કે ખુદાને પણ તેની અદાલતથી વંચિત કરી દીધો.(જાણે ખુદા બંદા સાથે અન્યાય પણ કરે છે એહલે સુન્નતનો અકીદો છે કે, ભલી અને બુરી તકદીર ખુદાના હાથમાં છે. બુરૂં પણ ખુદા કરે. (અસતગફિરૂલ્લાહ) અને જ્યારે બંદો ગુનો કરે તો તેને સજા પણ આપે. બંદાથી થતી બુરાઇ

પણ જો ખુદા જ કરાવતો હોય, તો પછી બંદાને સજા કરવી જુલ્મ ગણાશે. આ રીતે ખુદાતઆલાને પોતાની અદાલતથી વંચિત કરી દીધો. - અનુવાદક).

પરંતુ હવે તે હંગામી સમય(ખલીફાઓનો) વીતી ચૂકયો છે, પસાર થઈ ચૂકયો છે. અને હવે આપણે એવી પરિસ્થિતિમા છીએ કે દૂર એક ઉંચાઇ પર ઉભા રહીને બધીજ ઘટનાઓના કારણો, પરિણામો અને તેની અસરોનું એક નજરથી તટસ્થતાપૂર્વક અવલોકન કરીએ, તો તેના પ્રકાશમાં આપણે સહેલાઇથી ગદીરે ખૂમમાં ઉતરેલી બધીજ આયતનો ઉદૃશ-મતલબ સમજી શકીશું, ઇન્શાઅલ્લાહ.

**યા અય્યોહર્રસૂલો બલ્લીગ મા ઉન્ઝેલ એલયક મીર્રબ્બેક વ ઇલ્લમ તફઅલ ફમા બલ્લગત રિસાલતહુ વલ્લાહો યઅ્સેમોક મેનન્નાસ**

[સૂરએ માએદહ આયત નં. ૬૭]

**અર્થાત** :- "અય રસૂલ ! જે કંઈ તમારા પરવરદિગાર તરફથી તમારી તરફ ઉતારવામાં આવ્યું છે તે (લોકો સુધી) પહોંચાડી દો, અને જો તમે તેમ ન કર્યું તો, જાણે તમે તેનો કોઈ પણ સંદેશો પહોંચાડયો જ નહિ, અને અલ્લાહ તને લોકોથી સુરક્ષિત રાખશે."

ઈસ્લામી અકીદાઓની પવિત્રતા અને અમલોની શુદ્ધતા આ વાત પર આધારિત હતી કે રસૂલના પછી અલી (અ.)ને ખલીફા બનાવવામાં આવે. અલ્લાહ તો કહે છે, જો તમે આ એક સંદેશો

ન પહોંચાડયો તો જાણે કોઈ સંદેશો પોહચાડયો જ નથી. (નુબુવ્વતનો હક જ અદા નથી કર્યો) સમગ્ર દીન અને મઝહબનું રક્ષણ એ વસ્તુ પર આધારિત હતું કે રસૂલુલ્લાહ (સ.અ.વ.) પછી ખિલાફત સીધી (વચ્ચે કોઈ જ નહિ) હઝરત અલી (અ.) ના હાથમાં આવી જાય.

# પ્રકરણ-૨૯ : શું શીયા મઝહબ બિનલોકશાહી છે ?

જ્યારે એહલે સુન્નત હઝરાત પ્રથમ ચાર ખલીફાઓની અને અમારા ઈમામોની જાનશીનીને જુએ છે, ત્યારે તેઓ કહે છે કે, શીયાઓ લોકશાહીમાં માનતા નથી. બધા જ બારે ઈમામો એકજ ખાનદાન અને એકજ નસલના હતા. જ્યારે સુન્નીઓના પ્રથમ ચાર ખલીફાઓ અલગ અલગ ખાનદાનમાંથી હતા. આથી તેઓ એવું પરિણામ કાઢે છે કે સુન્ની મઝહબ સૈદ્ધાંતિક રીતે લોકશાહી છે. જેના માટે આજકાલ એવો હોબાળો મચાવવામાં આવી રહ્યો છે કે સુન્ની મઝહબ બેહતરીન રાજ્યવ્યવસ્થા છે.

શીઇય્યત ઉપર કાદવ ઉછાળવા માટે તેઓ કહે છે કે શીઇય્યત વારસાગત ખિલાફતમાં માને છે. જેથી દેખીતી રીતે જ એ કોઈ સારી રાજ્યવ્યવસ્થા નથી.

**પ્રથમ દલીલ :-**

હવે આપણી કહેવાતી સારી સુન્ની જમહુરીયતનો (લોકશાહીનો) તુલ્નાત્મક અભ્યાસ કરીએ.

પ્રથમ તો કોઈ પણ રાજ્યવ્યવસ્થા જાતે પોતે ન ખરાબ હોય છે, ન સારી હોય છે. પરંતુ કોઈ પણ રાજ્યવ્યવસ્થા એટલી જ સારી હોય છે અથવા ખરાબ હોય છે, જેટલી તેને ચલાવવા વાળી વ્યક્તિ સારી અથવા ખરાબ હોય છે. મતલબ જેના હાથમાં

રાજ્યની બાગડોર હોય તેના સારા અથવા ખરાબપણા પર રાજ્યવ્યવસ્થા અવલંબીત છે.

તેથી જ તો શીયાઓનો અકીદો છે કે, ઈમામે મઅ્સુમ હોવું જરૂરી છે. ઈમામે દરેક પ્રકારના ગુનાહો અવગુણો,ખામીઓ, અપવિત્રતાઓ તથા અશુદ્ધીઓથી માસુમ-પાક-પવિત્ર અને શુદ્ધ હોવું જરૂરી છે. સાથે સાથે દરેક પ્રકારના સારા ગુણોમાં સર્વશ્રેષ્ઠ હોવું જરૂરી છે. આ વસ્તુઓ જ એ બાબતની ખાત્રી છે કે, આવા ઈમામની હુકુમત સર્વથી બહેતર અને ન્યાયી હશે.

શીયાઓની રાજ્યવ્યવસ્થા (નબી સ.અ.વ.) પછી સૌ પ્રથમ એક છેડે હઝરત અલી (અ.) ની સંપૂર્ણ ન્યાયી અને શ્રેષ્ઠ રાજ્યવ્યવસ્થા છે. જેને આપ(અ.) એ પોતાના ઘણા થોડા સમયગાળામાં

લાગુ કરી હતી. અને બીજા છેડે રસૂલુલ્લાહ (સ.અ.વ.)ની સર્વ માન્ય હદીસ છે. જે આપ (સ.અ.વ.) એ આખરી ઈમામ - ઈમામે મેહદી (અ.) ના વિષયમાં ફરમાવી છે કે, "તેઓ જમીનને અદલો ઇન્સાફથી એવી રીતે ભરી દેશે કે જેવી રીતે તે જુલ્મ અને અન્યાયથી ભરાઇ ચૂકી હશે." [સહીહ અબુ દાઉદ શરીફ. ભાગ-૨, પેજ નં. ૨૦૭. મસ્નદે ઈમામ અહમદ બિન હમ્બલ, ભાગ-૧, પેજ નં. ૩૭૭ અને ૪૩૦, ભાગ-૩, પેજ નં. ૨૮. મુસ્તદરક હાકીમ, ભાગ-૪, પ્રકાશન હૈદરાબાદ, હીજરી ૧૩૩૪, પેજ નં. ૩૬૫ અને ૫૫૭]

શીયાઓના પ્રથમ ઈમામ હઝરત અલી (અ.) ની રાજ્યવ્યવસ્થા પ્રથમ અને શીયાઓના છેલ્લા ઈમામની રાજ્યવ્યવસ્થા જોઇ લો. પછી

કહેવાતી સુન્ની લોકશાહી સાથે પ્રમાણીકતાપૂર્વક તુલ્નાત્મક અભ્યાસ કરો. કોઈ પણ તટસ્થ અને પ્રમાણિક માણસ પથ્થર અને હીરાનો ભેદ સમજી લેશે.

આ જ રીતે અમારી દલીલો અમલી બુનીયાદ પર કાયમ છે. ફક્ત કાલ્પનિક તુક્કાઓ કે ખ્યાલી પુલાવ ઉપર આધારિત નથી.

**બીજી દલીલ :-**

શીયાઓ વારસાગત હુકુમતમાં માને છે, એવું મેણું મારનારા જરા પોતાના ગિરેબાનમાં જુએ, કે એહલે સુન્નતના બધાજ ખલીફા અલમુઅતસીમ બિલ્લાહ (જેને હીજરીસન ૬૫૬ માં હલાકુખાને હલાક કર્યો હતો) સુધીના બધાજ ખલીફાઓ કુરૈશ ખાનદાનના હતા. શું આનાથી એવો મતલબ નથી

નીકળી શકતો કે સુન્ની રાજ્યવયવસ્થા એ પૂર્વ ચીનથી લઈ સ્પેન સુધી બધાજ મુસલમાનો ઉપર છસ્સો પચાસ વર્ષ સુધી એકજ ખાનદાનની હુકુમત બળજબરીથી થોપી દીધી હતી. કેમ બીજા ખાનદાનોને હુકુમત ન આપી ?

કયાં ગઈ એહલે સુન્નતની જમહુરીયત ? જેઓ શીયાઓ ઉપર એકજ ખાનદાનની હુકુમતનું મેણું મારે છે.

ત્રીજી દલીલ :-

જેવું કે આગળ વર્ણન થઈ ચુકયું છે. એહલે સુન્નતની રાજ્યવ્યવસ્થા કદી પણ લોકશાહીના સિદ્ધાંતો ઉપર આધારિત નથી થઈ.

(૧) પહેલા ખલીફા સાહેબને ગણતરીના થોડાક માણસોએ મુસલમાનો ઉપર ખલીફા તરીકે થોપી દીધા.

(૨) બીજા ખલીફા સાહેબને પ્રથમ ખલીફાએ નિયુક્ત (નામઝદ) કરી દીધા.

(૩) ત્રીજા ખલીફા સાહેબને કહેવા માટે તો પાંચ પરંતુ હકીકતમાં તો એક વ્યક્તિએ (અબ્દુર્રેહમાન બિન ઔફે) ચુંટી દીધા.

(૪) મઆવીયાએ લશ્કરી બળ દ્વારા જુલ્મ અને અન્યાયથી હુકુમત મેળવી.

મઆવીયાની આગળની ત્રણે હુકુમતોને વધુમાં વધુ ઓલીગારકી (Oligarchy) એટલે કે થોડાક લોકો દ્વારા સ્થાપિત થયેલી સલ્તનત (અલ્પજન શાસન) કહી શકાય છે. અને મઆવીયા

પછી તો વારસાગત રાજાશાહી (મૂલુકીય્યત) કાયમ થઈ ગઇ.....

આ હાલત છે પ્રણાલિકાગાત પ્રથા ઉપર આધારિત (દસ્તુરે અસાસી) લોકશાહીની છે જેને અમલમાં લાવવામાં આવી.

હવે જરા તે પ્રથમ ત્રણ ખિલફતો ઉપર દ્રષ્ટિપાત કરો, અને તેમની કાર્યપદ્ધતિ જુઓ. તેઓ સમાનતાનો કેવો નમૂનો રજૂ કરે છે ? સમાનતા લોકશાહીનો પાયાનો સિદ્ધાંત છે. તેનો ધ્વંશ થતા સમૂળગી લોકશાહીના મૂળ કપાઈ જાય છે. લોકશાહીના સમાનતાના આ સિદ્ધાંત ઉપર પ્રથમ ત્રણ ખિલાફતોએ કેવા હથોડા માર્યા છે.તેના થોડાક નમૂના જુઓ.

 amillibrary.com

પ્રથમ ત્રણ ખિલાફતોમાં ઉડેલી સમાનતાની ધજ્જીઓ

(૧) હઝરત ઉમરે આ કાનૂન લાગુ કરેલો કે કોઈપણ બિન અરબ અરબનો વારિસ બની નથી શકતો, જયાં સુધી તે વારસદાર અરબસ્તાનની હદોમાં પેદા ન થયો હોય. [મોઅત્તા ઈમામ માલિક ભાગ-૨, પ્રકાશન કાહેરા, પેજ નં. ૬૦]

(૨) એહલે સુન્નતની શરીઅત પોતાના આરંભકાળથી એક બિન અરબને અરબી ઔરત સાથે શાદી કરવાની છૂટ નથી આપતી.

(૩) ન તો એક બિન કુરૈશી અથવા બિન હાશિમી પુરૂષ કોઈ હાશિમી અથવા કુરૈશી ઔરતથી શાદી કરી શકે છે. મતલબ નથી કરી શકતો.

(૪) શાફેઇ ફિકહ પ્રમાણે એક ગુલામ આઝાદ થયા પછી પણ આઝાદ સ્ત્રી સાથે લગ્ન નથી કરી શકતો. [અલઈફકાહ અલલ મઝાહિબિલ અરબાઅ, અબ્દુર્રેહમાન અલ જઝાઇરી, ભાગ-૪, પેજ નં. ૬૦. પ્રકાશન બૈરૂત ઇ.સ. ૧૯૬૯]

ઉપરોક્ત હુકમો અને કાનૂનો નબી (સ.અ.વ.) ની પ્રખ્યાત હદીસના વિરૂદ્ધ લાગુ કરવામાં આવ્યા. નબી (સ.અ.વ.) ની હદીસ આ મુજબ છે -

"ન તો અરબને બિન અરબ ઉપર શ્રેષ્ઠતા છે, ન ગોરાને કાળા ઉપર, સિવાય કે તે મુત્તકી હોય. બધાય આદમના સંતાનો છે અને આદમ માટીમાંથી બન્યા હતા." [દુર્રે મન્સુર અલ્લામા સીયુતી, ભાગ - ૬, પેજ નં. ૯૮]

નબી (સ.અ.વ.) એ સ્થાપિત કરેલા સમાનતાના સ્પષ્ટ ઉદાહરણોની ધરાર અવગણના કરીને, આપ (સ.અ.વ.) ની હદીસની ઐસી તૈસી કરીને આપવામાં આવેલા. આવા હુકમોમાં લોકશાહીની ઘોર ખોદવામાં આવી હતી.

જ્યારે કે નબી (સ.અ.વ.) એ પોતાની ફોઇની દીકરીના (ફોઇ બહેનના) નિકાહ પોતે આઝાદ કરેલા ગુલામ ઝયદ બિન હારેસાની સાથે કર્યા હતા અને અબ્દુર્રેહમાન બિન ઔફની બહેનને (એક કુરૈશની સ્ત્રીને) આઝાદ થયેલા ગુલામના નિકાહમાં આપવામાં આવી હતી. જેમનું પ્રખ્યાત નામ બિલાલ છે. [ઝાદુલ મઆદ, ઇબ્ન કય્યીમ, ભાગ - ૪, પેજ નં. ૨૨, પ્રકાશન કાહેરા.(૧૯૫૦)]

## સમાનતા અને શીયા દ્રષ્ટિબિંદુ

શીયા શરીઅત સાફ સાફ કહે છે એક આઝાદ સ્ત્રી એક ગુલામ સાથે, એક અરબ સ્ત્રી એક બિન અરબ પુરૂષ સાથે, એક હાશિમી સ્ત્રી એક બિન હાશિમી પુરૂષ સાથે શાદી કરી શકે છે. અને એનાથી ઉલ્ટુ એક ગુલામ સ્ત્રી સાથે એક આઝાદ પુરૂષ, એક બિન અરબી સ્ત્રી સાથે અરબ પુરૂષ, એક બિન હાશિમી સ્ત્રી સાથે એક હાશિમી પુરૂષ શાદી કરી શકે છે.

એવી જ રીતે એક શિક્ષિત અથવા ધનવાન કુટુંબની સ્ત્રી એક અશિક્ષિત અને ગરીબ પુરૂષ સાથે લગ્ન કરી શકે છે. ભલે તે પુરૂષ સામાન્ય રીતે ઇજ્જતની દૃષ્ટિએ ન જોવામાં આવતો હોય. [શરાયેઉલ ઈસ્લામ, મોહક્કીક હિલ્લી,

કીતાબુન્નીકાહ, ભાગ-૫, પ્રકાશન નજફ. ઇ.સ. ૧૯૬૯, પેજ નં. ૩૦૦. મિન્હાજુસ - સાલેહીન સૈયદ મોહિસનુલ હકીમ, જિ. ૨.]

ખિલાફત કાળમાં માલે ગનીમતની વહેચણીમાં અસમાનતા

માલે ગનીમતની વહેંચણીમાં પૈગમ્બર (સ.અ.વ.) એ સમાનતાના સિદ્ધાંતો સ્થાપીત કર્યા હતા. જેટલી વ્યક્તિઓએ લડાઈમાં ભાગ લીધો હોય, તે બધાંની વચ્ચે માલે ગનીમત કોઈ પણ જાતના ભેદભાવ વગર વહેંચી દેવામાં આવતો હતો. અલબત્ત સવારોને પયાદહ કરતા ડબલ ભાગ આપવામાં આવતો. અબુબકરે આ વ્યવસ્થાને ચાલુ રાખી. પરંતુ ઉમરે ૧૫ હીજરીમાં રસૂલુલ્લાહ(સ.અ.વ.)ની વફાતને ફક્ત ચાર જ વર્ષ

થયાં હતાં, વ્યવસ્થા બદલી નાખી. ઉમરે જુદી જુદી વ્યક્તિઓ, ખાનદાન અને કબીલાઓ માટે વાર્ષિક વેતનો નક્કી કર્યાં હતાં. રસૂલુલ્લાહ (સ.અ.વ.)ના કાકા અબ્બાસ માટે બાર હજાર અથવા પંદર હજાર દિનાર વાર્ષિક નક્કી કર્યા હતા. હઝરત આયેશાને ૧૨ હજાર દીનાર. અને બીજી ઉમ્મતની માતાઓ માટે દસ હજાર દીનાર નક્કી કર્યા હતા. જંગે બદ્રમાં ભાગ લેનારાઓ માટે પાંચ હજાર વાર્ષિક તથા જે લોકો જંગે બદ્ર અને સુલેહ હુદેબીયાહની વચ્ચે મુસલમાન બન્યા હતા, તે દરેકને ચાર હજાર દીનાર વાર્ષિક આપવામાં આવતા. સુલેહ હુદેબીયાહ પછી અને જંગે કાદીસીયાહ પહેલાં જેઓ મુસલમાન થયા તે દરેકને ત્રણ ત્રણ હજાર દીનાર વાર્ષિક આપવામાં આવતા હતા. ધીમે ધીમે

પાછળથી વજીફાની આ રકમો ક્રમબદ્ધ રીતે ઘટતી ગઈ. અહીં સુધી કે વાર્ષિક બે દીનાર સુધી પણ પહોંચી ગઈ. [તારીખે તબરી ભાગ-૫, પેજ નં. ૨૪૧૧ થી ૨૪૧૪. Nicholson A Literary history of the Arabs – P. No.247] વજીફાઓ અને વેતનની આ વ્યવસ્થાએ ઉમ્મતે ઈસ્લામી એટલી હદ સુધી વિકૃત અને અશુદ્ધ કરી નાખી, કે દવલત તેમની જિંદગીનો એક માત્ર ધ્યેય બની ગઈ. દીનની ખિદમતનો બદલો એક માત્ર દવલત,ઉદ્દૃશ્ય બની ગયો. ભૌતિકવાદ તેમનો જીવન ધ્યેય બની ગયો.

જેવી રીતે કે પહેલાં ઈશારો કરવામાં આવ્યો છે. કે ઉમર અને ઉસ્માન પછી હઝરત અલી(અ.)ના હાથમાં જ્યારે જાહેરી ખિલાફત આવી ત્યારે આ ભૌતિકવાદી બની ચૂકેલી ઉમ્મત હઝરત

અલી (અ.)ની માનવતાવાદી સમાનતાની વહેંચણી કેવી રીતે સહન કરી શકતી હતી ? અબુબકર, ઉમર અને ઉસ્માન ત્રણેની હુકુમતોના ૨૫ વર્ષ જેટલા લાંબા ગાળામાં આ ઉમ્મત વિકૃત બની ચૂકી હતી, ભૌતિકવાદી બની ચૂકી હતી.

હઝરત અલી (અ.) એ પોતાની પ્રથમ તકરીરમાં સ્પષ્ટ ફરમાવ્યું હતું કે, તેઓ રસૂલુલ્લાહ (સ.અ.વ.) વાળી આદિલાના-ન્યાયી વ્યવસ્થા કાયમ કરશે. સ્થળ સંકોચના કારણે હઝરત અલી (અ.)ની તકરીરના અમૂક જ વાક્યોની અત્રે નોંધ રજુ કરવામાં આવે છે.

**હઝરત અલી અ. મે ફરમાવ્યું :**

‘ખબરદાર થઈ જાઓ. સૂચિત કરી રહ્યો છું. અસ્હાબે રસૂલમાંથી કોઈ વ્યક્તિ મુહાજિર હોય કે,

 amillibrary.com

અનસાર હોય, તેઓ એમ સમજતા હોય કે સહાબીયતની બુનિયાદ પર બીજાથી ઉચ્ચ છે, તેઓ યાદ રાખી લે કે સાચી શ્રેષ્ઠતા આવતી કાલે ખુદાની સામે જાહેર થશે. અને તેનો સારો બદલો અલલાહની પાસે છે. (એટલે કે પોતાની સહાબીયત અને શ્રેષ્ઠતાનો બદલો આ દુનિયામાં મેળવવાની નિય્યત ન રાખવી જોઇએ.) દરેક તે વ્યક્તિ જેણે અલ્લાહ અને તેના રસૂલ (સ.અ.વ.) ની દાવત ઉપર લબ્બૈક કહી, અને અમારા મઝહબની સત્યતાને માની લીધી, અને તેમાં દાખલ થઈ ગયા, અને તેણે અમારા - કીબ્લા તરફ મોઢું કર્યું. તે ઈસ્લામના બધા જ હકો ભોગવવાનો હકદાર છે. અને તેની તમામ હદોનો પણ પાબંદ છે."

"તમો લોકો ખુદાના બંદા છો, અને આ દૌલત ખુદાની મિલકત છે. આ તમારી દરમ્યાન સમાનતાના ધોરણે સરખે ભાગે વહેચવામાં આવશે. આ માટે કોઇને કોઈના ઉપર જરાપણ મહત્વ આપવામાં નહીં આવે." [શરહે નહજુલ બલાગાહ - ઈબ્ને અબીલ હદીદ - ભાગ-૭, પેજ નં. ૩૫ થી ૩૭ તદઉપરાંત જુઓ, નહજુલ બલાગાહ ખુત્બા નંબર ૧૨૬]

જે લોકો છેલ્લા વીસ વર્ષથી અન્યાયી વહેંચણીના આદી બની ચૂકયા હતા, તેઓ હઝરત અલી(અ.)ની પાસે આવ્યા અને એમને સલાહ આપવા લાગ્યા કે, અલી ઈસ્લામી સિદ્ધાંતોને સમયના તકાદાઓ ઉપર કુરબાન કરી દે. પરંતુ જ્યારે હઝરત અલી (અ.) ઈસ્લામી સિદ્ધાંતોના લાગુ

કરવામાં સ્હેજે બાંધછોડ કરવા તૈયાર ન થયા, ઉલટું હઝરત અલી(અ.) એ આવા દુનિયા પરસ્તો (દુનિયાના પૂજારીઓ) સામે જરા પણ આંખ આડા કાન ન કર્યા, ત્યારે આ દુનિયાના પૂજારીઓએ હઝરત અલી(અ.) ની સામે દાવ પેચો અને ષડયંત્રોની જાળ બિછાવી દીધી.

બની ઉમય્યાએ સત્તા મેળવ્યા પછી તો, મુસલમાનો વચ્ચે અસમાનતા અને અન્યાયીપણાને વધુ વેગ મળ્યો, જો કોઈ ઈસ્લામ કબુલ પણ કરી લે છતાં એને એક મુસલમાનની જેમ હક્કો મળતા ન હતા. બલ્કે કેટલીક ઘટનાઓમાં તો આવા નવમુસ્લિમોની હાલત પોતાના બિનમુસ્લિમ દેશવાસીઓથી પણ ખરાબ થઈ જતી હતી, કારણકે બિન મુસ્લીમોને તો ફક્ત જઝીયાવેરો આપવો

પડતો હતો, જ્યારે આવા નવમુસ્લિમોને તો જઝીયાવેરો પણ આપવો પડતો હતો અને ઝકાત પણ. [તારીખે તબરી ભાગ-૩ પેજ નં. ૧૩૫૪ થી ૧૩૬૭]

ઉમર બિન અબ્દુલ અઝીઝનો અઢી વર્ષનો રાજ્ય કારભાર બાદ કરતા સંપૂર્ણ રીતે બની ઉમય્યાના બધા ખલીફાઓના રાજ્ય અમલ દરમ્યાન બધા જ બિન અરબો પાસેથી જઝિયાવેરો લેવામાં આવતો હતો, પછી તેઓ મુસ્લિમ હોય કે બિન મુસ્લિમ.

આ સમજવું જરાય મુશ્કેલ નથી કે આ બિન ઈસ્લામી કાર્યપદ્ધતિથી ઈસ્લામને કેટલું નુકસાન પહોંચ્યું છે. અને તે પણ કહેવાતા મુસલમાનો, નબીના કહેવાતા સહાબાના બેટાઓના હાથે

ઈસ્લામની ઘોર ખોદાઇ. સદીઓ સુધી ઈલાકાના ઈલાકા જેના શહેરોને ઈસ્લામી પાટનગરો કહેવામાં આવતાં હતાં ત્યાંના લોકો ઇસ્લામ કબૂલ કરવાથી દૂર જ રહ્યા.

અહીં સુધી કે "બર્બર" લોકો જેઓએ શરૂ શરૂમાં અરબોના હુમલાઓથી પોતાનું રક્ષણ કર્યા બાદ ઈસ્લામ તરફ આકર્ષાયા, તેમણે સ્પેન અને ફ્રાન્સ વિરૂદ્ધ જેહાદમાં ભાગ લઈ ને શાનદાર કારનામા કર્યા, તે પણ સામૂહિક ધોરણે ત્યાં સુધી મુસલમાન ન થયા, જ્યાં સુધી પહેલી શીયા હુકુમત મરાકશમાં સ્થાપિત ન થઈ, જ્યારે ઈમામ હસન (અ.) ના પરપોત્રોમાંથી જનાબ ઇદ્રીસે મરાકશમાં હુકુમત કાયમ કરી, ત્યારે આ બર્બર લોકો સામુહિક રીતે ખુશીખુશી ઈસ્લામમાં દાખલ થઈ ગયા.

જનાબ ઇદ્રીસના ખાનદાનની હુકુમત ઇ.સ. ૭૮૯ થી ૯૮૫ સુધી કાયમ રહી. જનાબ ઇદ્રીસે મુલ્કે બર્બર ઉપર ચઢાઇ કરી, ત્યારે ત્યાંની બહુમતિ બિન મુસ્લિમ હતી. આ તે દુરવ્યવહાર અને અન્યાયી વર્તનનું પરિણામ હતું, જે બની ઉમય્યાના શાસનકાળમાં કરવામાં આવ્યું હતું.

જ્યારે યઝીદ બિન અબ્દુલ મલેક ઉમવી રાજ્ય સિંહાસન પર બેઠો ત્યારે તેણે યઝીદ બિન અબુ મુસ્લિમ દીનારને મરાકશનો ગવર્નર કર્યો. આ ગવર્નરે લોકો ઉપર ફરીથી જઝિયાવેરો નાંખી દીધો. જે લોકો મુસલમાન થઈ ચૂક્યા હતા. અને તેમને આ વાત ઉપર મજબૂર કર્યા કે, તેઓ તે ગામડામાં જઈને રહે, જ્યાં તેઓ ઈસ્લામ કબુલ કર્યા પહેલાં રહેતા હતા. [હસન અલ અમીન, ઈસ્લામી શીઆ

એનસાયકલોપીડીયા, ભા. ૧, બૈરૂત, પેજ નં.૩૮ થી ૪૧]

જ્યારે જનાબ ઇદરીસે આ ઉમવી રાજ્ય વ્યવસ્થાને બદલીને ખાલીસ, સંપૂર્ણ ઈસ્લામી રાજ્યવ્યવસ્થા અમલમાં મૂકી, અને બધાજ મુસલમાનોને સમાનતાના ધોરણે ઈન્સાફથી પૂરેપુરા હક આપ્યા, ત્યારે બધી બર્બર કૌમ સામૂહિક ધોરણે મુસલમાન થઈ ગઈ.

અરબ કૌમ પરસ્તને પ્રધાનતા આપવાની મનોવૃત્તિ ઈસ્લામના ઉદયકાળથી (ઉમરની હુકુમતથી) ખલીફાઓના રાજ્ય અમલ દરમ્યાન તેમના દરેક નિર્ણયમાં ચોખ્ખી દેખાઈ આવે છે. જેના કારણે જીતાયેલા મુલ્કોના કોઈ પણ રહેવાસીને ઈસ્લામ કબુલ કર્યા પછી પણ મુસલમાન ગણવામાં

આવતો ન હતો. ન તો તેને મુસલમાનો જેવા હક્કો આપવામાં આવતા હતા. જ્યાં સુધી કે તેઓ પોતાને કોઈ અરબ કબીલા સાથે સંબંધકર્તા ન કરી દે, જુના સમયના બિનઅરબ મુસલમાનોના નામ સાથે મહદઅંશે આવા પ્રકારનો વધારો જોવા મળે છે "મૌલા નબી ફલાં" તે આજ વસ્તુસ્થિતિનું પ્રતિબિંબ છે. તેમ છતાં પણ તે નવમુસ્લિમો સાથે બદસુલૂકી, અન્યાયી વર્તાવ કરવામાં આવતા હતા. બીજા કયા કયા પ્રકારના અન્યાયોનો સામનો તેમણે કરવો પડતો હશે ? તે તો તેઓજ જાણે.

બાર ઈમામોની પવિત્ર માસુમ હસ્તીઓના સાનિધ્યમાં હુકુમતની હદોને મર્યાદિત કરીને અલ્લાહ તઆલાએ દરેક પ્રકારના અંદરો અંદરના ઝઘડા, વિરોધાભાસ, અસલામતિ, ધોકાબાજી, તેમજ

ધાંધલ પર આધારિત ઇલેકશનના મૂળ કાપી નાખ્યાં છે. અને સાથે સાથે સામાજિક તેમજ વંશિક અસમાનતાને પણ ખતમ કરી દીધી છે.

# પ્રકરણ-30 : ખાનદાની હુકુમત

કેટલાક લોકો કહે છે, જો શીયાઓના ખિલાફત વિશેના અકીદાને માની લેવામાં આવે તો પણ માનવું પડશે કે પયગમ્બર (સ.અ.વ.) પોતાની એહલેબયત માટે એક ખાનદાની બાદશાહતની સ્થાપના કરવા માગતા હતા. (જેમાં આપ (સ.અ.વ.) બિલકુલ નિષ્ફળ ગયા.)

ઉપરોક્ત આક્ષેપ કરવાનો ખરો હેતુ એ છે કે, તેઓ આમ કહીને એવું જાહેર કરવા માગે છે કે હુઝુર (સ.અ.વ.) તો આવા સ્વાર્થીપણાના અવગુણથી બિલકુલ પર હતા, જેથી શીયાઓનો અકીદો બાતિલ છે.

આ જ લોકો આમ પણ કહે છે કે, પયગમ્બર (સ.અ.વ.) એ ફરમાવ્યું "**અલ અઇમ્મતઅ્ મીન કુરૈશ**" ઈમામ કુરૈશમાંથી થશે. તો શું આ લોકો એમ કહેવા માગે છે કે આ હદીસથી રસુલુલ્લાહ (સ.અ.વ.) પોતાના કબીલાની બાદશાહત કાયમ કરવા માગતા હતા ? અથવા એમનો કહેવાનો હેતુ એ છે કે, રસુલ (સ.અ.વ.) એ સ્વર્થીપણા જેવા અવગુણને વશ થઈને આ હદીસ ફરમાવી ? (મઆઝલ્લાહ)

અગાઉના પ્રકરણોમાં આ વર્ણન આવી ચૂક્યું છે કે બની સકીફામાં અબુબકરે અન્સારે મદીનાને એમ કહીને ચૂપ કરી દીધા હતા કે, "કેમકે રસૂલુલ્લાહ (સ.અ.વ.) કબીલએ કુરૈશથી હતા, જેથી અરબો કોઈપણ બિનકુરૈશીને ખલીફા તરીકે કદી

નહીં સ્વીકારે." અબુબકરની આ દલીલથી અનસાર ખામોશ થઈ ગયા હતા. આ જ દલીલ અનુસાર જો રસૂલુલ્લાહ (સ.અ.વ.) ના એહલેબયતની કોઈ પણ વ્યક્તિને (દા.ત. હઝરત અલી(અ.) ને) ખલીફા બનાવી દેવામાં આવત તો બધા જ લોકો સંતોષકારક સર્વ સંમતિ સાથે આપની તાબેદારી કરત અને કોઈ પણ જાતનો વિરોધ કે તકલીફ પેદા ન થાત.

હઝરત અલી(અ.)ની નબી (સ.અ.વ.)ની વફાત પછી થવી જોઇતી ખલીફા તરીકેની નિયુક્તિને કેટલાક બિનમુસ્લિમ વિદ્વાનોએ પણ કબુલ કરી છે. મિસ્ટર સેડી લોટે લખ્યું છે કે,"જો ખાનદાની વારસાના સિદ્ધાંતને હઝરત અલી(અ.)ના હકમાં પ્રથમથી જ સ્વીકારી લેવામાં આવત, તો આ

વિનાશક ખુનામરકીની રોકથામ થઈ જાત. જેણે ઈસ્લામને મુસલમાનોના ખૂનમાં ડૂબાડી દીધો... ફાતેમા (અ.) ના પતિ રસુલ (સ.અ.વ.)ના જાઇઝ ઉત્તરાધિકારી હતા. અને તેઓ પોતે વારસાનો હક પણ ધરાવતા હતા, અને સાથે ચૂંટણીનો પણ."

હકીકત એ છે કે, આવો બેતુકો અને જુઠો આક્ષેપ કરનારા ખરા મસઅલાને સમજી શકયા નથી. શીયાઓએ એમ કદી નથી કહ્યું કે વારસાનો ઈમામત સાથે કોઈ સંબંધ છે. પરંતુ આગળ વર્ણન થઈ ચૂકયું છે કે, ઈમામનું માસુમ હોવું જરૂરી છે. સાથે સાથે સર્વણગુણ સંપન્ન હોવું જરૂરી છે. અખ્લાક અને ઇલ્મમાં સમગ્ર ઉમ્મતથી શ્રેષ્ઠ હોવા સાથે "મન્સુસ મિનલ્લાહ" એટલે કે ખુદાની તરફથી નીમાયેલા હોવું પણ જરૂરી છે.

અલબત્ત હઝરત ઇબ્રાહીમ (અ.) અને રસુલુલ્લાહ(સ.અ.વ.) પર અલ્લાહનો એક ખાસ ફઝલ હતો કે અમલી રીતે પણ, એમના પછી જેટલા ઈમામો થયા, તેઓ એમના જ વંશમાં હતા એટલે તે તમામ હઝરતો જેમની અંદર ઈમામતની જરૂરી શરતો એકત્ર હતી, તેઓ એમની જ અવલાદમાંથી હતા.

(કિતાબનો અનુવાદ પૂર્ણ થયો. ૨૬ રજ્જબ હીજરી ૧૪૧૩, અંગ્રેજી તારીખ ૨૦-૧-૯૩ બુધવારે સાંજે ૬ વાગ્યે.)

**વસ્સલામો અલા મનિત્તબઉલ હોદા**

**અલહમ્દો લિલ્લાહે રબ્બીલ આલમીન.**

**અલ્લાહુમ્મ સલ્લેઅલા મોહમ્મદીંવ વ આલે મોહમ્મદ.**